# સંશોધન સારસંગ્રહ

( ૧૯૮૫-૮૬ )

સંપાદક

ડૉ. ઠા. ભા. નાયક

મુસ્તાઅલી મસવી


આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪


197

૧૯૮૬

# અનુક્રમણિકા



| ક્રમ | વિષય | મૂળ લેખક | સારદોહન | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| 1. | Prevaling socio-economic conditions of the Adivasis of Ankleshwar pocket region and their future development | R. B. Lal | R. B. Lal | |
| ૨. | વડેલી લઘુ વિસ્તાર | હસમુખ પરમાર<br>કાન્તિભાઈ મકવાણા | હસમુખ પરમાર | ૧૦ |
| 3. | ભાટપુર લઘુ વિસ્તાર | પટેલ અરૂણ<br>રાઠોડ જશવંતસિંહ | પટેલ અરૂણ<br>રાઠોડ જશવંતસિંહ | ૨૦ |
| ૪. | ભીખાપુર-કરાલી લઘુ વિસ્તાર | ચંદ્રકાન્ત ઉપાધ્યાય<br>ચંદ્રકાન્ત પટેલ | ચંદ્રકાન્ત ઉપાધ્યાય<br>ચંદ્રકાન્ત પટેલ | ૨૮ |
| ૫. | કામરેજ લઘુ વિસ્તાર | ડૉ. સિદ્ધરાજ સોલંકી<br>સાયમન મેકવાન | સાયમન મેકવાન | ૩૮ |
| ૬. | પલસાણા લઘુ વિસ્તાર | ગિરીશ ભટ્ટ | ગિરીશ ભટ્ટ | ૫૦ |
| ૭. | રહેજ લઘુ વિસ્તાર | ઠા. ભા. નાયક<br>દિલીપ પરમાર | દિલીપ પરમાર | ૫૮ |
| ૮. | અટગામ-રણવેલ લઘુ વિસ્તાર | ભારતીબહેન દેસાઈ<br>દિલીપ પરમાર<br>ગિરીશ ભટ્ટ | ભારતીબહેન દેસાઈ | ૬૬ |
| ૯. | મોરા લઘુ વિસ્તાર | ગૌરીશંકર પંડ્યા<br>ભીખાભાઈ પટેલ | ગૌરીશંકર પંડ્યા<br>ભીખાભાઈ પટેલ | ૭૮ |
| ૧૦. | કથોલા લઘુ વિસ્તાર | ગૌરીશંકર પંડ્યા<br>ભીખાભાઈ પટેલ | ગૌરીશંકર પંડ્યા<br>ભીખાભાઈ પટેલ | ૮૬ |
| ૧૧. | ગુજરાતની આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણ અને રોજગારી | ભારતીબહેન દેસાઈ<br>ગિરીશ ભટ્ટ | ભારતીબહેન દેસાઈ | ૯૪ |
| ૧૨. | જમીન અપહરણ અને દેવા વિષયક પરિસ્થિતિ (દાદરાનગર હવેલી કેન્દ્ર શાસિત પ્રદેશ) | ગૌરીશ પંડ્યા<br>અરૂણ પટેલ | અરૂણ પટેલ | ૧૦૦ |
| ૧૩. | ગુજરાત રાજ્ય આદિજાતિ વિકાસ નિગમ દ્વારા અપાતા વ્યાજ રાહત ધિરાણનો મૂલ્યાંકન અભ્યાસ | ડૉ. ઠાકોરભાઈ નાયક<br>ભારતીબહેન દેસાઈ | ભારતીબહેન દેસાઈ | ૧૦૬ |
| ૧૪. | ગાય[illegible]ર્તન્ત્ર અને દૂધની વપરાશ | ભીખાભાઈ પટેલ | ભીખાભાઈ પટેલ | ૧૧૪ |
| 15. | A [illegible]vey report on Basic Amenities in SC settlements (Falia) of Gujarat State | Dr. T. B. Naik<br>Mustali Masavi | Mustali Masavi | |
| ૧૬. | અસ્પૃશ્યતા નિવારણ : અસ્પૃશ્યતાની સમસ્યાના ઉકેલ માટે સુઝાવો : ૧૯-૨૦ જાન્યુઆરી ૧૯૮૬ આયોજિત પરિસંવાદ અહેવાલ | હસમુખ પરમાર | હસમુખ પરમાર | ૧૨૮ |



...

TRIBAL RESEARCH AND TRAINING INSTITUTE
GUJARAT VIDYAPITH : AHMEDABAD - 380014

# PREVAILING SOCIO-ECONOMIC CONDITIONS OF THE ADIVASIS OF ANKLESHWAR POCKET REGION AND THEIR FUTURE DEVELOPMENT

- R. B. LAL

1. Ankleshwar taluka is one of the elevan talukas of Bharuch district which is situated in south Gujarat. Bharuch district ranks eighth in number from the point of view of size in all the districts of the State. Geographically the taluka is located at 21'.30' north latitude and 73'.00' east longitude. It is bounded by Bharuch taluka in the north, by the Hansot taluka in the west, by Surat district in south and by Jhagadia and Valia talukas in the east.

2. The central region of the Bharuch district covers Bharuch, Ankleshwar and Amod talukas and abounds in black soil which is considered highly fertile. This region is an industralized one and consists of rich oil fields around Ankleshwar. Ankleshwar taluka, thus, is rich in agriculture as well as in oil fields. Geologically, the taluka has become an important one in the national map for its crude oil reserves.

3. Although Bharuch had been declared as a backward district in 1972, due to the rapid industrialization of the Ankleshwar taluka and because of the crude oil reserves in this taluka, today the taluka is poised for a giant leap forward which will place it more prominently on the industrial map of the State and the nation.

The taluka has a significant role in contributing to the crude oil production of the country. More than 8500 tonnes of crude oil and 10.6 lakhs cubic meters of associated gas is provided per day from these oil fields. Several villages from the pocket area too are in the oil fields of this region. In fact the first oil well had been dug up in the village Hazat which is very much situated in the pocket area. Today there are about 40 wells in and around this village. The Oil & Natural Gas Commission has opened several units in this village.

4. Apart from the crude oil reserves no mineral is found in the taluka. The taluka also does not have forests and hills. According to the statistics available for the year 1981, the total geographical area of the taluka is 440 kms., out of

......2..

which 273 sq.kms. comprise of the pocket area. This means that the pocket area is spread out in 62 percent of the total geographical area of the entire taluka.

5. Major part of the land in the pocket area is under cultivation (17700 hectare out of the total land 24452 hectare). Only 4.6 percent of the gross area sown in the pocket region is under irrigation(1978-79 figures). There are 38 villages in this pocket area.

6. All the villages in the tribal pocket area of Ankleshwar are situated within a distance of 16 kms. Majority of the villages are located within 10 kms from Ankleshwar, the taluka headquarter and the industrial centre. Thus, nearly all the villages of this pocket lie in proximity to the centre of industrial activity in the taluka, some of them being quite in neighbourhood. Ankleshwar is bound to make its existence as one of the largest industrial estates in the country for chemical and paper industries. There is so much industrial activity right under the nose of the tribal people that if efforts are made earnestly, getting employment to maximum number of tribal people should not be difficult.

7. All the villages of the tribal pocket area have facilities for drinking water. 17 of the total villages have their own water works for supply of drinking water while in the remaining villages simple well is the source of getting drinking water. There is not a single village which suffers for supply of drinking water.

8. Except five villages, all the villages in the pocket area have bus facilities. 26 of the total 38 villages are having bus facilities throughout the year while in case of 7 villages, plying of buses is stopped during monsoon season as these villages are linked with kachcha road. Of the remaining five villages where bus facilities are not available, four are situated at a distance of only 2-3 kms. from Ankleshwar. So the bus station at Ankleshwar as well as the railway station serve these village too with regard to communication facilities.

9. All the villages of the tribal pockets area have linkages with Cooperative Societies. There are 25 agricultural societies, 41 other primary societies in the pocket area. 25 of the total villages have milk cooperative societies too.

10. The present composition of the population in the pocket area of the Ankleshwar taluka is constituted of Adivasis, Caste Hindus, Scheduled caste people and Muslims. 47.8 percent of the total population consists of Adivasis while 4.0 percent are of Scheduled Castes. In the rest 48.2 percent are the Caste Hindus, Muslims and other social groups.(Figures are of 1981 Census).

11. 76.31 percent of the total villages are bigger villages having more than 500 persons in their population, out of which 21.05 percent are such villages whose population are in the range of 2000 - 4999 persons. Only 23.69 percent of the total villages are such which may be classified as small sized villages, having a population of less than 500 persons. Thus, the villages of this pocket area truely show the demographic characteristics usually found in non-tribal villages. The total population in this tribal Pocket is 47042 (1981), out of which 24319 are men while 22723 women.

12. Although the literacy rate among the general population of the taluka is fairly high (49.6 Pc), it is not so among its tribal population. Only 19.3 percent among the tribal population are literates. The rate of literacy among the women of tribal population is extremely poor (3.71 pc in 1971 and 8.5 pc in 1981) in comparison to the women in the general population among whom it is 39.6 pc. Thus, it is quite apparent that the Scheduled Tribe people in this taluka are lagging far behind the non-tribal population in matter of receiving education in schools and colleges.

13. All the villages in this tribal pocket area have primary schools. In matter of secondary education, this pocket is much lagging behind. There is only one secondary school in this pocket area in which 131 students have been receiving secondary education. There is no Ashram school in this pocket area where it is very much needed. In the non-tribal region of the taluka there has been an Ashram school in which 110 students have been receiving education. Evidently, the situation with regard to education is in poorer shape in this pocket area in comparison to the non-tribal region of the taluka.

14. The proportion of persons reported as workers in this tribal pocket area is 40.6 pc which is higher than the corresponding figure (36.7 pc) in the non-tribal region of the taluka. It is significant to note that the difference between the tribal pocket area and non-tribal pocket region is larger in

respect of female participation rates. In tribal pocket area 22.9 percent females are workers against 16.1 percent of female workers in the non-tribal region.

15. A large number of workers in the tribal pocket area are engaged in agriculture. 20.8 percent of the workers have been reported as cultivators and 56.1 percent as agricultural labourers. The corresponding figures for the non-tribal region of the taluka are 13.0 and 31.2 pc. respectively. Thus, it is quite evident that in the non-tribal region majority of the workers (55.8 pc) are engaged in non-agricultural works against 23.1 percent in the tribal pocket area. The picture which emerges out of the above figures is that a large majority of the workers in the tribal pocket area are engaged in primary sector while in the non-tribal region majority of them are engaged in either secondary or tertiary sector. It may be inferred that there is not much scope for the workers in the tribal pocket area to be absorbed in the secondary and tertiary sector. This is all the more true for the tribal workers in particular.

16. The result of the survey indicates that for majority of the landowning households agriculture is the main source of livelihood (63.7 percent) while among the landless households majority of them depend on agricultural labour for their livelihood (74.4 pc.)

The next important occupation among the land-owning households is, ironically, agricultural labour (18.2 pc). This suggests that though some households do possess cultivable land, agricultural labour is the main source of livelihood for them. Among the landless households, next to agricultural labour is service which is the main source of livelihood for 15.4 percent of the total landless households. This is followed by casual labour in which 9 percent of the landless households ∠are mainly engaged. 13.6 per cent of the land-owning households depend on service for their livelihood. One household each among the land-owning households and landless households has petty business (owns a shop in the village) and animal husbandry respectively as main source of livelihood.

Looking to the total picture among the surveyed households, it is found that them main occupation in this tribal pocket area is agricultural labour which is pursued by 62 percent of the total surveydd household. The next important source of livelihood is service followed by agriculture in which only 14 percent of the total surveyed households are mainly

engaged. Casual labour work accounts for 7 percent of the total number of surveyed households.

17. 26 percent of the surveyed households are also pursuing subsidiary occupation to earn more income in order to maintain the household as the earnings made from the main occupation is never satisfactory for these households. 22.7 percent of the land-owing households are engaged in the occupation of agricultural labour for having a secondary source of occupation. For 19.2 percent of the landless households, agricultural labour and dairy are the important secondary sources of income. Dairy as a subsidiary occupation is also pursued by 9.1 percent of the landowning households while for 13.6 percent of them agriculture is the second important source of income.

18. The total annual income earned by all the 100 surveyed households comes to Rs.5,44,300. It means that on an average a household in the pocket area earns an annual income of Rs.5443 which in terms of monthly income will be Rs.456. As the average size of the household is 5.2 among the surveyed households, the monthly income of an average Adivasi in this pocket will come to Rs.87.00. It is evident that an average household in this pocket area, whether it belongs to the landowning category or landless category, fall above the poverty line (Those having less than Rs.77.00 per capita per month income are labelled as "living below poverty line").

Since the average size of the household among the surveyed landless households is only 4.7, the per capita per month income has gone higher and due to this it has been found that an average landless household too has escaped the poverty line. It also seems plausible that due to living near the centre of immense industrial activity, the landless and even several of the landowning households do not find difficulty in getting wage-employment on a regular basis. On account of this, their income is comparatively much better in comparison to the agricultural or casual labourer of the interior regions like Sagbara, Dediapada and Rajpipla.

19. 57.4 percent of the total expenditure is made on food items only. Next to food, clothes account for 12 percent of the total annual expenditure. Since the pocket area has no forest, the tribals have to make considerable expenditure on fuel. 7.2 percent of the total expenditure is on fuel itself.

20. Of the total 100 surveyed households only 17 forming 17 per cent have been found under debt. The percentage of indebted households is higher among the landowning households. One reason for the low incidence of indebtedness among the landless household is that since they do not have anything to put as security against the loan to be obtained, no agency comes forward to give loan to them. On the other hand, the landowning households do not find difficulty in getting higher amount of loan.

21. On the whole if appears that the Adivasis of this pocket area have been able to make better adjustment in their economic life when compared to the Adivasis of the tribal talukas of Jhagadia, Valia, Rajpipla, Dediapada and Sagbara. One does not get a depressing picture regarding the backwardness and stagnation of Adivasis' economy which is found in interior regions. But it is not because they have been affected by the development programmes. Since they have been living in close proximity of the non-Adivasis they have been able to make better adjustment in their economic life. But a great majority of the Adivasis of this pocket area are landless. This implies that earlier the process of land alienation has taken pleace on a large scale due to which the Adivasis have lost their land.

Due to the faster rate of industrialization in the Ankleshwar taluka, the labour force participation rate for the Adivasis of this pocket area has been increasing in recent years. The industrialization of this region is bound to involve the transfer of many agricultural labourers from the food production to production in the industry. If properly planned, the Adivasis of this pocket area can be geared to participate in the process of industrizlization which may open for them scope for their economic modernization.

22. Regarding the felt needs of the Adivasis, as many as 70 households out of the total 100 surveyed households expressed their desire to start new trades. For this they need the assistance for finance, training and material. These 70 households want to be small entrepreneurs. The small business which they want to start are:mobile tea-shop, mobile vegetable shop, dairy, poultry, and plying auto-rikshaws.

Out of the total households, 22 from the landless category and 6 from the landowning category need land for construction of houses. 58 from the landless category and 15 from the landowning need financial assistance for construction of a new house.

7 of the landowning households have expressed their need to have more agricultural land. Surprisingly, none of the landless households has expressed this need of the landowning households.

Only 4 of the landowning households have desired to get financial assistance for purchasing agricultural implements like plough, "Samar", "Rab", Bullock Cart, etc. 9 of the landowning households have expressed the need of getting subsidized supply of improved variety of seeds. 13 of them need the supply of fertilizers while 12 of them need the supply of insecticides.

16 of the landowning households want to construct new wells for irrigation purpose.

84 of the surveyed households have shown keen interest in taking up dairy activities. Of these 84 households, 19 belong to landowning category while 65 belong to the landless category.

23. From the discussion made in the preceding pages, the need for organizing massive training programme to equip the Adivasis of this pocket area to become skilled workers and technicians is urgent. It will help them in getting easily absorbed in the industrial units of Ankleshwar GIDC. It is suggested that with the help of Small Scale Industry Service Institute (Ahmedabad) a series of training programme should be organized in this tribal pocket area.

In the sphere of small scale industries and cottage industries, following action plan is suggested:

i. Mini pulse mill
ii. Flour mill
iii. Small milling unit for processing Bajri
iv. Wooden packing case making unit
v. Furniture making
vi. Cane and Bamboo products manufacturing unit
vii. Turning and fitting
viii. Electroplating
ix. Laundry soap and detergent washing powder
x. Masonary work
xi. Electric motor rewinding
xii. Welding work
Xiii. Bicycle repairing shop
xiv. Oil-engine repairing
xv. Electrical goods shop
xvi. Ready made garment shop
xvii. Mobile Tea shop
xviii. Mobile vegetable shop

For promoting these cottage industries and small scale industries among the Adivasis of this pocket area, training programme and supply of needed material and provision of adequate financial assistance can be taken up on a big scale. In the expanding industrial - urban centres of Ankleshwar and Bharuch there is enough scope for these activities.

Dairy development is another programme which needs to be taken up on a large scale in this tribal pocket area. The Adivasis are mentally prepared to take up this programme. It has to be promoted among them by a sound action plan. Marketing of milk should not be any problem.

Similarly, poultry development programme can be promoted successfully in this pocket area. Here again, marketing of eggs and birds will be easier in the industrial and urban centres of Ankleshwar and Bharuch. There is a great scope and potentiality for poultry development. Cooperatives of Adivasi households of this pocket area should be organized to introduce poultry farming in Cooperative Sector.

Institutional finance and training facilities should be extended to the Adivasis of this pocket area to take up dairy and poultry farming. Even on individual basis these programmes should be boosted up.

Agriculture among the Adivasis of this pocket area is characterized by inferior cropping pattern. The efforts made by the State Government, so far, have been sporadic in nature. Following actions are suggested in this regard :

i. Improvement in the cropping pattern is a major requirement. Not only some better and more profitable crops should be introduced among the Adivasis, but the high yielding varieties of some inferior crops also should be popularized widely.

ii. Expansion of irrigation facilities through dug wells, lift irrigation schemes, check dams and tanks.

iii. Large scale on-farm work like land - levelling, bunding, kyari making should be undertaken.

iv. Expansion of credit facilities.

v. Programmes for exposing the Adivasis of this pocket area to modern technology.

vi. Vegetable production in the kitchen garden.

vii. As an agro-forestry programme planting of fruit trees should be promoted among the Adivasis of this pocket area. Some important fruit bearing trees which can grow easily in this taluka are: sitaphal, bor and guava.

Goat breeding is very much suited to the tribal economy. The goats fit into their environment and socio-economic conditions. Since there is no forest in this pocket, goatry programme can be successfully taken up in this pocket area.

Since there is acute shortage of fuel in this pocket area, it is suggested to take up social forestry programme on a big scale in this taluka to meet the fuel demand in near future.

The landless Adivasis face housing problem. In view of this a scheme for housing should be taken up among the landless Adivasis who are in big majority in this pocket area.

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

# વડલી લઘુ વિસ્તાર

- હસમુખ પરમાર

## પ્રસ્તાવના :

વિષય વસ્તુ પર જતાં પહેલા મથાળા અંગે સ્પષ્ટ થવાની જરૂરિયાત દેખાય છે. 'લઘુ વિસ્તાર' શબ્દને પ્રથમ વાંચને વાચક એમ સમજે કે આ કોઈ નાના વિસ્તારની વાત હશે. પરંતુ એટલી સમજણ માત્રથી જોઈએ તેટલી સ્પષ્ટતા થતી નથી. અહીં લઘુ વિસ્તાર શબ્દનો Tribal Pocket શબ્દના સ્વરૂપમાં ઉપયોગ થયેલો છે. છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં લઘુ વિસ્તારની વ્યાખ્યા કરવાને માટે બે માપદંડો દર્શાવ્યા છે. તેમાં

(૧) લઘુ વિસ્તારોની વસ્તી ૧૦૦૦૦ હોય અને તેમાંથી ૫૦૦૦ એટલે કે ૫૦ % જેટલી વસ્તી અનુસૂચિત જનજાતિઓની હોય.

(૨) આવા લઘુ વિસ્તારો (પોકેટ્સ) કોઈપણ એક તાલુકાનો સળંગ ભાગ હોવો જોઈએ.

ઉપરની વ્યાખ્યામાં વ્યાખ્યાયીત થયેલ લઘુ વિસ્તારો ગુજરાતમાં કુલ ૧૩ છે. જ્યારે વડોદરા જિલ્લામાં ૪ લઘુ વિસ્તારો છે. સૌ કોઈ એ વાતથી પરિચિત છે કે આપણા દેશમાં વિકાસ માટે પંચવર્ષીય યોજનાઓ બનાવવામાં આવે છે. છેલ્લી પંચવર્ષીય યોજનાની આદિવાસી વિકાસ આયોજન આધારિત પ્રગતિના અનુભવને આધારે છઠ્ઠી પંચવર્ષીય યોજનાએ આપણે આદિવાસી લઘુ વિસ્તાર સુધી પહોંચ્યા છીએ.

અહીં આપણે વડોદરા જિલ્લાના વડલી લઘુ વિસ્તારમાં વસતા આદિવાસીઓનું નમૂના સર્વેક્ષણ તથા મુલાકાત આધારિત સર્વેક્ષણ બાદ આયોજન અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. તેને આધારે પ્રસ્તુત લેખ તૈયાર કરવામાં આવ્યો છે. લેખમાં ખાસ કરીને વડલી લઘુ વિસ્તારના આદિવાસીઓની અનુકૂળતા તથા પ્રતિકૂળતા, કેટલીક ઉપલબ્ધીઓ વગેરે બાબતો પર વિશેષ ઝોક આપવામાં આવ્યો છે.

આયોજનનો આધાર સિદ્ધાંતો :

આયોજન પ્રક્રિયામાં કેટલાક આયોજન વિષયક સિદ્ધાંતો પ્રસ્થાપિત કરવામાં આવે છે. અને તેને આધારે આયોજનને આખરી ઓપ આપવામાં આવે છે. લઘુ વિસ્તાર વિકાસ આયોજન વખતે જે સિદ્ધાંતો આત્મસાત કરાયા હતા તે નીચે પ્રમાણે છે :

(૧) મૂલ્યાંકનકૃત આયોજન

(૨) જરૂરિયાતલક્ષી આયોજન

(૩) વિસ્તારના પરિવેશની વિકાસક્ષમતાઓનો મહત્તમ ઉપયોગ

(૪) ગરીબમાં પણ ગરીબને અગ્રિમતા

(૫) શોષણની વ્યવસ્થા બંધ થવી જોઈએ

(૬) સહભાગી આયોજન

(૭) સ્થાયી અને કાયમી સાતત્યબદ્ધ આયોજન

(૮) વિભાગાન્તર્ગત અને આંતરવિભાગીય અગ્રિમતા નક્કી કરવી

(૯) લઘુત્તમ આવશ્યકતાની પૂર્તિ

(૧૦) ધનરાશી અને આયોજન

(૧૧) અનુબંધ અને આયોજન

આયોજન પ્રવેશ :

લઘુ વિસ્તારના વિકાસ માટેનું આયોજન તૈયાર કરવા માટે ઉપર જણાવ્યા પ્રમાણે -ના સિદ્ધાંતોનો સહારો લઈને અભ્યાસના હેતુને બર લાવવા માટે વિભાગવાર આયોજન થાય તો વધુ અનુકૂળતા રહે તે ખાતર વિભાગવાર આયોજન કરવાનું નક્કી કર્યું હતું. તેમાં કેટલીક ખાસ ખાસ બાબતો ધ્યાનમાં રાખી હતી તે આ પ્રમાણે છે :

(૧) ઓછામાં ઓછા કુલ આદિવાસી પરિવારોમાંના ૫૦ % પરિવારોને હંમેશને માટે ગરીબી રેખાથી ઉપર લઈ જવા.

(૨) તેઓના જીવનની ગુણવત્તા વધારવા માટે આયોજન કરવાનું છે. આયોજન ફક્ત આર્થિક વિકાસ પૂરતું મર્યાદિત નથી. એટલે તેમના સામાજિક અને સાંસ્કૃતિક પાસાઓ ઝળકી ઊઠે તેને પણ ધ્યાને લેવું.

(૩) પાયાની સવલતો પૂરી પાડવા માટે લક્ષ આપવું.

(૪) સ્ત્રી શિક્ષણ વધે તે બાબત પરત્વે લક્ષ આપવું.

પાયાની સુવિધાઓ :

પાયાની લઘુત્તમ જરૂરિયાતો લોકશાહીમાં સૌની સચવાય તે જોવાની કલ્યાણ રાજની ફરજ છે. જો કે તે માટેનો સ્વતંત્રતા મળ્યા બાદ સતત ખ્યાલ રાખવામાં આવે છે. તેમ છતાં વિશાળ ભારત દેશ અને તેમાંય નાણાકીય અને અમલીકરણની અડચણો જેવી મર્યાદાઓને લઇ ઉંડાણવાળા પછાત ગ્રામ્ય વિસ્તારોમાં પાયાની સવલતો પહોંચી નથી અને જયાં પહોંચી છે ત્યાં અપૂરતી છે.

રહેઠાણ, પીવાનું પાણી, શૈક્ષણિક સુવિધાઓ, વીજળી, રસ્તાઓ, સ્વાસ્થ્ય જેવી પાયાની લઘુત્તમ જરૂરિયાતો ગણાવી શકીએ. જેનો સમાજ તથા દેશના વિકાસમાં સીધો જ ફાળો છે.

અભ્યાસ હેઠળના લઘુ વિસ્તારના ગામો અને આદિવાસી ફળિયાઓમાં પણ પાયાની સવલતોનો અભાવ અથવા તો અપૂરતા પ્રમાણમાં હોવાનું નોંધાયું છે. જો કે આ નમૂના સર્વેક્ષણ હોવાથી લઘુ વિસ્તારના કયા ગામમાં કઇ પાયાની સુવિધા નથી તે કહી શકાય નહીં. તેમ છતાં એમ જરૂર કહી શકીએ કે જે નાણાં પાયાની સુવિધાઓ પૂરી પાડવામાં ફાળવાય તેમાં વધારો થવો જોઇએ. ઉપરાંત તે નાણાં ઉંડાણવાળા પછાત લઘુ વિસ્તારમાંના ગામોમાં વપરાય તે માટે અગ્રિમતા આપવી જોઇએ.

આદિવાસી ગામો અને ફળિયામાં કઇ કઇ પાયાની સુવિધાઓ છે તે માટેનું એક વિશાળ સર્વેક્ષણ થવું જોઇએ. જેના આધારે આયોજન મજબૂત અને વ્યવસ્થિત થઇ શકે.

આર્થિક કાર્યક્રમ :

વડલી લઘુ વિસ્તારમાં આદિવાસી કુટુંબો પાસે સંપત્તિ કે જમીન જાયદાદ નથી. તેમની સંપત્તિ એ શ્રમશક્તિ છે. મોટા ભાગના આદિવાસીઓ ખેતમજૂરો છે. પુરુષો જમીનદારોને ત્યાં ચાકર રહે છે. જયારે સ્ત્રીઓ અને પુરુષો છૂટક ખેતમજૂરી કરતાં હોય છે.

ખેતમજૂરોનું જમીનદારો દ્વારા શોષણ થાય છે તેમાંથી છોડાવવા નીચે પ્રમાણે પ્રયત્નો થઇ શકે.

(૧) ખેતમજૂરોને લઘુત્તમ વેતન મળે તે જોવાનું જોઇએ.

(૨) જેઓ થોડી ઘણ જમીન ધરાવે છે તેઓ તેમાં ખેતી કરતા થાય તે માટે જમીનને નવસાધ્ય કરી આપવી, ખેત ઓજારો પૂરાં પાડવાં, બિયારણ તથા રાસાયણિક ખાતરો આપવા.

(૩) ખેતમજૂર મંડળીઓ બનાવી શોષણ અટકાવી શકાય.

13 (૪) જમીનવિહોણા આદિવાસીઓને ખેતી માટે જમીન આપવામાં અગ્રિમતા આપવી

(૫) સરકારી યોજના જેવી કે NREP તથા RLEGP માં આદિવાસી કુટુંબોને રોજગારી મળે તે જોવાનું જોઇએ.

(૬) આદિવાસી ખેતમજૂરનો છોકરો ખેતમજૂર જ ન બનતાં શિક્ષણ મેળવી અન્ય વ્યવસાયમાં જતાં થાય તે માટે સઘન પ્રયત્ન કરવા જોઇએ.

પશુપાલન :

પશુપાલન માટે દૂધાળાં ઢોર ખરીદવા અપાતી લોન / સહાય ખરેખર આશીર્વાદરૂપ નીવડી છે. તેની સાથે સાથે તેની કેટલીક ગંભીર આડ અસર પણ જોવા મળી છે. અમલીકરણ વખતે આવી બાબતો પ્રત્યે ખાસ લક્ષ આપવું જોઇએ.

( ) લઘુ વિસ્તારમાં જે આદિવાસી કુટુંબને ભેંસો આપવામાં આવી તે વચગાળાના એજન્ટો દ્વારા અપાઇ હતી. આદિવાસી કુટુંબોના વડાની રજૂઆત પ્રમાણે જ્યારે તેઓને ભેંસ આપવામાં આવી ત્યારે એવું સમજાવવામાં આવ્યું હતું કે, 'સરકારે ભેંસો જ આપવાનું કહ્યું છે માટે પૈસા ન મળે.'

આ રીતે સમજાવી દૂબળી પાતળી ભેંસો સસ્તી કિંમતનીવાળી અને બેન્ક પાસેથી યુનિટકોસ્ટ મુજબના નાણાં મેળવી ઉપરનાં નાણાં એજન્ટ અને સંકળાયેલા સૌએ વહેંચી ખાધાં. ગરીબ આદિવાસી કુટુંબ ન તો આ દૂબળી પાતળી ભેંસો પાસેથી પૂરતું દૂધ મેળવી વધારાની આવક મેળવી શકયા ઉલટાના ભેંસોને પૂરતો ચારો પૂરો ન પાડવાથી તેમજ દૂબળી ભેંસો હોવાથી ભેંસો મરી ગઇ. અને આદિવાસી કુટુંબ કે જેને પહેલાં બેન્કનું દેવું ન હતું તે દેવાદાર બન્યો. વિમા બાબતમાં પણ કંઇ ઉત્તર નથી.

આ માટે જયારે જયારે લઘુ વિસ્તારોમાં દૂબળા દૂધાળા ઢોર આપવાના થાય ત્યારે લાભાર્થીને કયું પશુ અનુકૂળ છે ? તેને તે પાલવી કે જીવાડી શકી વધારાની આવક મેળવી શકશે વગેરે શકયતાઓ, અનુકૂળતાઓને ધ્યાનમાં રાખવાં જોઇએ.

વડલી લઘુ વિસ્તારની વાત કરીએ તો અહીં વસતા તડવી, નાયકા અને વસાવા આદિવાસી જાતિનાં કુટુંબો ખેતમજૂરી કરે છે. તેઓ પાસે ખેતી માટેની જમીન નથી. તેમને ભેંસો રાખવી પાલવે તેમ નથી. આ સંજોગોમાં પણ જો તેમને દૂધાળા ઢોર ભેંસો આપવી હોય તો સૌ પ્રથમ તેઓ ઢોર માટે ઘાસચારો લાવી શકે તેની વ્યવસ્થા કરવી જોઇએ. તે માટે ફોડરફાર્મ ઊભાં કરવાં જોઇએ.

બીજી વ્યવસ્થા પણ વિચારી શકાય. જેમ કે આ વિસ્તારમાં 'સમડા' નામનાં ઝાડ પુષ્કળ છે. જે ઘેટાં બકરાંનો ચારો છે. તથા આદિવાસી કુટુંબો ખેતમજૂરો છે. મજૂરી કરવાની સાથે સાથે ઘેટાં બકરાં માટે ખાવો ચારો લાવી શકે. ઉપરાંત જો ચકાદ ઘેટું બકરું મરી જાય તો ભેંસ મરી જવાથી જેટલું આર્થિક રીતે નુકસાન જાય છે તેની સરખામણીમાં ઘણું ઓછું જાય. આથી તેઓને ભેંસ આપવાને બદલે ૧૦ બકરાં / ઘેટાં યુનિટમાં ૧ બકરો કે ઘેટો અને ૯ બકરી / ઘેટી આપવાથી વધુ અનુકૂળ અસર ઉપજાવી શકાય.

**રેતી અને પથ્થર સંબંધી વ્યવસાયિક શકયતાઓ :**

વડલી લઘુ વિસ્તારમાં વર્સંગ, જેરણ અને દેવ નામની નદીઓ વહે છે. વર્સંગ નદીને કાંઠે આવેલું છુછાપુરા ગામમાં તો નદીના ભાઠામાંથી નીકળતી કિંમતી પથ્થરનું ખાનગી કારખાનું છે. ત્યાં કેટલીક અનુકૂળતા તપાસી નવું સરકારી એકમ ઊભું કરી કિંમતી પથ્થરો કાઢી આદિવાસી કુટુંબોના માનવશ્રમનો ઉપયોગ કરી રોજી પૂરી પાડી શકાય.

વર્સંગ નદીની રેતીનો ઉપયોગ કરી મોટા પાયા પર સીમેન્ટની પાઇપો બનાવી શકાય.

**મત્સ્ય ઉદ્યોગ :**

આ વિસ્તારમાં નદી તથા તળાવડાઓમાં આદિવાસીઓ તથા ખાસ કરીને ભોઇ જાતિના લોકો માછીમારીનો ધંધો કરે છે. ક્ષેત્રકાર્ય દરમિયાન કેટલાક આદિવાસી ભાઇઓ માછીમારીનો વ્યવસાય કરવા તૈયારી બતાવી હતી. પરંતુ તેમની પાસે સાધનો ન હતા. તે માટે તેમને માછીમારીના સાધનો, તાલીમ અને ધંધાકીય માર્ગદર્શન પૂરું પાડવું જોઇએ.

**મરઘા યુનિટ :**

જો કે વડલી લઘુ વિસ્તારમાં વ્યકિતગત રીતે મરઘાં ઉછેર ખાસ પ્રમાણમાં જોવા મળતો નથી. તેમ છતાં સહકારી ધોરણે મરઘા ઉછેર કેન્દ્રનો પ્રયોગ કરવો જોઇએ.

**કાર્યકુશળતા વધારવાના કાર્યક્રમો :**

વડલી લઘુ વિસ્તારમાં ક્ષેત્રકાર્ય દરમિયાન આદિવાસીઓમાં કેટલીક કુશળતાઓ જોઇ હતી જેમાં

(૧) તાડપાનમાંથી સાદડી અને દોરડાં બનાવવાં

(૨) ભરત અને સિવણકામ

(૩) પડીયા પતરાળાં બનાવવાં

(૪) કડિયાકામ અને સેન્ટીંગ કામ

15

નવા વ્યવસાય / ધંધાઓ :

વડફલી લઘુ વિસ્તાર વિકાસ આયોજન અભ્યાસમાં કેટલાક આદિવાસી કુટુંબોએ નવા વ્યવસાય ધંધા જેવા કે (૧) શાકભાજી વેચવી અને ઉગાડવી (૨) કરિયાણાની દુકાન કરવી (૩) કાપડની ફેરી કરવી (૪) મત્સ્ય ઉદ્યોગ કરવો (૫) માલવહન કરવું (૬) સેન્ટીંગ કામ (૭) રેડિયો / સાયકલ રીપેરીંગ (૮) ચા તથા નાસ્તાની કેન્ટીન શરૂ કરવાની તૈયારી દર્શાવી હતી. તેમની આ તૈયારી તથા નવા ધંધાઓ શરૂ કરવાની સુગમ્યતાઓ જેવી કે :

- અલ્પ મૂડી રોકાણ
- આનુષંગિક સેવાઓની અલ્પ જરૂરિયાત
- પૂરક પ્રવૃત્તિ
- પસંદગીનું બહોળું ક્ષેત્ર
- ધિરાણની ઉપલબ્ધીઓ જોતાં આવા નવા વ્યવસાયો શરૂ કરવા ઇચ્છતા આદિવાસી યુવાનોને જરૂરી ધિરાણ આપવું જોઇએ. તેમાં

(૧) સાયકલ / રેડિયો રીપેરીંગમાં આશરે ૭૫૦૦ રૂપિયા રોકવા પડે

(૨) નાની કરિયાણાની દુકાન માટે આશરે ૮૦૦૦થી ૧૦૦૦૦ રોકવા પડે.

(૩) અનાજ દળવાની ઘંટીમાં ૧૬૦૦૦ રૂપિયા રોકવા પડે

(૪) સેન્ટીંગ કામના સાધનો માટે ૮૦૦૦થી ૧૦૦૦૦ની જરૂર પડે.

ખેતીના કાર્યક્રમો :

વડફલી લઘુ વિસ્તારમાં અભ્યાસમાં આવરી લીધેલ કુટુંબોમાં મોટા ભાગનાં કુટુંબો ખેતી અથવા છૂટક મજૂરી કરે છે. માટે તો સૌ પ્રથમ તો જે પડતર જમીનો હોય તે જમીન, જમીનવિહોણા આદિવાસીઓને ખેતી કરવા ફાળવી આપવી જોઇએ.

ઉપરાંત જે કુટુંબો થોડી ઘણી પણ ખેતી માટેની જમીન ધરાવે છે તેમને ખેતી માટેનાં સાધનો, સુધારેલાં બિયારણો, રાસાયણિક ખાતરો માટે જમીનને નવસાધ્ય બનાવવા મદદ આપવી ખૂબ જ જરૂરી છે. તેઓને ખેતી કેમ કરવી તેનું પૂરેપૂરું જ્ઞાન અને શકિત છે. ફકત તેઓ પાસે જમીન નથી એટલી જ ખામી છે. તે ફાજલ જમીન ખેતી માટે તેઓને ફાળવી નિવારી શકાય.

સંસ્કૃતિક આયોજન :

આદિવાસી સમાજમાં રહેલી સંસ્કૃતિને લુપ્ત થતી અટકાવવા તથા તેને પ્રકાશમાં લાવી પ્રોત્સાહિત કરવા રાજ્ય સરકારે આદિજાતિઓની સંસ્કૃતિક વારસો જળવાઇ રહે તે માટે પ્રદર્શનો, મેળાઓ વગેરેનું આયોજન કરવું જોઇએ.

સ્વૈચ્છિક સંસ્થાઓની સહભાગિતા :

આદિવાસી વિસ્તારોમાં કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓમાં આદિવાસીઓને સમાવવા જોઇએ. તથા સરકારે તેમને અનુદાન આપતી વખતે જે તે સંસ્થા વ્દારા કેટલા આદિવાસી પારિવારોને સહાયભૂત થઇ તથા તેના વ્યવસ્થા માળખામાં તેઓનું (આદિવાસીઓનું) કેટલું નેતૃત્વ છે તે જોવાનું જોઇએ. જે તે સંસ્થાનો અંદાજ તથા કાર્યક્રમની વિસ્તૃત માહિતી મેળવી તે પ્રમાણે કામ થાય છે કે કેમ તે પણ જોવાનું જોઇએ.

ધિરાણ વ્યવસ્થા :

છેવટ દરેક બેન્કેબલ યોજનાનો આધાર ધિરાણ વ્યવસ્થા ઉપર રહેલો છે. ધિરાણ વ્યવસ્થા અંગેની કેટલીક બાબતો નોંધવા જેવી છે.

(૧) ધિરાણ માટે અગાઉથી બિલો મંગાવવામાં આવે છે તેનાથી ઘણી મુશ્કેલીઓ ધિરાણ મેળવનારને પડે છે.

(૨) બેન્કો ધિરાણ કરવામાં અરૂચિ ન સેવે તે ખાસ જોવું જોઇએ. કારણ કેટલીક બેન્કો તો ધિરાણ કરતી જ નથી તેવું અભ્યાસ દરમ્યિાન ધ્યાને આવ્યું.

(૩) લઘુ વિસ્તારોમાં કેમ્પો યોજવા જોઇએ

(૪) સહકારી બેન્કો અને મંડળીઓ ધિરાણ લગભગ કરતી નથી. તેઓને ધિરાણ કરવા દબાણ લાવવું જોઇએ.

વહીવટી માળખું :

લઘુ વિસ્તારોમાં સરકારી યોજનાઓનો જોઇએ તેટલો પ્રચાર, પ્રસાર કે અમલ થયેલો જોવા મળ્યો નથી. અભ્યાસમાં આવરી લેવાયેલા આદિવાસી કુટુંબોને પણ વિશેષ લાભો મળ્યા હોય તેવું નોંધાયું નથી. આ માટે

- લઘુ વિસ્તાર માટે સ્વતંત્ર અમલીકરણ માળખું રચવું જોઇએ
- અમલીકરણ માટેની નવી આગવી પધ્ધતિ શોધી કાઢવી જોઇએ

17

- લઘુ વિસ્તારના વિકાસ ખર્ચની જોગવાઇ ત્યાંની વસ્તીને ધ્યાને રાખી થવી જોઇએ
- લઘુ વિસ્તારોમાં નવાં નવાં પાસાંઓ શોધવા તેમજ વિકાસ કામો અંગે સંશોધન થતું રહેવું જોઇએ
- આઇ એસ જી પી કે ટ્રાયસેમના કામોમાં લઘુ વિસ્તારના ગામોને આવરી આદિવાસી કુટુંબોને રોજી આપવામાં અગ્રિમતા આપવી જોઇએ

અભ્યાસ આધારીત સુઝાવો :

૧. દૂધાળા ઢોર માટેની યોજના હેઠળ સારી કામગીરી થાય તે આવશ્યક છે. તે પૂરતું નથી કારણ કે કામગીરી પરિણામલક્ષી બનવી જોઇએ તે બન્યુ નથી માટે આ યોજના ... બનાવવી.

- લાભાર્થી યોગ્ય છે કે નહીં ? તે ચકાસવું
- તે ઢોરોને પાલવી શકે તેમ છે તેની 'કેપેસીટી' આર્થિક બાબતને ધ્યાને રાખી જમીન માલિકી તપાસવી જોઇએ.
- લાભાર્થીને અનુરૂપ 'એસેટસ આપવા જોઇએ.

૨. ઉંડાણના ગામોમાં કામગીરી થાય અને સાથે સાથે નજીકનાં ગામોની ઉપેક્ષા ન થાય તે જોવાવું જોઇએ.

૩. એન આર ઇ પી અને આર એલ ઇ જી પી હેઠળનાં કામો મહદ્ અંશે લઘુ વિસ્તારોમાં થાય તેવો આગ્રહ રાખવો જોઇએ

૪. આદિવાસી લઘુ વિસ્તારોમાં આદિવાસીઓનું અનેક રીતે શોષણ થાય છે તે તેઓ જાણે છે પણ ખરા પરંતુ આર્થિક તેમજ વ્યવસાયિક રીતે મૂડીવાદી બિનઆદિવાસી પર નિર્ભર હોઇ શોષણ સામે હંક પોકારી શકતા નથી. તેવી જ રીતે સરકારી લાભમાં તેમનો પોતાનો સ્વાર્થ હોવાથી તેમાં શોષણ સામે અવાજ ઉઠાવી શકતા નથી.

આ માટે લઘુ વિસ્તારના આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ વધારી પ્રૌઢ શિક્ષણના વર્ગો વગેરે દ્વારા તેમનામાં સભાનતા અને જાગૃતિ લાવવા પ્રયત્ન કરવો જોઇએ. સાથે તેમનામાં નૈતિક તાકાત ઉભી થાય તે માટે સ્વૈચ્છિક સંસ્થાઓએ પણ આગળ આવવું પડશે.

૫. લઘુ વિસ્તારના આદિવાસીઓને અનુકૂળ તથા પ્રાથમિક જરૂરિયાતો ઉપલબ્ધ હોય તેવા ધંધા માટે તથા નવા વ્યવસાયો માટે લોન / સહાય પૂરતા પ્રમાણમાં પૂરી પાડવી જોઇએ.

સાંસ્કૃતિક આયોજન :

આદિવાસી સમાજમાં રહેલી સંસ્કૃતિને લુપ્ત થતી અટકાવવા તથા તેને પ્રકાશમાં લાવી પ્રોત્સાહિત કરવા રાજ્ય સરકારે આદિજાતિઓની સાંસ્કૃતિક વારસો જળવાઇ રહે તે માટે પ્રદર્શનો, મેળાઓ વગેરેનું આયોજન કરવું જોઇએ.

સ્વૈચ્છિક સંસ્થાઓની સહભાગિતા :

આદિવાસી વિસ્તારોમાં કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓમાં આદિવાસીઓને સમાવવા જોઇએ. તથા સરકારે તેમને અનુદાન આપતી વખતે જે તે સંસ્થા વ્દારા કેટલા આદિવાસી પરિવારોને સહાયભૂત થઇ તથા તેના વ્યવસ્થા માળખામાં તેઓનું (આદિવાસીઓનું) કેટલું નેતૃત્વ છે તે જોવાનું જોઇએ. જે તે સંસ્થાનો અંદાજ તથા કાર્યક્રમની વિસ્તૃત માહિતી મેળવી તે પ્રમાણે કામ થાય છે કે કેમ તે પણ જોવાનું જોઇએ.

ધિરાણ વ્યવસ્થા :

છેવટ દરેક બેન્કેબલ યોજનાનો આધાર ધિરાણ વ્યવસ્થા ઉપર રહેલો છે. ધિરાણ વ્યવસ્થા અંગેની કેટલીક બાબતો નોંધવા જેવી છે.

(૧) ધિરાણ માટે અગાઉથી બિલો મંગાવવામાં આવે છે તેનાથી ઘણી મુશ્કેલીઓ ધિરાણ મેળવનારને પડે છે.

(૨) બેન્કો ધિરાણ કરવામાં અરૂચિ ન સેવે તે ખાસ જોવું જોઇએ. કારણ કેટલીક બેન્કો તો ધિરાણ કરતી જ નથી તેવું અભ્યાસ દરમ્યિાન ધ્યાને આવ્યું.

(૩) લઘુ વિસ્તારોમાં કેડિટકેમ્પો યોજવા જોઇએ

(૪) સહકારી બેન્કો અને મંડળીઓ ધિરાણ લગભગ કરતી નથી. તેઓને ધિરાણ કરવા દબાણ લાવવું જોઇએ.

વહીવટી માળખુ :

લઘુ વિસ્તારોમાં સરકારી યોજનાઓનો જોઇએ તેટલો પ્રચાર, પ્રસાર કે અમલ થયેલો જોવા મળ્યો નથી. અભ્યાસમાં આવરી લેવાયેલા આદિવાસી કુટુંબોને પણ વિશેષ લાભો મળ્યા હોય તેવું નોંધાયું નથી. આ માટે

- લઘુ વિસ્તાર માટે સ્વતંત્ર અમલીકરણ માળખુ રચવું જોઇએ
- અમલીકરણ માટેની નવી આગવી પધ્ધતિ શોધી કાઢવી જોઇએ

૭. વઘઇ લઘુ વિસ્તારના કેટલાક નાના મોટા તળાવો છે તે ખોદાવી ઊંડા કરાવવા જોઇએ. જેનું પાણી સિંચાઇના ઉપયોગમાં લઇ શકે તથા તેમાં માછીમારી ઉછેરવા માટે 'મત્સ્ય તળાવડા' પણ બની શકે.

૭. વઘઇ લઘુ વિસ્તારમાં ઓરસંગ નદીમાં લીલી છાંટવાળા કિંમતી આરસપહાણના પથ્થરો નીકળે છે તે કાઢવા માટે ` ખાણો તથા પથ્થરોમાંથી કપચી બની શકે તેમ હોય તેની શકયતાઓ તપાસી આ બે વ્યવસાયો દ્વારા નવું ઉત્પાદન એકમ ઊભું થાય તથા આદિવાસી કુટુંબોને ત્યાં રોજગારી આપી શકાય.

૮. લઘુ વિસ્તારોમાં ત્યાંના આદિવાસીઓમાં જે કળા હોય તે કળા કારીગરોના તાલીમવર્ગો 'ટ્રાયસેમ' યોજના હેઠળ લઘુ વિસ્તારોમાં ગોઠવવા જોઇએ. દા.ત. વઘઇ લઘુ વિસ્તારમાં તાડપાનમાંથી વિધિ વસ્તુઓ બનાવવી, ભરત તથા ગૂંથણકામ, માછલીની જાળ ગૂંથણ, કડિયા તથા સેન્ટીંગ કામ, પડિયા પતરાળા બનાવવા વગેરે તાલીમ વર્ગો ગોઠવાય તો તેમાં આદિવાસી યુવાનો/ યુવતીઓ તાલીમ પણ લેશે તથા તે તાલીમ તેમને આર્થિક ઉપાર્જન માટે ઉપયોગી બની શકે.

૯. વઘઇ લઘુ વિસ્તારમાં આદિવાસી સમાજમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ જ નીચું છે. તથા સ્ત્રીઓમાં શિક્ષણ નથી એમ કહીએ તો પણ ચાલે તે માટે શિક્ષણની વધુ સવલતો પૂરી પાડવી તથા આદિવાસી બાળકો શાળાએ આવે તે માટે તેમના મા બાપ / વાલીને સમજાવવાના પ્રયત્નો થવા જોઇએ. દરેક પોકેટમાં ઓછામાં ઓછી એક આશ્રમશાળા તો થવી જ જોઇએ.

૧૦. વઘઇ લઘુ વિસ્તારમાં ખૂબ ઓછા કુટુંબો જમીન ધરાવે છે. પરંતુ તેમની પાસે ખેતી માટેના પૂરતાં સાધનો નથી. તેઓને સુધારેલા ખેતી ઓજારો, સુધારેલા બિયારણ, રાસાયણિક ખાતર પૂરાં પાડવા જોઇએ. આ માટે ખાસ ધ્યાન આપવું જોઇએ. ઉપરાંત જેમની પાસે જમીન નથી તેઓને સરકારી જમીન ખેતી માટે ફાળવવી જોઇએ. આ રીતે આદિવાસી ખેડૂતો જે નામના જ ખેડૂતો છે તેમને ખરા અર્થમાં ખેડૂત બનાવવીએ.

...

## ભાટપુર લઘુ વિસ્તાર

પટેલ અરૂણ ભા.
રાઠોડ જશવંતસિંહ ના.

### ભાટપુર પોકેટ વિસ્તારમાં વસતા આદિવાસીઓની અર્થવ્યવસ્થા :

ભાટપુર પોકેટમા ૫૧ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અન્ય જાતિઓના વસવાટ સાથે અનુસૂચિત જનજાતિનો વસવાટ છે. આ ગામોમાં મુખ્ય નાયકા, તડવી અને ભીલ અનુસૂચિત જનજાતિનો વસવાટ છે. મોટા ભાગનાં કુટુંબો અન્ય જાતિઓ પર નિર્ભર જોવા મળે છે. તેઓ ગામની છેવાડે મહોલ્લામાં રહે છે.

### ખેતી :

અભ્યાસમાં સમાવેશ કરવામાં આવેલ ભાટપુર પોકેટના નમૂનાના પસંદ થયેલ પાંચ ગામોના આદિવાસી ખાતેદાર જોઇએ તો કુલ ખાતેદારોમાં ફકત ૩૯ આદિવાસી ખાતેદાર છે. અને જમીનનું પ્રમાણ ફકત ૧૩૧ એકર ૧૮ ગુંઠા થાય છે જે ખાતેદારદીઠ ૪ એકર ૧૧ ગુંઠા જેટલું થાય છે. આમાં પણ ભાઇઓના ભાગે વહેંચાયેલી હોવાથી વાસ્તવિક પરિસ્થિતિમાં તો તેઓ ૪ એકર જમીન ખેડતા નથી. અભ્યાસમાં સમાવેશ કરવામાં આવેલ ૩૨ ખાતેદારો પાસે ૭૯.૩૪ એકર જમીન હતી જે કુટુંબદીઠ ૨.૨૦ એકર જેટલી કહી શકાય. જેટલે કે બધા સિમાંત ખાતેદારો હતા. જમીન હલકા પ્રકારની ખાડા ટેકરાવાળી કે પથ્થરવાળી હતી. ૧૧.૨૦ એકર જમીન પિયતવાળી અને બાકીની બિનપિયત હતી. મોટા ભાગનાં કુટુંબો ખેતમજૂરી કે અન્ય મજૂરી પર આધાર રાખે છે.

તપાસેલ ૯૦ કુટુંબોમાંથી ૩૧ કુટુંબો ખેતી કરતા હતા, ૫૭ કુટુંબો ખેતમજૂરી અને ૨ કુટુંબો નોકરી કરતાં માલુમ પડયાં હતાં. નોકરી ગ્રામપંચાયતમાં પટાવાળાની જગ્યાએ કરતા હતા. આ કુટુંબો એકલી ખેતી, ખેતમજૂરી કે નોકરી પર આધારિત હોય એવું નથી. તેમને ગૌણ ધંધા ફરજિયાત કરવાની ફરજ પડે છે. ગૌણ ધંધો ખેતી સાથે ખેતમજૂરી, ખેતી સાથે

પશુપાલન, ખેતમજૂરી સાથે મરઘા, ખેતમજૂરી સાથે ઘરકામ, ખેતી સાથે નાના ધંધા, દુકાન, સાયકલ રીપેર, ખેતમજૂરી સાથે ગૃહોદ્યોગ, પડિયા પતરાળા બનાવવાનું કામ, ઢોલ વગાડવાનું કામ વગેરે દ્વારા પૂરક આવક મળે છે.

ભાટપુર પોકેટમાં સમાવેશ કરવામાં આવેલ ગામોમાં તરગોળ અને રાજપરી વિસ્તારના ગામો જે ભાટપુરની ઉત્તરે આવેલા છે ત્યાં ડુંગર અને જંગલનું પ્રમાણ વિશેષ છે. આ સિવાય ત્રણ ગામોનો ભૌગોલિક વિસ્તાર સપાટ અને ખાડા ટેકળાવાળો છે. જ્યાં જંગલનું પ્રમાણ નથી ત્યાં ખેતી સારા પ્રમાણમાં થાય છે. આ વિસ્તારમાં સમડી, આંબો અને ખાખરાનાં વૃક્ષો થાય છે. તરગોળ અને રાજપરી ગામોના કુટુંબો પાસે મહુડા, આંબા અને સાગનાં વૃક્ષો પણ હતા. આ વિસ્તાર ડુંગરાળ હોવાથી જંગલ સારા પ્રમાણમાં છે.

આવક :

અભ્યાસમાં સમાવેશ કરેલ કુટુંબોની કુલ આવકના ૫૨.૯૫ ટકા આવક ખેતમજૂરીમાંથી મળે છે. એટલે કે મોટા ભાગનાં કુટુંબો ખેતમજૂરી કરે છે. બીજા નંબરની આવક ખેતીની છે. જે ૧૪.૩૫ ટકા થાય છે. ચાકર તરીકે જે વ્યક્તિઓ રહે છે તેમની વાર્ષિક આવક નિશ્ચિત હોય છે. ચાકર તરીકે ૧૨.૯૫ ટકા આવક મળે છે. કુટુંબમાંથી એકાદ વ્યક્તિ ચાકર તરીકે રહે તો જ કુટુંબનું પોષણ થાય તેવી સ્થિતિ છે. ચાકર તરીકે રહેવું તે ખેતમજૂરીની જ આવક છે પણ તે બારમાસ માટે બંધાઇ રહે છે. પશુપાલનમાંથી ૮.૯૬ ટકા આવક મળે છે જે ઘણી ઓછી છે. નોકરીની આવક ૫.૭૩ ટકા હતી. અગાઉ જોયું તે પટાવાળા કે સ્થાનિક પોસ્ટ વહેંચવાનું કામ કરતા હતા. ધંધામાં વેપાર અને ગૃહોદ્યોગ જેવા કે પતરાળા, પડિયા બનાવવાનો વગેરે. તેની આવક ૨.૦૬ છે જે નહીવત છે. ઘરકામમાંથી ૦.૧૭ ટકા અન્ય મજૂરીમાંથી ૧.૦૪ ટકા અને જંગલ મજૂરીમાં ૬.૭૯ ટકા આવક મળે છે. જેનું પ્રમાણ નહીવત કહી શકાય. ખેતમજૂરીમાંથી જ મુખ્ય આવક મળે છે.

તપાસેલ ૯૦ કુટુંબોની સરેરાશ વાર્ષિક આવક ૨૯૫૯ રૂપિયા જેટલી થાય છે. જે ઓછી કહી શકાય. સરકારી નિયમ પ્રમાણે ચાકર રહેનાર એક વ્યક્તિને વાર્ષિક ૪૦૦૦ રૂપિયા અને દૈનિક વેતન ૧૧ રૂપિયા આપવા, જ્યારે આખા કુટુંબની આવક જુદા જુદા વ્યવસાય કરવા છતાં પણ પૂરા ચાર હજાર થતી નથી. આમ આવકનું પ્રમાણ ઘણું ઓછું કહી શકાય.

વાર્ષિક વપરાશી ખર્ચ :

દરેક કુટુંબ પોતાની આવકની મર્યાદામાં રહી ખર્ચ કરતું હોય છે. આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે અત્યંત સાદુ અને સરળ જીવનમાં પણ ઘણી વસ્તુઓનો કાપ મૂકવો પડે છે. તેમના ખર્ચના આંકડા જોતાં લાગે કે અનિવાર્ય ચીજવસ્તુઓ પાછળ ખર્ચ થયેલો સ્પષ્ટ દેખાય છે. ખાદ્યખોરાકી પાછળ ૬૬.૩૫ ટકા, કપડાં પાછળ ૧૫.૦૪ ટકા, ત્યારપછી બીડી દારૂ અને ધાર્મિક ખર્ચ આવે છે. આમ ક્રમે ક્રમે ઓછો થયેલો જોવા મળે છે. દારૂ અને બીડી એ મજૂર વર્ગનું મુખ્ય પીણું થઇ ગયું છે. કામ કરી થાકીને આવે તો દારૂ પીએ. કામમાંથી આરામ કરવા બેસે તો બીડી પીએ. આમ પીણા પાછળ ખર્ચાઓ વધતા જાય છે. સામાજિક ૪.૦૬ ટકા, બળતણ ૨.૯૮ ટકા શૈક્ષણિક ૦.૭૫ ટકા જે નહીવત છે. બાળકોને નિશાળે મોકલવાને બદલે કામ કરવા લગાડી દે છે. યા યુવાનવર્ગ મોજશોખમાં રેડિયો, ઘડિયાળ જેવી ચીજો ખરીદે છે. જો કે તેની પાછળ ખર્ચનું પ્રમાણ ઘણું ઓછુ છે. કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક ખર્ચ ૨૬૯૮ રૂપિયા જેટલો થાય છે તે ખર્ચ ઘણો જ ઓછો કહી શકાય.

દેવું :

તપાસેલ કુટુંબોની આવકના ખર્ચના આંકડા જોતાં લાગે કે કેટલું કરકસરયુકત જીવન જીવે છે. આટલી ઓછી આવકમાં જીવનનિર્વાહ કરવો એ કોઇ પણ કુટુંબ માટે અશકય હોવા છતાં એ સ્થિતિમાં જીવન જીવતાં કુટુંબો જોવા મળે છે. આ સ્થિતિને કારણે તેમને વત્તા ઓછા પ્રમાણમાં ફરજિયાત દેવાનો આસરો લેવો પડે છે. પણ તેઓ છૂટથી દેવું કરી શકતા નથી. કારણ કે મોટા ભાગનાં કુટુંબો ખેતમજૂર છે. દેવા પેટે આધારની શાહુકાર વેપારી તેમને અમુક હદ સુધી જ ખોરાકી ચીજવસ્તુઓ ધીરે છે. ૫૦ ટકા કુટુંબોને દેવું કરવું પડે ૧૮.૨૮ ટકા શાહુકાર વેપારી, ૪.૨૪ ટકા સરકારી, ૪૧.૮૧ ટકા સહકારી મંડળી, ૦.૭૩ ટકા સગાસંબંધી અને ૩૪.૮૪ ટકા જમીનમાલિકો પાસેથી કર્યું જોવામાં આવ્યું હતું. આમ ખાનગી જમીનમાલિકોનું દેવું વધારે છે. કારણ કે ત્યાં તેઓ કામ કરતા હોય છે. દેવું કરવાનો હેતુ જોઇએ તો ૩૫.૭૫ ટકા ખાદ્યખોરાકી માટે, ૩૨.૪૫ ટકા પશુધન ખરીદી, ૧૭.૪૦ ટકા ઉપયોગી, ૧૩.૬૭ ટકા સામાજિક અને ૦.૭૩ ટકા મકાન બાંધવા માટે દેવું કર્યું જોવા મળ્યું હતું. દેવાના હેતુ પરથી તેમની પાસે ઉત્પાદકીય સાધનો કેટલાં ટાંચા છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવી શકે છે. તેઓ કોઇ કાયમી ધંધા રોજગાર માટે દેવું કરતા હોય તેવું જોવા મળ્યું નથી.

શિક્ષણ :

આદિવાસી લોકો ખેતમજૂરી, છૂટકમજૂરી વગેરે માટે પોતાના વતનમાંથી બહારગામ દૂર સુધી ચાલ્યા જાય છે. કેટલાક લોકો ગામમાં જ બિનઆદિવાસી લોકોને ત્યાં પોતાનાં બાળકોને મજૂરી માટે મૂકી દે છે. કેટલાક લોકો કપાસ વીણવા માટે આજુબાજુના તાલુકામાં સવારથી સાંજ સુધી મજૂરી માટે જાય છે. આમ મોટે ભાગે આ લોકો મજૂરી માટે સ્થળાંતર કરતા હોય સાથે તેમનાં બાળકો પણ લઇ જાય છે. આમ પોતાનાં બાળકોને ભણવાની ઉંમરે સ્થળાંતર થવાથી ભણી શકતાં નથી. વળી પોતાની આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી હોવાથી કુટુંબના મોટા ભાગના સભ્યોને મજૂરી કરવા જવું પડે છે અને આ રીતે શિક્ષણ લઇ શકતા નથી. આપણા સર્વેક્ષણમાં માત્ર ૧૮.૫૫ ટકા શિક્ષણ જોવા મળ્યું છે અને તે પણ મોટે ભાગે પ્રાથમિક શિક્ષણનું જોવા મળે છે. માધ્યમિક શિક્ષણ સુધી તો આ લોકો પહોંચતા જ નથી. તેમાંય સ્ત્રીઓનું શિક્ષણ તો નહીંવત જોવા મળે છે.

ભાટપુર લઘુ વિસ્તારમાં લગભગ ૩૦૦૦ થી પણ વધુ આદિવાસી કુટુંબો છે. તેમાં ઘણાને ઘરથાળના પ્લોટ મળ્યા છે પણ જેઓને આજ સુધી આવો કોઇ લાભ ન મળ્યો હોય તેવાં વિહોણા તમામ આદિવાસી કુટુંબોને ઘર માટે ઘરથાળ પ્લોટ યોજનાનો લાભ મળવો જ જોઇએ. મોટા આદિવાસી ખેડૂતો સિવાયના પણ આ યોજનામાં સમાવી લેવા જોઇએ. એવું સૂચવવામાં આવે છે કે પાંચ વર્ષમાં આ યોજનામાં ૧૦૦૦ આદિવાસી કુટુંબોને સમાવવા જોઇએ. એક ઘર માટે ૩૦૦૦ રૂપિયા અંદાજિત ખર્ચ થશે.

કૃષિ વિકાસ આયોજન :

મોટા ભાગના આદિવાસીઓ પાસે જમીન નથી. તો આવા જમીનવિહોણા આદિવાસીઓને આ વિસ્તારમાં આવેલી ખરાબાની જમીન જેવી કે કોતરવાળી, પડતર કાયમી ગોચર વગેરે ખેતી કરવા આપવી જોઇએ. લઘુ વિસ્તારમાં ઉત્તર દિશાનાં લગભગ ૧૫ ગામોની જમીન તેમજ અન્ય દિશાઓમાં પણ ડુંગરાળ જમીન આવેલી છે. આ ડુંગરાળ વિસ્તારનો મહાપ્રશ્ન તો જમીનની સમતળતાને લીધે સતત ધોવાઇ જતી ફળદ્રુપતાનો છે. તેમાંય ખાસ કરીને સીધા ઢાળ પર ખેડાણ થાય છે તેનું ધોવાણ જોઇને તો કોઇ પણ ખેતી વિજ્ઞાન જાણકાર વ્યકિતને દુ:ખ થયા વગર રહે નહી. આ પરિસ્થિતિ નિવારવા ડુંગરીઓ ઉપર બ્લોક બન્ડીંગ અને પગથિયા પધ્ધતિએ ખેતી કરવાની રીત વિકસાવવી જ પડશે.

સિંચાઈ :

અંકુશિત સિંચાઈ સુવિધા આધુનિક ખેતીની પૂર્વ શરત છે. કૃષિ વિકાસનું આયોજન આ સુવિધાની ઉપલબ્ધિ વિના અધૂરું જ ગણાય. અહીં ઉપલબ્ધ પાણીનો મહત્તમ ઉપયોગ કરીને સિંચાઈની સુગ્રથિત યોજના સહેલાઈથી બનાવી શકાય તેમ છે. આ વિસ્તારની મહત્વની ત્રણ નદીઓ તેમજ નાનાં ઝરણાં અહીંના પિયત વિકાસમાં મોટો ફાળો આપી શકે તેમ છે. ઓછા ખર્ચે સીરીઝ ઓફ ચેકડેમ બનાવી ઉદવહન સિંચાઈ યોજનાનો લાભ આપવો જોઈએ. આ ચેકડેમથી બીજો એક ફાયદો એ પણ થશે કે તેમાં મત્સ્ય ઉદ્યોગ સરસ ચાલશે.

ખેત ઓજારો :

આદિવાસી ખેડૂતો પાસે પૂરતાં ખેત ઓજારો હોતાં નથી. કેટલાક આદિવાસી કુટુંબો પાસે તો આવાં કોઈ જ સાધન નથી અને તેઓ ભાડે ખેતી કરાવે છે. અત્યારે ખેતીનાં આધુનિક સાધનો નીકળ્યાં છે તે તો લગભગ કોઈની પાસે જોવા મળતાં નથી. તો આવાં ખેતીનાં સાધનો ઉપરાંત બળદગાડાં વગેરે જેની પાસે નથી તેઓ દરેકને ૫૦% સબસીડી અને ૫૦% લોન પેટે આપવાં જોઈએ.

બળદ :

કેટલાક આદિવાસી કુટુંબો પાસે બળદ છે અને કેટલાક જમીન ધરાવતા હોવા છતાં પણ બળદ રાખતા નથી. ઘણા ખરા એક બળદ પણ રાખે છે. જેની પાસે એક બળદ છે તેઓ અને જેની પાસે નથી તેઓ સૌને ૫૦% સબસીડી અને ૫૦% લોનથી એક બળદના ૧૫૦૦ લેખે આપવા.

ડેરી વિકાસ :

ભાટપુર લઘુ વિસ્તારના લગભગ મોટા ભાગનાં ગામોમાં દૂધ ઉત્પાદક સહકારી મંડળી ચાલે છે. તેમાં ઘણાં આદિવાસી કુટુંબો આવી મંડળીઓનો લાભ લે છે. કેટલાકને ૫૦% સબસીડી અને ૫૦% લોન પેટે દૂધાળાં ઢોર યોજનાનો લાભ મળ્યો છે. તો કેટલાકને ૧૦૦% લોનથી પણ લાભ મળ્યો છે. આ રીતે તેઓ પશુપાલન કરી પોતાની આવકમાં વધારો ચોક્કસ કરી જાણે છે. પણ હજુ ઘણાં કુટુંબોને આવી યોજનાનો લાભ મળ્યો નથી. કેટલાક ગામોમાં આવી યોજના દાખલ કરવામાં લોકોનો અને મંડળીઓનો સહકાર મળતો નથી.

કેટલાક વિસ્તારમાં આદિવાસી લોકો આવાં દૂધાળાં ઢોર રાખવા માગતાં નથી. અ ખાસ કરી આ વિસ્તારના ઉત્તર દિશામાં આવેલા પંચમહાલ સરહદ પરના લગભગ ૧૫ ગામોમાં રાત્રે લોકો ઢોર છોડી જાય છે. તે બીકથી નાનાં પશુઓ ઈચ્છે છે. (જે બકરી, મરઘાં વગેરે)

ટૂંકમાં જેઓને દૂધાળાં ઢોરની જરૂરિયાત છે તેઓને તમામને ભેંસ, ગાય વગેરે જે જોઈએ તે ૫૦% સબસીડી અને ૫૦% લોનથી આપવી. જે કુટુંબોને બીજા પશુઓની જરૂર હોય તેને પહેલાની લોન પૂરી થયે આપવી. ભેંસની કિંમત રૂ. ૩૦૦૦ લેખે અને ગાયની કિંમત રૂ. ૧૫૦૦ લેખે ગણવી. એવું સૂચવવામાં આવે છે કે પાંચ વર્ષમાં આ લઘુ વિસ્તારના ૨૦૦૦ આદિવાસી કુટુંબોને ભેંસ યોજના મળવી જોઈએ અને ૧૦૦૦ આદિવાસી કુટુંબોને ગાયનો લાભ મળવો જોઈએ.

બકરાં ઉછેર :

આ તાલુકાના આદિવાસીઓ તથા બીજે ઠેકાણે પણ એ લોકો બકરાં પાળવાના ખૂબ શોખીન હોય છે. આ વિસ્તારમાં કાંટાવાળાં વૃક્ષો જ વધુ પ્રમાણમાં જોવા મળે છે અને તે બકરાં માટે અતિ ઉત્તમ ગણી શકાય. તેમજ કેટલાક વિસ્તાર જંગલ વિસ્તાર છે અને તે વિસ્તારમાં આવાં નાનાં પશુ પાળી શકાય તેમ છે. આદિવાસી અર્થકારણમાં બકરાં ઉછેર ઘણું યોગ્ય સાધન છે. તેમની સામાજિક અને આર્થિક પરિસ્થિતિ માટે બકરાં ખાસ બંધ બેસતાં છે. પાંચ વર્ષમાં ૧૦૦૦ વ્યક્તિઓને લાભ આપી શકાશે. લાભ મેળવનારને પાંચ બકરાંનું એક એકમ ગણી એક એકમદીઠ ૧૦૦૦ રૂપિયા આપવા. જેમાં બકરાં માટે ખોરાક પૂરો પાડવાના ખર્ચ માટે નાણાંકીય મદદ પણ આવી જશે.

મરઘાં ઉછેર :

મરઘાં પાલન આદિવાસી કુટુંબના રોજીંદા કાર્યક્રમનો ભાગ જ છે. આ મરઘાં પાલનની સુષુપ્ત વૃત્તિને યોગ્ય માર્ગે વાળી તેમાંથી પૂરક રોજી મળી રહે અને સાથોસાથ આ વ્યવસાયમાં તેઓ વ્યસ્ત થાય, અનુભવી થાય, ભવિષ્યમાં મોટા પાયા પર મરઘાં પાલન અંગે માનસિક રીતે તૈયાર થાય તો તે હેતુથી વિચાર્યું છે.

મત્સ્ય ઉદ્યોગ :

પરંપરાગત રીતે પૌષ્ટિક ખોરાક તરીકે માછલી પકડી ખાવાનો આદિવાસીઓમાં રિવાજ છે. પણ આ પ્રવૃત્તિને આર્થિક દૃષ્ટિકોણથી જોવામાં આવી નથી. માછલાં પકડવાની તક તેમને ચોમાસામાં વરસાદનું પાણી અને પ્રવાહ સાથે ભળે ત્યારે વધુ મળતી છતાં અન્ય મોસમમાં પણ જ્યાં કોતરોમાં પાણી ભરાયેલું રહે છે ત્યાં અને હેરણ નદી તેમજ ઓરસંગ નદીમાં પણ કેટલાક આદિવાસી લોકો માછલાં પકડી લાવે છે. મોટે ભાગે આ વિસ્તારમાં ભોય લોકો માછલાં પકડવાનું કામ વધુ કરે છે. અને વેપાર કરે છે જ્યારે આદિવાસી લોકો આવો વેપાર કરતા નથી. ઘણા આદિવાસી લોકો પાસે માછલાં પકડવાની જાળ જેવાં નાનાં સાધનો

છે. જો તેઓને મોટી જાળ આપવામાં આવે અને મત્સ્ય સહકારી મંડળી બનાવી તરગોળ જેવા તળાવમાં જે બહારની વ્યકિતઓને ઇજારો અપાય છે તેને બદલે આ લોકોને આપવો જોઇએ. નદી કિનારાના ગામોમાં પણ આવો લાભ મળે તેવું કંઇક કરવું જોઇએ.

પતરાળા-પડિયા બનાવવાના શકયો :

આદિવાસી કુટુંબો આ વિસ્તારમાં ખાખરાના પાનમાંથી પડિયા તેમજ પતરાળા બનાવે છે. પણ માત્ર ત્રણ માસ આ કામ કરે છે. અને તે ખૂબ ઓછા ભાવે સંખેડા અથવા બોડેલી જઇ વેચી આવે છે. કેટલાક લોકો પોતાની જરૂરિયાત પ્રમાણે જ બનાવે છે. જો આ ગૃહોદ્યોગને વિકસાવવામાં આવે તો ઘણા આદિવાસી કુટુંબોની આવકમાં વધારે થઇ શકે.

સુથારીકામ :

આદિવાસીઓને જન્મજાત સુથારી કામ આવડતું હોવાને કારણે આ ઉદ્યોગ ખાસ મુશ્કેલી સિવાય ચાલુ કરી શકાય તેમ છે. બીજું આ તાલુકાની આજુબાજુના તાલુકાઓ જંગલ વિસ્તાર છે. અને આ સઘુ વિસ્તારમાં કેટલાક ગામ પણ જંગલમાં જ છે. એટલે આ ઉદ્યોગ માટેનો કાચો માલ લાકડું સારા પ્રમાણમાં મળી આવે છે. તેમજ ગુજરાતમાં અને ગુજરાત બહાર સંખેડા વર્કસની લાકડામાંથી અનેક કલાકારીગરીવાળી વસ્તુઓ પણ પ્રખ્યાત છે. આ હકીકત સફળતાપૂર્વક સુથારીકામની દુકાન ચલાવવા માટે પૂરતી છે. માત્ર પ્રશ્ન રહેતો હોય તો તે ઉત્પન્ન થયેલા માલના વેચાણનો. સામાન્ય આદિવાસીઓ આ પ્રશ્ન તેમની રીતે ઉકેલી શકે નહીં. તેથી વેચાણ માટેની જવાબદારી ખાસ આ હેતુ માટે ઊભી કરવામાં આવેલી સંસ્થાને સોંપવી જોઇએ. પાંચ વર્ષમાં ૧૦૦ આદિવાસી કુટુંબોને સમાવવા જોઇએ. એક યુનિટ (કુટુંબ) માટે સુથારી સાધનો, ઇલેકટ્રીક મશીન (પૂરો સેટ) વગેરે અન્ય ખર્ચ સાથે ૧૦૦૦ રૂપિયા થશે.

નવા ધંધા :

આ વિસ્તારમાં આ લોકોની આવશ્યકતાઓને ધ્યાનમાં રાખી જે વસ્તુ ઉપલબ્ધ છે તે આધારે નીચે પ્રમાણે ધંધા થઇ શકે.

૧. પડિયા પતરાળા બનાવવા
૨. મત્સ્ય ઉદ્યોગ
૩. શિવણ (દરજીકામ)
૪. પશુપાલન
૫. સંખેડા વર્કસ (સુથારી કામ)

૬. નિરા કેન્દ્ર

૭. અંબર ચરખા

૮. પથ્થર ફોડવા, કપચી બનાવવી

૯. શાકભાજીનો ધંધો

૧૦. કાપડ, હોટલ, વેપાર વગેરે

૧૧. તાડના પાનમાંથી દોરી, દોરડા વગેરે બનાવવા

૧૨. મરઘાં ઉછેર

...

# ભીખાપુર- કરાલી લઘુ વિસ્તાર

- ચંદ્રકાન્ત ઉપાધ્યાય
- ચંદ્રકાન્ત પટેલ

ભીખાપુર- કરાલી લઘુ વિસ્તાર વડોદરા જિલ્લાની પૂર્વમાં આવેલા પાવી-જેતપુર તાલુ વિસ્તાર છે. જેમાં કુલ ૯૯ ગામોને આવરી લેવામાં આવ્યા છે. તેમાં ભીખાપુર લઘુ વિસ્તારના ૪૫ ગામો અને કરાલી લઘુ વિસ્તારનાં ૫૪ ગામોનો સમાવેશ કરાયો છે. વડોદરા જિલ્લાની પૂર્વમાં છોટાઉદેપુર, નસવાડી, તિલકવાડા અને પાવી જેતપુર એમ ચાર આદિવાસી વસ્તી ધરા તાલુકાઓ છે. તેમાંય પાવી જેતપુર તાલુકાના ભીખાપુર અને કરાલી લઘુ વિસ્તારો આદિવાસી વસ્તીની દ્રષ્ટિએ જિલ્લામાં મોખરાનું સ્થાન ધરાવે છે. ભીખાપુર લઘુ વિસ્તારમાં રાઠવા, નાયકા ઢોરકોળી વગેરે અનુસૂચિત જનજાતિ છે. જયારે બીજી જાતિઓમાં વહોરા અને કોઇ કોઇ ગામ અનુસૂચિત જાતિની વસ્તી જૂજ પ્રમાણમાં વસે છે. કરાલી લઘુ વિસ્તારમાં રાઠવા, તડવી, નાયં ડોલચા અને ઢોરકોળી વગેરે આદિમ જાતિઓ અને અન્ય જાતિઓમાં કોળી અને અનુસૂચિત જાતિ વસવાટ છે.

## અર્થવ્યવસ્થા :

ભીખાપુર- કરાલી લઘુ વિસ્તારોમાં વસતી આદિમ જાતિઓ અનેકવિધ વ્યવસાયો વ્દાર પોતાનો જીવનનિર્વાહ ગોઠવતી જોવા મળે છે. કારણ કે અહીંની ભૌગોલિક સ્થાનિક પરિસ્ કારણે કોઇ પણ એક વ્યવસાયથી નિર્વાહ કરવો સંભવ નથી. એટલે ખેતી, ખેતમજૂરી, પશુ જંગલ મજૂરી, નોકરી, વેપાર ધંધા અને બીજા અન્ય વ્યવસાયો કરીને પોતાનો નિર્વાહ ગોઠ બૃન્ને વિસ્તારોમાં ખેતીના વ્યવસાયની સાથે સંકળાયેલા કુટુંબોની સંખ્યા સવિશેષ જાણવા મળી તપાસના ભીખાપુર લઘુ વિસ્તારના નમૂના કુટુંબોમાંથી કુલ ૯૭ ખાતેદારોના નામે કુલ ૨૯૬ એકર અને ૧૧ ગુંઠા જમીન હતી. જે ખાતેદારદીઠ ૩ એકર જમીન હતી. આ કુલ જમીનમાંથી ૫૯ એકર પિયત વિસ્તાર હેઠળ અને ૨૩૦ એકર બિનપિયત વિસ્તાર હેઠળ છે. આ વિસ્તાર

પિયત જમીનની કિંમત રૂ. ૬૦૦૦ અને બિનપિયતની કિંમત રૂ. ૨૫૦૦ છે. ખેતી કરતા કુટુંબો મકાઈ, જુવાર, ડાંગર, ને તુવેર, અડદ, વાલ પકવે છે. રોકડિયા પાકોમાં કપાસ, દિવેલા, પકવે છે. તપાસના કરાલી વિસ્તારમાં નમૂનાના કુટુંબોમાંથી કુલ ૮૩ ખાતેદારોના નામે ૨૪૨ એકર ૩૯ ગુંઠા જમીન હતી. જે ખાતેદારદીઠ ૨ એકર ૯૦ ગુંઠા જમીન કુટુંબદીઠ સરેરાશ કહેવાય. આ કુલ જમીનમાંથી ૧૦૧ એકર ૦૬ ગુંઠા પિયત અને ૧૪૦ એકર ૩૩ ગુંઠા બિનપિયત જમીન વિસ્તાર જાણવા મળ્યો હતો. જેમાં પણ બિનપિયત અને પિયત જમીનની કિંમત આગળ દર્શાવ્યા મુજબ હતી. તેઓ પણ મકાઈ, જુવાર, ડાંગર, તુવર, અડદ, વાલ અને કપાસ, દિવેલાની ખેતી પકવે છે. આ બંને વિસ્તારોમાં ખેતીના પાકોની ઉપજમાંથી આખું વર્ષ ચાલી રહે તેટલું તેઓ મેળવી શકતા નથી. એટલે બીજા વ્યવસાયો ઉપર પણ આધાર રાખ્‍વો પડે છે.

આવક :

બંને લઘુ વિસ્તારના તપાસના નમૂનાના કુટુંબો જુદા જુદા વ્યવસાયોમાંથી આવક મેળવ.. હતા. જેમાં ભીખાપુર લઘુ વિસ્તારના નમૂનાના ૧૦૦ ટકા કુટુંબોની જુદા જુદા ધંધાવાર સાધનો કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક ૪૩૧૦ રૂપિયાની આવક થતી હતી. જેમાં સાધનવાર આવકમાં સૌથી વધુ ખેતીની ૫૧.૬૫ ટકા અને સૌથી ઓછી આવક ઘરકામ ૦.૭૪ ટકાની છે. એ સિવાય નોકરીમાંથી ૨૦.૫૫ ટકાની, ખેતમજૂરીમાંથી ૧૩.૦૬ ટકાની, પશુપાલનમાંથી ૧૦.૬૨ ટકાની, જંગલ મજૂરીમાંથી ૨.૪૦ ટકાની અને ધંધામાંથી ૦.૯૮ ટકાની આવક જાણવા મળી હતી. આગળ જોયું તેમ કુટુંબદીઠ વાર્ષિક આવક ૪૩૧૦ રૂપિયા છે. તેમની માસિક કુટુંબદીઠ આવક ૩૫૯ રૂપિયા અને માથાદીઠ વાર્ષિક આવક ૬૮૬ રૂપિયા થાય. આ કુટુંબોના સભ્યોની સંખ્યા પ્રમાણે માથાદીઠ માસિક આવક ૫૭ રૂપિયાની થતી હતી. સર્વેક્ષ.. આવરી લીધેલ કુટુંબોની માથાદીઠ આવક રાજ્યની સરેરાશ આવક કરતાં અઢી ગણી ઓછી અને રાષ્ટ્રની સરાસરી આવક કરતાં અડધી થાય છે. એ જ પ્રમાણે કરાલી લઘુ વિસ્તારના નમૂનાના ૧૦૦ કુટુંબોમાંથી જુદા જુદા ધંધાઓ દ્વારા જ આવકો જાણવા મળી હતી તેમાં સાધનવાર આવક જોઈએ તો સૌથી વધુ ખેતીની આવક ૬૨.૩૧ ટકા અને સૌથી ઓછી દારૂ તાડીની ૦.૦૨ ટકા હતી. એ સિવાય ખેતમજૂરીમાંથી ૧૭.૫૮ ટકા, પશુપાલનમાંથી ૧૧.. ટકા, નોકરીમાંથી ૫.૪૩ ટકા, જંગલ મજૂરીમાંથી ૧.૩૭ ટકા, ધંધામાંથી ૧.૭૯ ટકા અને ઘરકામમાંથી ૦.૧૧ ટકાની આવકો જાણવા મળી હતી. આમ તપાસના નમૂનાના કુટુંબની

કુટુંબદીઠ સરેરાશ આવક ૪૫૭૧ રૂપિયા થાય છે. માસિક કુટુંબદીઠ આવક ૩૮૧ રૂપિયા છે, માથાદીઠ વાર્ષિક આવક ૮૧૦ રૂપિયા અને માસિક માથાદીઠ આવક ૬૭ રૂપિયા થાય છે. ગુજરાત રાજ્ય અને સમગ્ર રાષ્ટ્રની આવકની દ્રષ્ટિએ જોઇએ તો આ સર્વેના કુટુંબોની માથાદીઠ આવક રાજ્યની આવક કરતા અર્ધી અને રાષ્ટ્રની આવક કરતાં થોડી વધારે હતી.

વપરાશી ખર્ચ :

તપાસના લઘુ વિસ્તારમા આવરી લીધેલા કુટુંબોમાં વાર્ષિક વપરાશી ખર્ચની વિગતો જોતાં કુટુંબદીઠ ખર્ચનું પ્રમાણ આવક કરતા વધુ હતું. ભીખાપુર લઘુ વિસ્તારના નમૂનાના કુટુંબોનો કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ ૪૫૧૫ રૂપિયાનો જાણવા મળ્યો હતો. જેમનો માસિક કુટુંબદીઠ ખર્ચ ૩૭૬ રૂપિયાનો થતો હતો. તેમનો માથાદીઠ વાર્ષિક ખર્ચ ૭૧૯ રૂપિયાનો અને માથાદીઠ માસિક ખર્ચ ૫૯ રૂપિયાનો થતો હતો. એટલે આવક કરતા આ કુટુબો વધુ ખર્ચ કરતા. આ આવક અને ખર્ચની રીતે જોઇએ તો બધા જ કુટુંબો લગભગ ગરીબીની રેખા નીચે જીવન વ્યતીત કરતા માલુમ પડે છે. આ વિસ્તારના નમૂનાનાં કુટુંબોનો વપરાશી ખર્ચમાં સૌથી વધુ ખર્ચ ખાધાખોરાકી પાછળ ૬૫.૧૫ ટકાનો અને સૌથી ઓછો મોજશોખ પાછળ ૦.૪૭ ટકા જણાયો હતો. એ સિવાય વપરાશી ખર્ચમાં સામાજિક વિધિઓ પાછળ ૯.૮૬ ટકા, કપડાં પગરખાં પાછળ ૯.૨૪ ટકા, દારૂ તાડી પાછળ ૫.૭૧ ટકા, ધાર્મિક વિધિઓ પાછળ ૩.૬૭ ટકા, બાળકોના શિક્ષણ પાછળ ૨.૨૭ ટકા, દવાનું વ્યાજ ૨.૪૨ ટકા, બળતણ પાછળ ૦.૫૩ ટકા ખર્ચાઓ જાણવા મળ્યા હતા. એ જોઇ શકાશે કે તેમનો શિક્ષણ કરતા દવા પાછળ વધુ ખર્ચ છે. એ જ રીતે કરાલી લઘુ વિસ્તારના નમૂનાનાં કુટુંબોનો કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ ૫૦૨૮ રૂપિયાનો જણાયો હતો. જેમનો માસિક કુટુંબદીઠ ખર્ચ ૪૧૯ રૂપિયા થતો હતો. તેમનો માથાદીઠ વાર્ષિક ખર્ચ ૯૨૧ રૂપિયા અને માથાદીઠ માસિક ખર્ચ ૭૭ રૂપિયા થતો હતો. એ વિસ્તા પણ આવક કરતા ખર્ચ વધુ વધુ થતો હોય એમ આ કુટુંબોમાંથી જાણવા મળ્યું હતું. આ વિસ્તારનાં નમૂનાનાં કુટુંબોનો વપરાશી ખર્ચ જોઇએ તો સૌથી વધુ ખર્ચ ખાધાખોરાકી પાછળ ૬૩.૦૯ ટકા અને સૌથી ઓછો બત્ત બળતણ પાછળ ૦.૫૫ ટકાનો જણાયો હતો. એ સિવાય વપરાશી ખર્ચમાં સામાજિક વિધિઓ પાછળ ૧૦.૩૩%, કપડાં-પગરખાં પાછળ ૪.૪૯%, ધાર્મિક ક્રિયા પાછળ ૫.૨૦ ટકા, દારૂ તાડી વગેરે વ્યસનો પાછળ ૪.૫૬ ટકા, શિક્ષણ પાછળ ૧.૬૨ ટકા, દવા પાછળ ૧.૪૧ ટકા, મોજશોખ પાછળ ૧.૦૪ ટકા અને અન્ય પરચૂરણ ખર્ચ ૦.૭૫ ટકાનો જણાયો હતો.

આમ અનેક ધંધાઓ કરવા છતાં તેમના રોજબરોજના આવા ખર્ચાઓને તેઓ પહોંચી વળતા નથી. તેમના ખર્ચની વિગતો જોતાં તેમની ગરીબીનું ચિત્ર ઉપસી આવે છે. આ ઉપરાંત કોઇ આકસ્મિક ખર્ચ આવે તો તેમને દેવું કરવું પડે છે.

દેવું :

બંને લઘુ વિસ્તારનાં નમૂનાનાં કુટુંબોમાંથી તેમની આવક કરતાં વપરાશી ખર્ચ વધારે જાણવા મળ્યો હતો. વધુ ખર્ચને ન પહોંચી વળતાં તેઓ દેવું કરે છે. જેમાં ભીખાપુર લઘુ વિસ્તારમાંથી ૫૦ ટકા કુટુંબો દેવાદાર હતાં. જેમાં બેન્કનું સૌથી વધુ દેવું ૫૭.૩૭ ટકાનું અને સૌથી ઓછું સહકારી મંડળીનું ૧૦.૬૩ ટકાનું દેવું જાણવા મળ્યું હતું. શાહુકાર વેપારીનું દેવું ૩૨ ટકાનું જાણવા મળ્યું હતું. દેવાદાર કુટુંબોનું કુટુંબદીઠ દેવું ૧૩૦૭ રૂપિયાનું હતું. એ જ રીતે કરાલી લઘુ વિસ્તારના નમૂનાના તપાસના કુટુંબોમાંથી ૫૧ ટકા કુટુંબો દેવાદાર હતાં. જેમાં શાહુકાર વેપારીનું દેવું ૩૮.૯૨ ટકા સૌથી વધુ અને સગાં સંબંધીઓનું ૦.૮૫ ટકાનું દેવું સૌથી ઓછું જાણવા મળ્યું હતું. એ સિવાય સહકારી મંડળી અને બેન્કનું દેવું ૨૩.૦૫ ટકા અને ૨૩.૫૮ ટકા સરકારી દેવું ૭.૬૫ ટકા અને ખાનગી દેવું ૫.૯૫ ટકા જાણવા મળ્યું હતું. આમ બંને લઘુ વિસ્તારની દેવા વિષયક પરિસ્થિતિ ઘણી છે. ઉપર દર્શાવ્યું તેમ આવક કરતાં ખર્ચ વધી જતાં તેમને દેવું કરવાની ફરજ પડે છે. પરંતુ આ દેવું બધા કરી શકતા નથી. કારણ કે બધાને પૈસા મળતા નથી. એ તેમની ગરીબીની પરિસ્થિ કારણ છે. દેવું લેવા માટે સામે જમીન કે ઘરેણાં ગીરવે મૂકી દેવાં પડે છે. દેવું કરવા પાછળ કેટલાંક કારણો જાણવા મળ્યાં હતાં. તેમાં કુટુંબની ખાધાખોરાકી, પશુધન, ખરીદી કે તેની પાછળનો ખર્ચ, ખેતીવાડી ખર્ચ કે મકાન પાછળનો ખર્ચ તેમને દેવું કરવા પાછળના હત

શિક્ષણ :

શિક્ષણ વિષયક પરિસ્થિતિ વિષે જોઇએ તો પાવી જેતપુર તાલુકામાં ૧૯૭૧ની અક્ષરજ્ઞાનની સ્થિતિ કુલ વસ્તીમાંથી ૨૭.૧૦ ટકા પુરુષો અને ૭.૨૯ ટકા સ્ત્રીઓ અક્ષરજ્ઞાન પામેલી જાણવા મળી હતી. જે ભીખાપુર લઘુ વિસ્તારના તપાસના પાંચ ગામના નમૂનાનાં કુટુંબોમાંથી કુલ ૬૨૮ની સભ્ય સંખ્યામાંથી માત્ર ૧૬૮ની સભ્ય સંખ્યા અક્ષરજ્ઞાન પામેલી જાણવા મળી હતી. જેમાં ૧૨૯ પુરુષો અને ૩૮ સ્ત્રીઓનો સમાવેશ થતો હતો. જે એ જ રીતે કરાલી લઘુ વિસ્તારમાંના તપાસના પાંચ ગામના નમૂનાનાં કુટુંબોમાંથી કુલ ૫૬૪ની સભ્ય સંખ્યામાંથી માત્ર ૧૮૪ની સભ્યસંખ્યા અક્ષરજ્ઞાન પામેલી જાણવા મળી હતી. જેમાં ૧૪૬ પુરુષો અને

૬૮ સ્ત્રીઓનો સમાવેશ થતો હતો. એટલે કે તાલુકામાં અને લઘુ વિસ્તારના તપાસનાં નમૂનાનાં કુટુંબોમા અક્ષરજ્ઞાનની ટકાવારી કરતાં નિરક્ષરની ટકાવારી વિશેષ જાણવા મળી હતી. એ જ રીતે પુરુષોની અક્ષરજ્ઞાનની ટકાવારી કરતાં સ્ત્રીઓનો અક્ષરજ્ઞાનની ટકાવારી ખૂબ જ ઓછી જાણવા મળી હતી. એટલે સ્ત્રી શિક્ષણ તો નહીંવત જ છે તેમ કહી શકાય. એની પાછળ આ પ્રદેશમાં ચાલતી શિક્ષણ સંસ્થાઓ અને સુવિધાઓનો અભાવ સ્પષ્ટ રીતે તરી આવતો હતો. પ્રદેશની પરિસ્થિતિ પણ તેમાં મોટે ભાગે ભાગ ભજવે છે. સાથે સાથે વિકસતી પ્રવૃત્તિઓ પણ મંદ ગતિએ ચાલે જેથી સીધી અસરો આવા ક્ષેત્રો પર જણાઇ આવે છે.

સુઝાવો :

આર્થિક વિકાસ માટે માનવશક્તિ અને મૂડી અગત્યનો ભાગ ભજવે છે. પરંતુ આદિવાસી લોકોના વિકાસ માટે કુદરત પર વધુ આધાર રાખવો પડે છે. કેમ કે તેમનો મુખ્ય વ્યવસાય ખેતી છે અને તે કુદરત આધારિત છે. આમ તેઓના વિકાસ માટેનો વિચાર કરીએ ત્યારે આ મર્યાદાઓને પ્રથમ સ્વીકારવી પડે.

લઘુ વિસ્તારમાં વસતા લોકોના વિકાસ માટે શું શું કરવું જોઇએ તેને વધુ સમજવા માટે આયોજન અંગેના જુદા જુદા મુદ્દા જેમ કે પાયાની સુવિધા, આર્થિક વિકાસ, સામાજિક આયોજન, સાસ્કૃતિક આયોજન વગેરે વિષે અલગ અલગ દર્શાવ્યું છે.

૧.૧ લઘુત્તમ આવશ્યકતાઓની પૂર્તિ માટેના કાર્યક્રમો :

૧. પીવાના પાણી માટેના કૂવા

લઘુ વિસ્તારના મોટા ભાગના ગામોમાં પીવાના પાણીની સ્થિતિ સારી છે. આમ છતાં ઉનાળામાં પીવાના પાણીની મુશ્કેલી થાય છે. એ જે અંગે કૂવા ઊંડા કરવા વગેરે થઇ શકે. આ ઉપરાંત આદિવાસી લોકોનાં ફળિયાં એક બીજાથી ઘણાં દૂર છે. કમ કે કમ અડધો કિ.મી.ના અંતરે એક કૂવો પીવાના પાણી માટે હોવો જોઇએ.

૨. વીજળી

લઘુ વિસ્તારના ગામોમાં વીજળી હોય પરંતુ આદિવાસી કુટુંબોને આ લાભ ન મળ્યો હોય ઘણા દાખલા છે. આદિવાસી કુટુંબોને સરકારી મદદથી આ સુવિધા પૂરી પાડવી જોઇએ.

૩. રહેઠાણ

આદિવાસી કુટુંબો ખાસ કરીને પોતાની ખેતીની જમીનમાં મકાન બાંધીને રહે છે. આમ રહેઠાણની જમીન, ચણતર માટે માટી વગેરે છે. પરંતુ લાકડું અને નળિયાં ખરીદી શકે તેમ નથી. જરૂરિયાતવાળાં કુટુંબોને રહેઠાણની સવગડ આપવી જોઇએ.

૪. આરોગ્ય

લઘુ વિસ્તારના લીખાપુર વિસ્તારમા આરોગ્ય કેન્દ્રોની સંખ્યા ઠીક છે, જયારે કરાલી વિસ્તારમા આ સુવિધા ઓછી જણાય છે. લોકોને પ્રાથમિક સારવાર મળી રહે તેવી સગવડો બે ત્રણ કિ. મી. ના અંતરે જરૂરી છે.

આ ઉપરાંત મહારોગથી પિડાતા લોકોને સારવાર માટે જે આર્થિક સહાય અપાય છે તેનો લાભ એક પણ કુટુંબને મળ્યો નથી. આથી યોજનાની સમજ અંગે અને તેના અમલીકરણ અંગે ઘનિષ્ટ કાર્યવાહી જરૂરી છે.

૧.૨ આર્થિક કાર્યક્રમો :

૧. ખેતી માટેની જમીન

લઘુ વિસ્તારના બહુજન આદિવાસી કુટુંબો ખેતી કરે છે. પરંતુ તેઓ પાસે ખેતીની જમીન ઓછી છે. સરેરાશ બે થી ત્રણ એકર જેટલી જમીન છે. વિસ્તારની આજુબાજુની પડતર જમીન આ કુટુંબોને મળે તેવું કરવું જોઇએ.

૨. સિંચાઇ

આ વિસ્તારના વિકાસમા અતિ મહત્વનો મુદ્દો તે છે સિંચાઇની સગવડતા. વિસ્તારની જમીન ફળદ્રુપ છે, પરંતુ સિંચાઇના અભાવે કશું થઇ શકતું નથી. આથી ખેતીની જમીનના અમુક અંતરે બોર કરવા, નાના નાના તળાવ બનાવવા, સિંચાઇ માટેના વધુ બંધ ઊભા કરવા વગેરે કરવાથી અહીંની ખેતી બારમાસી થશે. ક્ષેત્રકાર્ય પરથી અને અન્ય આગેવાનો સાથેની ચર્ચાથી એટલું જરૂર કહી શકાય કે અહીં સિંચાઇની સુવિધા પૂરતા પ્રમાણમા થાય તો મોટા ભાગનો વર્ગ સ્થાનિક રીતે જ રોજી મેળવી શકશે અને આત્મનિર્ભર બની શકશે.

3. જમીન બરોબર કરવી

વિસ્તારનો અમુક ભાગ ખાડા ટેકરાવાળો છે. ખેતીની જમીનમા પણ અમુક સ્થળે ઉપરોક્ત સ્થિતિ છે. આદિવાસી ખેડૂતો પોતાની રીતે જમીન બરોબર કરાવી શકે તેમ નથી. આથી યોજના દ્વારા તેઓની જમીનને સમતળ કરી આપવી જોઇએ કે જેથી ખેતી વધુ સારી રીતે કરી શકે.

૪. દુધાળાં ઢોર

આદિવાસી કુટુંબો ખેતી સાથે પૂરક વ્યવસાયમાં પશુપાલનને વધુ પસંદ કરે છે. પશુપાલનમાં તેઓ કુશળ પણ છે. આ માટે આદિવાસી કુટુંબોને ગાય, ભેંસ વગેરે મંડળી મારફત આપવા જોઇએ.

૫. લઘુત્તમ વેતન મળવું જોઇએ.

એવું જોવામાં અને સાંભળવામાં આવ્યું છે, કે આદિવાસી સ્ત્રી પુરુષો કે જેઓ મજૂરી કામ કરે છે તેમને મજૂરીનું વેતન પૂરું મળતું નથી. સામાન્ય રીતે આ લોકોને રૂ. ૫ થી ૬ મજૂરી ચૂકવાય છે. આ માટે લઘુત્તમ વેતનધારાનો બરાબર અમલ થાય તે જોવું જોઇએ.

૬. મરઘા ઉછેર કેન્દ્ર

હાલ ઘણા આદિવાસી કુટુંબો પાસે મરઘા છે પરંતુ તેની સંખ્યા ઓછી છે. જે કુટુંબો મરઘા ઉછેર કેન્દ્ર વ્યકિતગત કે સામુહિક રીતે કરવા માગતા હોય તેમને આ માટે મદદ કરવી જોઇએ.

૭. માછીમારી

આ વિસ્તારના મોટા ભાગના ગામોમાંથી નદી પસાર થાય છે. વળી કોતરો પણ છે. આથી નાના નાના બંધ બાંધી તળાવ બનાવી આ વ્યવસાય માટે તાલીમ, માર્ગદર્શન અને સહાય આપવામાં આવે તો ઘણાં કુટુંબો રોજી મેળવી શકે.

૮. દરજીકામ, ઇલેકટ્રીક, સાયકલ સ્ટોર્સ વગેરે

પરિવર્તનની અસર આ વિસ્તારમાં પણ જોવા મળે છે. ખાસ કરીને આ વિસ્તારને અનુરૂપ તેવા નવા ધંધામાં સિવણ, તાલીમ, ઇલેકટ્રીકના કામની તાલીમ અને ધંધા માટે સહાય, દુકાન કરવી, સાયકલ સ્ટોર્સ વગેરે પ્રકારનાં કામ યુવાનો ઇચ્છે છે. એ ઉપરાંત તેઓનું એક સૂચન એ પણ છે કે સસ્તા અનાજની દુકાન માટે સરકારશ્રી તરફથી લાયસન્સ અપાય છે. આ વિસ્તાર માટે આ પ્રકારનું લાયસન્સ આદિવાસીને જ મળે તેમ થવું જોઇએ.

૯. નવી ખેતી

પરંપરાગત ખેતી સાથે નવી ખેતીના પ્રયોગો પણ ઘનિષ્ટ બનાવવા જોઇએ. ખાસ કરીને અંકીની જમીનને બટેટા, આદુ, હળદર, ફળઝાડ વગેરે અનુકૂળ છે. આ કામ હાલ પ્રાયોજના કચેરી વ્દારા ચાલુ છે પરંતુ તેનું ક્ષેત્રફળ નાનું છે.

૧.૩ લોકોની કુશળતા વધારવાના કાર્યક્રમ :

આદિવાસી લોકોમાં કૌશલ્યતા ઘણી છે, જરૂર છે તેને પ્રોત્સાહિત કરવાની. લઘુ વિસ્તારના કન્ડા ગામમાં આદિવાસી સભ્યો કથીરના ઘરેણા ઘણાં સુંદર બનાવે છે. એ જ રીતે કદવાલ ગામમાં સામુહિક ધોરણે ટોપલા-ટોપલી, સાદડી વગેરે બનાવાય છે. એ જ રીતે આદિવાસી સ્ત્રી ભરત ગૂંથણકામ જાણે છે. આ બધા જ કામ માટે વ્યવસ્થિત માળખું નથી. આ કામ અન્ય વિસ્તારોમાં પણ પ્રસરાવવું જોઇએ.

૧.૪ ધિરાણ વ્યવસ્થાના કાર્યક્રમ :

આદિવાસી કુટુંબોને દેવું કરવાની જે રીતે જરૂરિયાત ઊભી થાય છે. તેમાં (૧) ખેતી માટે અને (૨) ઘરખર્ચ અને સામાજિક પ્રસંગ માટે. આને માટે તેઓ શાહુકાર વેપારી અને સહકારી મંડળી મારફતે ધિરાણ લે છે. આમાં આદિવાસીને ઘણી મુશ્કેલી પડે છે. અને તેમનું શોષણ પણ થાય છે. આદિવાસી કુટુંબોમાં અમુક આકસ્મિક ખર્ચ કે સામાજિક પ્રસંગો માટે થોડી રકમ મળી રહે તેવી વ્યવસ્થા થવી જોઇએ. સાથોસાથ ધિરાણ મંડળી દ્વારા જે રકમ અપાય છે તેમાં સમય પ્રમાણે નિયમોમાં થોડો ફેર કરવો જોઇએ. દા.ત. મંડળીનું લહેણું હોય ત્યાં સુધી અન્ય ધિરાણ નતી અપાતું. આ સમયે વરસાદ કેવો છે, પાક કેટલો ઉતરે તેમ છે વગેરે બાબતોને ધ્યાનમાં લેવી જોઇએ.

૧.૫ ખેતીના કાર્યક્રમો :

ખેતી એ આ વિસ્તારનો મુખ્ય વ્યવસાય છે. ખેતીમાથી તેમને યોગ્ય વળતર મળી રહે તે માટે ખેતીનાં સુધારેલાં સાધનો, બિયારણ, સારી ઓલાદના બળદો, રાસાયણિક ખાતર, જંતુનાશક દવા વગેરે માટે પ્રચાર અને પ્રસાર થવો જોઇએ.

૧.૬ બીજા કાર્યક્રમો :

વિસ્તાર પથ્થરાળ છે આથી પથ્થરને લગતા ઉદ્યોગો કરી શકાય. વડોથ અને પાણી ગામમાં પથ્થરની ખાણો છે. સજવા બાજુ આ પ્રકારનું કામ થઇ શકે એમ છે.

આદિવાસીઓ શરીરે મજબૂત અને કોઇપણ પ્રકારનું કામ કરવાની શકિત ધરાવે છે. તેઓ માટે ડ્રાઇવીંગ, મોટર મીકેનીક, ફીટર, વેલ્ડીંગ વગેરેના વર્ગો ચાલુ કરી તાલીમ આપી શકાય.

૧.૭ સામાજિક-શૈક્ષણિક કાર્યક્રમો :

લઘુ વિસ્તારમાં વસતા આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે. છેક બાળ શિક્ષણથી શરૂ કરી પ્રૌઢ શિક્ષણ સુધીના કાર્યક્રમ બનાવવા જોઇએ. તેઓ માટે લખતાં વાંચતાં ઉપરાંત સામાજિક શિક્ષણની પણ એટલી જ જરૂર છે.

આદિવાસી વસ્તીવાળા ગામોમાં આંગણવાડી, બાલવાડી અને પ્રાથમિક શાળા તો હોવી જ જોઇએ બાળકો નિયમિત સ્કૂલે આવે તે માટે બાળકોને કપડાં, પુસ્તકો, સ્લેટ, નાસ્તો વગેરે આપવું જોઇએ.

આ ઉપરાંત આદિવાસી બાળકોમાં શિક્ષણ વધે તે માટે આશ્રમશાળા અને છાત્રાલયોની વધુ સંખ્યા હોવી જોઇએ. એવું જોવામાં આવ્યું છે કે પાવી જેતપુર તાલુકાના ભીખાપુર અને કરાલી લઘુ વિસ્તારમાં આવી સંખ્યા ઘણી ઓછી છે. એવું લાગે છે કે દર ૨૦ કિ.મી.ના અંતરે એક આશ્રમશાળા તો જોઇએ. આથી આશ્રમશાળામાં શિક્ષણ ઉપરાંત આશ્રમશાળા સામુદાયિક કેન્દ્ર તરીકે કામ કરશે જેના દ્વારા આદિવાસી બાળકો અને તેના વાલીઓને માર્ગદર્શન આપી શકશે.

ઉપરોકત શૈક્ષણિક યોજના સાથે તેના વિસ્તારમાં યુવકમંડળ, મહિલા સંગઠન, ભજન મંડળ જેવા સામાજિક શિક્ષણને લગતાં કામો હાથ ધરવાં જોઇએ.

૧.૮ સંસ્કૃતિક આયોજન માટે :

આદિવાસી વિસ્તાર અને તેમની સ્થિતિ વગેરેને ધ્યાનમાં લઇ તેમના સાંસ્કૃતિક વિકાસ માટે ગમે તે ભોગે પગલાં લેવાં જોઇએ. ખાસ કરીને તેમનું નૃત્ય, સંગીત, ગીત, લોકકથા વગેરેમાં તેમના જીવન વૃતાંતો આવી જાય છે. એ જ રીતે તેમનો ઇતિહાસ અને વંશાવળી માટે કંઇક થવું જોઇએ.

૧.૯ વહીવટી માળખા માટેના સૂઝાવો :

આદિવાસીઓની એવી ફરિયાદ છે કે સરકારશ્રી તરફથી અમારા લાભ માટે ઘણું થાય છે પરંતુ અધિકારી વર્ગ તરફથી આ લાભ પૂરતા પ્રમાણમાં અપાતો નથી. આમાં કંઇક અંશે તો સત્ય હશે. વહીવટ તરફથી લોકોને સંતોષ થાય તે માટે ખાસ કરીને આદિવાસી લોકો સાથે માનવતાવાદી અભિગમ કેળવવો જોઇએ. આદિવાસીનું કામ કરવામાં આદિવાસી થવું પડશે.

લઘુ વિસ્તારના સુયોગ્ય અને સરસ વિકાસ માટે સ્થાનિક અધિકારી હોવા જોઈએ. પાવી જેતપુર તાલુકામાં બે પોકેટ છે. આ બને પોકેટ વિસ્તાર માટે એક અધિકારી જોઈએ. જે અધિકારી ચાલુ યોજનાથી લોકોને વાકેફ કરે, યોજનાનો લાભ સરળ રીતે લોકો સુધી કઈ રીતે પહોંચે તેની સમજ આપે વગર કરવા જેવું છે. તાલુકામાં જેટલા લઘુ વિસ્તાર હોય તેનું આખરી કામ અને સંચાલન તેમજ એકત્રીકરણ તાલુકા વિકાસ અધિકારી દ્વારા થવું જોઈએ.

વસ્તીના પ્રમાણમાં વિકાસ ખર્ચ થવો જોઈએ. પાવી જેતુપર તાલુકામાં બે લઘુ વિસ્તાર મળી કુલ ૯૯ ગામ છે. જેમાં આદિવાસીની કુલ મળી આશરે ૧૨૦૦૦૦ ની વસ્તી છે. તેમની વચ્ચે ૧૯૮૪-૮૫માં બીજરૂપ અંદાજપત્રમાં નાણાંકીય અને ભૌતિક રીતે એમ કુલ મળી ૨૮૧૮૦૪૨૬ની મદદ કરવામાં આવી હતી[1] આમ વસ્તીના પ્રમાણમાં ખર્ચ ઘણું ઓછું છે.

---

૧ સંકલિત આદિજાતિ વિકાસ પ્રાયોજના, છોટાઉદેપુર (જિ. વડોદરા) ૧૯૮૪-૮૫

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

## કામરેજ લઘુ વિસ્તાર

- સાયમન ફ્રા. મેકવાન

દેશમાં આદિવાસી વસ્તી ધરાવતા રાજયોમાં ગુજરાતનું સ્થાન મોખરાનું રહયું છે. ગુજરાતનો ચોથો ક્રમ રહયો હતો. ૧૯૮૧ની વસ્તી ગણતરી મુજબ ૧૯૭૧ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતની કુલ વસ્તી ૩૪૦૮૫૭૯૯ની હતી. જેમાં આદિવાસી વસ્તી ૪૮૪૮૫૮૬ની હતી. જે કુલ વસ્તીના ૧૪.૨૨%ના પ્રમાણમાં હતી. આમ આદિવાસી વસ્તી એ ગુજરાતની વસ્તીનો મહત્વનો ભાગ છે. હવે તો આદિવાસીઓ રાજયના તમામ ભાગોમાં વત્તા ઓછા પ્રમાણમાં જોવા મળે છે. પરંતુ તેમની મુખ્ય વસ્તી રાજયના ૭ જિલ્લાના ૩૩ તાલુકાઓમાં જોવા મળે છે.

રાજયમાં વસતા આદિવાસીઓને વહીવટી રીતે સામાન્ય રીતે પાંચ વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે. જેમ કે (ક) સંપૂર્ણ આદિવાસી વિસ્તાર જેમાં ડાંગ જિલ્લાને ગણાવી શકાય. (ખ) આદિવાસી વિસ્તાર જે વિસ્તારમાં ૫૦%થી વધુ આદિવાસી વસ્તી હોય એવા પ્રાયોજના વિસ્તારો (ગ) લઘુ વિસ્તાર જે તાલુકામાં અથવા તેના એક ભાગમાં ૧૦૦૦૦થી વધુ આદિવાસી વસ્તી હોય (ઘ) છૂટાછવાયા આદિવાસી વિસ્તાર જે વિસ્તારમાં જુદા જુદા સ્થળોએ ઠીક ઠીક સંખ્યામાં આદિવાસી કુટુંબો વસવાટ કરતા હોય અને છેવટ (ચ) શહેરના આદિવાસીઓ જેમાં મોસમી અને કાયમી ધોરણે સ્થળાન્તર કરી આવી વસતા આદિવાસીઓનો સમાવેશ થાય છે. પોમલા અને બાવચા એ સંપૂર્ણપણે શહેરી આદિવાસીઓ છે.

### કામરેજ લઘુ વિસ્તાર : પરિચય અને વસ્તી :

ગુજરાત રાજયમાં બધા મળીને ૧૩ લઘુ વિસ્તારો આવેલા છે. તેમાં સુરત જિલ્લાના બે લઘુ વિસ્તારો અનુક્રમે પલસાણા અને કામરેજ આવેલા છે. પ્રસ્તુત લેખ કામરેજ લઘુ વિસ્તારને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યો છે.

કામરેજ લઘુ વિસ્તાર દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લાના કામરેજ તાલુકાનો મહત્વનો ભાગ છે. કામરેજ તાલુકાની પૂર્વ દિશામાં માંડવી તાલુકો, પશ્ચિમમાં ચોર્યાસી તાલુકો, દક્ષિણમાં પલસાણા તાલુકો અને ઉત્તરમાં ઓલપાડ અને માંગરોલ તાલુકા આવેલા છે. કામરેજ તાલુકાનું મુખ્ય મથક કામરેજ ગામ તાપી નદીના કિનારે આવેલું છે. ત્યાં મામલતદાર કચેરી, પોલીસ કચેરી વગેરે આવેલ છે. જ્યારે તાલુકા પંચાયત કચેરી તેમજ સહકારી સંસ્થાઓ અને ઉચ્ચતર શિક્ષણની સંસ્થા વગેરે રાષ્ટ્રીય ધોરી માર્ગ ઉપર આવેલા કામરેજ ચાર રસ્તા સ્થળે આવેલી છે. સમગ્ર કામરેજ તાલુકાના બધાં મળીને ૬૯ વસવાટી ગામો છે. જેમાંના ૪૩ ગામો કામરેજ લઘુ વિસ્તારમાં આવેલા છે. તાલુકાનું એક માત્ર શહેર કઠોર છે. સાતમી પંચવર્ષીય યોજનામાં લઘુ વિસ્તારના આદિવાસીઓના વિકાસ અને કલ્યાણ માટે ખાસ ધ્યાન આપવાનું હોવાથી તેનો આયોજન અભ્યાસ કરવાના હેતુથી સમગ્ર લઘુ વિસ્તારને આવરી લેતાં પાંચ ગામો અનુક્રમે વેલંજા, દેલાડ, શામપુરા, મોરથાણા અને ડુંગરા ગામો પસંદ કરાયાં હતાં અને સામાજિક આર્થિક ક્ષેત્રીય અભ્યાસ માટે દરેક ગામદીઠ ૨૦ કુટુંબો પસંદ કરવામાં આવ્યાં હતાં. કુટુંબોની પસંદગી વખતે ગામની નાની આદિવાસી જાતિઓનું પ્રતિનિધિત્વ જળવાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું.

કામરેજ તાલુકા ઉપર સામાન્ય દ્રષ્ટિ નાખતાં જ જણાઇ આવે છે કે પ્રગતિશીલ તાલુકાઓમાંનો આ એક મહત્વનો તાલુકો છે. તાલુકાની ચોતરફ અને હવે તો કામરેજ તાલુકામાં જ ખાંડ ઉદ્યોગ દિનપ્રતિદિન પાંગરી રહ્યો છે. તેથી તેની સીધી અસર રૂપે સમગ્ર તાલુકાના ગામોમાં રોકડિયા પાક તરીકે અથવા તો મહત્વના પાક તરીકે શેરડીની ખેતી ખૂબ જ મોટા પ્રમાણમાં થઇ રહી છે. તાલુકાના મોટા ભાગના વિસ્તારોમાં નહેરના પાણીની સગવડ હોવાને કારણે ખેતીનો વિકાસ ખૂબ જ ગતિશીલ રહ્યો છે. આ ઉપરાંત તાલુકાનાં ગામોના લોકોનો સંબંધ દેશનાં અન્ય શહેરો ઉપરાંત વિદેશો સુધી વિસ્તરેલો હોવાને કારણે તાલુકાનો આર્થિક વિકાસ ઝડપી રહ્યો છે. અને ઊંડાણનાં ગામોમાં પણ આધુનિક ગણાય તેવાં અદ્યતન ભૌતિક સાધનો જોવા મળે છે જે ભૌતિક પ્રગતિનો દાખલો છે. ગામોમાં નાના મોટા જુદા જુદા વ્યવસાયો પણ આકાર લઇ રહ્યા છે.

૧૯૮૧ની વસ્તી ગણતરી મુજબ તાલુકાની કુલ વસ્તી ૧૦૮૩૦૭ની નોંધાઇ હતી. તેમાં ૫૫૦૪૫ પુરુષો અને ૫૩૨૬૨ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. તાલુકાની ગ્રામ્ય અને શહેરી વિસ્તાર અનુસાર વસ્તી અનુક્રમે ૯૭૫૬૯ અને ૪૯૫૯૨ હતી. તાલુકાની વસ્તીનું જાતિ મુજબ વર્ગીકરણ તપાસીએ તો અનુસૂચિત જાતિની કુલ વસ્તી ૬૭૪૬ નોંધાઇ હતી જેમાં ૩૨૮૧ પુરુષો અને

૩૪૬૫ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. જ્યારે અનુસૂચિત જનજાતિની કુલ વસ્તી ૪૯૨૭૫ની હતી જેમા ૨૫૦૪૭ પુરુષો અને ૨૪૨૨૮ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. તાલુકાની અનુસૂચિત જનજાતિની વસ્તી તાલુકાના તમામ વસવાટી ગામોમા વત્તા ઓછા પ્રમાણમાં મળવા છતાં તેમની સ્થાયી વસ્તી લઘુ વિસ્તારના ૪૩ ગામોમાં વધુ હતી. અનુસૂચિત જનજાતિમાં જાતિ મુજબ જોતાં મુખ્ય વસ્તી માત્ર હળપતિ જાતિની જ હતી. આ સિવાય વસાવા, ગામીત જેવી જાતિઓના કુટુંબો પણ જોવા મળતાં હતાં.

ડામરજ લઘુ વિસ્તારની અર્થવ્યવસ્થા :

સાતમી પંચવર્ષીય યોજનામાં લઘુ વિસ્તારમાં વસતા આદિવાસીઓના વિકાસ અને કલ્યાણ માટે ખાસ ધ્યાન આપવાનો અભિગમ અપનાવવામાં આવ્યો હોવાથી આ વિસ્તારના આયોજન માટે મહત્વના પાસાઓમાં એક અતિ મહત્વનું પાસુ છે કે તે વિસ્તારની અર્થવ્યવસ્થાનો અભ્યાસ કરવો જોઇએ. આ હેતુને ધ્યાનમાં રાખીને ડામરજ લઘુ વિસ્તારની અર્થવ્યવસ્થાને તેમાં પણ ખાસ કરીને આદિવાસીઓની અર્થવ્યવસ્થાની છણાવટ કરવામાં આવી છે.

ખેતી :

ડામરજ તાલુકો મુખ્યત્વે ખેતી ઉપર નિર્ભર છે અને ખેતીમાં મુખ્ય પાક શેરડીનો છે. તાલુકાની આસપાસના વિસ્તારમાં ખાંડ ઉદ્યોગ સહકારી ધોરણે વિકસી રહયો છે. ટૂંક સમયમાં ડામરજમાં ખાંડ ઉદ્યોગ શરૂ થવાનો છે. આ ઉદ્યોગો દ્વારા જમીન ધરાવનાર ખેડૂતોને શેરડી ઉગાડવા નાણાકીય સહાય ઉપરાંત અન્ય પ્રોત્સાહન આપવામાં આવે છે. તાલુકામાં ઠેર ઠેર નહેર સિંચાઇની સગવડ હોવાને લઇને ખેતીની પ્રગતિ માટે ઘણી સુગમતા રહે છે. શેરડી ઉપરાંત સિંચાઇની સગવડવાળાં ગામોમાં ડાંગરની ખેતી પણ કરવામાં આવે છે. અભ્યાસ માટે પસંદ કરાયેલાં પાંચ ગામોનાં ૧૦ કુટુંબો ખેતીના વ્યવસાય ઉપર આધારિત હતા. આ સિવાય પસંદ કરાયેલાં કુટુંબોના કેટલાક કુટુંબો ખાનગી રીતે અટકે કે બીજાની જમીન ભાડે ખેડતા હશે એ શકયતા પણ નકારી શકાય નહીં.

ખેતમજૂરી :

ખેતી પછીનો બીજો વ્યવસાય ખેતમજૂરીનો છે. અલબત્ત અન્ય વિસ્તારની સરખામણીમાં ખેતમજૂરીની શકયતાઓ પણ ઓછી રહેલી છે. શેરડી કે જે આ વિસ્તારનો મુખ્ય પાક છે જેમાં ખેતમજૂરીની શકયતાઓ ઓછી રહેલી છે. જ્યારે ડાંગરના પાકમાં

માત્ર રોપણી, કાપણી અને ડાંગર ઝૂડવાના કામોમાં જ ખેતમજૂરી મળી રહે છે. અત્રે એ નોંધવું યોગ્ય રહેશે કે ખાંડ મંડળીઓના પ્રોત્સાહનથી શેરડી ઉગાડતા ખેડૂતોના ખેતરની શેરડી કાપવા મંડળીઓ ખાનદેશી મજૂરો મંગાવે છે અને તેઓ શેરડી કાપણીનું કામ કરે છે. જેથી કાપણીની મજૂરીની તક હળપતિના હાથમાંથી ઝૂંટવાઇ ગઇ છે.

પસંદ કરાવેલ ગામોના કુલ કુટુંબોના ૫૪ કુટુંબો ખેતમજૂરી મુખ્ય ધંધા તરીકે અને ૨૦ કુટુંબો ગૌણ ધંધા તરીકે ખેતમજૂરીના વ્યવસાયમાં રોકાયેલાં હતા.

પશુપાલન :

કામરેજ લઘુ વિસ્તારમાં ઝડપથી વિસ્તરતો જતો વ્યવસાય પશુપાલનનો છે. ખેતમજૂરોને આર્થિક વિકાસ કાર્યક્રમ હેઠળ દૂધાળા પશુ આપવાની યોજના હેઠળ હળપતિઓને દૂધાળા પશુ તરીકે ભેંસો આપવામાં આવે છે. તાજેતરના વર્ષોમાં મોટી સંખ્યામાં ભેંસો આપવામાં આવી રહી છે. અને હળપતિઓને આ વ્યવસાય માફક આવ્યો છે એમ ક્ષેત્રકાર્ય દરમિયાન જાણવા મળ્યું હતું. વધુમાં પશુપાલનના વ્યવસાયને કારણે તેમની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે. કારણ કે તેઓ નિયમિત દૂધ ભરે છે. તેમાંથી સારી એવી રોકડ આવક થાય છે. વધુમાં કેટલાક ઉત્સાહિત અને મહેનતું કુટુંબોએ તો પોતાની રીતે પણ ભેંસો ખરીદીને આવક વધારવાનો પ્રયત્ન કર્યો છે. આ સાથે એ નોંધવું યોગ્ય રહેશે કે કામરેજ લઘુ વિસ્તારના આદિવાસીઓના વિકાસ માટે પશુપાલનનો એક અતિ મહત્વનો વ્યવસાય છે એ હકીકતને ધ્યાનમાં રાખવી ઘણી ઉપયોગી થઇ પડશે. પસંદ કરાવેલાં તમામ ગામોમાં આ વ્યવસાય પગરેલો જોવા મળ્યો હતો. વધુમાં એ નોંધવું પણ ઇચ્છનીય રહેશે કે ડુંગરા ગામમાં તો ડુંગરા વિસ્તારના આદિવાસીઓની અલગ દૂધ સહકારી મંડળી અસ્તિત્વમાં આવી છે. તેની વિગતો અન્ય સ્થળે જોઇશું. પસંદ કરાવેલાં કુટુંબોના ૨ કુટુંબો તો સંપૂર્ણ પણે પશુપાલનના વ્યવસાયમાં રોકાયેલા હતા અને ૩૫ કુટુંબોએ પશુપાલનનો વ્યવસાય ગૌણ વ્યવસાય તરીકે સ્વીકાર્યો હતો. અલબત્ત પસંદ કર્યા સિવાયના ઘણા કુટુંબોએ આ વ્યવસાયમાં જોડાયેલાં હતાં એવું નિરીક્ષણ દ્વારા જોવા મળ્યું હતું.

છૂટક મજૂરી :

લઘુ વિસ્તારના ગામોમાં ખેતમજૂરીની તકો ખૂબ જ મર્યાદિત છે. એ બાબત અગાઉ જોઇ ગયા છીએ. પરંતુ આ ગામોમાં બિનઆદિવાસીઓની મોટી વસ્તી છે જેમને અવારનવાર છૂટક મજૂરીની જરૂર પડતી હોય છે. જેમ કે લાકડાં ફાડવાં, મકાનમાં નાનું મોટું સમારકામ, માલ સામાન ચઢાવવો ઉતારવો જેવા અનેક કામો ગણાવી શકાય. અલબત્ત

આ મજૂરીની આવક ખૂબ જ નહીંવત અને એ અનિયમિત હોવાને કારણે એ એક વ્યવસાય કહેવો કે કે એ પણ એક પ્રશ્ન છે.

મચ્છીમારી - મચ્છી વેચવી :

કામરેજ લઘુ વિસ્તારમાંથી તાપી નદી પસાર થાય છે. આ સિવાય કાકડાપાર સિંચાઇ યોજનાની નહેરો પણ પસાર થાય છે. આ ઉપરાંત કેટલાક ગામોમાં નાનાં મોટાં તળાવો પણ આવેલાં છે. આવી સગવડ હોવાને કારણે હળપતિઓ મચ્છીમારીના વ્યવસાય તરફ આકર્ષાયા છે. વલીજાં ગામમાં તો મચ્છીમારીની તાલીમ આપી સજ્જ કરેલા યુવાનો પણ જોવા મળ્યા. અલબત્ત તેઓ આ કામ કરતા નહોતા. વળી આ વ્યવસાય પણ અનિયમિત છે. તેથી તેની આવક પણ અનિયમિત છે. વળી આ વ્યવસાયમાંથી રોકડ આવક ખૂબ ઓછી થાય છે. પરંતુ ઘરના ઉપયોગ માટે માછલી મળી રહે છે. કામરેજ લઘુ વિસ્તારના આદિવાસીઓના વિકાસ માટે આ વ્યવસાય પણ મહત્વનો છે. તેથી આ વ્યવસાયના વિકાસ માટે સુયોગ્ય માળખું ઘડવાનું છે. પસંદ કરાવેલાં કુટુંબોમાંથી એક પણ કુટુંબે આ વ્યવસાયને મુખ્ય વ્યવસાય હોય તેમ નોંધાવ્યું નથી. પરંતુ પસંદ કરાવેલાં ૩ કુટુંબો આ વ્યવસાય કરતાં નોંધાયાં હતાં. આ સિવાય તેઓ અન્ય સ્થળેથી મચ્છી ખરીદી લાવીને સાયકલ પર ફેરી ફરીને વેચાણ કરવાનું કામ કરતા જોવા મળ્યા હતા. તેમાંથી તેમને ઠીક ઠીક આવક મળતી હતી.

હીરા ઘસવા :

કામરેજ લઘુ વિસ્તારનાં ગામોમાં નવીન વ્યવસાયો આવી રહ્યા છે. જેમાં હીરાઘસુ વ્યવસાય પણ ઠીક ઠીક પ્રમાણમાં ખીલી રહ્યો છે. પસંદ કરાવેલા શામપુરા ગામમાં આ વ્યવસાય ત ચાલતો જોવા મળ્યો હતો. ત્યાં ગામના અને આસપાસના ગામોના ઘણા હળપતિ યુવાનો કામ કરતા જોવા મળ્યા હતા. તેમની સાથે વાત કરતાં જણાયું કે તેમને આ વ્યવસાયમાં ફાવટ આવતી જાય છે. વળી સારી રોકડ આવક આપતો ધંધો હોવાને લીધે તે તરફનું આકર્ષણ પણ વધી રહ્યું છે. પસંદ કરાવેલાં કુટુંબોના ૧૦ કુટુંબોમાં આ ગૌણ વ્યવસાય હતો.

બોરીંગ કામ :

હળપતિ યુવાનો હવે દિનપ્રતિદિન નવા નવા ધંધા તરફ વળવા લાગ્યા છે. તેની પ્રતીતી બોરીંગ કામમાં રોકાયેલ યુવાનોને મળતાં થઇ હતી. દેલાડ ગામના ૩ કુટુંબો આ વ્યવસાયમાં જોડાયેલાં હતાં. વળી આ ધંધો ઘણો તાન્ત્રિક અને જોખમવાળો છે જેમાં પણ હળપતિ યુવાનો જોડાય એ મહત્વની ઘટના છે તે ધ્યાનમાં રહેવું જોઇએ.

છૂટક વ્યાપાર :

હળપતિ યુવાનોએ નાના પાયે પણ વ્યાપારમાં ઝંપલાવવાની શરૂઆત કરી છે. એ એમનામાં વધતું જતું સાહસિકતાનું પ્રમાણ બતાવે છે. ગામના હળપતિ વાસમાં જીવન જરૂરિયાતો વેચવા માટે નાની દુકાન બનાવીને, શાકભાજીની લારી ફેરવીને તેમજ મચ્છી લાવીને સાયકલ ઉપર ફેરી ફરવા વગેરે જેવા વ્યવસાયો પણ શરૂ થયા છે. અલબત્ત આ સંખ્યા આંગળીના વેઢે ગણાય એટલી હોવા છતાં મહત્વના પ્રેરક બળ સમાન છે.

દરજીકામ :

દેલાડ ગામમાં એક કુટુંબ દરજીકામના વ્યવસાયમાં જોડાયેલું જોવા મળ્યું હતું. અલબત્ત આ સિવાય અનેક કુટુંબો કામ કરે છે એવી માહિતી મળી હતી. આ વ્યવસાય પણ એ સારી આવક આપતા વ્યવસાયોમાંનો એક છે.

જરીકામ :

જરીકામ એ મહત્વની કૌશલ્યતા ધરાવતો વ્યવસાય છે, તેથી તેમાંથી આવક સારી મળે છે. પસંદ કરાયેલા ડુંગરા ગામમાં આ કામમાં જોડાયેલા કુટુંબો જોવા મળ્યા હતા. જેમાં પસંદ કરાયેલા ૪ કુટુંબોનો પણ સમાવેશ થાય છે. આ કુટુંબો સુરતમાં વ્યાપારીને રીતે ત્યાંથી કામ લાવે છે અને ઘેર ભરવાનું કામ કરી તૈયાર થતા જ તે વ્યાપારીને આપે છે. અને કામ મુજબ મજૂરી મેળવે છે. આ વ્યવસાયમાં સારી આવક મળી શકે છે. અલબત્ત તે માટેની કૌશલ્યતા ખીલવવી પડે છે.

હળપતિઓના જુદા જુદા વ્યવસાયોની ચર્ચા દ્વારા એ સ્પષ્ટપણે ફલિત થાય છે કે તેઓ પેઢી દર પેઢી વેઠ કરનારા ન રહેતાં હવે જુદા જુદા વ્યવસાયો તરફ ખૂબ જ ધીમી ગતિએ પણ મક્કમ રીતે આગળ વધી રહ્યા છે. નવીન વ્યવસાયો સામેના પડકારો ઝીલવા તૈયાર થઇ રહ્યા છે. હળપતિઓ પાસે જમીન નથી તેમ છતાં દિનપ્રતિદિન દૂધાળાં પશુઓની સંખ્યા વધરવધારતા જાય છે. અને પશુઓને ઘાસચારો પૂરો પાડવાના માર્ગો શોધતા જાય છે. આ બાબત ઘણી નાની પણ સૂચક છે. બીજું મહત્વનું સૂચક એ પણ છે કે તેઓ હીરાઘસુ અને જરીકામ જેવા ઉચ્ચ પ્રકારની કૌશલ્તા ધરાવતાં વ્યવસાયોમાં જોડાવા લાગ્યા છે.

વ્યાપાર અને સ્વતંત્ર બાંધકામ જેવા સાહસિકતાવાળા વ્યવસાયો તરફ પણ ગતિ છે. આદિવાસીઓ માટે અલગ દૂધ સહકારી મંડળી સ્થાપીને આદિવાસીઓને મંડળીના

સભાસદ બનાવી માત્ર નફામાંજ ભાગીદાર જ નહીં પણ સંસ્થા વિકસાવવાના પડકારો ઝીલવા પણ તૈયાર થયા છે. આમ તાજેતરનાં વર્ષોમાં ભલે તેમની આવકમાં નોંધપાત્ર વધારો થયો નથી કે જેથી તેઓ ગરીબીની રેખા ઉપર આવી શકે તેમ છતાં વિકાસ માટેના કેટલાક મહત્વના સૂચકો તેમનામાં ફલિત થઇ વિકાસ પામી રહ્યા છે. એ જ તેમના ઉજળા ભવિષ્યનું પ્રતિક છે.

સમસ્યાઓ :
--------

હળપતિઓના સુગ્રથિત અને સુઆયોજિત વિકાસ પ્રવાહોના અભ્યાસમાં તેમની કેટલીક વિશિષ્ટ કહી શકાય એવી સમસ્યાઓ કે જે તેમના વિકાસમાં સીધી રીતે બાધારૂપ નિવડી શકે તેવી છે. તેનું પણ ઊંડાણપૂર્વક અધ્યયન થવું જરૂરી છે. તો જ તેમના વિકાસનું આયોજનનું વધુ વાસ્તવિક અને હકારાત્મક બની શકે. તેમની અનેકવિધ સમસ્યાઓની ચર્ચા વખતે ઊંડાણનાં ગામોમાં વસતા છેલ્લામાં છેલ્લા હળપતિની સમસ્યાઓ આવરી લેવાય તે પણ એટલું જ મહત્વનું છે.

હળપતિઓની સમસ્યાઓ અન્ય સમુદાયોની માફક સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક વગેરે જેવા સ્પષ્ટ વિભાગમાં વહેંચવાનું શક્ય છે. કારણ કે તેમની તમામ સમસ્યાઓમાં સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક જેવાં પરિબળોની અસર જોવા મળે

તેઓની સમસ્યાઓમાં સૌ પ્રથમ ધ્યાન ખેંચે તેવી સમસ્યા છે તેમની આર્થિક અને શૈક્ષણિક દુર્દશા. સદીઓથી જમીનદારો અને ખેડૂતોને ત્યાં ગુલામીદશામાં રહેવાને લઇને આથી તે પરિસ્થિતિમાંથી ઘણે અંશે બહાર આવ્યા હોવા છતાં પણ તેમની દુર્દશામાં ઝાઝો ફેર પડયો નથી. તેઓમાં મોટી સંખ્યામાં હજી પણ આર્થિક અને વૈચારિક ગુલામીમાં સબડી રહ્યા છે. અન્ય આદિવાસીઓનીજ તેઓની સરખામણીમાં હળપતિઓ, બિનઆદિવાસી સમાજ મધ્યે જ વસવાટ કરતા હોવા છતાં પણ શિક્ષણ પ્રત્યેની તેમની ઉપેક્ષા નકારાત્મક વલણ નિરાશા દુઃખદ આશ્ચર્ય ઉપજાવે તેવાં છે. તેમ છતાં તેમના ધંધા રોજગારમાં ધીમુ પણ મક્કમ પરિવર્તન અને શિક્ષણમાં અત્યંત મંદ પ્રગતિ તેમના ઉજળા ભવિષ્યનું સૂચન કરે છે. તેમ છતાં તેમનું શૈક્ષણિક પછાતપણું એક સમસ્યા છે જ.

સૂચનો :
------

આર્થિક વિષયક સૂચનો :
----------------

(ક) વ્યવસાય વિષયક સૂચનો : (પરંપરાગત)

(૧) ખેતીકામમાં દ્રષ્ટિ ધરાવતા ખેડૂતોને ગામની પડતર અને બિનઉપયોગી જમીન અને

જગલ ખાતા હસ્તકની જમીન જગલ ઉગાડવા માટે, ખેતીની જમીનની ટોચમર્યાદાના કાયદાથી ફાજલ પડેલી જમીન વહેંચી આપવી જોઇએ. જરૂર જણાય તો જમીન સુધારણા અને સિંચાઈની સુવિધા પણ આપવી જોઇએ. તો જ જમીનનો ઉપયોગ થઇ શકે. શક્ય હોય તો ખેતમજૂર સહકારી મંડળીને આવી જમીન સાથે ખેતીકામનાં સાધનો પણ આપી શકાય.

(૨) લઘુ વિસ્તારના યાંત્રિકરણ અને બહારના લોકોને મજૂરીએ બોલાવવાના વલણથી હળપતિઓની રોજી છૂટવાઇ રહી છે. તો સ્થાનિક મજૂરોને રોજી મેળવવાનો અધિકાર માન્ય રાખવો જોઇએ. ખેતમજૂરીના જુદા જુદા કામ માટે એક સરખી જ મજૂરી આપવામાં આવે છે તેને બદલે કામના પ્રકાર અને કૌશલ્યતા મુજબ મજૂરી ચૂકવવી જોઇએ.

(૩) <u>પશુપાલન</u> : હળપતિઓમાં પશુપાલનનો વ્યવસાય ઠીક ઠીક પ્રમાણમાં લોકપ્રિય બની રહ્યો છે. મજૂરીની તકો ઘટતાં આ વ્યવસાય તરફ વળવા લાગ્યા છે. સૌ પ્રથમ તેમના તંદુરસ્ત અને સારી ઓલાદવાળા પશુ મળી રહે એ રીતે પશુ મેળવ મેળાઓનુ આયોજન કરવું જોઇએ. હાલની પશુ મેળાની પદ્ધતિ અનેક રીતે ગેરરીતિઓ ઊભી કરનારી છે. તેવું લાભાર્થીઓએ પોતાના અનુભવના આધારે જણાવ્યું હતું. વળી પશુ મેળામાંથી લાભાર્થી કુટુંબને પસંદ કરેલી પશુનો વીમો તે જ સ્થળે ઉતારવો જોઇએ.

પશુઓની સંખ્યા દિનપ્રતિદિન વધતી જતાં લીલા ઘાસચારાની માંગ વધતી જાય છે. સાથે સાથે ભેલાણને કારણે ગંભીર સમસ્યાઓ પણ ઊભી થતી હોવાને લીધે ઘાસચારાનુ ઉત્પાદન વધારવા માટે નહેરોની બંને બાજુની જગ્યામાં ઘાસ પદ્ધતિસર ઉગાડવુ જોઇએ. અને તાલુકાના મહત્વના ગામોમાં ઘાસકેન્દ્રો પણ સ્થાપવાં જોઇએ. પશુઆહારના વિકલ્પો શોધવા જોઇએ. ખાસ કરીને આ વિસ્તારમાં પુષ્કળ પ્રમાણમાં થતી શેરડીના પાનનો સંગ્રહ કરી શકાય કે કેમ? તે અંગે પણ વિચારી શકાય.

પશુઓની માવજત યોગ્ય રીતે થાય તે માટે ગામ આરોગ્ય કાર્યકરની જેમ પશુ માવજત કાર્યકરો પશુ દવાખાના વ્દારા નિમાવા જોઇએ. એ હવે અનિવાર્ય બનતુ જાય છે. હળપતિઓના ઘરોમાં સંકડાશ હોવાને કારણે પશુઓ રાખવાની તકલીફ હોવાથી યોગ્ય માવજત આપી શકાતી નથી. તેથી સ્થાનિક વસ્તુઓનો ઉપયોગ કરીને પશુ માટે સારી છાપરી બનાવી શકાય તે માટે જરૂરી મદદ આપવી જોઇએ.

પશુપાલન સાથે સંકળાયેલી બાબતો સાથે બીજા કેટલાંક સૂચનો છે. પશુના છાણનું કિંમતી છાણીયુ ખાતર બનાવી શકાય પરંતુ તેઓ વ્યવસ્થિત ઉકરડા બનાવતા હોય તેવું

જંગલ ખાતા હસ્તકની જમીન જંગલ ઉગાડવા માટે, ખેતીની જમીનની ટોચમર્યાદાના કાયદાથી ફાજલ પડેલી જમીન વહેંચી આપવી જોઈએ. જરૂર જણાય તો જમીન સુધારણા અને સિંચાઈની સુવિધા પણ આપવી જોઈએ. તો જ જમીનનો ઉપયોગ થઈ શકે. શક્ય હોય તો બેનામદાર સહકારી મંડળીને આવી જમીન સાથે ખેતીકામનાં સાધનો પણ આપી શકાય.

(૨) લઘુ વિસ્તારનાં યાંત્રિકરણ અને બહારના લોકોને મજૂરીએ બોલાવવાના વલણથી હળપતિઓની રોજી ખૂંચવાઈ રહી છે. તો સ્થાનિક મજૂરોને રોજી મેળવવાનો અધિકાર માન્ય રાખવો જોઈએ. ખેતમજૂરીના જુદા જુદા કામ માટે એક સરખી જ મજૂરી આપવામાં આવે છે તેને બદલે કામના પ્રકાર અને કૌશલ્યના મુજબ મજૂરી ચૂકવવી જોઈએ.

(૩) <u>પશુપાલન</u> : હળપતિઓમાં પશુપાલનનો વ્યવસાય ઠીક ઠીક પ્રમાણમાં લોકપ્રિય બની રહ્યો છે. મજૂરીની તકો ઘટતાં આ વ્યવસાય તરફ વળવા લાગ્યા છે. સૌ પ્રથમ તેમના તંદુરસ્ત અને સારી ઓલાદવાળા પશુ મળી રહે એ રીતે પશુ મેળાઓનું આયોજન કરવું જોઈએ. હાલની પશુ મેળાની પદ્ધતિ અનેક રીતે ગેરરીતિઓ ઊભી કરનારી છે. તેવું લાભાર્થીઓએ પોતાના અનુભવના આધારે જણાવ્યું હતું. વળી પશુ મેળામાંથી લાભાર્થી કુટુંબને પસંદ કરેલી પશુનો વીમો તે જ સ્થળે ઉતારવો જોઈએ.

પશુઓની સંખ્યા દિનપ્રતિદિન વધતી જતાં લીલા ઘાસચારાની માંગ વધતી જાય છે. સાથે સાથે ભેલાણને કારણે ગંભીર સમસ્યાઓ પણ ઊભી થતી હોવાને લીધે ઘાસચારાનું ઉત્પાદન વધારવા માટે નહેરોની બંને બાજુની જગ્યામાં ઘાસ પદ્ધતિસર ઉગાડવું જોઈએ. અને તાલુકાના મહત્વના ગામોમાં ઘાસકેન્દ્રો પણ સ્થાપવાં જોઈએ. પશુઆહારના વિકલ્પો શોધવા જોઈએ. ખાસ કરીને આ વિસ્તારમાં પુષ્કળ પ્રમાણમાં થતી શેરડીના પાનનો સંગ્રહ કરી શકાય કે કેમ? તે અંગે પણ વિચારી શકાય.

પશુઓની માવજત યોગ્ય રીતે થાય એ માટે ગ્રામ આરોગ્ય કાર્યકરની જેમ પશુ માવજત કાર્યકરો પશુ દવાખાના દ્વારા નિમાવા જોઈએ. એ હવે અનિવાર્ય બનતું જાય છે. હળપતિઓના ઘરોમાં સંકડાશ હોવાને કારણે પશુઓ રાખવાની તકલીફ હોવાથી યોગ્ય માવજત થતી નથી. તેથી સ્થાનિક વસ્તુઓનો ઉપયોગ કરીને પશુ માટે સારી છાપરી બનાવી શકાય તે માટે જરૂરી મદદ આપવી જોઈએ.

પશુપાલન સાથે સંકળાયેલી બાબતો સાથે કેટલાંક સૂચનો છે. પશુના છાણનું કિંમતી છાણિયું ખાતર બનાવી શકાય પરંતુ તેઓ બાયોગેસ પ્લાન્ટ બનાવતા હોય તેનું

(૯)

જોવા મળ્યું નથી. તો ઓછામાં ઓછું પોષણક્ષમ કુટુંબો ગોબરગેસ યોજનાનો લાભ લે એ જરૂરી છે.

હળપતિઓએ હવે માત્ર દૂધ ડેરીમાં ન ભરી દેતા તેનો ઉપયોગ પોતાના કુટુંબ માટે કરવો જોઇએ. સાથે સાથે દૂધની બનાવટો જેવી કે દહીં, છાશ, ઘી વગેરે અંગે પણ જાણકારી મેળવી લાભ લેવો જોઇએ.

મૃત પશુ નિકાલ માટે ચાર પાંચ ગામો વચ્ચે ફલેઈંગ સેન્ટર બનાવવાનું વિચારી શકાય. આ વિસ્તારના આદિવાસીઓ પોતાની સ્વતંત્ર દૂધ મંડળી ઊભી કરવાની ઇચ્છા રાખે છે. તો તે અંગે પણ તેમને જરૂરી સહકાર આપવાનું વિચારી શકાય.

મરઘાં ઉછેર :

મરઘાં ઉછેરની મહત્વકાંક્ષી યોજનાનો આદિવાસી વિસ્તારમાંથી કરૂણ રકાસ થઇ રહયો છે. આ વ્યવસાયમાં કેટલીક વાસ્તવિક તકલીફો તો જે છે જ તેમ છતાં આ વ્યવસાય અંગે સારો અવકાશ રહેલો છે જ. તો હળપતિ કુટુંબોને આ યોજના માટે પણ પ્રોત્સાહિત કરવા જોઇએ.

નવીન વ્યવસાયો :

(૧) વાલોડમાં લિજ્જત પાપડના ધોરણે આવી યોજના આ વિસ્તારના ગામોમાં વિસ્તારવી જોઇએ. તો તેમાંથી હળપતિ બહેનોને પૂરક રોજી મળી રહેશે.

(૨) ઊંડાણના ગામોમાં વસતા કુટુંબો જંગલમાંથી ખાખરા વગેરેના વૃક્ષોના પાનમાંથી પડિયા પતરાળા બનાવે અને માલ ખરીદવાની વ્યવસ્થા ગોઠવાય તો આ ધંધામાંથી પણ પૂરક રોજી મળી શકે એમ છે.

(૩) હળપતિ ભાઇઓ અને બહેનોને મત્સ્ય ઉદ્યોગના વ્યવસાયમાં ઊંડી સૂઝ અને કૌશલ્યતા છે. ખાસ કરીને મત્સ્ય ઉદ્યોગના સાધનો જેવા કે છોગીયો, જાળ ગૂંથવી વગેરે કામ જાણે છે. તો તેઓ આ ધંધો વ્યવસ્થિત ધોરણે કરી આવક મેળવે એ પણ અમલમાં મૂકી શકાય.

આ ઉપરાંત બીડી વાળવા, જરીકામ, સિલાઇકામ જેવા વ્યવસાયો દ્વારા પણ પૂરક આવક મેળવવામાં આવે છે તો તેને વિસ્તારી શકાય.

તાન્ત્રિક વ્યવસાયો :

(૧) આ વિસ્તારમાં દિનપ્રતિદિન તાન્ત્રિક અને ઇલેકટ્રીકના સાધનો અને વાહનોની સંખ્યા વધી રહી છે. એટલે આ સાધનોની જાળવણી અને મરામત માટે તાન્ત્રિક કારીગરોની જરૂર રહેવાની. તો આ વ્યવસાય પણ ઘણો મહત્વનો છે.

(૨) વાયરમેન/ઇલેકટ્રીસીયન, મોટર રીવાઇન્ડીંગ, સન્જોગ માટે પણ સારો અવકાશ રહે છે. તો આ માટે હળપતિ કારીગરો તૈયાર કરવા જોઇએ.

(૩) કારીગરો તૈયાર કરવા માટેની હાલની ટૂંક સમયગાળાના વ્યવસાયોની તાલીમ યોજના બિનઅસરકારક પૂરવાર થઇ હોવાથી તેમાં ધરખમ ફેરફારો કરવા જોઇએ. વધુમાં આવી યોજનાનો લાભ ઉંડાણના ગામોના યુવાનો સુધી પહોંચે તે માટે તાલીમવર્ગો માત્ર તાલુકા સ્થળે ન યોજતા અન્ય અનુકૂળ સ્થળ એ પણ વિચારવું જોઇએ. ખાસ કરીને આવા તાલીમાર્થીઓને સઘન પ્રેકટીકલ તાલીમ મળે તે માટે ૩-૪ માસ માટે સરકારના ખાતાઓમાં ચાલતા કેન્દ્રોમાં ગોઠવવા જોઇએ. આ માટે તેમને જરૂરી વૃત્તિકા અને થોડા પ્રોત્સાહન લાભો પણ આપવા જોઇએ.

શિક્ષણ :
------

(૧) હળપતિ બાળકોને નિશાળ અને શિક્ષકો એક એક પ્રકારની બીક ઘર કરી ગયેલી હોવાથી તેમને શરૂઆતથી જ શાળામાં આવવાનું ગમતું નથી. તો બાળકો આવી કલ્પિત બીકથી દૂર રહે, શાળા માટે હકારાત્મક વલણો ઊભા થાય તે માટે વધુને વધુ બાલવાડીઓ અને આંગણવાડીઓ શરૂ કરવી જોઇએ. આવી બાલવાડીઓ મોટા ભાગે સ્વૈચ્છિક સંસ્થાઓને સોંપાય એ જરૂરી છે.

(૨) હળપતિ બાળકો શરૂઆતના વર્ષોમાં ટકી રહે છે પરંતુ ઉપલા વર્ગમાં જતાં શાળા છોડી દે છે. આ એક અતિ ગંભીર સમસ્યા છે. તો જો પ્રાથમિક શાળાના શિક્ષકો આવા બાળકો તરફ અનુકૂળ વલણ રાખે અને બાળકોને ભણવા માટે પ્રોત્સાહન આપે તો હાલની પરિસ્થિતિમાં અવશ્ય સુધારો થઇ શકશે.

(૩) શિક્ષણનો વ્યાપ વધારવા માટે મહત્વાકાંક્ષી મધ્યાહન ભોજન યોજના દાખલ કરવામાં આવી છે. આ યોજનાથી હળપતિઓમાં પ્રાથમિક શિક્ષણમાં વિકાસને ગતિ મળશે.

(૪) હ આદિજાતિના ભણતા બાળકોને પ્રોત્સાહન રૂપે અનાજ આપવાની યોજના છે હળપતિઓ પણ શૈક્ષણિક રીતે ખૂબ જ પછાત હોવાથી આ યોજના તેમને પણ લાગુ પાડવામાં આવે.

(૫) લઘુ વિસ્તારના ગામોમાં જુદા જુદા શૈક્ષણિક મંડળો દ્વારા માધ્યમિક શાળાઓનું સંચાલન કરવામાં આવે છે. સામાન્ય રીતે આવી શાળાઓ ધો. ૫ થી શિક્ષણ આપતી હોવાને કારણે ધો. ૫ થી ૭ના વર્ગો ચલાવતી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવે છે. તેથી જો બાળક ધો. ૫ થી આગળ અભ્યાસ કરવા ઇચ્છે તો તેને ખાનગી શાળામાં જવું પડે. જયાં તેને અનેકવિધ પ્રશ્નોનો સામનો કરવાનો રહે છે. પરિણામે આ વિસ્તારમાં ધો. ૪ પછી શિક્ષણ છોડી દેનાર બાળકોનું પ્રમાણ ઘણું મોટું છે.

(૬) હળપતિ વિસ્તારમાં ચાલતી હળપતિ આશ્રમશાળાઓમાં ભાગ્યેજ હળપતિ બાળકો જોવા મળે છે. મોટા ભાગે દૂર દૂરના વિસ્તારના અન્ય આદિવાસી બાળકો . આવી આશ્રમશાળાઓમાં દાખલ થાય છે. તેથી હળપતિ આશ્રમશાળા સ્થાપવાનો હેતુ બર આવતો નથી. તો આ આશ્રમશાળા ચલાવતી સંસ્થાઓ હળપતિ બાળકોને શોધી લાવીને પણ ઓછામાં ઓછું હાલની સંખ્યામાં ૫૦% વધારો કરે.

(૭) હળપતિ બાળકોને શૈક્ષણિક સાધનોની સહાય આપવામાં આવે છે પરંતુ તેમાં નિયમિતતા અને પૂરતા પ્રમાણમાં અપાતાં હોય એવું જોવા મળ્યું નહોતું. તો સ્લેટ, નોટબુક, પુસ્તકો વગેરે વર્ષની શરૂઆતથી જ આપવાની ગોઠવણ થવી જોઇએ. જેથી વાલીઓને બિન જરૂરી ખર્ચ ન કરવો પડે.

માધ્યમિક શિક્ષણ :

(૮) હળપતિ બાળકો માધ્યમિક શિક્ષણ મેળવે એ માટે એવું સૂચવવામાં આવે છે કે આવી શાળા ચલાવતી સંસ્થાઓ એક નાનું સરખું છાત્રાલય શાળા સાથે જ ચલાવે, જેનો લાભ અતિ ગરીબ હળપતિઓને મળે તો પરિસ્થિતિમાં ફેરફાર થઇ શકે.

(૯) માધ્યમિક શાળામાં ભણતા હળપતિ વિદ્યાર્થીઓ અનેક કારણોસર લાંબા દિવસો સુધી ગેરહાજર રહે છે. તો આવા કિસ્સાઓમાં શિક્ષકો અને આચાર્યો સહાનુભૂતિભર્યું વલણ રાખી આવા બાળકોને શોધી તેઓ ફરીથી શાળામાં નિયમિત આવે એ રીતે સાંત્વન અને પ્રોત્સાહન આપે એ આવકારદાયક છે.

(૧૦) માધ્યમિક શાળાઓમાં અને ઉચ્ચ શિક્ષણ મેળવતા હળપતિ વિદ્યાર્થીઓનો રસ જળવાઇ રહે અને તેમને પ્રોત્સાહન મળે તે માટે સમાજ, સંસ્થાઓ અને સરકારે વિચારવું જોઇએ.

તાંત્રિક શિક્ષણ :

(૧૧) સાતમી પંચવર્ષીય યોજના દરમિયાન લઘુ વિસ્તારમાં તાંત્રિક શિક્ષણ આપતી સક્ષમ સંસ્થા સ્થાપવી જોઇએ. જે હળપતિ બાળકો અને લાંબા અને ટૂંકા ગાળાની તાલીમ વ્દારા શિક્ષણ આપી સક્ષમ કરે. હાલમાં તાલુકા પંચાયત વ્દારા ચલાવતા વર્ગોના પરિણામો પ્રોત્સાહક નથી.

અન્ય સૂચનો :

(૧૨) તમામ સ્તરના વિદ્યાર્થીઓને વર્ષમાં બે વાર નિયમિત નિયત સમયમાં છાત્રવૃત્તિની રકમ મળી જાય એવી ગોઠવણ થવી જોઇએ.

(૧૩) પ્રાથમિક શાળાના બાળકોની ગણવેશની બે જોડી આપવામાં આવે છે પરંતુ આ ગણવેશ યોગ્ય માપના અભાવે કાંતો આ કપડાં મોટાં પડે અથવા ખૂબ નાનાં પડે છે. તો એવું સૂચવવામાં આવે છે કે બાળકનું માપલઇને જ કપડાં સીવડાવવાં અથવા તો મુખ્ય શિક્ષણ વ્યવસ્થા ગોઠવી શકે તો તેમને કપડું આપવામાં આવે અને નિયત સિલાઇ ખર્ચ આપવામાં આવે. મુખ્ય શિક્ષક ગામના દરજી પાસે આ કપડાં સીવડાવે તો આ પ્રશ્ન નિવારી શકાય.

વધુમાં આવા ગણવેશ અગ માધ્યમિક શાળાઓમાં ભણતા બાળકોને પણ આપવાનું વિચારી શકાય. અલબત્ત ટેરીન ખાદીના કપડામાં પેન્ટ અને બુશર્ટ હોવા જરૂરી છે.

...

## પલસાણા લઘુ વિસ્તાર

- ગિરીશ ભટ્ટ

૧૯૪૭ સુધી સુરત જિલ્લો મુંબઈ ઈલાકાનો ભાગ હતો. આઝાદી બાદ દેશી રાજ્યોનું વિલિનીકરણ થતાં ધરમપુર અને વાંસદા રાજ્યોના ગામો અને વડોદરા રાજ્યના નવસારી પ્રાંતના ગામોને એકત્ર કરી સુરત જિલ્લો બનાવવામાં આવ્યો છે. પલસાણા મહાલ ત્યારે નવસારી પ્રાંતમાંથી સુરત જિલ્લામાં સમાવવામાં આવ્યો હતો. ૧૯૬૦માં મુંબઈ રાજ્યમાંથી ગુજરાત જુદું પડ્યું ત્યારે આ જિલ્લામાં ઉચ્છલ અને નિઝર મહાલને જોડવામાં આવ્યા હતા. ૧૯૬૪માં સુરત જિલ્લાના બે ભાગ પાડવામાં આવ્યા. ત્યારબાદ સુરત જિલ્લામાં ઓલપાડ, ચોર્યાસી, માંગરોળ, કામરેજ, માંડવી, બારડોલી, સોનગઢ, વ્યારા, મહુવા, પલસાણા, વાલોડ, ઉચ્છલ અને નિઝર તાલુકાનો આ જિલ્લો બન્યો છે. આ તાલુકાનાં ૪૯ ગામોમાંથી ૩૫ ગામોને પોકેટમાં સમાવવામાં આવ્યાં છે. બાકીનાં ૧૪ ગામોને પોકેટમાં સમાવવાની કાર્યવાહી ચાલે છે.

### વસ્તી :

૧૯૮૧ના જનગણના અહેવાલ પ્રમાણે પલસાણા તાલુકાની કુલ વસ્તી ૭૫૮૭૫ની છે. તેમાં અનુસૂચિત જનજાતિની ૩૩૮૯૬ વસ્તી છે. ૧૯૭૧થી ૧૯૮૧ના દસકામાં આ તાલુકામાં ૪૨.૭૦%ની કુલ વસ્તી વધારો થયો છે. અનુસૂચિત જનજાતિમાં ૩૫.૬૧ %નો વસ્તી વધારો થયો છે. આ દસકામાં પ્રતિવર્ષ ૩.૫ %નો વસ્તી વધારો અનુસૂચિત જનજાતિમાં થયો છે.

આ તાલુકાનાં ગામોમાં કુલ વસ્તીમાં ૦થી ૨૦ %ની આદિવાસી વસ્તીવાળું એક ગામ છે. ૨૦થી ૪૦ %ની વસ્તીવાળાં ૨૦ ગામ, ૪૦થી ૬૦ %ની વસ્તીવાળાં ૧૮ ગામો, ૬૦થી ૮૦ % વસ્તીવાળાં ૭ ગામ અને ૮૦થી ૧૦૦ %ની વસ્તીવાળાં ૩ ગામો છે. ૦થી ૬૦ %ની આદિવાસી વસ્તી ધરાવતાં ૩૯ (૭૯.૫૯) ગામો છે. આ પોકેટનાં મોટાભાગના ગામોમાં આદિવાસી વસ્તી સાથે બિનઆદિવાસીની વસ્તી વધારે પ્રમાણમાં વસે છે.

51

આ પોકેટ વિસ્તારમાં અનુસૂચિત જનજાતિમાં હળપતિ, નાયકા અને ચૌધરી જનજાતિના લોકો રહે છે. તેમાં હળપતિની વસ્તી વધાર છે. જયારે બિનઆદિવાસીમાં અનાવિલ બ્રાહમણ, કણબી પટેલ, મુસલમાન, પારસી, કોળી પટેલ જાતિના લોકો રહે છે. અનુસૂચિત જાતિમાં માહયાવંશી અને ભંગી લોકોની વસ્તી આ ગામોમાં છે.

પલસાણા તાલુકાના અનુસૂચિત જનજાતિના લોકોની અર્થવ્યવસ્થા :

૧૯. ૧ના જનગણનાના અહેવાલ પ્રમાણે આદિવાસી સ્ત્રી પુરુષો. કયા કયા વ્યવસાયમાં રોકાયેલા છે તેની માહિતી કોઠા-૧માં આપવામાં આવી છે. આ કોઠા પરથી ખ્યાલ આવે છે કે આ તાલુકાના ૫૬.૮૭ % આદિવાસીઓ મુખ્ય કામ કરનાર છે. તેમાં ૮૮.૦૫ % લોકો ખેતમજૂરીનું જ કામ કરે છે. ત્યારબાદ અન્ય કામ કરનારમાં ૧૦.૫૫ % લોકો છે. ખેડૂત ૦.૮૨% છે. ગૃહોદ્યોગ અને ઉત્પાદક પ્રક્રિયા સેવાના કામમાં તો ફકત ૦.૫૮ % લોકો જ રોકાયેલા છે. આના પરથી ખ્યાલ આવે છે કે આ વિસ્તારના આદિવાસી લોકોને બિનપછાત લોકો પર વધારે નિર્ભર રહેવું પડે છે. કારણ કે ખેતીની જમીન બિનપછાત લોકો પાસે છે.

૧૯૮૧ના જનગણનાના અહેવાલ પ્રમાણે પલસાણા તાલુકામાં મુખ્ય કામ કરનાર અને નહીં કરનારની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | કુલ | પુરુષ | સ્ત્રી |
|---|---|---|---|---|
| ૧. | આદિવાસી વસ્તી | ૩૩૮૯૬ | ૧૭૨૧૩ | ૧૬૬૮૩ |
| | | (૧૦૦.૦૦) | (૧૦૦.૦૦) | (૧૦૦.૦૦) |
| ૨. | કામ નહીં કરનાર | ૧૪૩૯૬ | ૬૭૨૯ | ૭૬૬૭ |
| | | (૪૨.૪૭) | (૩૯.૦૯) | ૪૫.૯૬) |
| ૩. | સીમાન્ત કામદાર | ૨૨૩ | ૬ | ૨૧૭ |
| | | (૦.૬૬) | (૦.૦૩) | (૧.૩૦) |
| ૪. | કુલ કામ કરનારા | ૧૯૨૭૭ | ૧૦૪૭૮ | ૮૭૯૯ |
| | | (૫૬.૮૭) | (૬૦.૮૮) | (૫૨.૭૪) |
| | | (૧૦૦.૦૦) | (૧૦૦.૦૦) | (૧૦૦.૦૦) |
| ૫. | ખેડૂત | ૧૫૮ | ૧૨૭ | ૩૧ |
| | | (૦.૮૨) | (૧.૨૧) | (૦.૩૫) |
| ૬. | ખેતમજૂર | ૧૬૯૭૫ | ૮૫૨૪ | ૮૪૫૧ |
| | | (૮૮.૦૫) | (૮૧.૩૫) | (૯૬.૦૫) |
| ૭. | ગૃહોદ્યોગ અને ઉત્પાદક પ્રક્રિયાસેવા (૫-અ) | ૧૧૧ | ૮૯ | ૨૨ |
| | | (૦.૫૮) | (૦.૮૫) | (૦.૨૫) |
| ૮. | અન્ય કારીગરો ૩,૪,૫બ તથા ૬થી ૯ | ૨૦૩૩ | ૧૭૩૮ | ૨૯૫ |
| | | (૧૦.૫૫) | (૧૬.૫૯) | (૩.૩૫) |

(૩) પશુપાલન અને મત્સ્ય ઉદ્યોગનો વિકાસ ખૂબ જ ઓછા પ્રમાણમાં થયો છે.

(૪) ખેતમજૂરીમાં સરકારી નિયમ પ્રમાણે મજૂરી ચૂકવાતી નથી.

(૫) આ તાલુકામાં સહકારી મંડળી ઘણા ઓછા પ્રમાણમાં છે. તેમાં પણ આદિવાસીને લાભ મળી શકે તેવી મંડળી ખૂબ જ ઓછી છે. દા.ત. ૧૯૮૧-૮૨માં એકપણ મજૂર મંડળી આ તાલુકામાં ન હતી.

(૬) આ તાલુકાના આદિવાસીઓમાં શિક્ષણ ઘણું ઓછું છે. ૧૯૮૧ના જનગણનાના અહેવાલ પ્રમાણે આ તાલુકાની કુલ વસ્તીના ૧૫.૧૬ % લોકો અક્ષરજ્ઞાન ધરાવે છે. કુલ પુરુષોમાં ૨૧.૮૦ % અક્ષરજ્ઞાન ધરાવે છે. જ્યારે કુલ સ્ત્રીઓમાં ૮.૩૦ % સ્ત્રીઓ અક્ષરજ્ઞાન ધરાવે છે. આંકડા પરથી જાણી શકાય છે કે આ તાલુકાના આદિવાસીઓમાં શિક્ષણ ઘણું ઓછું છે.

(૭) વિકાસલક્ષી કાર્યક્રમોનો મોટા ભાગના કુટુંબોને લાભ મળતો નથી. રાજકીય વ્યક્તિ જે કુટુંબમાં રસ લે છે તેને યોજનાનો લાભ મળે છે. તેથી ઘણીવાર યોગ્ય વ્યક્તિને લાભ મળતો નથી. તે ઉપરાંત આ પોકેટમાં દૂબળા આદિવાસીની વસ્તી વધુ છે. આ જાતિના લોકોને જુદા જુદા નામે ઓળખવામાં આવે છે. જેમ કે હળપતિ, તળાવિયા. સરકારની સહાય લેવામાં જાતિના દાખલામાં હળપતિ કે તળાવિયા લખ્યું હોય તો તેને દૂબળા જાતિના આદિવાસી ગણવામાં નથી આવતા તેથી સરકારી લાભ મેળવવામાં મુશ્કેલી રહે છે.

(૮) આ વિસ્તારના આદિવાસીઓને નવો વ્યવસાય કરવાની ઈચ્છા હોવા છતાં, નાણાં, તાલીમ અને સાધનોના અભાવને લઈને નવો વ્યવસાય ઓછો અપનાવે છે.

(૯) ધણિયામા (જમીન માલિક) વગર પોતાનું જીવન શક્ય છે તે બાબતનો જોઈએ તેટલો ખ્યાલ હળપતિ આદિવાસી જાતિમાં આવ્યો નથી. હજુ માનસિક રીતે તેઓ ધણિયામાથી જુદા પડવા તૈયાર નથી.

(૧૦) આદિવાસીના વિકાસ માટે નિષ્ઠાવાન કાર્યકરોનો અભાવ છે.

ઉપરોક્ત સમસ્યાઓને ખ્યાલમાં રાખીને આદિવાસી વિકાસ માટે નવું આયોજન બનાવવાનું જોઈએ.

<u>આયોજનના મહત્વના મુદ્દાઓ :</u>

(૧) લઘુત્તમ આવશ્યકતાઓની પૂર્તિ :

લઘુત્તમ આવશ્યકતાઓની પૂર્તિ માટે વધુ નાણાં ફાળવવાં જોઈએ. આ નાણાંમાંથી પીવાના પાણીની સવલત, રસ્તા, વીજળી, રહેઠાણ, આરોગ્યના કામ, સફાઈના કામોને પ્રાધાન્ય આપવું

ખેતી અને ખેતમજૂરીના કામ સિવાય આ વિસ્તારના આદિવાસીઓ સુરત, બારડોલી, નવસારીના ઔદ્યોગિક એકમમાં બિનકુશળ કારીગર તરીકે કામ કરે છે. ઔદ્યોગિક એકમમાં કુશળ કારીગર તરીકે મોટા ભાગે બિનઆદિવાસીઓ કામ કરે છે.

આ પોકેટ વિસ્તારનું આયોજન કરવા માટે શું શું કરવાની આવશ્યકતા છે તેને જાણવા માટે વિસ્તાર અને ત્યાંની આદિવાસી વસ્તીનું પ્રતિનિધિત્વ જળવાઇ રહે તે રીતે કુલ ૪૯ ગામોમાંથી ૫ ગામ પસંદ કરી તેમાંથી ૧૦૦ આદિવાસી કુટુંબો, જેમાં ૮૭ હળપતિ, ૯ ચૌધરી, અને ૪ નાયકા જાતિના કુટુંબો છે. આ ૧૦૦ કુટુંબના ૫૧૯ સભ્ય છે. ૨૭૫ પુરુષ અને ૨૪૪ સ્ત્રીઓ છે. કુલ ૫૧૯ સભ્યમાં ૩૧૩ (૬૦.૩૦) સભ્યો કમાય છે. તેમાં ૧૬૫ (૫૨.૭૨) પુરુષો અને ૧૪૮ (૪૭.૪૮) સ્ત્રીઓ કમાનાર છે.

કમાનાર ૧૦૦ પુરુષોમાં ૬૧ પુરુષો એક કરતા વધુ વ્યવસાયમાં રોકાયેલા છે. જ્યારે કમાનાર ૧૦૦ સ્ત્રીઓમાં ૬૮ સ્ત્રીઓ એક કરતાં વધારે વ્યવસાયમાં રોકાયેલ છે. પુરુષો કરતાં સ્ત્રીઓના વ્યવસાયમાં વિવિધતા ઓછી છે. પરંતુ એક કરતાં વધુ વ્યવસાય પુરુષો કરતા સ્ત્રીઓ વધુ કરે છે. અભ્યાસના ગામોના આદિવાસી ખેતી, ખેતમજૂરી, પશુપાલન, છૂટક મજૂરી, અને ઔદ્યોગિક મજૂરી, બીડી બનાવવાનું, હિરા ઘસવાનું, ગોવાળ, ડ્રાઇવર, માળીકામ, દરજીકામ અને નાના પાયાના વેપારનું કામ કરે છે.

કુલ સભ્યના ૬૦.૩૦ % કમાનાર સભ્ય હોવા છતાં તેમની આર્થિક પરિસ્થિતિ નબળી છે. અભ્યાસના કુટુંબોની માથાદીઠ વાર્ષિક આવક ૮૫૮ રૂપિયાની છે. વ્યક્તિદીઠ વાર્ષિક આવક કરતા ૨૩ રૂપિયાનો ખર્ચ વધુ થાય છે. આ ખર્ચને પહોંચી વળવા માટે ખેતમજૂરીના કામમાં અગાઉથી પૈસા લઇને કામ માટે બંધાય છે. આ રીતે દેવાના વિષચક્રમાં ફસાય છે. જેમાંથી બહાર આવવાનું તેના માટે અશક્ય છે.

આ વિસ્તારની કેટલીક સમસ્યાઓ છે - જેથી તેઓના વિકાસ માટે અમલમાં મૂકેલ યોજનાનો લાભ પૂરેપૂરો તેમને મળતો નથી.

(૧) પાણી, જંગલ (વનસ્પતિ) ખનિજ જેવી કુદરતી સંપત્તિનો ઉપયોગ આદિવાસીના વિકાસ માટે કરવો જોઇએ તેટલા પ્રમાણમાં થયો નથી.

(૨) આ વિસ્તારમાં જંગલ નહીવત છે. તેની અસર આદિવાસી ઉપર પડે છે જેમ કે જંગલ ગૌણ પેદાશ એકત્ર કરવાનું કામ મળતું નથી. બળતણ અને ઘર બનાવવા માટે પૂરતા પ્રમાણમાં લાકડાં મળતા નથી.

જોઇએ.

અભ્યાસના પાંચ ગામના ઘણાં આદિવાસી કુટુંબોને વીજળી, પાણીની સવલતનો લાભ મળતો નથી. લઘુત્તમ આવશ્યકતાની સવલત મળી રહે તે માટે વધુ ધ્યાન આપવાની જરૂર છે.

(૨) શૈક્ષણિક સવલતો અંગે :

હળપતિ આદિવાસી જાતિમાં શિક્ષણ ખૂબ જ ઓછું છે. હળપતિનાં બાળકો માટે આશ્રમશાળા અથવા તો નિવાસીશાળા શરૂ કરવી જોઇએ. પ્રાથમિક ધોરણમાં ભણતાં બાળકોના વાલીને પ્રોત્સાહન આપવા માટે અનાજ સહાય પણ આપવી જોઇએ.

આર્થિક કાર્યક્રમો :

(૧) મત્સ્ય ઉદ્યોગનો વિકાસ :

આ તાલુકાનાં ૮થી ૧૦ ગામોમાં નાનાં મોટાં તળાવો છે. આ તળાવનું સમારકામ કરાવી ત્યાં મત્સ્ય ઉદ્યોગ શરૂ કરાવી વધુ રોજી મળી રહે તેમ છે.

(૨) દૂધાળાં પશુ આપવા :

અહીંના આદિવાસીને ભેંસ આપવી જોઇએ. ભેંસ વ્યક્તિગત કુટુંબને આપવાને બદલે બે ત્રણ ગામ વચ્ચે ગૌચરની જમીનમાં સામૂહિક રીતે ભેંસ ઉછેર કેન્દ્ર સ્થાપવાં જોઇએ. તે જમીનની આજુબાજુ ઘાસ ઉગાડવા માટેની વ્યવસ્થા કરાવવી જોઇએ. આ દરેક કામમાં જે કુટુંબને ભેંસ આપી હોય તેને સામેલ કરવા જોઇએ. જેથી તેમને દૈનિક મજૂરી અને વર્ષના અંતે નફો વહેંચી આપવો જોઇએ. આમ કરવામાં આવશે તો પશુપાલનનો વ્યવસાયમાંથી વધુ નાણાકીય લાભ મળશે.

(૩) સ્વરોજગારી મળે તે માટે તાલીમ આપવાના કાર્યક્રમો :

સ્વરોજગારીના ધંધા જેવા કે કડિયાકામ, સુથારીકામ, વાયરમેન, દરજીકામ, હિરા ઘસવાનું કામ, બીડી બનાવવાનું કામ વગેરે કામની તાલીમ આપવી જોઇએ. તાલીમ આપ્યા બાદ તાલીમાર્થીને કામ મળે તે માટે જયાં જયાં સરકારી ગ્રાન્ટથી જે કામો થતાં હોય ત્યાં આવા કારીગરને કામ મળે તે માટેની વ્યવસ્થા ઊભી કરવી જોઇએ. તે ઉપરાંત આદિવાસી વિસ્તારમાં નાના મોટા ઉદ્યોગો સ્થાપવા માટે સરકારની સહાય આપવામાં આવે છે. આવા ઉદ્યોગોમાં પણ કુશળ અને બિનકુશળ કારીગર તરીકે આદિવાસીને પ્રથમ પસંદગી આપવી જોઇએ. આ અંગે સરકારી જોગવાઇ તો છે જ પણ તેનો અમલ બરોબર થતો નથી. તેથી ઘણા તાલીમ લીધેલ યા યુવાનને કામ મળતું નથી.

નાના પાયાના વેપારમાં સરકારી સહાય આપવી જોઈએ. આદિવાસી લોકો નાનો વેપાર કરવાની ઈચ્છા પણ ધરાવે છે. સરકાર તરફથી વધુ રકમની સહાય આપવી જોઈએ. નાના પાયાના વેપારમાં શાકભાજી વેચવા, ઔદ્યોગિક વિસ્તાર નજીક ચા-પાન-બીડીની લારી કરવા માટે અને નાસ્તાની લારી માટે વધુ સગવડ આપવાની જરૂર છે.

(૪) ઈંટકામ અને મજૂરી નળીયા :

નાના નાના ઉદ્યોગો જેવા કે ઈંટકામ, મજૂરી નળીયા બનાવવા માટે આદિવાસી સાથે બિનઆદિવાસીની એક મંડળી બનાવવી જોઈએ. તેમાં કારીગરો તરીકે આદિવાસીને રાખીને આ વ્યવસાયમાંથી વધુ રોજગારી મળે તે માટેના પ્રયાસો કરવા જોઈએ.

(૫) ગૃહોદ્યોગોનો વિકાસ :

આ વિસ્તારમાં ગૃહોદ્યોગોનો ખૂબ જ ઓછો વિકાસ થયો છે. આ વિસ્તારની જરૂરિયાત મુજબના ' ' ગૃહ ઉદ્યોગ શરૂ કરવા જોઈએ. જેમાં સાબુ, દાંત ઘસવાનો પાવડર, મોઢા પર લગાડવાનો પાવડર, હાથમાં પહેરવાની પ્લાસ્ટીકની બંગડી બનાવવાનો ઉદ્યોગ, બીડી બનાવવાનો ઉદ્યોગ, તમાકુમાંથી સુગંધી તમાકુ-કિમામ, તૂટીફૂટી બનાવવી, ઠંડા પીણાં બનાવવાં વગેરે ઉદ્યોગો શરૂ કરવા જોઈએ. આમ થશે તો આદિવાસી લોકો પોતાના પરંપરાગત વ્યવસાયમાંથી ગૃહોદ્યોગ તરફ વળશે અને આર્થિક પરિસ્થિતિ સુધરશે તો સરકારે આપેલ નાણાં પાછાં આપી શકશે.

(૬) સહકારી મંડળી વધારવી જોઈએ :

આ તાલુકામાં સહકારી મંડળી જોઈએ તે પ્રમાણમાં કામ કરતી નથી. ગામના સામૂહિક વિકાસ માટે આદિવાસી અને બિનઆદિવાસીની સંયુક્ત મંડળી બનાવવી જોઈએ. તેમાં મોટા પાયાની ધિરાણ મંડળી બનાવવી જોઈએ. આ મંડળી દ્વારા વધુ ક્ષેત્રોમાં ધિરાણ કરી શકે તે માટેની વ્યવસ્થા કરવી જોઈએ. આજે ઘણા ગૃહોદ્યોગો એવા છે કે તેમાં ધિરાણ ઓછું થાય છે. દા.ત. હીરા ઘસવાના ઉદ્યોગમાં ખૂબ જ ઓછું ધિરાણ કરવામાં આવે છે. આ ધંધામાં ધિરાણ કરવામાં કેટલીક મુશ્કેલી નડે છે. તે મુશ્કેલીઓ આવી ધિરાણ મંડળી દૂર કરી શકશે. અને આવી મંડળી દ્વારા નવા નવા વ્યવસાય તરફ આદિવાસી આગેકૂચ કરશે. સંયુક્ત મંડળી બનાવવાથી મંડળીના સંચાલનનો અનુભવ પણ મળશે. તે કરતા બિનઆદિવાસીને પણ એમ લાગે કે આ યોજનાનો ફક્ત આદિવાસી માટે જ છે.

(૭) પેન્શન યોજના :

આદિવાસીઓ મોટે ભાગે ખેતમજૂરો છે. તેમાં હળપતિ આદિવાસીઓ મોટે ભાગે ખેતમજૂરીનું કામ કરે છે. મોટી ઉંમર થયા પછી ખેતમજૂરીનું કામ થઈ શકે નહીં તેથી બેકાર થાય છે. અન્ય સમાજમાં મા બાપની જવાબદારી પુત્રો ઉપાડે છે. આદિવાસીમાં પણ આ જવાબદારી પુત્રો ઉપાડી શકે પણ પોતે જ ગરીબીમાં જીવન જીવતા હોય ત્યાં મા બાપની જવાબદારી ઉપાડવાની મુશ્કેલી પડે છે. પહેલાં જ્યારે હાળીપ્રથા હતી ત્યારે આવા લોકોની જવાબદારી ધણિયામો ઉપાડતો હતો. હાળી પ્રથા નાબૂદ થવાથી મોટી ઉંમરના લોકોના જીવનમાં મુશ્કેલી આવી છે. આ મુશ્કેલીમાં સહાય થવા માટે ૬૦ વર્ષથી વધુ વયના આદિવાસીઓને માસિક ૩૦ રૂપિયા પેન્શન આપવું જોઈએ અથવા તો આ ઉંમરની એક વ્યક્તિને ૧૫ કિલો અનાજ મફત આપવું જોઈએ જેથી આ ઉંમરની વ્યક્તિને ભોજનની મુશ્કેલી પડે નહીં.

(૮) ફળઝાડ ઉગાડવાં :

અહીંના આદિવાસી પાસે જમીન નથી. પરંતુ તેમનો વૃક્ષો સાથેનો પ્રેમ ખૂબ જ છે. આ બાબતને ખ્યાલમાં રાખી આદિવાસીને ફળઝાડના રોપા આપવા જોઈએ. આ રોપાઓ ઘરની નજીક રોપીને જમીનનું ધોવાણ અટકાવી શકાય. તે ઉપરાંત આ ફળો ખાવાના ઉપયોગમાં પણ લઈ શકે. વૃક્ષ સાથેનો નિકટનો સંબંધ હોવા છતાં જમીનના અભાવે તેઓ વૃક્ષો ઉગાડતા નથી. તેમને બીક છે કે જમીનની માલિકી અમારી નથી. તેથી અમે જે વૃક્ષો ઉગાડીશું તેનો લાભ અમને નહીં મળે. આ ખ્યાલને દૂર કરવા જે વૃક્ષો જે ઉગાડે તેની માલિકી ઉગાડનાર વ્યક્તિને આપવી જોઈએ થશે તો તેઓ વૃક્ષ ઉછેરના કાર્યમાં જોડાશે. સરકારી પડતર જમીન આદિવાસી ખેતમજૂરોને આપવી જોઈએ. આમ થશે તો તેઓ વૃક્ષ ઉછેરના કાર્યમાં જોડાશે.

ખેતી :

અહીંના આદિવાસી પાસે જમીન ઘણી ઓછી છે. ૧૯૮૧ના જનગણનાના અહેવાલ પ્રમાણે આ તાલુકામાં ૬૫૮૧ આદિવાસી ખેડૂત છે. તેમની જમીન સરખી કરવી, સિંચાઈની સવલત ઊભી કરવી. બિયારણ અને ખાતર વધુ પ્રમાણમાં આપવાં જોઈએ. જેથી આદિવાસી ખેડૂત સારી રીતે ખેતી કરી શકે અને વધુ ઉત્પાદન કરી શકે.

ઉપર પ્રમાણેના જુદા જુદા ક્ષેત્રમાં વધુ નાણાં ફાળવીને પોકટના આદિવાસીનો વિકાસ કરી શકાય તેમ છે.

• • • •

## રજેજ લઘુ વિસ્તાર

— દિલીપ પરમાર

### પૂર્વભૂમિકા

ગણદેવી તાલુકામાં રજેજ પોકેટ આવેલું છે. ગણદેવીથી ૦ કિ.મી. પર જ છે. ગણદેવીના પરિચયની સાથે જ રજેજનો પરિચય આવી જાય છે. રજેજ અને ગણદેવી ધોરી માર્ગ નંબર ૮ હાઈવે પર આવેલું છે. વલસાડ જિલ્લામાં ગણદેવી તાલુકામાં ઉત્તરે નવસારી તાલુકો, દક્ષિણ વલસાડ તાલુકો, પશ્ચિમે અરબી સમુદ્ર, પૂર્વે ચીખલી તાલુકાની હદ આવેલી છે.

તાલુકાનું ક્ષેત્રફળ ૨૮૪ ચો. કી. છે. ગણદેવી તાલુકો ૫૩ ગામોનો બનેલો છે. જેમાં ૫૨ ગામમાં સ્વતંત્ર ગ્રામપંચાયત છે. ૧ જૂથ પંચાયત છે. આદિવાસી પેટા યોજના વાસદાના પોકેટ વિસ્તાર તરીકે તાલુકો જાહેર કરવામાં આવેલ છે. જેના કુલ ૫૩ ગામો પૈકી ૩૩ ગામો પોકેટ અને ૨૦ બિનઆદિજાતિ હેઠળનાં ગામો છે.

૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગણદેવી તાલુકાની વસ્તી ૧૨૪૯૨૬ છે. તેમાં અનુસૂચિત જાતિની વસ્તી ૪૦૯૪ છે. આદિવાસીની વસ્તી ૪૦૩૩૫ છે. પોકેટના ૩૩ ગામોની કુલ વસ્તી ૫૫૦૫૧ છે. અનુસૂચિત જાતિની વસ્તી ૨૧૬૦ની છે. આદિવાસી વસ્તી ૩૦૧૨૪ છે. પોકેટ પસંદ થયેલાં પાંચ ગામોની આદિવાસી વસ્તી કુલ ૫૯૧ છે. તેમાં કુલ પુરુષ ૨૯૧ અને સ્ત્રી ૨૪૧ છે. ભણવાલાયક બાળકો કે બાલમંદિરથી માંડી માધ્યમિક શાળાની વિગત જોઈએ તો બાલવાડીમાં ૩ પુરુષ અને ૧ સ્ત્રી, પ્રાથમિક શાળામાં ૧૨૦ પુરુષ અને ૬૫ સ્ત્રી, માધ્યમિકમાં ૨૫ પુરુષ અને ૪ સ્ત્રી છે. ભણનની સંખ્યા ૧૫૩ પુરુષ અને ૭૭ સ્ત્રીની જાણવા મળી હતી.

રજેજ લઘુ વિસ્તારમાં ધોડિયા, નાયકા, હળપતિઓમાં વિશેષ સંખ્યા હળપતિ આદિવાસીઓની જોવા મળી હતી. આ સિવાય બીજી જાતિઓમાં કોઈ કોઈ ગામમાં અનુસૂચિત જાતિઓની વસ્તી જૂજ પ્રમાણમાં વસે છે.

અર્થવ્યવસ્થા :
----------



રહેજ લઘુ વિસ્તારમાં વસતા આદિવાસીઓ અનેકવિધ વ્યવસાયો દ્વારા પોતાનું જીવનનિર્વાહ ગોઠવ ... ક પરિસ્થિતિને કારણ કોઇપણ એક વ્યવસા ... રી, પશુપાલન, નોકરી, વેપાર ધંધા અને બીજા અન્ય વ્યવસાયો કરીને પોતાનો જીવનનિર્વાહ ગોઠવે છે. આ વિસ્તારમાં ખેતીના વ્યવસાયની સાથે ખેતમજૂરીના વ્યવસાય સાથે સંકળાયેલા કુટુંબોની સંખ્યા સવિશેષ જાણવા મળી હતી. સર્વેક્ષણમાં આવરી લીધેલા ૧૦૦ કુટુંબોમાંથી ફક્ત ૮ કુટુંબની પાસે ખેતીની જમીન છે. તે પણ પૂરતી નહીં. સાધનો પણ અપૂરતા છે. માટે બધા જ આદિવાસીઓ મોટે ભાગે ખેતમજૂરી અને બીજા અન્ય ધંધા સાથે સંકળાયેલા છે. આ લઘુ વિસ્તારનાં પસંદ થયેલ નમૂનાના ૧૦૦ કુટુંબોમાંથી ફક્ત ૮ કુટુંબોની કુલ જમીન ૧૩ એકર અને ૧૪ ગુંઠા છે. તેમા પિયત ૧૨ એકર અને બિનપિયત ૧ એકર અને ૧૪ ગુંઠા છે. આ જમીનમાં ખાસ કરીને ડાંગર, જુવાર, નાગલી, અડદ, વાલ વગેરે પાકો થાય છે. આ જમીનમાંથી એક વર્ષ ચાલે એટલું અનાજ તેમને મળતું નથી, એટલે તેમને ખેતમજૂરી પર પોતાના જીવનનો આધાર રાખવો પડે છે.

આવક :
-----

લઘુ વિસ્તારના તપાસના નમૂનાના કુટુંબો મોટે ભાગે ખેતમજૂરી કરતા જોવા મળ્યા. તેમની પાસેથી માહિતી લેતાં ખ્યાલ આવ્યો કે તેઓ ફક્ત ખેતમજૂરી જ કરે છે. આ વિસ્તારમાં મોટે ભાગે હળપતિ એ જાહેર રીતે નહીં પણ મજૂરીના કારણે પણ હાળી તરીકે અનાવિલને ત્યાં આખું કુટુંબ કામ કરતું હોય છે. છતાં તે જાહેરમાં કહી શકતો નથી કે હું હાળી તરીકે કામ કરું છું. નિરીક્ષણ કરવામાં આવે તો જરૂર આ વસ્તુ બહાર આવે છે. મારી તપાસનાં કુટુંબો પાસેથી ફક્ત ખેતમજૂરી કરે છે એવું જાણવા મળ્યું હતું. પણ પછી વધુ ચર્ચા કરતાં જાણવા મળ્યું કે આ લોકો બીજી છૂટક મજૂરી, વાસણ, કપડાં એટલે કે ઉજળિયાતને ત્યાં ઘરકામ પણ કરતા હતા તેવું જાણવા મળ્યું. એટલે કે ફક્ત ખેતીની જ છૂટક મજૂરી તેમને કરવી પડે છે તે સ્પષ્ટ થાય છે.

તપાસના કુટુંબોની આવક બાબતમાં જોઇએ તો ૧૦૦ કુટુંબોમાંથી ખેતી કરતાં આઠ કુટુંબો, ખેતમજૂરી કરતા ૯૨ કુટુંબો જોવા મળ્યા હતા. આ આઠ કે કુટુંબો જે ખેતી કરે છે અને જે ખેતમજૂરી કરે છે તેમને તેમની ખેતીની આવક પૂરતી ન હોવાથી અને ખેતમજૂરી બારેમાસ

મળતી ન હોવાથી તેમાથી કેટલાક અન્ય મજૂરી કે ધંધા પણ કરતા હોય છે. મારા તપાસના પત્રકમાં જોવા નહીં મળે પણ મને જાણવા મળ્યુ હતુ કે આ આદિવાસીઓ અન્ય બીજી છૂટક મજૂરી પણ કરતા હોય છે. તેમની કુલ વાર્ષિક આવક રૂ ૨૨[illegible] થાય છે. આવકને ૧૦૦ કુટુંબોની સરેરાશ [illegible] ૧ કુટુંબના સરાસરી [illegible] સરેરાશ ગણીએ [illegible] માથાદીઠ કાઢીએ તો લગભગ રૂ. ૩૨ થાય છે. આ કુટુંબની માથાદીઠ આવક રાજ્યની સરેરાશ આવક કરતાં ઘણી જ ઓછી આવક હતી. આ આદિવાસીઓને ગરીબાઈની રેખા નીચે ગણી શકાય.

વપરાશી ખર્ચ :

તપાસના લઘુ વિસ્તારમા આવરી લીધેલા કુટુંબોમા વાર્ષિક વપરાશી ખર્ચની વિગતો જોતા કુટુંબદીઠ ખર્ચનુ પ્રમાણ આવક કરતા વધુ હતું.

સર્વેક્ષણમાં આવરી લીધેલ કુલ ૧૦૦ કુટુંબોનો વાર્ષિક ખર્ચ રૂ. ૩૪૪૯૫૬ થાય છે. જેમનો કુટુંબદીઠ વાર્ષિક સરેરાશ ખર્ચ ૩૪૫૦ થાય છે. અને માસિક કુટુંબદીઠ સરેરાશ ખર્ચ રૂ. ૨૮૬૧ થાય છે. અને માસિક માથાદીઠ ખર્ચ રૂ. ૪૮-૮૦ થાય છે. આ રીતે આવક અને ખર્ચના આંકડા જોતાં ખ્યાલ આવે છે કે આવક કરતાં ખર્ચ વધુ થાય છે. વિગતવાર ખર્ચ જોઈએ તો ખાધાખોરાકી ખર્ચ ૨૯૮૩૫૦, બળતણ ૮૩૬૫, કપડાં અને પગરખાં, સામાજિક ખર્ચ ૬૩૫૫, ધાર્મિક રૂ. ૬૩૩૭, શૈક્ષણિક રૂ. ૨૨૬૦, મોજશોખ રૂ. ૪૬૫ અને બીડી, દારૂ, તાડી રૂ. ૬૯૩૯ ખર્ચ જોવા મળ્યું હતું. તેમાં સૌથી વધુ ખર્ચ ખાધાખોરાકી પાછળ અને સૌથી ઓછો ખર્ચ મોજશોખ પાછળ કરેલો જોવા મળ્યો હતો.

આમ અનેક ધંધાઓ કરવા છતાં તેમના રોજબરોજના આવા અનેક ખર્ચાઓને તેઓ પહોંચી વળતા નથી. તેમના ખર્ચની વિગતો જોતાં તેમની ગરીબીનું ચિત્ર ઉપસી આવે છે. આ ઉપરાંત કોઈ આકસ્મિક ખર્ચ આવી પડે તો તેમને દેવામાં વિશેષ દેવુ કરવુ પડે છે.

દેવું :

સર્વેક્ષણનાં ૧૦૦ કુટુંબોમાંથી તેમની આવક કરતા વપરાશી ખર્ચ વધારે જાણવા મળ્યો હતો. વધુ ખર્ચને પહોંચી વળવા તેઓ દેવુ કરતા હતા. આ લઘુ વિસ્તારમાં દેવાનું પ્રમાણ વિશેષ જોવા મળ્યું હતું. લગભગ ૬૧ % કુટુંબો દેવાદાર હતાં. તેમણે શાહુકાર, સરકાર, સહકારી મંડળી, બેન્ક, સંબંધી અને ખાનગી (જેને ત્યાં કામ કરે ત્યાંથી ઉપાડ) વિવિધ સ્થળેથી નાણાંનો ઉપાડ કર્યો હતો. આવક કરતાં ખર્ચ વધારે થતો હોય તો સ્વાભાવિક રીતે જ ખ્યાલ

આ કે દેવું કર્યા શિવાય બીજો કોઈ વિકલ્પ રહેતો નથી.

શિક્ષણ :

આ વિસ્તારમાં નાયકા, હળપતિ અને ધોડિયા આદિવાસી છે. હળપતિઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું જ ઓછું જોવા મળ્યું ... ોમાં તો શિક્ષણ ઓછું જ છે પણ તેમાંય ... ૧૦ કુટુંબોના શિક્ષણની પરિસ્થિતિ જોઈએ તો ... તપાસના ૫ ગામોની કુલ આદિવાસી વસ્તી ૫૯૬ છે. તેમાં કુલ પુરુષ ૨૯૬ અને સ્ત્રી ૨૪૧ છે. તેમાં લગભગ પુરુષ અને સ્ત્રીમાં અડધ કરતા વધારે અભણ જોવા મળ્યા. પ્રાથમિક શાળામાં ૧૧૦ પુરુષ, ૬૫ સ્ત્રી, માધ્યમિકશાળામાં ૨૫ પુરુષ, ૪ સ્ત્રીની સંખ્યા હતી. આ આંકડા પરથી આ વિસ્તારના આદિવાસીઓના શિક્ષણ અંગે ખ્યાલ આવશે. આ પાછળ એક મહત્વના પાસાની અસર જોવા મળે છે કે તેમનું આર્થિક પાસું ઘણું જ નબળું હોવાથી મજૂરી માટે બાળકોને સાથે લઈ જાય છે અને નાના બાળકોને મોટા બાળકો સાચવે છે. આ રીતે આડકતરી રીતે મજૂરીની અસર તેમના ભણવા પર પડે છે. આથી આ વિસ્તારના આદિવાસીઓમાં શિક્ષણ ઓછું જોવા મળે છે.

સૂઝાવો :

આદિવાસીઓના વિકાસમાં અનેકવિધ પાસાઓ ભાગ ભજવે છે. આ વિસ્તારમાં લગભગ હળપતિઓની વસ્તીનું પ્રમાણ વિશેષ જોવા મળે છે અને જેનું ઘડતર પાયામાંથી લગભગ પરતંત્રના વાતાવરણમાં થાય છે. આથી પોતાના વિકાસની જિજ્ઞાસા કે વિચાર આવતો નથી. કારણ કે જન્મથી જ અનાવિલ દેસાઈને ત્યાં હાળી તરીકે જ પોતાનો વિકાસ થતો હોય છે. તેને રોટલો, કપડાં અને વાડીમાં એક ખૂણામાં છાપરું મળે છે. આથી બીજી દુનિયા એના માટે અંધારા સમાન છે. તેમ છતાં તેમના માટે પ્રત્યક્ષ નિરીક્ષણ દ્વારા કેટલાક પ્રશ્નો જાણવા કે જોવા મળ્યા છે. તેને માટે કેટલાક સૂઝાવો કે સૂચનો આ મુજબ કરી શકાય.

૧. લઘુત્તમ આવશ્યકતાઓની પૂર્તિ :

આ આદિવાસી વિસ્તારોમાં તેમના રહેઠાણની વ્યવસ્થામાં જોવા મળ્યું કે એક બીજાથી ઘણા જ દૂર રહેતા હોય છે. એક બીજાને ત્યાં જવા માટે રસ્તા પણ હોતા નથી. પગદંડી કે ગોળ ગોળ ફરીને તે પણ કાદવકીચડવાળા રસ્તાઓ હોય છે. ગામની સાથેના રસ્તા પણ ઘણા જ ખરાબ હોય છે. તેને માટે પણ વિચારવું જોઈએ. ખાસ તેમની જરૂરિયાતમાં ઘર, વીજળી, પાણી અને દવાદારૂની છે. કૂવો પચાયતે કરેલો હોય છે પણ આ આદિવાસીઓ ગામના

ચારેક કિ.મી.માં ફેલાયેલા હોય છે. અને પંચાયતે કરેલો કૂવો ગામની નજીકમાં હોય છે. વીજળીનું જોડાણ-પણ હોતું નથી. ગામમાં વીજળી હોય પણ આદિવાસીઓ ઘણા ઓછાં ઘરમાં વીજળી જોવા મળે છે. આજ રીતે આરોગ્યની પણ જે કંઇ વ્યવસ્થા હોય છે તે ગામમાં જ હોય છે. તો ખાસ પાયાની જરૂરિયાત છે તેના માટે આદિવાસીઓને જેમ નજીકમાં કે વધારેના નિવાસની મધ્યમાં આ વ્યવસ્થા કરવી જોઇએ. કવો [illegible] રોગ્યની સેવા માટેની વ્યવસ્થા કરવી જોઇ[illegible]

વીજળ[illegible] [illegible]વા આપવી જોઇએ. તેને માટે સ્ટ્રીટ લાઇટ આપવી જોઇએ. રસ્તાઓ પર કાદવ ના થાય માટે પંચાયતે પુરાણ કરાવવું જોઇએ.

<u>રહેઠાણ :</u>

આ વિસ્તારમાં કેટલાક આદિવાસીઓને સરકાર તરફથી મકાન માટેની મદદ થયેલ જોવા મળી હતી. આ મદદમાં હજી આદિવાસીની વસ્તી -ના પ્રમાણમાં ઘણી જ ઓછી કહેવાય તો તેમાં કેમ વધારે કુટુંબોને લાભ મળે તેવી વ્યવસ્થા કરીને બીજા આદિવાસીઓને રહેઠાણની વ્યવસ્થા માટે મદદ કરવી જોઇએ. તેના માટે કોઇ ચોકકસ યોજના વિચારવી જોઇએ. કારણ કે ઘણા આદિવાસીઓ વાડીઓમાં-ખૂણામાં છાપરું બાંધીને રહે છે. જેને પંચાયતનો વેરો ભરવાની શરતે છાપરું બાંધવા દે છે. કહેવાનો અર્થ એ છે કે હજી પણ રહેઠાણની વ્યવસ્થા આ વિસ્તારમાં ઘણી જ કરવાની જરૂર છે. તો તેવું કરવું જોઇએ.

<u>આર્થિક :</u>

આ પોકેટના આદિવાસીઓ પાસે ૮ ટકા ખેતીની જમીન આદિવાસી કુટુંબો પાસે છે. બાકીની બાણું ટકા આદિવાસીઓ પાસે જમીન નથી. તો તેમને સરકારી ગોચર, ખરાબાની કે ગામતળની જમીન આપવી જોઇએ. ખેતી અંગે સારી સૂઝ ધરાવે છે. ખેતીનાં સાધનો, બળદો અને સુધારેલાં બિયારણો આપી પોતાની રીતે પગભર થાય તેવું કરવુંજોઇએ. આ વિસ્તારમાં બાગાયતની ખેતી વિશેષ જોવા મળે છે. તો બાગાયતની ખેતી તરફ વાળવા જોઇએ. જેથી તેમના જીવનમાં વિકાસની શરૂઆત થઇ શકે. તો તેમાંથી તે પોતે પણ પોતાની રીતે આગળ આવી શકે તે સ્વાભાવિક છે.

પશુપાલન :

આ પોકેટના આદિવાસીઓને પગભર કરવા માટે તેમને અન્ય વ્યવસાયો તરફ લઈ જવાની ખાસ આવશ્યક બને છે. તેમાં તેમની ઈચ્છા પશુપાલન તરફ હોય તેવું જાણવા મળ્યુ. પણ તેને જમીન અને રાહત મળે તો પશુપાલનનો ધંધો કરી શકે. કારણ કે હાલમાં ક્ષેત્રકાર્ય દરમ્યાન અનાવિલોની અને કોળી પટેલોની ગાયો, ભેંસોને અડધા ભાગે પાલતા હોય છે. એટલે પશુપાલન કરી શકે તેમ છે. પણ તેમને મદદ કરવાની ખાસ જરૂર છે. તેમને ઘેર મરઘાં, બકરાં પણ જોવા મળે છે. મરઘાફાર્મ માટે પણ તેમને મદદ આપવી જોઈએ. તો તેમને પૂરક રોજી મળી શકે. તેમનામાં પશુપાલન અંગે શકિત છે તો તેનો પણ વિકાસ થાય.

દરજીકામ, સાયકલ રીપેરીંગ વગેરે :

પરિવર્તનની અસર આ વિસ્તારોમાં જોવા મળે છે. ખાસ કરીને આ વિસ્તારને અનુરુપ નવા ધંધાઓમાં સિવણકામની તાલીમ અને ધંધા માટે સહાય, દુકાન કરવી, સાયકલ સ્ટોર વગેરે પ્રકારના કામ યુવાનો ઈચ્છે છે. તો આ રીતે નવા ધંધાની તાલીમ વર્ગો માટે સરકારે વ્યવસ્થા કરવી જોઈએ.

કુશળતા વધારવાનો કાર્યક્રમ :

આદિવાસી લોકોમાં કૌશલ્યતા ઘણી જ છે. તેને પ્રોત્સાહિત કરવાની આ વિસ્તારમાં આદિવાસીઓ કથીરના ઘરેણાં સરસ બનાવે છે. એનો અર્થ એ થાય કે આ આદિવાસીઓમાં દાગીના બનાવવા માટે કુશળતા છે. આ કુશળતાનો વિકાસ થાય તો તેમને આર્થિક રીતે ફાયદો થાય અને તેમની કળાકારીગરીનો વિકાસ થાય. આ આદિવાસીઓ ફરસાણ જેવી વાનગીઓ બનાવે છે તેના માટે પણ તેમને પ્રોત્સાહન મળી રહે આવું આયોજન કરવું જોઈએ. અને તેને મોટા પાયા પર તાલીમવર્ગ કે એક કેન્દ્ર ઊભું કરવું જોઈએ.

ધિરાણ વ્યવસ્થા :

આદિવાસી કુટુંબોને દવુ કરવાની બે રીતે જરૂરિયાત ઊભી થાય છે. તેમાં (૧) ખેતી માટે અને (૨) ઘરખર્ચ અને સામાજિક પ્રસંગો માટે. આને માટે તેઓ શાહુકાર વેપારી અને સહકારી મંડળી મારફતે ધિરાણ લે છે. આમાં આદિવાસીઓને ઘણી જ મુશ્કેલીઓ પડે અને તેમનુ શોષણ પણ થાય છે. આદિવાસી કુટુંબોમા અમુક આકસ્મિક ખર્ચ કુ સામાજિક પ્રસંગો માટે થોડી રકમ મળી રહે તેવી વ્યવસ્થા થવી જોઈએ. સાથો સાથ ધિરાણ મંડળી દ્વારા જે રકમ અપાય છે તેમાં સમય પ્રમાણે નિયમોમાં સામાન્ય ફેર કરવો જોઈએ. અથવા તો કોઈ વિકલ્પ રાખવો જોઈએ. દા.ત. મંડળીનું લહેણું કેટલું છે અને બાકી હોય ત્યાં સુધી ધિરાણ

અપાતુ નથી. આ સમયે વરસાદ કેવો છે ? પાક કેટલો ઉતરે તેમ છે વગેરે બાબતોને ધ્યાનમાં લઇને બીજા વધારાના ધિરાણ અંગે વિચારવું જોઇએ.

સામાજિક-શૈક્ષણિક કાર્યક્રમો :

લઘુ વિસ્તારમાં વસતા આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું જ ઓછું છે. બાળ શિક્ષણ નથી. ત્યાંથી શરૂ કરી પ્રૌઢ શિક્ષણ સુધીના કાર્યક્રમ બનાવવા જોઇએ. તેઓ માટે લખતા વાંચતાં ઉપરાંત સામાજિક શિક્ષણની પણ એટલી જ જરૂર છે.

આદિવાસી વસ્તીવાળા ગામોમાં આંગણવાડી, બાલવાડી અને પ્રાથમિક શાળા તો હોવા જોઇએ. બાળકો નિયમિત શાળાએ આવે તે માટે તેમને કપડાં, પુસ્તકો, સ્લેટો અને નાસ્તા વગેરે આપવુ જોઇએ.

આ ઉપરાંત આદિવાસી બાળકોમાં શિક્ષણ વધે તે માટે આશ્રમશાળા અને છાત્રાલયોની વધુ સંખ્યા હોવી જોઇએ જેથી તેમનામાં જે ગરીબી છે અને ભણાવી શકતા નથી તો આવી વ્યવસ્થા મળે તો તેમનામાં શિક્ષણમાં જરૂર વધારો કરી શકાય. ઉપરોકત શૈક્ષણિક યોજના સાથે તેમના વિસ્તારમાં યુવા મંડળ, મહિલા મંડળ, ભજન મંડળ જેવા સામાજિક શિક્ષણના લગતા કામો હાથ ધરવા જોઇએ.

સાંસ્કૃતિક જીવન વિકાસ અંગે :

આદિવાસીઓના જીવનમાં સાંસ્કૃતિક મહત્વ ઘણું જ હોય છે પણ તેને જો વિકાસ માટે મદદ કરવામાં આવે તો તેમાંથી આ લોકો પૂરક રોજી પણ મેળવી શકે. દા.ત. તેમને વિવિધ પ્રકારના નૃત્યો, ગીત, સંગીત અને લોકકથા વગેરેમાં તેમના જીવન પ્રસંગો આવી જાય. તેમના ઇતિહાસ, વંશાવળી વગેરેને જો પધ્ધતિસર બનાવીને મનોરંજન કાર્યક્રમ માટે એક ટૂકડી બનાવવામાં આવે તો શહેરી વિસ્તારોમાં કે આજુબાજુના ભદ્ર સમાજને આ નવી ફેશનમાં વધારે ગમશે. અને પૂરક રોજીના રૂપમાં આવક પણ મળી રહેશે. તથા તેમની અસલ સંસ્કૃતિની જાળવણી કે દસ્તાવેજ રૂપે સચવાશે.

વહીવટી માળખુ :

આદિવાસીઓની એવી ફરિયાદ છે કે સરકારશ્રી તરફથી અમારા લાભ માટે ઘણું થાય છે. પરંતુ અધિકારી વર્ગ તરફથી આ લાભ પૂરતા પ્રમાણમાં મળતો નથી. અને વધુને વધુ આડાશ ઊભી કરવામાં આવે છે. જો માનવતાને ખ્યાલમાં રાખી ગરીબ આદિવાસીને મદદરૂપ થવા મદદ માટે હંમેશા તૈયાર રહેવું જોઇએ. અને જો એમ થશે તો સેવા અને ફરજ બંને માટે સંતોષ થશે.

...

કોઠો-૧

વલસાડ તાલુકાના રોનવેલ અને અટગામ લંબુ વિસ્તારની વસ્તી દર્શાવતો કોઠો

| વસ્તી | ગામોની સંખ્યા | ટકાવારી |
|---|---|---|
| ૫૦૦૦થી ૯૯૯૯ | ૪ | ૫. ૧૯ |
| ૨૦૦૦થી ૪૯૯૯ | ૨૫ | ૩૨. ૪૭ |
| ૧૦૦૦થી ૧૯૯૯ | ૨૮ | ૩૬. ૩૬ |
| ૫૦૦થી ૯૯૯ | ૧૫ | ૧૯. ૪૮ |
| ૨૦૦થી ૪૯૯ | ૪ | ૫. ૧૯ |
| ૨૦૦ થી ઓછી | ૧૦ | ૧. ૩૧ |
| કુલ | ૭૭ | ૧૦૦.૦૦ |

આમ લગભગ ૭૪ ટકા ગામોની વસ્તી ૧૦૦૦ ઉપર છે. ૧૯૭૧થી ૧૯૮૧ના દસકામાં કુલ વસ્તી કરતાં આદિવાસીની વસ્તીમાં વધારો થયો છે. આ ગામોમાં આદિવાસીની વસ્તીની ટકાવારી નીચેના કોઠામાં આપવામાં આવી છે.

| આદિવાસી વસ્તીની ટકાવારી | ગામો ની સંખ્યા |
|---|---|
| ૧૦ થી ૨૦ | ૫ |
| ૨૧ થી ૪૦ | ૧૬ |
| ૪૧ થી ૬૦ | ૨૫ |
| ૬૧ થી ૮૦ | ૧૬ |
| ૮૦થી વધુ | ૧૫ |

આમ આપણે જોઇ શકીએ કે લંબુ વિસ્તારની ગણતરીમાં લીધેલાં ૭૭ ગામોમાંથી ૫૬ ગામોમાં તો આદિવાસીની વસ્તી ૪૦ ટકા ઉપર છે. ફક્ત ૨૧ ગામોમાં તો ૧૦ ટકાથી ૪૦ ટકાની વસ્તી છે. આમ વલસાડ તાલુકાની આદિવાસી વસ્તી ૫૦ ટકાથી ઓછી હોવાથી ભલે તે પેટા યોજનામાં આવતો નથી પરંતુ તેનાં મોટા ભાગનાં ગામોની આદિવાસી વસ્તી પેટા યોજનામાં આવતાં ગામો જેટલી જ જોવા મળે છે. એથી એમને પણ પેટા યોજનામાં ગણી લેવામાં આવે તો આદિવાસીના વિકાસ માટેના જે લાભો પેટા યોજનામાં આવરી લીધેલાં

તાલુકામાં મળી છે તે એમને પણ મળી શકે તેમ છે. કારણ કે આ વિસ્તારની જે આદિવાસી વસ્તી છે તે બીજા વિસ્તાર જેવી જ આર્થિક રીતે ગરીબ અને પછાત છે.

લઘુ વિસ્તારના ગામોમાં મહદઅંશે ધોડિયા, નાયકા, હળપતિ અને થોડા ઘણા અંશે વારલી અને કોલચા આદિવાસી જાતિની વસ્તી છે. તે સિવાય બિનઆદિવાસીઓમાં મુખ્યત્વે કોળી પટેલ, અનાવિલ બ્રાહ્મણ, મુસલમાન, કુંભાર, હરિજનો વગેરે જાતિઓ વસવાટ કરે છે.

વલસાડ તાલુકાના આ બે લઘુ વિસ્તારનું આયોજન કરવા માટે સમયની મર્યાદા હતી તેથી ૭૭ ગામોના બધાં કુટુંબની માહિતી પ્રાપ્ત કરી શકાય તેમ ન હોવાથી નિદર્શન પદ્ધતિથી બંને વિસ્તારમાંથી પાંચ પાંચ ગામ અને તેમાંથી વીસ વીસ કુટુંબો એમ દસ ગામોમાં ૨૦૦ કુટુંબોને સર્વેક્ષણમાં આવરી લીધાં હતાં. આમાં અટગામ પોકેટમાંથી અટગામ, અટક પારડી, ગદરગોટા, ઉંટડી અને કાંજણરણછોડની તપાસ કરી હતી. જ્યારે રોનવેલમાંથી રોનવેલ, ચીંચવાડા, હરીયા, વાંકલ અને કોસમકુવાની તપાસ કરી હતી. આમ અટગામ એ વલસાડથી ૧૪ કિ.મી. દૂર અને રોનવેલ વલસાડથી ૩૦ કિ.મી. દૂર આવેલું છે. અટગામથી ૬૨ કિ.મી. દૂર નેશનલ હાઇવે નં.૮ પસાર થાય છે જ્યારે રોનવેલ વલસાડ ધરમપુર હાઇવે પર આવેલું છે.

આ લઘુ વિસ્તારની આજુબાજુ ધરમપુર વાંસદાના જંગલો આવેલાં હોવાથી વરસાદ સો ઇંચથી પણ વધુ થાય છે. પરંતુ જમીન ખડકાળ હોવાથી પાણી વહી જાય છે. એટલે પાણીનો સંગ્રહ થતો નથી. અહીંની આબોહવા સમશીતોષ્ણ નથી અને તેની અસર ખેતી, પશુપાલન, જંગલની પેદાશ, ઉદ્યોગ તેમજ પ્રદેશના લોકોના આર્થિક પાસા પર પણ વધતા ઓછા અંશે જોવા મળે છે. આ અસરો ઋતુ તેમજ હવામાન પ્રમાણે થાય છે. આ તાલુકામાં મોટે ભાગે ચીકુ, આંબા, નાળિયેરી અને તાડનાં વૃક્ષો થાય છે. વલસાડની કેરી દેશ પરદેશ વખણાય છે. આ ઉપરાંત નીલગીરી, સાગ, સરૂ જેવા ઝાડોની સંખ્યા પણ સારી એવી છે. ખેતીમાં અનાજમાં ડાંગર, નાગલી, ઘઉં કઠોળમાં તુવેર, મગ, અડદ વગેરે પાકે છે. આ ઉપરાંત લીલાં શાકભાજી પણ ઉગાડે છે. તેમજ હલકા પ્રકારનું ઘાસ પણ થાય છે. પોકેટનાં ગામોમાં લોકો દૂધાળાં ઢોરમાં ગાય ભેંસ વધુ પ્રમાણમાં રાખે છે. ખેતી કામમાં બળદ પાડાનો પણ ઉપયોગ કરે છે.

લઘુ વિસ્તારનાં ગામોમાં રહેતા આદિવાસીઓના ઘર મોટે ભાગે કાચાં હોય છે. ખાસ કરીને વાંસના ખપાટિયાની દીવાલ અને તેના પર લસ લીપણ કરેલું હોય છે, જ્યારે ઘરનું છાજ દેશી કે વિલાયતી નળિયાનું બનાવેલું હોય છે. મોટા ભાગનાં ઘર ૧૨×૧૨નાં છે. એટલે કે ખૂબ નાનાં છે. ઘરમાં બારી બારણાં હોતાં નથી. કેટલાક સમૃદ્ધ કુટુંબનાં ઘરો

પાડા જોવા મળ્યાં છે. દરેક કુટુંબ પાસે એક મકાન હતું. તેમાં ધોડિયા, નાયકા અને કેટલાક હળપતિનાં મકાન સરકારે આપેલી ઘરથાળની જમીન અથવા પોતાની જમીનમાં હતા. પરંતુ જે હળપતિઓ કાયમી દેસાઇ લોકોને ત્યાં ખેતમજૂરી કરતા હતા તેમનાં મકાન દેસાઇની જમીનમાં હતાં અને માત્ર ઝૂંપડાં જ હતાં. ૨૦૦ કુટુંબોમાંથી ૯૬ કુટુંબો પાસે પશુ બાંધવાની છાપરી હતી જેમાં મોટા ભાગનાં જમીનવાળાં કુટુંબો આવતાં હતાં. મોટા ભાગના હળપતિ પાસે પશુપાલન નથી અને છાપરી પણ નથી.

જે ૨૦૦ કુટુંબો લીધાં હતાં તેમાં અટગામ પોકેટમાં ૫૫ જમીનવાળા અને ૪૫ જમીન વગરનાં કુટુંબો હતાં. જ્યારે રોનવેલમાં ૩૨ જમીનવાળા અને ૬૮ જમીન વગરના કુટુંબો હતાં. તેમાં પણ મોટા ભાગે ધોડિયા, બીજે નાયકા અને પછી હળપતિ અને વારલી આવતા હતા. જેમની પાસે જમીન છે તેઓ પણ કેવળ ખેતી પર જ આધાર રાખી શકે તેટલી જમીન ધરાવતા નથી. મોટા ભાગનાની જમીન પાંચ એકરથી ઓછી છે. લવ વિસ્તારમાં પિયતની સગવડ સારી છે. પરંતુ આદિવાસીઓ પાસે આ સગવડ નથી. તેથી ખેતી કુદરત આધારિત છે. વળી ગામની રીતે જોઇએ તો જે ગામોમાં આદિવાસી ખાતેદારો ઓછા છે તે ગામોમાં કુલ જમીનમાં ખેડાણની જમીન વધુ છે. જ્યાં આદિવાસી ખાતેદારો વધુ છે તે ગામોમાં કુલ જમીનમાં ખેડાણની જમીન ઓછી છે.

આ વિસ્તારના આદિવાસીઓ પાસે પશુધનમાં સૌથી વધુ ગાય અને બળદ હતા. પછી ભેંસ અને બકરાં આવતાં હતાં. સામાન્ય રીતે પશુ આ લોકો જરૂરિયાત પ્રમાણે રાખતા હોય છે. હવે આ વિસ્તારમાં દૂધ સહકારી મંડળી થવાથી આ લોકો ભેંસ ઉછેરવા તરફ વિશેષ ધ્યાન આપતા થયા છે. પશુધન પણ ધોડિયા અને નાયકા પાસે વધુ છે જ્યારે હળપતિ, વારલી અને કોલચા પાસે ભાગ્યે જ જોવા મળે છે.

ખેતીનાં સાધનો પણ પરંપરાગત રીતે ચાલ્યાં આવતાં ઓજારો છે. આધુનિક સાધનો જેવાં કે લોખંડનું હળ, કરબ, કોશ, રહેંટ, ટ્રેકટર, ટ્રેલર, ટ્રક જેવાં આધુનિક સાધનો કોઇ કુટુંબમાં નથી. ખેતી કરનાર કુટુંબ પાસે પણ ધોડિયા વધુ છે. તેથી સ્વાભાવિક છે કે ખેતીનાં જે કંઇ સાધનો છે તે પણ મોટે ભાગે તેમની પાસે છે. તેવી જ રીતે ઘરવખરીનાં સાધનો ખાટલા, કબાટ, ટેબલ, ખુરશી, ઘડિયાળ વગેરે પણ જમીનવાળા કરતાં જમીન વગરના પાસે ઓછાં છે. અને તે રીતે ધોડિયા જાતિ પાસે વધારે છે જ્યારે હળપતિ પાસે નહીંવત છે. વાસણોમાં પણ એલ્યુમિનિયમ અને સ્ટીલનાં વાસણો હોય છે પિત્તળનાં અને તાંબાનાં વાસણો ઓછાં હતાં. અને તેમાં પણ હળપતિ પાસે તો બે ત્રણ એલ્યુમિનિયમનાં અને માટીનાં જ વાસણો હતાં.

સોનાના ઘરેણાં આ લોકોમાં જવલ્લે જ જોવા મળે છે. જો કોઇ સ્થિતિપાત્ર હોય તો વીટી, બુટ્ટી જેવા સોનાના ઘરેણાં હોય છે. ચાંદીના અને કોઇના દાગીના જુજ પ્રમાણમાં છે. પણ જેમ બધામાં બને છે તેમ હળપતિ પાસે તો છે જ નહી એમ કહીએ તો ચાલે. બેન્ક બેલેન્સ તેમાં ધોડિયા વધુ, નાયકા પાસે સામાન્ય અને હળપતિ પાસે નહીવત છે.

સર્વેક્ષણના કુટુંબની વ્યકિતદીઠ માસિક આવક રૂ.૮૫ જેટલી હતી. જેમાં ધોડિયા જાતિની રૂ.૧૦૦ ઉપર હતી. તો હળપતિની રૂ.૭૦થી ઓછી હતી. આમ ૧૯૭૭-૭૮ના આંક પ્રમાણે પણ હળપતિઓ ગરીબાઇ રેખા નીચે જીવતાં હતા. જ્યારે ધોડિયા, નાયકા, બોર્ડર લાઇન પર હતા. પરંતુ આજની ભાવસપાટી પ્રમાણે વિચારીએ તો બધા કુટુંબો ગરીબાઇ રેખા નીચે જીવતા હતા. ખર્ચની દ્રષ્ટિએ વિચારીએ તો પણ ૫૦ ટકા લોકો ગરીબાઇ રેખા નીચે જીવતા હતા. તેમનો મોટા ભાગનો ખર્ચ અનાજ, કપડાં અને વ્યસનમાં થતો હતો. શિક્ષણ કે અન્ય ધાર્મિક, સાંસ્કૃતિક બાબતોમાં ખર્ચનું પ્રમાણ નહીવત હતું. ૨૦૦ કુટુંબોમાંથી કુલ ૧૦૫ કુટુંબોએ દેવું કર્યું હતું તેમાં અટગામ લઘુ વિસ્તારના ૩૩ કુટુંબો અને રોનવેલ લઘુ વિસ્તારનાં ૭૨ કુટુંબો હતાં. તેમનું મોટા ભાગનું દેવું બિનઉત્પાદકીય હેતુ માટેનું હતું અને તેનો વ્યાજનો દર ૪ ટકાથી ૨૫ ટકા જેટલો હતો. લઘુ વિસ્તારના લોકોનો વ્યવસાય જોઇએ તે પહેલાં તેમના શિક્ષણ વિષે માહિતી લઇ લઇએ તો વ્યવસાયનો ખ્યાલ સારો આવી શકશે.

આ બંને લઘુ વિસ્તારના તમામ ગામોમાં પ્રાથમિક શાળાની સુવિધા છે. તેમજ મોટા ગામોમાં માધ્યમિકની વ્યવસ્થા છે. વળી વલસાડ, બીલીમોરાની આજુબાજુ આ ગામો આવેલા હોવાથી ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ પણ ઉપલબ્ધ થઇ શકે તેમ છે. ચીખલી અને વાંસદા તાલુકામાં આશ્રમશાળાઓ પણ છે. છતાં આ લોકોમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે. અને એ રીતે કહી શકાય કે સંપર્કથી વ્યકિતનું વલણ બદલાય છે. એવી અવધારણા સમાજમાં પ્રવર્તતી હોય છે. પરંતુ તે લઘુ વિસ્તારમાં મહદંશે ખોટી પડી છે. લઘુ વિસ્તારના મુખ્ય ગામો અટગામમાં ૧૮૭૩થી પ્રાથમિક શાળા છે. છતાં આ ગામોના હળપતિ અને નાયકામાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. તેવી જ રીતે બીજા ગામોમાં શિક્ષણની સગવડ ઘણા વર્ષોથી ઉપલબ્ધ હોવા છતાં શિક્ષણનો વ્યાપ જેટલો વધવો જોઇએ તેટલો વધ્યો નથી. સમગ્ર રીતે જોતાં બિનઆદિવાસી જાતિઓની સરખામણીમાં અક્ષરજ્ઞાનનો દર નીચો રહ્યો છે. તેમાં પણ હળપતિ, નાયકા, કોલચામાં શિક્ષણ ઘણું જ ઓછું છે. તેમાં પણ સ્ત્રી શિક્ષણ નહીવત છે અને હળપતિમાં તો સ્ત્રી શિક્ષણ છે જ નહીં એમ કહેવામાં પણ અતિશયોકિત નથી. કારણ કે ભાગ્યે જ ભણેલી સ્ત્રી જોવા મળે છે. આનું મુખ્ય કારણ નબળી

સોનાના ઘરેણા આ લોકોમાં જવલ્લે જ જોવા મળે છે. જો કોઇ સ્થિતિપાત્ર હોય તો વીંટી, બુટ્ટી જેવા સોનાના ઘરેણા હોય છે, ચાંદીના અને કાંઇના દાગીના જુજ પ્રમાણમાં છે. પણ જેમ બધામાં બને છે તેમ હળપતિ પાસે તો છે જ નહીં એમ કહીએ તો ચાલે. બેન્ક બેલેન્સ તેણે ધોડિયા પ વધુ, નાયકા પાસે સામાન્ય અને હળપતિ પાસે નહીંવત છે.

સર્વેક્ષણના કુટુંબની વ્યકિતદીઠ માસિક આવક રૂ.૮૫ જેટલી હતી. જેમાં ધોડિયા જાતિની રૂ.૧૦૦ ઉપર હતી. તો હળપતિની રૂ.૭૦થી ઓછી હતી. આમ ૧૯૭૭-૭૮ના આંક પ્રમાણે પણ હળપતિઓ ગરીબાઇ રેખા નીચે જીવતા હતા. જ્યારે ધોડિયા, નાયકા, બોર્ડર લાઇન પર હતા. પરંતુ આજની ભાવસપાટી પ્રમાણે વિચારીએ તો બધાં કુટુંબો ગરીબાઇ રેખા નીચે જીવતાં હતા. ખર્ચની દ્રષ્ટિએ વિચારીએ તો પણ ૫૦ ટકા લોકો ગરીબાઇ રેખા નીચે જીવતા હતા. તેમનો મોટા ભાગનો ખર્ચ અનાજ, કપડાં અને વ્યસનમાં થતો હતો. શિક્ષણ કે અન્ય ધાર્મિક, સાંસ્કૃતિક બાબતોમાં ખર્ચનું પ્રમાણ નહીંવત હતું. ૨૦૦ કુટુંબોમાંથી કુલ ૧૦૫ કુટુંબોએ દેવું કર્યું હતું તેમાં અટગામ લઘુ વિસ્તારના ૩૩ કુટુંબો અને રોનવેલ લઘુ વિસ્તારનાં ૭૨ કુટુંબો હતાં. તેમનુ મોટા ભાગનું દેવું બિનઉત્પાદકીય હેતુ માટેનું હતું અને તેનો વ્યાજનો દર ૪ ટકાથી ૨૫ ટકા જેટલો હતો. લઘુ વિસ્તારના લોકોનો વ્યવસાય જોઇએ તે પહેલાં તેમના શિક્ષણ વિષે માહિતી લઇ લઇએ તો વ્યવસાયનો ખ્યાલ સારો આવી શકશે.

આ બને લઘુ વિસ્તારના તમામ ગામોમાં પ્રાથમિક શાળાની સુવિધા છે. તેમજ મોટાં ગામોમાં માધ્યમિકની વ્યવસ્થા છે. વળી વલસાડ, બીલીમોરાની આજુબાજુ આ ગામો આવેલાં હોવાથી ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ પણ ઉપલબ્ધ થઇ શકે તેમ છે. ચીખલી અને વાંસદા તાલુકામાં આશ્રમશાળાઓ પ છે. છતાં આ લોકોમાં શિક્ષણનુ પ્રમાણ ઘણું ઓછું છે. અને એ રીતે કહી શકાય કે સંપર્કથી વ્યકિતનું વલણ બદલાય છે. એવી અવધારણા સમાજમાં પ્રવર્તતી હોય છે. પરંતુ તે લઘુ વિસ્તારમાં મહદંશે ખોટી પડી છે. લઘુ વિસ્તારના મુખ્ય ગામો અટગામમાં ૧૮૭૩થી પ્રાથમિક શાળા છે. છતાં આ ગામોના હળપતિ અને નાયકામાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. તેવી જ રીતે બીજાં ગામોમાં શિક્ષણની સગવડ ઘણા વર્ષોથી ઉપલબ્ધ હોવા છતાં શિક્ષણનો વ્યાપ જેટલો વધવો જોઇએ તેટલો વધ્યો નથી. સમગ્ર રીતે જોતાં બિનઆદિવાસી જાતિઓની સરખામણીમાં અક્ષરજ્ઞાનનો દર નીચો રહ્યો છે. તેમાં પણ હળપતિ, નાયકા, કોલચામાં શિક્ષણ ઘણું જ ઓછું છે. તેમાં પણ સ્ત્રી શિક્ષણ નહીંવત છે અને હળપતિમાં તો સ્ત્રી શિક્ષણ છે જ નહીં એમ કહેવામાં પણ અતિશયોકિત નથી. કારણ કે ભાગ્યે જ ભણેલી સ્ત્રી જોવા મળે છે. આનું મુખ્ય કારણ નબળી

આર્થિક સ્થિતિ છે. આદિવાસી માતા પિતા બાળકને નિશાળે મોકલવા કરતાં નાના ભાઈ બહેનને રાખવા ઘેર અથવા મજૂરીએ મોકલવાનું વધુ પસંદ કરે છે. તે બાળક પણ ભણી નહીં શકતે પરંપરાગત રીતે મજૂરીના વ્યવસાયમાં આવી જાય છે. અને ખાસ કરીને હળપતિને ત્યાં બાળક નાનું હોય ત્યારથી જ ઘરનું કામ, મજૂરી કે તેમના માતા પિતા જેને ત્યાં ખેતમજૂરી કરતાં હોય તે જમીનમાલિકને ત્યાં જાય છે. તેથી આ જાતિમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે અને આ માટે ઘનિષ્ઠ પ્રયત્નો કરવાની જરૂર છે. જેવી રીતે Primitive Group અનાજ સહાય રાખી છે તેમ હળપતિઓ માટે તેમનાં બાળકો શિક્ષણ લેતાં થાય એ માટે આવા ઉપાય વિચારવા જેવા છે.

વ્યવસાય અને રોજગારી :

અટગામ લઘુ વિસ્તારમાં કામ કરનાર વર્ગ ૫૪.૨૩ % છે. અને કામ નહીં કરનાર વર્ગ ૪૫.૨૭% છે. જ્યારે રોન્વેલમાં આથી ઉલટું છે. ત્યાં કામ કરનાર વર્ગ ૪૬.૩૭% અને કામ ન કરનાર વર્ગ ૫૩.૬૩% છે. ટૂંકમાં બે વિસ્તાર મળી ૫૦% વર્ગ કામ કરનાર છે. ધોડિયા અને નાયકામાં બાળમજૂરનું પ્રમાણ નહીંવત છે. હળપતિમાં કાગળ ઉપર તે પ્રમાણ ઓછું છે પણ હકીકતમાં વધુ છે. જેનો ઉલ્લેખ શિક્ષણમાં છે.

આ લોકોનો મુખ્ય ધંધો ખેતી છે. તેમાં અટગામ લઘુ વિસ્તારના ૫૫ જમીનવાળા વર્ગમાં ૩૩ ખેતી કરે છે અને જેમાં ૨૪ ધોડિયા, ૬ નાયકા અને ૩ હળપતિ છે. જ્યારે રોન્વેલ લઘુ વિસ્તારમાં ૩૨ જમીનવાળા કુટુંબોમાંથી બધાએ ખેતીને મુખ્ય ધંધા તરીકે સ્વીકાર્યો છે. છતાં પૂરતું પોષણ ન થવાથી ગૌણ ધંધા તરીકે ખેતમજૂરી, ઔદ્યોગિક મજૂરી, નોકરી, ગૃહોદ્યોગ કરે છે.

મુખ્ય ધંધામાં સૌથી વધુ સ્વીકાર્ય બન્યો હોય તો તે ખેતમજૂરીનો ધંધો છે. તે ૧૦૪ કુટુંબો કરે છે. જેમાં ૯૭ કુટુંબો જમીન વગરના છે. બાકીનાં ૭ કુટુંબો જમીનવાળા છે. કે જેમની પાસે પૂરતી જમીન ન હોવાથી ખેતમજૂરીને મુખ્ય ધંધા તરીકે સ્વીકાર્ય બનાવ્યો છે. ઔદ્યોગિક મજૂરીનો આજુબાજુ અવકાશ હોવા છતાં ખેતમજૂરી વધુ સ્વીકાર્ય છે અને જેમાં પણ ધોડિયા અને નાયકા કરતાં હળપતિઓ વધુ ખેતમજૂરી કરે છે. ઔદ્યોગિક મજૂરી કરનાર ૫ કુટુંબો છે તેમાં ૩ જમીનવાળા અને ૨ જમીનવગરના છે. જે મજૂરી કરે છે તે મીઠાના અગર અને ઈંટના કારખાનામાં મજૂરીએ જાય છે. જો કે મોટે ભાગે ઘરના મુખ્ય માણસ નહીં પરંતુ જે યુવાન વર્ગ છે તે આવી મજૂરીએ વધુ જાય છે.

મુખ્ય ધંધા તરીકે ૧૨ કુટુંબો નોકરી કરે છે. તેમાં ૯ ધોડિયા અને ૩ નાયકા છે. ડ્રાયવર, ફીટર, સાઈકલ રીપેરીંગ, દરજીકામ, કડિયાકામ, હીરા ઘસવાનો ધંધો વગેરેને મુખ્ય અને ગૌણ ધંધા તરીકે સ્વીકારનાર વર્ગ ધોડિયા અને નાયકામાં આવે છે. પણ તેનું પ્રમાણ નહીંવત છે. ગૃહોદ્યોગો માટેની તાલીમ આપવી જોઇએ.

આ વિસ્તારમાં પશુપાલનનો વ્યવસાય જોઇએ તેવો વિકાસ પામ્યો નથી. ૨૦૦ કુટુંબોમાંથી કોઇપણ કુટુંબ પશુપાલન કરતું નથી. ખેતી કરનાર કુટુંબો ગૌણ ધંધા તરીકે પશુપાલન કરે છે.

કેવળ સ્ત્રીઓ જ વ્યવસાય કરતી હોય તેવો ધંધો ઘરકામનો છે. તેમાં મોટે ભાગે હળપતિ જાતિની બહેનો છે. આ બહેનો જેમને ઘેર કામ કરવા જાય છે કે જે ઘડિયામા કહેવાય છે અને ત્યાંથી વાર્ષિક રૂ. ૨૦૦ જેટલી મજૂરી અને જમવાનું મળે છે.

આમ જેમાં કુશળતાની જરૂર પડતી નથી તેવા વ્યવસાયો જેવા કે ઔદ્યોગિક મજૂરી, ઘરકામ મોટે ભાગે હળપતિઓ કરે છે. કુલ મજૂરી કરનાર વર્ગમાં ૫૦ ટકાથી વધુ હળપતિ છે. અને તેમને બારમાસ આ કામ ન મળી રહે તેથી કેટલોક સમય બેકાર પણ રહે અને આવકનું પ્રમાણ પણ ઓછું રહે છે. અને જે આવક મળે તેમાંથી મોટા ભાગની આવક વ્યસન અને દારૂમાં વપરાઇ જાય તેથી તેમની આર્થિક સ્થિતિ નબળાની નબળી રહે છે. કારણ કે સર્વેક્ષણમાં જોવા મળ્યું કે કેટલાક હળપતિઓ ઔદ્યોગિક મજૂરી, ઘરાસણાની મજૂરીમાંથી આવક તો સારી મેળવતા હતા પરંતુ ઉપરોકત કારણોસર તેમની સ્થિતિ સુધરવા પામી નહોતી અને તેથી આ વર્ગમાં શિક્ષણનો વ્યાપ વધે તે માટે પ્રયત્ન કરવાની જરૂર છે.

વિકાસલક્ષી આયોજન

લઘુ વિસ્તારના આદિવાસીઓના વિકાસ માટે વિકાસલક્ષી આયોજન બનાવવું જોઇએ. લોકો કેવા પ્રકારના આયોજનની અપેક્ષા રાખે છે તેનો અભ્યાસ કરવો જોઇએ. આ માટે ન ચાલુ વિકાસલક્ષી કાર્યક્રમોને કેટલું મહત્વ આપવું જોઇએ અને કયા નવા કાર્યક્રમો અંગે તેઓનું મંતવ્ય જાણવું જોઇએ. વળી જે કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યા છે તેનો આ લોકોને લાભ મળે છે કે નહીં તેનો અભ્યાસ પણ કરવો જોઇએ. લઘુ વિસ્તારના આયોજનનું અંગેના ક્ષેત્રકાર્ય દરમિયાન જાણવા મળ્યું કે આદિવાસી વિકાસ પાછળ જે કાર્યક્રમોને અમલમાં મૂકવામાં આવ્યા છે તેમાંથી આદિવાસીઓનો જેટલો વિકાસ થવો જોઇએ તેટલો થયો નથી.

(૮)

આદિવાસીના વિકાસમાં બિનઆદિવાસીઓનું વલણ પ્રતિકૂળ રહ્યુ છે. તેમણે તેમના વિકાસમાં રસ લીધો નથી એટલું જ નહીં કેટલીકવાર અવરોધરૂપ પણ થયા છે.

જમીન વગરના આદિવાસીઓને પશુ આપવાથી ઘાસચારાની મુશ્કેલી પડે છે તેથી તેમને પશુ આપવાથી આર્થિક રીતે ફાયદાકારક પૂરવાર થઈ શકતાં નથી.

યોજનાનો લાભ આપ્યા પછી યોજનાનો લાભ લેનાર લાભાર્થીને કેટલીક રકમ ક્યારે આપવાની છે તેની વિગતે માહિતી પ્રાપ્ત થતી નથી. તેથી લાભાર્થીઓને યોજનાના અમલીકરણમાં શંકા ઊભી થાય છે. તેથી ગામના અન્ય લોકો યોજનાનો લાભ લેવાની ઈચ્છા ઓછી દર્શાવે છે.

સરકાર તરફથી વિકાસ માટે જે જે સહાય આપવામાં આવી છે તેમાં હળપતિ અને નાયકા લોકોનું પ્રમાણ ઓછુ છે. જે વિકાસ તરફનો અભિમુખ છે તેવા ધોડિયા લોકોએ વિકાસ યોજનાનો લાભ વધુ પ્રમાણમાં લીધો છે.

આદિવાસીઓના વિકાસ માટે જે યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે આ યોજનાથી તેઓને વિકાસ થશે તેઓને થયો નથી. તેથી દરેક વિકાસલક્ષી યોજનાઓ તેઓ જોઈએ તેટલા પ્રમાણમાં સહભાગી થયા નથી.

આજ સુધી આદિવાસીના વિકાસ માટે જે જે યોજનાઓ અમલમાં મૂકી છે તે યોજનાથી તેમને લાંબા ગાળાનો ફાયદો થયો નથી.

લઘુ વિસ્તારમાં આવેલા ગામોનો વિકાસ કરવા માટે નીચેના કાર્યક્રમોનો સમાવેશ કરવો જોઈએ.

(૧) ખેતી વિષયક અને ભૌતિક સગવડો તેમજ ઔદ્યોગિક વિકાસ

(૨) પશુપાલન

(૩) ગૃહોદ્યોગો

(૪) શિક્ષણ

(૫) આરોગ્ય

(૬) જંગલ

(૭) શ્રમ અને રોજગાર

(૮) ગ્રામ વિકાસ

માથાદીઠ ઓછી આવક, કુદરતી સંજોગો પર આધાર, મિલકત અને નાણાંનો અભાવ, ઓછી જમીન, દારૂ જેવા વ્યસનોનું વ્યાપક પ્રમાણ, પ્રચલિત વિશ્વાસો, અંધશ્રદ્ધા અને નિરક્ષરતાને કારણે આદિવાસી લોકોનો વિકાસ પ્રમાણમાં ઓછો છે. આ સમસ્યાઓને ધ્યાનમાં રાખીને વિકાસલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવું જોઇએ.

(૧) આદિવાસી વિસ્તારમાં જ્યાં કાચા રસ્તા છે ત્યાં પાકા ડામરના રસ્તા બનાવવા જોઇએ. જેથી એ લોકોને ચોમાસામાં આવવા જવાની તકલીફ ન પડે.

(૨) આ વિસ્તારમાં વરસાદ સારો હોવા છતાં, ઉનાળામાં પીવાના પાણીની અછત મોટા ભાગના ગામોમાં જણાય છે ત્યાં પાણી માટે પૂરતી વ્યવસ્થા કરવી જોઇએ. કૂવા કરાવવા જોઇએ, કૂવા તૂટી ગયા હોય તો તેનું સમારકામ કરાવવું જોઇએ.

(૩) ખેત ઉત્પાદન વધે તે માટે સિંચાઇની સગવડો વધારવી જોઇએ અને એ માટે ચેકડેમો બાંધવા જોઇએ.

(૪) આદિજાતિ વિકાસ માટેના જે ગામોમાં વીજળીની સગવડ નથી ત્યાં આયોજન કરી વીજળી પૂરી પાડવી જોઇએ.

(૫) ગ્રામ વિસ્તારોમાં આદિવાસીઓને રહેવા માટે મકાનોની સગવડ કરી આપવી જોઇએ. તેમજ ગૃહનિર્માણની યોજનાનો અમલ કરવો જોઇએ.

(૬) આ વિસ્તારોમાં આરોગ્ય અંગે જાગૃત્તિ લાવવા માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાસ ખોલવા જોઇએ. દવાખાનાં અને હૉસ્પીટાલની સગવડો વધારવી જોઇએ. તેમજ નેત્રયજ્ઞ, દંતયજ્ઞ અને રક્તદાન જેવા કેમ્પો યોજવા જોઇએ અને તેમના આરોગ્યની તબીબી તપાસ કરાવવી જોઇએ.

(૭) આદિવાસી વિસ્તારોમાં દારૂબંધી અંગે પ્રચાર કરવો જોઇએ. આ વિષે સેમિનારો, ફિલ્મ અને પ્રદર્શનનું પણ આયોજન કરવું જોઇએ.

(૮) આ વિસ્તારના લોકો માટે ધાર્મિક સંમેલનો, ભજનમંડળી અને સંગીત માટે વિવિધ સાધનોની સગવડ કરવી જોઇએ. સમાજ કલ્યાણ ખાતા તરફથી આવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું જોઇએ.

(૯) આ લોકોમાં શિક્ષણનું પ્રમાણ વધે તે માટે શૈક્ષણિક સંસ્થાઓની સગવડ વધારવી જોઇએ. નિરક્ષર નાબૂદી માટે બાલવાડી અને પ્રૌઢ શિક્ષણના કાર્યક્રમો ઘડવા જોઇએ. જે ગામોમાં શાળાની સગવડ ન હોય ત્યાં એ સગવડો કરવ કરી આપવી જોઇએ. આદિવાસી બહેનો શિક્ષણ પ્રત્યે રસ દાખવે તેમજ શાળામાં જાય અને અભ્યાસ કરવા પ્રેરાય તેવા પ્રયત્નો જારી રાખવા જોઇએ.

(૧૦) આદિવાસી બાળકો શિક્ષણ લે તે માટે ગણવેશ, પુસ્તક, અનુદાન તેમજ સહાય, છાત્રાલય વગેરે સગવડોનો લાભ આપવો જોઇએ. આ વિસ્તારોમાં માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક અને ટેકનીકલ શિક્ષણ સંસ્થાઓની સગવડ આપવી જોઇએ. શાળાનાં મકાનો તૂટી ગયાં હોય તો તેને રીપેર કરવાં જોઇએ.

(૧૧) શાળાની સ્વચ્છતા તેમજ આરોગ્ય જળવાય તે માટે જાજરૂ તથા મૂતરડીની વ્યવસ્થા કરવી જોઇએ.

(૧૨) આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે તે પ્રમાણ વધે તે માટે આશ્રમશાળાઓ ખોલવી જોઇએ. તેમજ શિક્ષણને લગતા પરિસંવાદો યોજવા જોઇએ.

(૧૩) આદિવાસી બાળકોને શૈક્ષણિક પ્રવાસની સહાય આપવી જોઇએ.

(૧૪) આદિવાસી વિદ્યાર્થીઓ નાપાસ થાય એટલે અધવચ્ચેથી અભ્યાસ છોડી દે છે તેમાં બહેનોનું પ્રમાણ વધારે છે. આને કારણે શિક્ષણનું પ્રમાણ ઘટે છે. આ લોકોનું શિક્ષણ ચાલુ રહે એ માટે શિક્ષણની અને છાત્રાલયની સુવિધા આપવી જોઇએ.

(૧૫) આદિવાસી નૃત્ય, સંગીત, ભિંતચિત્રો જેવી કલાઓ વારસામાં મળેલી હોય છે. તેમના આ વારસાને જીવંત રાખવા માટે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવા જોઇએ. તેમજ તેમના કલા વૈભવને પ્રોત્સાહન અને પ્રતિષ્ઠા મળે તેવા પ્રયત્નો કરવા જોઇએ.

(૧૬) આદિજાતિનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ખેતીનો વિકાસ થાય, ઉત્પાદન વધે એ માટે ખેતીનાં સાધનો, સિંચાઇ, બિયારણ, જંતુનાશક દવા અને ખાતર મળી રહે તેવી સગવડો વધારવી જોઇએ. તેમજ પિયત ખેતીની સવલતો આપવી જોઇએ અને ખેતી સંશોધન કેન્દ્રો ખોલવાં જોઇએ.

(૧૮) શાકભાજીના વાવેતર માટે બિયારણ, વાડી બનાવવા જમીન અને અન્ય સાધન સામગ્રી પૂરી પાડવી જોઇએ.

(૧૯) આ વિસ્તાર જંગલોનો વિસ્તાર છે. જંગલોની પેદાશ વધે તે માટે વધુ વૃક્ષો વાવવાં જોઇએ અને જંગલ ખાતા દ્વારા મફત રોપાનું વિતરણ કરવું જોઇએ.

(૨૦) જલાઉ તેમજ ઇમારતી લાકડું મળી રહે તેવાં વૃક્ષો વધુ પ્રમાણમાં વાવવાં જોઇએ.

(૨૧) સ્કૂલ અને કિસાન નર્સરીની સવલતો વધારવી જોઇએ. આ નર્સરીમાં ફળાઉ રોપાઓ ઉછેરવા જોઇએ તેમજ ગ્રામ વનોનો પણ ઉછેર કરવો જોઇએ.

(૨૨) આદિવાસીઓની આમદાની વધે તે માટે વન પેદાશ એકત્રીકરણ અને વેચાણ કાર્યક્રમોને સફળ બનાવવા માટે આયોજન કરવું જોઇએ.

(૨૩) પશુપાલન વિકાસ માટે પશુ આહાર, પશુ ચિકિત્સા, સંભાળ અને ખરીદ વેચાણની સગવડો વધારે ઉપલબ્ધ થાય તેવું આયોજન કરવું જોઇએ.

(૨૪) ગામના તળાવો કે જ્યાં પાણીનો સંગ્રહ થતો હોય ત્યાં મત્સ્ય ઉદ્યોગ વિકસાવવો જોઇએ. એ માટે જરૂરી સાધનોની સહાય અને સવલત વધારવી જોઇએ.

(૨૫) મરઘા પાલન વૈજ્ઞાનિક ઢબે કરે તે માટે પૂરતી તકો આપવી જોઇએ. મરઘા ઉછેર કેન્દ્રો શરૂ કરવા માટે નાણાકીય સહાય આપવી જોઇએ.

(૨૬) આદિવાસી લોકો વિધિ ગૃહોદ્યોગો જેવા કે કડિયાકામ, સુથારીકામ, લુહારીકામ વગેરે કાર્યોમાં રસ દાખવે તે માટે તેમને નાણાંકીય મદદ, સાધનો અને તાલીમ પૂરી પાડવી જોઇએ. તેમાં રોકાયેલા લોકોને પ્રોત્સાહન આપવું જોઇએ.

(૨૭) મહિલાઓ વ્દારા ચાલતા ઉદ્યોગો જેવા કે મસાલા, પાપડ-ખાખરા બનાવવા, અથાણા, સિવણ-ભરતગુંથણ તેમજ અન્ય કલાત્મક વસ્તુઓ બનાવવા માટે બહેનોની શિબિરો અને તાલીમવર્ગોનું આયોજન કરવું જોઇએ.

(૨૮) આ સિવાય ગૃહોદ્યોગોમાં ચાલતા ચર્મઉદ્યોગ, દિવાસળી અને સાબુ જેવા ઉદ્યોગો વિકસાવવા જોઇએ.

(૨૯) આ ઉપરાંત આદિવાસીઓ પોતાની આમદાની સહેલાઇથી જાળવી શકે તેવા કાર્યક્રમોનું આયોજન કરવું જોઇએ

ટૂંકમાં આદિવાસીઓ ગરીબાઇ અને દયાજનક સ્થિતિમાંથી બહાર આવે તેમજ આ લોકોમાં જાગૃત્તિ આવે અને પોતાની સ્થિતિ પ્રત્યે સભાન બને તેવા પ્રયત્નો કરવા જોઇએ.

...

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

## મોરા લઘુ વિસ્તાર

- ગૌરીશંકર પ્ર. પંડયા
ભીખાભાઈ સો. પટેલ

ભારતના સમગ્ર ચિત્રમાં શિખાડારે ઊભેલા ગુજરાતના ૧૯ જિલ્લાઓમાં પંચમહાલ જિલ્લો એ પ્રાદેશિક પુનઃરચનાને કારણે દસ તાલુકા અને એક મહાલમાં વિસ્તારવામાં આવેલ છે. વિલિનીકરણ પૂર્વે આ જિલ્લામાં પાંચ મહાલ હતા. જેમાં ગોધરા, દાહોદ, ઝાલોદ, હાલોલ અને કાલોલ એ પાંચ મહાલ પરથી આ જિલ્લો પંચમહાલ નામથી ઓળખાય છે. જ્યારે દેવગઢબારિયા, લીમખેડા, સંતરામપુર અને ઝાલોદ તાલુકાના પછાત વિભાગને વર્ગીકૃત વિભાગ તરીકે જાહેર કરેલ છે. દાહોદ, હાલોલ અને જાંબુઘોડા મહાલને અલ્પવિકસિત વિભાગ તરીકે ગણેલ છે. ગુજરાત સરકારે રાજ્યના જુદા જુદા આઠ જિલ્લાના ૩૨ આદિવાસી તાલુકાઓને જુદા જુદા નવ પ્રોજેક્ટ વિસ્તાર હેઠળ આવરી લીધા છે. તેમાં પંચમહાલ જિલ્લાના પાંચ આદિવાસી તાલુકાઓનો દાહોદ પ્રાયોજના વિસ્તારમાં સમાવેશ થયેલો છે. તે સિવાય જિલ્લામાં ગોધરા અને હાલોલ તાલુકાના પૂર્વ ભાગમાં એક સળંગ પટ્ટામાં આવતા જુદા જુદા અનુક્રમે ૩૧ અને ૪૦ ગામોને આવરી લઈ બંને તાલુકાઓના આ સળંગ પટ્ટાને લઘુ વિસ્તાર તરીકે જાહેર કરેલા છે. જ્યાં બિનઆદિવાસીઓની સાથે આદિવાસીઓની ૫૦ % ઉપરાંતની વસ્તી આવેલી છે. તેવા વિસ્તારો પ્રોજેક્ટ વિસ્તારની યોજનાઓના લાભથી વંચિત ન રહે તે હેતુથી રાજ્ય સરકારશ્રીની આદિવાસીઓ માટેની છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં સૂચવ્યા પ્રમાણે લઘુ વિસ્તારો પણ જુદી જુદી યોજનાઓના લાભથી વંચિત ન રહે તે હેતુથી પોકેટ્સના ગામોમાં વસતા આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે શું કરી શકાય તે માટેનો એક સર્વેક્ષણ અભ્યાસ કેન્દ્રને સોંપવામાં આવ્યો હતો. કેન્દ્ર દ્વારા દરેક પોકેટ્સના અભ્યાસ પૂરા કરવામાં આવ્યા છે. અહીં મોરા પોકેટના વિકાસ અર્થે શું સૂચવી શકાય તે અંગે સૂચનો કર્યાં છે. તેની અહીં રજૂઆત કરવામાં આવી છે. અહીં આયોજન અંગેના સૂચનોનો ખ્યાલ આપતાં પહેલાં લઘુ વિસ્તારની અર્થવ્યવસ્થા અંગે ટૂંકમાં જોઈએ.

### મોરા લઘુ વિસ્તારનું સ્થાન :

ગુજરાત રાજ્યની પૂર્વ સરહદે આવેલ પંચમહાલ જિલ્લાનું અને મોરા પોકેટ વિસ્તારનું મુખ્ય મથક ગોધરા તાલુકા મથક જિલ્લાની મધ્યમાં ૨૨° ઉત્તર અક્ષાંસથી ૪૬° ઉત્તર અક્ષાંસ અને ૭૩° પૂર્વ રેખાંશથી ૮૩° પૂર્વ રેખાંશની વચ્ચે આવેલું છે. તાલુકાનું કુલ ક્ષેત્રફળ ૧૦૧૯.૨ ચો.કિ.મી. છે. જે જિલ્લાના કુલ વિસ્તારના ૧૧.૫ % થાય છે.

ગોધરા તાલુકામાં કુલ ૧૬૨ ગામો આવેલાં છે. જેમાંથી ૩૧ ગામોને મોરા પોકેટમાં સમાવેશ કરેલ છે. તાલુકાની કુલ વસ્તી ૩૪૧૯૯૧ ની છે. જેમાં પોકેટની કુલ વસ્તી ૪૯૨૧૩ની છે. તાલુકામાં કુલ ૫૮૦૨૬ જેટલી આદિવાસીઓની વસ્તી છે. જેમાંથી ૫૭.૨ % એટલે કે ૨૮૧૬૯ની વસ્તી મોરા પોકેટમાં ૩૧ ગામોમાં આવી જાય છે. જેમાં ભીલ, નાયક-નાયકડાઓની વસ્તી આવેલી છે.

પ્રસ્તુત અભ્યાસમાં સર્વેક્ષણ વખતે મોરા લઘુ વિસ્તારની અર્થવ્યવસ્થાને જાણવા અને તેના પ્રશ્નો સમજવા માટે કુલ ૩૧ ગામોમાંથી દરેક ગામો અંગે વિગતવાર આંકડાશપૂર્વકથી તેની અર્થવ્યવસ્થાને માપી શકાય તે હેતુથી દરેક વિસ્તારને સાંકળી શકાય તે રીતે નમૂનાનાં પાંચ ગામોને સર્વેક્ષણ અભ્યાસમાં આવરી લેવાયાં હતાં. દરેક ગામમાંથી ૨૦-૨૦ એમ કુલ ૧૦૦ કુટુંબોને આવરી લઇ આંકડાશથી ભૌતિક, સામાજિક, આર્થિક અને તેમની સમસ્યાઓ અંગેની વિગતો એકઠી કરવામાં આવી હતી.

નમૂનાનાં કુટુંબોને ધ્યાનમાં લેતાં પસંદ થયેલાં કુટુંબોની કુલ વસ્તી ૬૯૨ની હતી. કુટુંબકદ સરેરાશ ૭ વ્યક્તિઓનું બનેલું હતું. દરેક કુટુંબ પાસે જીવનનિર્વાહનાં સાધન તરીકે એક માત્ર ખેતીની થોડી ઘણી જમીન હતી. કેટલાક કુટુંબો મેતમજૂરી કરીને જીવનનિર્વાહ કરતાં હતાં. નમૂનાનાં કુટુંબો પાસે કુલ ૨૪૫.૧૫ એકર જેટલી જમીન હતી. દરેક કુટુંબ પાસે સરેરાશ ૩.૭ એકર જેટલી જમીન હતી. એક દ્રષ્ટિએ જોતાં જમીનનું પ્રમાણ નહિવત્ ગણી શકાય. સરેરાશ જમીનનું કદ અને કુટુંબનું કદ જોતાં દરેક કુટુંબને ખેતી સિવાય જીવનનિર્વાહ માટે અન્ય સાધનો પર આધાર રાખવો પડતો હતો.

મોરા લઘુ વિસ્તારના આદિવાસી કુટુંબો ખેતી, મેતમજૂરી, કેટલાં કુટુંબો નોકરી કરીને તો કેટલાંક કુટુંબો પોતાના વિસ્તારથી પર જઇને મજૂરી કરી જીવનનિર્વાહ ચલાવે છે. કેટલાક કુટુંબો ગોધરાથી પશ્ચિમે આવેલ પથ્થરથી કવોરીઓમાં પણ મજૂરીએ જતાં. તેમાંથી જે કંઇ પ્રાપ્ત થાય તેનાથી જીવનનિર્વાહ નિભાવતા. દરેક કુટુંબમાંથી કમાનાર વ્યક્તિઓની સંખ્યા જોઇએ તો ૫૨.૯ % પુરુષો અને ૫૧.૮ % સ્ત્રીઓ કામ કરી શકે તેવાં હતાં. દરેક આદિવાસી કુટુંબોમાં ખેતી કરનાર અને ખેતીમાં મદદ કરનાર દરેક ઇસમને ખેતી સિવાયનું કામ કરવા માટે તત્પર રહેવું પડતું હતું. એકંદરે જોતાં દરેક કુટુંબનું જીવન અનેક મુશ્કેલીઓ સહન કરીને પસાર કરવું પડતું હતું. દરેકને જુદા જુદા વ્યવસાયમાંથી પ્રાપ્ત થતી આવક પણ નજીવી હતી.

મોરા લઘુ વિસ્તારનાં ગામો એક જ સંકુલમાં ડુંગરાઓની તળેટીમાં આવેલાં છે. કેટલાક ગામોને સપાટ પ્રદેશ પણ છે. છતાં ડુંગરાઓની તળેટીમાં અને સપાટ પ્રદેશમાં વસતા આદિવાસીઓની અર્થવ્યવસ્થામાં કોઇ ફેરફાર જોવા મળતો નથી. તેમનું સમગ્ર જીવન કુદરત પર આધારિત છે. તેમનાં ઘરો પણ કાચાં અને સામાન્ય પ્રકારનાં ગણી શકાય. ઘરવખરીમાં પણ પૂરતાં સાધનોનો અભાવ જોવા મળે છે. ખોરાકમાં પણ પોષ્ટિક આહારનો અભાવ વર્તાઇ આવે છે.

લવિના આદિવાસીઓ પાસે વત્તાઓછા પ્રમાણમાં જમીન છે પરંતુ તે પણ અણઉપજાઉ અને ઓછી ફળદ્રુપ, ઢોળાવવાળી તેમજ આડા ટેકરાવાળી છે જેથી ખેતીમાંથી અપૂરતી ઉપજને કારણે જુદા જુદા ધંધારોજગાર ઉપર આધાર રાખવો પડે છે.

જુદા જુદા વ્યવસાયમાંથી પ્રાપ્ત થતી આવક-ખર્ચ-ચોખ્ખી આવક :

લવિની જમીન અને સૂપૃષ્ઠની દૃષ્ટિએ જોતાં નમૂનાનાં કુટુંબો પાસેની કુલ (૨૪૫.૧૫) જમીન-થી બધું મળીને ૨૪૧૭૮૦ રૂપિયાનું ઉત્પાદન થતું હતું. એટલે કે કુટુંબદીઠ કુલ ૨૪૯૩ રૂપિયાની આવક ખેતીના ધંધામાંથી થતી. તેની પાછળ કુલ કુટુંબદીઠ ૭૧૩ રૂપિયા જેટલો ખર્ચ થતો. એ જ રીતે પશુપાલનના વ્યવસાયમાંથી કુલ ૭૯૭૦૦ રૂપિયા એટલે કે કુટુંબદીઠ ૮૦૫ રૂપિયાની આવક થતી. તેની પાછળ કુલ કુટુંબદીઠ ૨૬૭ રૂપિયાનું ખર્ચ થતું. એટલે પશુપાલનના ઉત્પાદનની આવક ઘણી ઓછી હતી. જ્યાં ખેતીના ઉત્પાદનની ક્ષમતા નીચી હોય ત્યાં તેની અસર જીવનના દરેક પાસા પર પણ થાય છે. જેથી દરેક કુટુંબને ખેતી સિવાય મજૂરી પર પણ આધાર રાખવો પડતો. મજૂરીમાંથી દરેક કુટુંબને કુટુંબદીઠ ૩૩૦૦ રૂપિયા જેટલી આવક થતી. તેની પાછળ લગભગ ૪૦૦ રૂપિયા જેટલું ખર્ચ થતું હતું. મોરા વિસ્તારમાં શિક્ષણનું પ્રમાણ તો નહીંવત્ હતું. છતાં કેટલાંક કુટુંબોમાંથી કલાર્ક, શિક્ષક તેમજ પટાવાળા તરીકેની નોકરીમાં જોડાયેલા હતા. નોકરીમાં કુલ આવક ૯૫૯૨ રૂપિયા જેટલી હતી. કેટલાંક કુટુંબોમાંથી સુથારીકામ, કડિયાકામ અને મત્સ્ય ઉદ્યોગનું કામ કરતા. જેમાંથી તેમને ૯૭૫ જેટલી આવક થતી હતી. નોકરી અને આ ગૃહોદ્યોગ વ્યવસાયમાં તેમને નહીંવત્ ખર્ચ કરવો પડતો.

ઉપર મુજબ સ્ત્રોતવાર આવકની દૃષ્ટિએ કુલ આવક ૭૪૩૨૧૦ રૂપિયાની એટલે કે કુટુંબદીઠ ૭૪૩૩ રૂપિયા જેટલી આવક દરેક કુટુંબને પ્રાપ્ત થતી હતી. જ્યારે આ આવક પ્રાપ્ત કરવા માટે દરેક કુટુંબને ૧૩૯૪ રૂપિયા જેટલો ખર્ચ કરવો પડતો હતો. આમ નમૂનાનાં કુટુંબોને એકંદરે ૬૦૩૯ રૂપિયાની ચોખ્ખી આવક પ્રાપ્ત થતી હતી. માસિક ૫૦૪ રૂપિયા જેટલી કુટુબદીઠ આવક થતી. કુટુંબકદની દૃષ્ટિએ જોતાં બધાં સાધનોમાંથી પ્રાપ્ત થતી આવક ખૂબ જ ઓછી હતી. એટલે કે દરેક કુટુંબો ગરીબીની રેખા નીચે જીવન ગુજારતાં હતાં. દરેક કુટુંબનું વપરાશી ખર્ચ જોઈએ તો કુટુંબદીઠ કુલ ૫૪૭૪ રૂપિયા જેટલું જીવન જરૂરિયાતની ચીજો પાછળ ખર્ચ થતું. આવક અને ખર્ચની દૃષ્ટિએ જોતાં બચત નહીંવત થતી. પરંતુ ઘરના અન્ય ઘરખર્ચ, ખેતીખર્ચ, સામાજિક ખર્ચ, પશુપાલનની ખરીદી માટે થતા ખર્ચને પહોંચી વળવા દરેક કુટુંબો શાહુકાર, વેપારી, સહકારી મંડળી અને સરકારશ્રી પાસેથી દેવું કરવું પડતું હતું.

દેવું :

નમૂનાનાં કુટુંબોમાંથી ૭૭ % કુટુંબો દેવાદાર હતાં. દરેક કુટુંબને કુલ ૧૬૨૬ રૂપિયા જેટલું દેવું હતું. આ દેવું કરવા પાછળનો હેતુ સામાજિક, પશુખરીદી અને ખેતીકામ અંગે તેમજ ઘરખર્ચને પહોંચી વળવા કરવું પડતું હતું.

દેવા વિષયક પરિસ્થિતિ અને આર્થિક સ્થિતિ જોતાં તેમની અસ્કયામતો જમીન, ઘર, યંત્ર, ઓજારો, ફરનિચર અને ઘરવખરી તેમજ ઘરેણાંની બધી મળીને કુલ કુટુંબદીઠ ૨૫૪૫૭ રૂપિયાની અસ્કયામત તેમની પાસે હતી. પરંતુ અસ્કયામતના પ્રમાણમાં તેમને કોઈ સગવડ પ્રાપ્ત નથી.

વધુ વિસ્તારની પરિસ્થિતિ :

ઉપર મુજબ લવિના આદિવાસીઓની સામાન્ય પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં સરકારશ્રીની વિવિધ યોજનાઓ અને સુવિધાઓનો લાભ અન્ય આદિવાસી વિસ્તારો જેટલો પ્રાપ્ત થયો નથી. જેનો ખ્યાલ આ સર્વેક્ષણ અભ્યાસ પરથી આવે છે. લવિના દરેક કુટુંબોએ દૂધાળાં ઢોરની યોજના, પાળા બાંધિકામ, જમીન સમતળ કરવી, નાળાં બાંધવા તેમજ પિયતનાં કોઈ સાધનોનો લાભ મેળવ્યો નથી. સાથે ખેતી ઉપયોગી સાધનો કે ખેતીનાં સુધારેલાં ઓજારો અને બિયારણોનો લાભ પણ બહુ થોડાં કુટુંબોએ મેળવ્યો છે.

શૈક્ષણિક દૃષ્ટિએ જોઈએ તો પણ જે સુવિધાઓ અપાય છે તેનો લાભ પણ ખૂબ જ ઓછાં કુટુંબોના બાળકોએ લીધો છે. તો આ વિસ્તારમાં વસતાં આદિવાસી કુટુંબોને વધારે લાભ કેમ આપી શકાય અને તે માટે શું કરવું જોઈએ તે અંગે સ્થાનિક બાબતોને ધ્યાનમાં લઈને જોઈએ.

વિકાસલક્ષી સૂચનો :

સર્વેક્ષણ વખતે લોકોની જરૂરિયાત શું છે. કઈ વસ્તુઓની ખાસ જરૂરિયાત છે તે અંગે પૂછતાં પ્રાપ્ત થયેલી માહિતીને અહીં યથાવત રજૂ કરી છે. લવિના વિસ્તારોમાં કેટલીકવાર પોતાની મર્યાદાઓને ધ્યાનમાં રાખ્યા સિવાય ઘણી બધી બાબતોમાં 'હા' પાડવામાં આવતી હોય છે. એટલે કે કેટલાં કુટુંબોની માગણી વિચારપૂર્વકની તો કેટલાકની વિચાર કર્યા સિવાયની પણ હોય છે. એટલે કે અહીં જે તે વિસ્તારની મર્યાદાઓ અને આદિવાસીઓની ક્ષમતાને સમજી જેટલું શક્ય હોય તેટલું કરવામાં આવે તો પણ ઘણું બધું મેળવી શકાશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

અહીં દરેક વિસ્તારના-દરેક ગામોના સામાજિક આર્થિક ગુંફનોને, લોકોના વ્યવસાય તે અંગેની કુશળતાઓ અને વલણો, તેમનું આર્થિક સ્તર, શિક્ષણ અને નવરચના અપનાવવાની આતુરતાને લક્ષમાં લીધા સિવાયનું આયોજન સારું થતું નથી. જેથી દરેક વિસ્તારની વિકાસ ક્ષમતાનો મહત્તમ ઉપયોગ થઈ શકે તે રીતે વિચારવું ઘટે.

આજે પોકેટ વિસ્તારોને ધ્યાનમાં લેતાં કેટલાક વિસ્તારો સ્થાનિક નેતાગીરીના પ્રભાવ તળે જોવા મળે છે. મોરા પોકેટના મોટા ભાગનાં ગામો પહેલાં મેવાસ ઠાકોરના તાબામાં હતાં. આજે પણ તેમનું પ્રભુત્વ જોવા મળે છે. જેને પરિણામે ઠાકોરોનું પ્રભુત્વ અને અન્ય બિનઆદિવાસી વસ્તીના વસવાટો અને   આદિવાસી સમાજ આ બંને સમાજો વચ્ચેના આંતરિક સંબંધોને પણ લક્ષમાં લેવા જોઈએ.

મોરા પોકેટના વિસ્તારમાં સિંચાઈ માટેનાં કેટલાંક જળાગારો પણ બન્યાં છે. તેમાં માછલી પકડવાની શકયતાઓ પણ વધી છે. તેમજ તે દિશા તરફ આદિવાસી કુટુંબો પણ વસતાં જાય છે. જેથી મત્સ્ય ઉદ્યોગમાં વધુને વધુ કુટુંબો જોડાતાં જાય અને તેમને સારા ભાવ, સમયસર પૈસા મળે તેમજ તે તરફ દરેકની સુઝ અને ઉત્સાહ વધે તેવું કંઈક કરી શકાય.

બીજુ આ વિસ્તારમાં પહેલાં જંગલો ખૂબ હતાં જ્યારે આજે તો જંગલ લગભગ નાશ થઈ ગયુ છે. તેને લક્ષમાં લઈ નવા આયોજનમાં પાંકણી શકાય.

આ સિવાય આ વિસ્તારમાં પથ્થરો પણ ખૂબ છે. તેના પર આધારિત કવોરી ઉદ્યોગને વિકસાવી શકાય જેથી રોજગારીની શકયતાઓ પણ વધે અને રોજીનાં સાધનો ઊભાં કરી શકાય. આ સિવાય આ વિસ્તારમાં ઘણી બધી વિકાસની શકયતાઓ રહેલી છે. તેને માટેની સંશોધનો દ્વારા વધુ ગહન રીતે શકયતાઓને તપાસવી જોઈએ.

આ વિસ્તારના આદિવાસીઓની લઘુત્તમ આવશ્યકતાઓની પૂર્તિ થવી જરૂરી છે. જેમાં રોજી, રોટી, મકાન, પીવાનું પાણી, સ્વાસ્થ્ય અને તેને માટેની સેવાઓ, શિક્ષણ ખાસ કરીને સ્ત્રીઓમાં શિક્ષણ વધે તે જોવું જોઈએ.

પોકેટનાં ગામોમાં મોટા ભાગનાં કુટુંબો ગરીબીની રેખા હેઠળ જીવન ગુજારે છે. તેમાંય જે ગરીબમાં ગરીબ છે તેના વિકાસને અગ્રિમતા આપવી જોઈએ. ઉપરાંત આદિવાસી પોકેટમાં શોષણની વ્યવસ્થા બંધ થવી જોઈએ. જે કંઈ આયોજન કરવામાં આવે તેમાં આદિવાસીઓની સહભાગિતાથી જ તેને સફળ બનાવી શકાશે. પહેલેથી છેલ્લે સુધી એ લોકોને મોખરે રાખવાથી આયોજનની સિદ્ધિઓ હાસિલ કરી શકાશે.

પોકેટના વિસ્તારોમાથી મોટા ભાગનાં કુટુંબો  મજૂરી માટે બહાર જાય છે. કેટલાંક કુટુંબોને તો બહાર ગયા પછી પણ મજૂરી માટે ફાંફાં મારવાં પડે છે. જેને મજૂરી મળે છે તેનું શોષણ પણ થાય છે. રોજગારીની દ્રષ્ટિએ ગામમાં અને ગામની બહાર ખેતી વિરુધ્ધ કોઈપણ મજૂરીના સ્રોતમાં તેને અગ્રિમતા મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

દરેક આદિવાસી કુટુંબોને જે કંઇ પણ મદદ અપાય તે લાંબાગાળાની હોવી જોઇએ. એકવાર મદદ કર્યા પછી થોડા સમય માટે આવક વધે તે પૂરતું નથી. પરંતુ પગભર થાય ત્યાં સુધી અને ગરીબી દૂર થાય તેવો અભિગમ વધુ શ્રેયસ્કર છે. આયોજન કાર્યક્રમોની ગોઠવણી પણ મુજબ થવી ઘટે. ઉપરના કેટલાક પ્રશ્નો ઉપરાંત પણ જે સીધા સ્પર્શે છે તેવા પ્રશ્નો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ.

આદિવાસીઓના આર્થિક વિકાસ માટે તેમનાં ઘરોની નવરચના, રહેવાલાયક રહેઠાણની સુવિધા, રહેઠાણના સ્થળે સરળતાથી આવન-જાવન માટે રસ્તા, વીજળીકરણ, પાણીની વ્યવસ્થા, ખેતી માટે સિંચાઇ, જમીનનું નવસાધ્ય ઉપરાંત ઇંટ ઉદ્યોગ, મરઘા અને મત્સ્ય ઉદ્યોગ, દૂધાળાં ઢોરની સવલત માટે બેવડા ધિરાણની યોજના અને ધંધાકીય તાલીમ, આરોગ્ય વિષયક સુવિધાઓ પર ખાસ ભાર મૂકવો જોઇએ.

આ વિસ્તારમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે. તેમજ શિક્ષણ લેવા યોગ્ય બાળકો પણ શિક્ષણથી વંચિત રહી જાય છે અને ખેતમજૂરીમાં જોડાઇ જાય છે. કારણ કે ખેતમજૂરી સાથે જોડાયેલાં આ બધાં કુટુંબો પોતાનો વિસ્તાર છોડીને ગુજરાતના અન્ય જિલ્લાઓમાં મજૂરીએ જાય ત્યાં બાળકોને સાથે લઇ જતાં હોય છે. કારણ કે શાળાઓમાં પણ શરૂઆતમાં સારી સંખ્યા થાય પરંતુ ઓકટોબર પછી ૫૦ % ઉપરાંતનાં બાળકો પોતાનાં કુટુંબો સાથે જતાં હોઇ શાળામાં પણ બાળકોની સંખ્યા ઘટી જાય છે. માટે આ વિસ્તારોમાં આશ્રમશાળાઓ વધુ ખોલવી જોઇએ. જેથી પોતાનાં બાળકો અહીં મૂકીને ઘરના નિશ્ચિંત બની મજૂરીએ જઇ શકે. આ સિવાય જ્યાં આ કુટુંબો મજૂરીએ જાય છે ત્યાં તે વિસ્તારમાં આ બાળકોને શાળાની સુવિધા ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા વિચારવી ઘટે. આ ઉપરાંત પ્રૌઢ શિક્ષણના કાર્યક્રમો દ્વારા આ વિસ્તારના અશિક્ષિતોને શિક્ષિત કરવામાં આવે તો તેમને ઘણું ઉપયોગી નિવડે.

છેલ્લે પોકેટના વિસ્તારો અને આદિવાસી વિસ્તારમાંથી મજૂરી કરવા જતાં કુટુંબોને જ્યાં મજૂરી માટે અવારનવાર જાય છે ત્યાં શ્રમિકાલયોની વ્યવસ્થા પણ ઊભી કરવી જોઇએ. કે જેથી આખો દિવસ કાળી મજૂરી બાદ શ્રમિકાલયની છત હેઠળ શાંતિથી રોટલો ખાઇ શકે. અને સારી રીતે આરામ મેળવી શકે. અને ગરમી, ઠંડી અને વરસાદથી રક્ષણ મેળવી શકે.

(૭)

પોકેટના આદિવાસીઓ માટેની વહીવટી વ્યવસ્થાને પણ સરળ બનાવવી જોઈએ. આજે તો તેને કોઈપણ યોજનાનો લાભ લેવો હોય તો પોકેટના સ્થળેથી તાલુકાના સ્થળે અને તાલુકાથી પ્રોજેકટ ઓફીસ સુધી ધક્કા ખાવા ન પડે તે માટે પ્રોજેકટ ઓફીસ અને પોકેટ વચ્ચે સીધો જ વહીવટ હાથ ધરી શકાય તેવી વ્યવસ્થા ઊભી કરી એક અલગ અધિકારીની નિમણૂક આપવી જોઈએ. જે સમગ્ર પોકેટનો વહીવટ સંભાળી શકે.

પોકેટના વિસ્તારના આદિવાસીઓની પરિસ્થિતિ અને તેમના પ્રશ્નો અંગે વધુ વિગતોનો ખ્યાલ અહેવાલના સઘન અભ્યાસથી આવશે. આ માટે અહેવાલનો અભ્યાસ જરૂરી બને છે.

...

આદિવાસી લઘુ વિસ્તાર(પોકેટ) આયોજન કાર્યગોષ્ઠી

ઓગસ્ટ - સપ્ટેમ્બર ૧૯૮૬

## કથોલા લઘુ વિસ્તાર

- ગૌરીશંકર પ્ર. પંડ્યા
ભીખાભાઈ સો. પટેલ

ગુજરાત સરકારે આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે વિવિધ પંચવર્ષીય યોજનાઓમાં વિવિધ વિકાસ યોજનાઓને સ્થાન આપીને તેને અમલી બનાવાઈ છે. અને દરેક આદિવાસી વિસ્તાર પેટા યોજનાના મોટા ભાગના સિમાંત અને નાના ખેડૂતોએ તેનો લાભ પણ લીધો છે. જ્યારે રાજ્યના આદિવાસી વિસ્તાર પેટા યોજના સિવાય કે જ્યાં બિનઆદિવાસીઓ સાથે આદિવાસીઓની વધુ વસ્તી છે તેવાં ગામોમાં અને વિસ્તારોમાં વસતા આદિવાસીઓએ તેનો લાભ લીધો છે કે કેમ તે અંગેની તપાસ જુદા જુદા પોકેટ્સમાં વસતી આદિવાસી જાતિઓને ધ્યાનમાં લઈ એક સર્વેક્ષણ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે જેને ધ્યાનમાં રાખીને અહીં તેના કેટલાક મુખ્ય પાસાંઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

### લઘુ વિસ્તારના મુખ્ય મથકનું સ્થાન :

કથોલા લઘુ વિસ્તારનું મુખ્ય મથક હાલોલ ૨૨.૩૦' ઉત્તર અક્ષાંસ અને ૭૩.૩૦' પૂર્વ રેખાંશ વચ્ચે આવેલું છે. તાલુકાનો કુલ વિસ્તાર ૫૧૯ ચો.કિ.મી. છે. જે જિલ્લાના કુલ વિસ્તારના ૫.૮ % જેટલો થાય છે.

હાલોલ તાલુકામાં કુલ ૧૨૩ ગામોનો સમાવેશ થયેલો છે. જેમાંથી ૩૫.૫૨ % એટલે કે ૪૦ ગામોને કથોલા પોકેટમાં સાંકળી લેવામાં આવ્યાં છે.

તાલુકાની કુલ વસ્તી ૧૩૧૪૩૦ની છે. જેમાં કથોલા પોકેટના ગામોની કુલ વસ્તી ૨૬.૪૯ એટલે કે ૩૪૮૦૭ની છે. જેમાં ૧૯૦૬૬ (૪૮.૬૬ %) વસ્તી આદિવાસીઓની છે. આ પોકેટના ગામોમાં મુખ્ય રાઠવા, નાયકા અને ધાનકાઓની વસ્તી આવેલી છે.

પ્રસ્તુત અભ્યાસમાં કથોલા પોકેટની અર્થવ્યવસ્થાને જાણવા અને તેના પ્રશ્નો સમજવા માટે કુલ ગામોમાંથી નમૂનાનાં ૫ ગામો પસંદ કરવામાં આવ્યાં હતાં. જેમાંથી દરેક ગામનાં ૨૦ એવાં પાંચ ગામોમાંથી ૧૦૦ કુટુંબોને અભ્યાસમાં આવરી લઈ કથોલા પોકેટની અર્થવ્યવસ્થાને સમજવા માટે ઊંડાણપૂર્વકથી તેમની ભૌતિક, સામાજિક અને આર્થિક તેમજ તેમની સમસ્યાઓને લગતી વિગતો એકઠી કરવામાં આવી હતી.

નમૂનાનાં કુટુંબોને ધ્યાનમાં લેતાં પસંદ થયેલાં કુટુંબોની કુલ વસ્તી ૬૭૩ની હતી. તેમનું કુટુંબકદ પણ ૭ વ્યક્તિઓનું બનેલું જોવા મળ્યું હતું. દરેક કુટુંબો પાસે જીવનનિર્વાહનાં સાધન તરીકે થોડી ઘણી જમીન હતી. જેનું પ્રમાણ જોઈએ તો દરેક કુટુંબ પાસે સરેરાશ ૨.૨૫ એકર જેટલી જમીન હતી. અહીં કુટુંબકદ અને જમીનની માત્રા જોતાં જીવનનિર્વાહ માટે દરેક કુટુંબને બીજા સ્રોત પર આધાર રાખવો પડતો હતો.

કથોલા પોકેટના વિસ્તારને ધ્યાનમાં લેતાં જીવનનિર્વાહના સ્રોત તરીકે ખેતી, ખેતમજૂરી અને કવોરીના પથ્થર કામની મજૂરી મુખ્ય હતા. જુદા જુદા સ્રોતમાં કુટુંબમાંથી કામ કરી શકે તેવા પુરુષો કુલ ૬૦.૧ % અને સ્ત્રીઓ ૮૨.૦ % હતી.

દરેક આદિવાસી કુટુંબમાંથી ખેતી કરનાર અને ખેતીમાં મદદ કરનાર તમામ સભ્યોને બીજી મજૂરી માટે બહાર જવું પડતું હતું.

દરેક કુટુંબને ખેતી, પશુપાલન, જંગલ મજૂરી, ખેતમજૂરી અને કેટલાંક કુટુંબોને નોકરીમાંથી અને કવોરીનું કામ કરીને આજિવિકા રળવી પડતી હતી.

ખેતી કરનાર ખેડૂત કુટુંબને ખેતીના વ્યવસાયમાંથી બધી મળીને કુલ ૨૬૩૨ રૂપિયા જેટલી આવક પ્રાપ્ત થતી હતી. જેની પાછળ ૬૭૩ રૂપિયા જેટલો ખર્ચ કરવો પડતો હતો. કેટલાંક કુટુંબો ખેતીની સાથે પશુપાલનનો વ્યવસાય પણ કરતા હતા. જેમને કુટુંબદીઠ ૩૩૦ રૂપિયા જેટલી આવક પ્રાપ્ત થતી હતી. તેની પાછળ ૧૧૮ રૂપિયા જેટલું ખર્ચ કરવું પડતું હતું. દરેક કુટુંબોએ પશુપાલનનો વ્યવસાય એ અલગ વ્યવસાય તરીકે અપનાવેલ ન હતો. પરંતુ ખેતીના વ્યવસાય સાથે સીધો સંબંધિત આ વ્યવસાય હતો.

કથોલા લવિનાં ગામોમાંથી ખેતીવાળા અને ખેતી વગરના દરેક કુટુંબમાંથી કોઈને કોઈ જંગલ મજૂરી કરવા પણ જતા હતા. જેમાંથી વાર્ષિક ૭૪ રૂપિયા જેટલી આવક મેળવતા. જંગલ મજૂરીમાં મુખ્યત્વે રોપ ઉછેર કેન્દ્ર અને રોપ રોપવા માટેની જ મજૂરી આ વિસ્તારમાં ઉપલબ્ધ હતી.

નમૂનાનાં કુટુંબોને આધારે જોઇએ તો દરેક કુટુંબને ખેતીની સાથે ખેતમજૂરી પણ કરવી પડતી. ખેતીકામ સિવાયના દિવસોમાં આ પ્રકારની છૂટક મજૂરી કરીને આ વ્યવસાયમાંથી ૫૨૯ રૂપિયા જેટલી આવક મેળવતા. જેનો જીવનનિર્વાહની આવકમાં ઉમેરો થતો. આ આવક મેળવવા પાછળ દરેક કુટુંબને ૮ રૂપિયા જેટલો નજીવો ખર્ચ કરવો પડતો હતો.

કથોલા પોકેટના ગામોમાં શિક્ષણનું પ્રમાણ પણ ખૂબ જ ઓછું જોવા મળ્યુ હતું. અશિક્ષિત અને ઓછું ભણેલા કેટલાક ડ્રાઇવર તરીકે, કેટલાક પાવાગઢ ઉપર અને તાલુકા મથક હોટલોમાં હોટલબોય તરીકે નોકરી કરતા. જ્યારે એસ.એસ.સી. નાપાસ અને પાસ થયેલ વ્યક્તિઓમાંથી બેએક કલાર્કની નોકરીમાં અને એક સભ્ય પંચાયતના પટાવાળામાં જોડાયેલ હતો. નોકરીમાંથી નમૂનાનાં કુટુંબોની દ્રષ્ટિએ જોતાં દરેક કુટુંબને વાર્ષિક ૯૦૫ રૂપિયા જેટલી આવક થતી હતી.

પથ્થરકામની મજૂરી માટે તો મોટા ભાગના દરેક ગામોમાંથી યુવક યુવતીઓ અને પુખ્તવયના દરેક સભ્યો આજુબાજુની ક્વોરીઓમાં મજૂરીએ જતા. આ વિસ્તારમાં પથ્થરની ક્વોરીઓ પણ જોરશોરથી વિકસેલી જોવા મળે છે. અને આજ ઉદ્યોગ પણઆ વિસ્તારમાં જોવા મળે છે. જેને લઇને અહીંના સ્થાનિક આદિવાસીઓને સારી આવક પ્રાપ્ત થાય છે. જેમાંથી જીવનનિર્વાહ જેટલું તો ન કહી શકાય પણ ખર્ચમાં ઉમેરો થાય-જીવન ટકી રહે તેટલી આવક મેળવતા. આ વ્યવસાયમાંથી દરેક કુટુંબને ૧૬૩૬ રૂપિયા જેટલી આવક પ્રાપ્ત થતી હતી. જેમાં મજૂરીના સ્થળે આવવા જવાની સુવિધા કારખાનેદાર પાસેથી પ્રાપ્ય બનતી હોવાને લીધે દરેક કુટુંબને આ આવક મેળવવા નજીવો ખર્ચ કરવો પડતો હતો. દરેક કુટુંબને ૧૪૯ રૂ. જેટલો ખર્ચ થતો હતો. આ વિસ્તારમાં આ વ્યવસાયને લીધે કેટલાક જમીનવિહોણા અને જમીનવાળાં કુટુંબોને માટે આશીર્વાદરૂપ નીવડયો છે.

આ સિવાય લુહારીકામ અને અન્ય વ્યવસાયમાંથી દરેક કુટુંબને ૨૦૪ રૂપિયા જેટલી આવક પ્રાપ્ત થતી હતી. દરેક કુટુંબને પોતાનું જીવન ટકાવી રાખવા અનેકવિધ વ્યવસાયો પર આધાર રાખવો પડતો હતો. નમૂનાનાં કુટુંબોની સ્રોતવાર આવક ખર્ચ અને ચોખ્ખી આવકની વિગતો અહેવાલમાં દર્શાવી છે. પરંતુ ઉપર મુજબ જોતાં આ લોકોને જીવન જીવવા કેટલી મુશ્કેલીઓ વેઠવી પડે છે તે જોઇ શકાય છે.

દરેક કુટુંબની વાર્ષિક, માસિક અને માથાદીઠ આવક ખર્ચનો ખ્યાલ મેળવીએ તો આપણને જરૂર જણાશે કે જીવનનિર્વાહ માટે આ લોકો માટે હજુ પણ કંઇક કરવાની જરૂરિયાત છે. દરેક કુટુંબને બધા વ્યવસાયમાંથી કુલ ૬૩૦૯ રૂપિયા જેટલી આવક પ્રાપ્ત થતી અને તેની પાછળ

१००० જેટલો ખર્ચ કરવો પડતો. આ ખર્ચ બાદ કરતાં દરેક કુટુંબને ૫૨૦૯ રૂપિયા જેટલી ચોખ્ખી આવક પ્રાપ્ત થતી. જેમની કુટુંબદીઠ સભ્યસંખ્યા જોતાં માથાદીઠ ૭૭૪ રૂપિયા જેટલી વાર્ષિક અને ૬૪.૫ રૂપિયા જેટલી માસિક આવક પ્રાપ્ત થાય છે.

ઉપર મુજબ જુદા જુદા સ્રોતની કુલ આવક વિષે જોયા પછી જીવન જરૂરિયાતની વપરાશી ચીજવસ્તુઓ પાછળનું ખર્ચ જોઈએ તો દરેક કુટુંબને કુલ ૪૭૦૭ રૂપિયા જેટલું ખર્ચ થતું. માથાદીઠ વાર્ષિક ૭૨૯.૨ અને માથાદીઠ માસિક ૬૦.૮ રૂપિયા જેટલું ખર્ચ થતું. જ્યારે સામાજિક, શૈક્ષણિક, ઘરખર્ચ અને ખેતીખર્ચ તેમજ પશુ ખરીદી માટે મોટા ભાગનાં કુટુંબોને દેવું કરવું પડ્યું પડતું હતું.

દેવું :

નમૂનાના કુટુંબોને આધારે જોઈએ તો પસંદ થયેલ કુટુંબોમાંથી ૫૦ % કુટુંબો દેવાદાર હતાં. જેમને કુટુંબદીઠ ૧૨૫૮ રૂપિયાનું દેવું હતું. આ દેવું મોટે ભાગે ઘરખર્ચ, પશુ ખરીદી, ખેતીકામના ખર્ચને પહોંચી વળવા માટે શાહુકાર, વેપારી અને સહકારી મંડળી તેમજ સરકારશ્રી પાસેથી લેવું પડતું હતું.

અસ્કયામતો :

ઉપર મુજબ દરેક કુટુંબોની આવક ખર્ચની તુલનામાં દરેક કુટુંબો પાસે અસ્કયામત પણ એક સરખી ન હતી. દરેક કુટુંબો પાસેની જમીન, મકાન, વૃક્ષો, પશુધન, ખેતી સાધનો, ઘરવખરી અને ફરનિચર તેમજ રોકડ રકમ અને ઝવેરાતની બધી મળીને કુલ ૧૫૮૩૦ રૂપિયાની અસ્કયામત હતી. એ પણ સ્પષ્ટ કરવું જોઈએ કે આ દરેક અસ્કયામત પર તેમને તેમની અસ્કયામતના પ્રમાણમાં નાણાં મળતાં ન હોવાથી અનેકવિધ મુશ્કેલીઓમાંથી પસાર તો થવું પડે છે.

ઉપર મુજબ તેમની આવક ખર્ચ અને અસ્કયામતોને ધ્યાનમાં લેતાં તેમનું જીવન દયનીય ગણાવી શકાય. આવક ખર્ચની માત્રા જોતાં દરેક કુટુંબ ગરીબીની રેખા નીચે જ જીવન વિતાવે છે. તે પણ સ્પષ્ટ જોઈ શકાય છે.

ઉપર મુજબ કથેલા પોકેટના વિસ્તારને ધ્યાનમાં લેતાં અહીં વસતા આદિવાસીઓને કદરતી અનિશ્ચિતતાઓનો સામનો અવારનવાર કરવો પડે છે. આ વિસ્તાર આમેય સૂકો વિસ્તાર હોવાથી આકાશી ખેતી પર આધાર રાખવો પડે છે. તેમાં દર બે ત્રણ વર્ષે દુષ્કાળની પરિસ્થિતિનો સામનો કરવો પડતો હોય છે. ખેતી અને મજૂરી જીવનનિર્વાહનો મુખ્ય આધાર હોવાથી પારાવાર મુશ્કેલીઓ વેઠીને જીવનનિર્વાહ ચલાવતાં હોય છે.

પ્રસ્તુત સર્વેક્ષણ આધારિત અભ્યાસ પરથી અને તેના ક્ષેત્રકાર્ય પરથી દેખાઈ આવે છે કે આદિવાસી વિસ્તારની હરોળમાં આ વિસ્તારની ગણતરી થઈ હોવા છતાં આ વિસ્તારોમાં ધ્યાન કેન્દ્રિત કરી શકયા નથી. આજે તો આદિવાસીઓ સરળતાથી બિનઆદિવાસીની હરોળમાં આવી શકે અને સ્વાવલંબનની દિશામાં પહેલ કરે તે માટે સરકારશ્રીએ અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. તેનો લાભ માત્ર આદિવાસી વિસ્તારના આદિવાસીઓ માટે પણ સિમિત નથી. પોકેટ વિસ્તારની અલગ ગણતરી સાથે સાથે બધી યોજનાઓના લાભ પોકેટના આદિવાસીઓ પણ લઈ શકે છે. તફાવત માત્ર એટલો જ છે કે આદિવાસી વિસ્તારોમાં પ્રાયોજના મારફતે લાભ મળે છે જ્યારે પોકેટના વિસ્તારોને જે તે તાલુકાના બજેટ હેડ મારફતે મળે. પરંતુ આ સર્વેક્ષણ પરથી સ્પષ્ટ ખ્યાલ આવે છે કે પોકેટના વિસ્તારોનાં ગામોમાં વસતા આદિવાસી કુટુંબોને કોઈ લાભ પ્રાપ્ત થયો નથી. એટલું જ નહીં પરંતુ આ વિસ્તારોમાં સરકારશ્રીની વિવિધ યોજનાઓનો પણ મોટા ભાગનાને ખ્યાલ નથી. અને જેને ખ્યાલ આવ્યો હોય અને લાભ લીધો હોય એ શિક્ષિત કુટુંબો પણ નહિવત જોવા મળ્યાં છે. કેટલાક તો યોજનાઓ અંગે જાણતા હોવાછતાં તેનો લાભ લેવા ઈચ્છતા પણ નથી. કારણ કે જાણવા મળ્યુ છે તેમ કેટલીક યોજનાઓ તેમને માટે અનુકૂળ પણ ન હતી. દા.ત. દૂધાળાં ઢોરની યોજના.

પ્રસ્તુત નમૂના રૂપ સર્વેક્ષણ વખતે દરેક કુટુંબને અનુલક્ષીને સરકારશ્રીની જુદી જુદી યોજનાઓના લાભ અંગે પણ પૂછવામાં આવ્યુ હતું. તેને આધારે જોઈએ તો નમૂનાનાં કુટુંબોમાથી જમીન સંરક્ષણ યોજનાનો લાભ માત્ર એક કુટુંબને, સિંચાઈ યોજનાનો લાભ કોઈ નહીં, ડિટ્સનો લાભ ૫૨ કુટુંબોને (સ.મં. સાથે સંકળાયેલ) દૂધાળાં ઢોરની યોજનાનો લાભ કોઈ નહીં. મરઘાં યુનિટનો લાભ પણ કોઈ કુટુંબે લીધો ન હતો. શિક્ષણ યોજના હેઠળ માત્ર ૪૩ કુટુંબોનાં બાળકોએ લાભ લીધો હતો. જેમાં ગણવેશ અને સ્કોલરશીપનો લાભ માત્ર લીધો હતો.

જ્યારે નવા ધંધા અંગે પૂછતાં માત્ર ૧૦ કુટુંબોએ જ હા પાડી હતી. જેમાં છૂટક વેપાર, લુહારી કામ, સથારીકામ, ખેતીને લગતા અને કાપડફેરીની માગણી કરી હતી. જેને માટે દરેકે નાણાંની જરૂરિયાત બતાવી હતી.

નમૂનાનાં કુટુંબોમાથી મોટા ભાગનાં કુટુંબોએ નવા ૩૦ પ્લોટો અંગેની જરૂરિયાત દર્શાવી હતી. બાકીનાને દરેકને પોતાને રહેવાલાયક ઘર હતાં.

જમીન અંગે પૂછતાં પાંચ કુટુંબોએ જમીન સમતળ કરાવવા, એક કુટુંબે પાળા બાંધવા અને એક કુટુંબે કયારી બનાવવા અંગેની માગણી કરી હતી. જ્યારે ૧૫ કુટુંબોએ ખેતી માટેની જમીનની માગણી કરી હતી.

નમૂનાનાં દરેક કુટુંબો પાસે ખેતી માટેનાં સાધનો પણ પૂરતાં ન હતાં. એટલું જ નહીં પણ ખેતી માટે સિંચાઈનો પણ અભાવ હતો. સિંચાઈનાં સાધનો અંગે પૂછતાં ૨૧ કુટુંબોએ નવા કૂવાં માટે, ૧૪ કુટુંબોએ કૂવા ઊંડા કરાવવા, ૭ કુટુંબોએ કૂવાનું સમારકામ અંગેની ઈચ્છા વ્યકત કરી હતી. જ્યારે કૂવા પર સિંચાઈનાં સાધનો માટે બે કુટુંબોએ, ઈલેકટ્રીક મોટર અને ૧૫ કુટુંબોએ ઓઈલ એન્જીન અંગેની ઈચ્છા દર્શાવી હતી.

નમૂનાનાં કુટુંબોએ ખેતીમાં રૂપાંતર લાવવા ૩૪ કુટુંબોએ શાકભાજીના વાવેતર માટે, ૨૧ કુટુંબોએ ફળઝાડ ઉછેર માટે, ૩ કુટુંબોએ ઘાસચારા માટે અને ૨૯ કુટુંબોએ વનીકરણ માટે માગણી મૂકી હતી.

છેલ્લે પશુપાલન અંગે પૂછતાં ૭૫ કુટુંબોએ આ વ્યવસાયને અપનાવવા માટે તૈયારી દર્શાવી હતી. પરંતુ તેની સાથે ઘાસચારાની અને સિંચાઈની યોજનાનો લાભ મળે તેવું દર્શાવ્યું હતું. પશુપાલનની માગણીવાળા કુટુંબોમાંથી ૩૪ કુટુંબોએ ગાય, ૨૧ કુટુંબોએ ભેંસ અને ૩૪ કુટુંબોએ બળદની માગણી કરી હતી.

આ રીતે ઉપરોકત બાબતો સિવાય પોકેટના ગામોમાંથી પાવાગઢની આજુબાજુની પથ્થરની કવોરીઓમાં મજૂરીએ જતાં યુવક યુવતીઓને કામના પ્રમાણમાં વેતન મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવાય અને શોષણ અટકે તો સારું. આ ઉપરાંત અહીં સાતથી આઠ માસ સતત મજૂરી મળતી હોવાથી મજૂરી સિવાય કારખાનાના મજૂરોના દરે વેતન પ્રાપ્ત થાય તેવી ઈચ્છા વ્યકત કરી હતી. સાથે સાથે આ સિવાયના વિસ્તારના યુવકોનું એક સંગઠન ઊભું કરીને તેમના નેજા હેઠળ નવી કવોરી ઊભી કરવા સહાય આપી તેમને પ્રોત્સાહિત કરવા જોઈએ.

આ વિસ્તારમાં આદિવાસીઓને તેમની લઘુત્તમ આવશ્યકતાઓની પૂર્તિ માટે પણ સતત પ્રયત્નશીલ બનાવવાની જરૂરિયાત છે. લોકોને રોજગારી, રહેઠાણ અને પાણી ઉપરાંત સ્વાસ્થ્ય અંગેની સેવાઓ મળી રહે તેવી વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.

લઘુ વિસ્તારની આવશ્યક સેવાઓની પૂર્તિ માટે લોકો સુધી સરકારશ્રીની પાયાની સુવિધાઓ પહોંચાડવા માટે સ્થાનિક સામાજિક સંસ્થાઓની પુનઃરચના થવી જોઈએ. આ વિસ્તારમાં રોજી અંગે અને મજૂરીના દરોમાં જે શોષણ થાય છે તેની સામે રક્ષણ મળવું જોઈએ.

ના જે રાજ્યે છ છ પંચવર્ષીય યોજનાઓ પૂરી કરીને સાતમી પંચવર્ષીય યોજનામાં પ્રવેશ કર્યો હોવાછતાં દરેક યોજનાઓને અને આદિવાસીઓનો જે વિકાસ થવો જોઈએ તે થયો નથી. બલ્કે અનેક પ્રકારની યોજનાઓની ઝાળથી તેનો વિકાસ રૂંધાયો હોય તેવું લાગે છે. અને આપણે સિદ્ધિને શિખરે પહોંચવાને બદલે પાછા પડતા હોય તેવું લાગે છે. આ માટે નવી શરૂ થતી યોજનામાં ઊંચા લક્ષ્યાંકો બાંધીએ પણ ખૂણામાં બેઠેલા આદિવાસીને આયોજનમાં પહભાગી નહિ બનાવીએ અને અંતથી ઇતિ સુધી જો તેમને મોખરે નહીં રખાય તો કોઈ લક્ષ્યાંક પાર પડવાનો નથી. માટે નાનામાં નાના ગરીબ માણસનો ખ્યાલ કરીને તેને સહભાગી બનાવવો જોઈએ.

આ ઉપરાંત પોકેટના આદિવાસીઓમાં સંગઠનશક્તિ ઊભી કરવાની તાતી જરૂરિયાત છે. સાથે સાથે કોઈપણ યોજનાના લાભ અંગે લાંબાગાળાની મદદ અને બેવડા ધિરાણની નીતિને મહત્વ આપવું જોઈએ. જેથી લોકોમાં સ્વાયત્તતા આવશે અને યોજનાઓ આપણા માટે છે તેવા અભિપ્રાયથી સહાય માટે મેળવેલાં નાણાં પરત ભરપાઈ કરવાની વૃત્તિ પણ કેળવાશે. અને જેમ અનેક પ્રકારની યોજનાઓ માટે લોન સહાય મેળવે તે માટે જુદી જુદી યોજનાઓ હેઠળ પૈસા પરત ભરપાઈ કરી શકે તેવું સામર્થ્ય થાય એ પણ એટલું જ મહત્વનું છે. માટે આદિવાસીએ ઉત્પાદન કરેલ માલને બજારમાં પહોંચાડવાનું અને તેના માલના પૂરા પૈસા મળે તે રીતે ગોઠવણ ઊભી કરી શકાય તે યોગ્ય છે. પરંતુ લેણદાર અને દેણદાર માટે માલના પ્રમાણમાં નાણાં ન મળે તો તે અભિગમ નકામો નિવડે છે. જે કંઈ યોજનાઓ આદિવાસીઓ માટે અમલમાં મૂકાઈ હોય તેનું સંશોધન અને મૂલ્યાંકન પણ એટલું જ આવશ્યક બની રહેશે.

પોકેટના વિસ્તારમાં આયોજન એ માત્ર કોઈ એક જ પાસાના સંદર્ભમાં નહીં પરંતુ લોકોના આર્થિક, સામાજિક અને સંસ્કૃતિક પાસાંઓ ઝળકી ઊઠે અને ત્યાંની પ્રત્યેક વ્યક્તિનું બલ વિકસિત થાય તેવું આયોજન થવું જોઈએ. પાયાની સવલતો તેમના સુધી પહોંચે તે પ્રકારનું આયોજન થવું જોઈએ. આદિવાસીઓમાં શિક્ષણ તેમાંય સ્ત્રીઓનું શિક્ષણનું સ્તર ઊંચું આવશે તો જ આયોજન ફળિભૂત થશે.

કથોલા પોકેટની આર્થિક, સામાજિક અને વ્યવસાયને લગતી દરેક વિગતોને ઊંડાણપૂર્વકથી અહેવાલમાં દર્શાવવામાં આવી છે. તો અહીંની ભૌગોલિક પરિસ્થિતિ અને આર્થિક માળખાને ધ્યાનમાં રાખી ભાવિ વિકાસના કાર્યક્રમો વિષે વિચાર કરી શકાય. તેમાંય ખાસ (૧) આદિવાસીઓની આવશ્યકતાઓને લગતા કેટલાક કાર્યક્રમો કે જેમાથી કંઈક પ્રાપ્ત કરી આજીવિકામાં ખર્ચી શકે તે રીતે પોકેટના લોકોની ખરેખર શી આવશ્યકતા છે તેના પર ધ્યાન

કેન્દ્રિત કરી રહેઠાણ, રોજગારી, રોટીને લગતી આવશ્યકતાઓને વધુ પ્રોત્સાહન આપવું જોઈએ. તેમની લઘુત્તમ આવશ્યકતાઓની પૂર્તિ માટે ખાસ કુટુંબલક્ષી કાર્યક્રમોને પ્રાધાન્ય આપવું જોઈએ. તે માટે એક વ્યવસ્થિત તપાસ હાથ ધરીને કોને કઈ જરૂરિયાત છે તે સમજીને તેની ચકાસણી કરીને તેને લગતા કાર્યક્રમો તાત્કાલિક હાથ ધરવા જોઈએ.

પોકેટના વિસ્તારમાં ખાસ કરીને રહેઠાણ માટેનાં ઘરોની નવરચના, પીવાના પાણીની વ્યવસ્થા, ખેતી વિકાસની સમસ્યાને હલ કરવા સિંચાઈ અને સુધારેલાં ઓજારો, બિયારણની સુવિધા, ગામોમાં અને આદિવાસી પરાઓમાં વીજળીની અને રસ્તાની સુવિધા આદિવાસીઓના સ્વાસ્થ્ય અંગે આરોગ્ય વિષયક સુવિધાઓની પૂર્તિ ઉપરાંત સ્થળાંતરને રોકવા પથ્થર તોડવાનાં નાનાં નાનાં યુનિટો, ધંધાદારીની તાલીમની વિશેષ જરૂરિયાત પર ભાર મૂકવો જોઈએ.

લઘુ વિસ્તારનાં ગામોમાં ખાસ કરીને શિક્ષણને લગતી સુવિધાઓને વેગ આપીને, શિક્ષણ માટેની તાતી જરૂરિયાત છે. સાથે સાથે તેમની સાંસ્કૃતિક બાબતોને બહાર લાવી બિરદાવવી જોઈએ.

છેલ્લે પોકેટના આદિવાસીઓ સરકારશ્રીની વિવિધ યોજનાઓને સરળતાથી સમજાવી શકે અને વધુને વધુ વ્યક્તિઓ/ કુટુંબો તેનો લાભ લેતા થાય તે હેતુથી સરળ સમાજ માટે લોકાભિમુખ તંત્ર ગોઠવવું જરૂરી છે. પોકેટના સ્થળે અલગ અધિકારીને મૂકીને દરેક યોજનાઓથી વંચિત કરવાની તાતી જરૂરિયાત છે.

ઉપરના કેટલાક મુદ્દાઓને જે તે વિસ્તારના આયોજન વખતે ધ્યાન પર લેવાય અને તેને કેન્દ્રમાં રાખીને જો અમલીકરણ કરાય તો જે તે વિસ્તારના વિકાસના લક્ષ્યાંકોને નિઃશંક આંબી શકાશે.

• • •

# ગુજરાતની આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણ અને રોજગારી

## ૧. પ્રાસ્તાવિક :

ભારતની વસતીના પછાત જુથોમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનો સમાવેશ થાય છે ૧૯૮૧ની વસતી પ્રમાણે ગુજરાતમાં આદિવાસીઓની વસ્તી ૧૪.૨૨ ટકા જેટલી છે.આ વસ્તીનો મોટો ભાગ આઠ જિલ્લાના ૩૨ તાલુકામાં વસે છે. આ તાલુકાઓમાં લગભગ ૫૦ ટકાથી વધુ આદિવાસી વસ્તી છે. ગુજરાતમાં બધુ મળીને કુલ ૨૯ આદિવાસી જાતિઓ વસે છે. આ દરેક જાતિના લોકો ભિન્ન ભિન્ન સામાજિક આર્થિક સ્તરે તેમનું જીવન વ્યતિત કરે છે. દરેક જાતિમાં શિક્ષણનું પ્રમાણ પણ ભિન્ન ભિન્ન જોવા મળે છે. સ્ત્રી શિક્ષણની બાબતમાં દરેક જાતિમાં ઉદાસીનતા વર્તાય છે.

સામાન્ય રીતે આદિવાસીઓ આર્થિક તેમજ શૈક્ષણિક દષ્ટિએ પાછળ છે. ૧૯૮૧ની ગણતરી પ્રમાણે ભારતમાં ૩૬.૧૨ ટકા શિક્ષિત વસ્તી છે તેમાં ૪૬.૭૨ ટકા પુરુષો અને ૨૪.૮૧ ટકા સ્ત્રીઓ છે. ગુજરાતમાં શિક્ષિત વસ્તી ૪૩.૭૦ ટકા છે. એમાં પુરુષો ૫૪.૪૪ ટકા અને ૩૨.૩૧ ટકા સ્ત્રીઓ છે. પરંતુ ગુજરાતની આદિવાસી વસ્તીમાં ૨૧.૧૪ ટકા શિક્ષિત છે જેમાં ૩૦.૪૧ ટકા પુરુષો અને ૧૧.૬૦ ટકા સ્ત્રીઓ છે. આમ ૧૦૦ આદિવાસી સ્ત્રીઓમાં ફકત ૧૨ સ્ત્રીઓ શિક્ષણ પ્રાપ્ત કરે છે એમ કહી શકાય.

સ્વરાજય પ્રાપ્તિ પછી પછાત જાતિના કલ્યાણ અને ઉત્કર્ષની જોગવાઇ બંધારણમાં કરી હતી. પંચવર્ષીય યોજનામાં કેળવણી અને તાલીમની તકો વધારી તેમની આર્થિક સ્થિતિ સુધારવા માટે પ્રયત્નો કરવામાં આવ્યા છે. આદિવાસી કલ્યાણ યોજનામાં તેમનામાં શિક્ષણનું પ્રમાણ વધે તે માટે શકય એટલા બધા જ પ્રયત્નો કરવામાં આવી રહયા છે.

આ જે તો કોઇપણ આદિવાસી છોકરો કે છોકરી યોગ્યતા ધરાવતો હોય તો ઉંચામાં ઉંચું શિક્ષણ લઇ શકે તેવી વ્યવસ્થા કેન્દ્ર અને રાજય સરકાર વ્દારા કરવામાં આવી છે. તેમને માટે પ્રાથમિક શિક્ષણથી માંડી ઉચ્ચ શિક્ષણ સુધી બધી જ તકો પુરી પાડવામાં આવી રહી છે. પરંતુ આ લાભ કેટલીક આદિજાતિઓએ બહોળા પ્રમાણમાં લીધો છે હજુ પણ તેમના શિક્ષણનો વ્યાપ બિન આદિવાસીઓ કરતાં ઘણો નીચો છે. તેથી તેમણે અન્ય સમાજની હરોળમાં આવવા માટે ઘણી મજલો કાપવાની છે.

## ૨. અભ્યાસનો હેતુ, પ્રવિધિઓ :

સમગ્ર ગુજરાતને ધ્યાનમાં રાખીને આ અભ્યાસ પછાત અને વિકસિત વિસ્તારનો કરવાનો હતો. આ અભ્યાસ માટે લીમખેડા, ઝાલોદ, વ્યારા, ચીખલી, ધરમપુર અને ડાંગ

.. ૨

એમ છ તાલુકા પસંદ કર્યા હતા. દરેક તાલુકામાંથી ત્રણ પ્રાથમિક અને એક માધ્યમિક શાળા પસંદ કરવામાં આવેલ. તેમાંથી ૨૯૪ બહેનોની વ્યક્તિગત તેમજ તેમના કુટુંબની સામાન્ય માહિતી મેળવી હતી. એ માહિતીમાં છોકરીઓનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ, એમનો વૈવાહિક દરજ્જો તેમના શિક્ષણ અંગેની માહિતી, તેમના કુટુંબની આર્થિક પરિસ્થિતિ સંબંધી માહિતી, જેની આવક, ખર્ચ અને મિલકત સંબંધી માહિતી, મા-બાપના શિક્ષણ તેમજ વ્યવસાય અંગેની માહિતી તેમજ પરણિત બહેનો માટે તેમના પતિના કુટુંબની કેટલીક માહિતી મેળવી હતી.

૩. મુખ્ય નિષ્કર્ષો :

આદિવાસી લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને ખેતમજૂરી છે. ગૌણ વ્યવસાયમાં પશુપાલન મત્સ્ય ઉદ્યોગ ઔદ્યોગિક મજૂરી છૂટક મજૂરી વગેરે કરતા હોય છે. આ ઉપરાંત જંગલમાં લાકડાં કાપવાનું, જંગલની પેદાશ ભેગી કરવાનું, વાંસમાંથી ટોપલા બનાવવાનું, ખનીજ પથ્થર તોડવા, કાઢવા, ખાણકામ શિકાર અને ગૃહઉદ્યોગ જેવા ધંધામાં રોકાયેલા છે.

ક્ષેત્રકાર્યમાં પસંદ કરેલ તાલુકા પ્રમાણે ઉત્તરદાતા વાલીઓના શિક્ષણની માહિતી જોઈએ તો સૌથી વધુ અભણ ધરમપુર , લીમખેડા તાલુકામાં સૌથી ઓછા અભણ ઝાલોદ તાલુકામાં, અને ઉચ્ચશિક્ષણનું પ્રમાણ ચીખલી તાલુકાના વાલીઓમાં હતું. આમાં સ્ત્રી શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું હતું.

જાતિ પ્રમાણે જોઈએ તો ભીલ, ઘોડિયા, કોકણા, ચૌધરી અને ગામીત જાતિની બહેનોનું શિક્ષણ વિશેષ જોવા મળ્યું છે પટેલીયા, ધાનકા અને કોલધા જાતિની બહેનોનું શિક્ષણ નહીંવત્ છે જ્યારે હળપતિ અને કોટવાળિયા જાતિમાંથી શિક્ષિત બહેનો એક પણ જોવા મળી ન હતી.

શિક્ષણ સંબંધી માહિતીને આધારે જોવા મળ્યું કે અશિક્ષિત પુરુષો કરતાં સ્ત્રીઓનું પ્રમાણ વધારે હતું જુદી જુદી કક્ષાના શિક્ષણમાં પુરુષો કરતાં સ્ત્રીઓનું પ્રમાણ ઓછું જોવા મળે છે પરંતુ એ તફાવત નહીંવત્ છે. ટેકનીકલ શિક્ષણની બાબતમાં તેમાંય ખાસ કરીને પી.ટી.સી.ના અભ્યાસમાં પુરુષો કરતાં સ્ત્રીઓ આગળ છે ઘણીખરી શિક્ષિત બહેનો દસમા ધોરણ પછી પી.ટી.સી.ના અભ્યાસક્રમમાં જોડાય છે. પી.ટી.સી.ના અભ્યાસ પછી શિક્ષિકાની નોકરી સહેલાઈથી મળે તેવી શક્યતા રહેલી છે.

અભ્યાસમાં જે બહેનોનો સમાવેશ થયો હતો તેમાંથી ૬૫ ટકા બહેનો અપરિણીત અને ૩૫ ટકા બહેનો પરણિત હતી. પરણિત બહેનોની વયમર્યાદા મોટેભાગે

૨૦ વર્ષથી ઉપર હતી. એટલે લગ્નને કારણે અભ્યાસ છોડી દેવો પડે એવું ઓછું બને છે.

આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણ ઓછું હોવાના જે કારણો જાણવા મળ્યા છે તે નીચે મુજબ છે.

(૧) આદિવાસી કુટુંબોની આવક ઓછી હોવાને કારણે તેઓ શિક્ષણ પાછળ પૂરતો ખર્ચ કરી શકે તેમ નથી.

(૨) કુટુંબમાં બાળકોની સંખ્યા વધારે હોય એક છોકરો એક છોકરી હોય તો છોકરાને ભણાવી શકે પરંતુ છોકરીને ભણાવી શકાય તેવી સ્થિતિ હોતી નથી.

(૩) છોકરી ઉંમર લાયક થાય એટલે પરણીને સાસરે જાય એટલે એને ભણાવવાનો ખર્ચ નકામો જાય છે એવું પણ કેટલાક વાલીઓ વિચારતા હોય છે.

(૪) રોજગારી માટે જે મા-બાપોને સ્થળાંતર કરવું પડે છે તેઓ પોતાના બાળકોને ભણાવી શકતા નથી.

(૫) મા-બાપ બંને મજૂરી કરતા હોય તો છોકરીએ ઘરકામ કરવાનું તેમ જ નાનાભાઇ બહેનની સંભાળ રાખવાની હોય છે.

(૬) એકવાર છોકરી નાપાસ થાય તો મા-બાપ આગળ તેને ભણવા માટે મોકલતા નથી.

(૭) શિક્ષણ મફત છે પરંતુ પુસ્તકો, ગણવેશ, નોટબુક તેમજ અન્ય સાધનો માટે થતો ખર્ચ કરવાની માતા-પિતાની શકિત હોતી નથી.

(૮) ખેતી કામમાં સાથે જોડાવું પડતું હોવાને કારણે પણ શિક્ષણ લઇ શકતા નથી.

(૯) કેટલાક આદિવાસી મા-બાપ પાસે બાળકોને શિક્ષણ શા માટે આપવું જોઇએ તેના સ્પષ્ટ ખ્યાલો નથી. જેમણે શિક્ષણમાં ફાયદા જોયા છે અને અનુભવ્યા છે તેમણે શિક્ષણમાં સક્રિય રસ લીધો છે.

(૧૦) ધોડિયા, ભીલ, ચૌધરી, ગામીત, કોકણા વગેરે જાતિઓમાં શિક્ષણનો વ્યાપ વધવાનું આ કારણ જાણવા મળ્યું છે. જયારે કોટવાળિયા, હળપતિ, કોલચા જાતિઓમાં શિક્ષણમાં રસ કે જાગૃતિ જોવા મળતી નથી.

(૧૧) આદિવાસીઓમાં જે લોકો શિક્ષણ મેળવી આગળ વધ્યા છે તેઓ બીજા આદિવાસીઓના શિક્ષણમાં પુરતો રસ લેતા નથી તેઓ પોતાના અંગત વિકાસમાં જ વધુ રસ રાખે છે.

(૧૨) શિક્ષણ સાથે સંકળાયેલા સરકારી કર્મચારીઓ અને સામાજિક કાર્યકરો દ્વારા શિક્ષણનો વ્યાપ વધારવા માટેના ઘનિષ્ઠ પ્રયત્નો થયેલા જોવા મળતા નથી.

...૪

(૧૩) જે તે વિસ્તારની સ્વૈચ્છિક સંસ્થાઓ પણ શિક્ષણનો વ્યાપ વધારવામાં મહત્ત્વનો ભાગ ભજવી શકે છે માત્ર અપવાદરૂપ સંસ્થાઓએ જ આ માટે સક્રિયતા દાખવી છે.

(૧૪) આદિવાસી વિસ્તારમાં ફળીયાઓ વચ્ચે વધુ અંતર હોય છે અને શાળા પણ રહેઠાણથી દૂર હોય છે એટલે જવા- આવવાની મુશ્કેલીને લીધે મા-બાપ પોતાની છોકરીને શાળાએ મોકલવાનું પસંદ કરતાં નથી.

(૧૫) શાળામાં શિક્ષકોની ભાષા સમજવામાં આદિવાસી બાળકોને મુશ્કેલી પડે છે.

(૧૬) પોતાના ગામમાં આગળ અભ્યાસ કરવા માટેની સગવડ ન હોય તેને પરિણામે પણ અભ્યાસ છોડવો પડયો છે.

(૧૭) ૬-૧૪ વર્ષના બાળકોને ફરજિયાત અને મફત શિક્ષણ આપવાનું હોવાથી ૧ થી ૩ ધોરણમાં નામની વધુ નોંધણી થાય છે પરંતુ શાળામાં બાળકોની હાજરી જોવા મળતી નથી.

ત્રીજા ધોરણ સુધીમાં ૧૪ વર્ષની ઉંમર થાય એટલે આગળ નામની નોંધણી પુરી થાય છે. નામની નોંધણીને લીધે શિક્ષણ લે છે એવું લાગે છે પરંતુ હકીકતમાં આમ બનતું નથી.

(૧૮) એક થી સાત ધોરણ સુધીમાં નાપાસ થવાનું પ્રમાણ વધુ રહે છે અને નાપાસ થયેલા બાળકોને આગળ અભ્યાસ કરાવવાની ઈચ્છા વાલી રાખતા નથી તેથી બગાડનું પ્રમાણ વધે છે. જે બાળક ધોરણ ૭ મા પાસ થઈ આગળ અભ્યાસ કરે છે તેના અભ્યાસમાં બગાડ કે સ્થગિતતા થવાની શકયતા ઓછી રહે છે.

(૧૯) આદિવાસી બહેનો ધોરણ ૧૦માં નાપાસ થાય પછી ફરી પરીક્ષા આપવાનું પસંદ કરતી નથી ત્યાંજ એનો અભ્યાસ અટકી જાય છે.

(૨૦) અંગ્રેજી અને ગણિતના વિષય અઘરા લાગે છે તેથી તેમાં નાપાસ થવાની શકયતા વધારે રહે છે.

(૨૧) કોલેજ શિક્ષણ સમય અને નાણાંની દૃષ્ટિએ ખર્ચાળ લાગે છે તેથી ૧૨ ધોરણ પછી આગળ અભ્યાસ કરવાનું છોડી દે છે.

**સ્ત્રી શિક્ષણના ફાયદા :**

(૧) બહેનો તેમજ તેના વાલીઓને સ્ત્રી શિક્ષણના આર્થિક ફાયદા વધુ લાગે છે.

(૨) શિક્ષણને પરિણામે નોકરી મળી જાય છે અને કુટુંબ આર્થિક રીતે મજબુત બને છે.

....૫

(૩) પોતાની જીવન જરૂરિયાતની અને મોજશોખની વસ્તુઓ સરળતાથી ખરીદી શકે છે.

(૪) સ્ત્રી નોકરી કરતી હોય તો તેનામાં બચત કરવાની વૃત્તિ જાગે છે જે ભવિષ્યમાં ઉપયોગી નીવડે છે.

(૫) છોકરી ભણેલી હોય તો લગ્ન માટે સારો ભણેલ છોકરો અને સારું કુટુંબ મળી રહે છે.

(૬) ભણેલા માણસો પ્રત્યે સમાજ માનથી જુએ છે તે વલણને ધ્યાનમાં રાખીને બીજી બહેનો પણ અભ્યાસ કરવા પ્રેરાય છે.

(૭) શિક્ષણને પરિણામે ભાષા, પહેરવેશ , રહેણીકરણી અને રોજિંદા કામોમાં હોંશિયાર બને છે.

(૮) આદિવાસી બહેનો એવું માનતી થઇ છે કે શિક્ષણનં લીધું હોય તો મજૂરી કરવી પડે. અત્યારના વિકસતા સમાજમાં આસપાસના વાતાવરણને ધ્યાનમાં રાખે તો આ કામ હલકું લાગે છે તેથી તેઓ શિક્ષણ લેવા પ્રેરાતી હોય છે.

(૯) શિક્ષણને પરિણામે તેઓ બીજી બહેનોને શિક્ષણ આપી શકે છે અને સામાજિક જીવનમાં મદદરૂપ બને છે.

(૧૦) શિક્ષણ તેને ભવિષ્યમાં બાળ ઉછેરમાં તેમજ બાળકોના ભણતરમાં મદદરૂપ બને છે. આ અભ્યાસના આધારે કેટલાક સૂચનો નીચે મુજબ છે.

:૧: આદિવાસીઓને શિક્ષણ માટેની જે સવલતો અપાય છે તે વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આપવી જોઇએ.શિષ્યવૃત્તિ, પુસ્તકો અને ગણવેશ માટે અનુદાનની રકમ વધારવી જોઇએ. અનુદાનના નિયમોમાં ફેરફાર કરવો જોઇએ.

:૨: આદિવાસી વિદ્યાર્થીઓને મફત પુસ્તક સહાય અને ગણવેશ આપવાની જોગવાઇ છે પરંતુ તે જોગવાઇ બધા સુધી પહોંચતી નથી તો કેટલાક આપવામાં વિલંબ કરે છે આથી યોગ્ય પ્રમાણમાં યોગ્ય સમયે આવી રાહત આપી શકાય તેવા પ્રયત્નો થવા જોઇએ.

:૩: આદિવાસી કન્યાઓ નાનપણથી જ શિક્ષણમાં રસ દાખવે તે માટે ગામડે ગામડે નજીકના અંતરે બાલવાડી અને આંગણવાડી શરૂ કરવી જોઇએ.

:૪: પ્રાથમિક શિક્ષણમાં અપવ્યય અને સ્થગિતતા ઘટાડવા માટે શિક્ષણ નિરીક્ષણ વારંવાર કરવું જોઇએ તે માટે ચુસ્ત અમલ કરવો જોઇએ.

:૫: આદિવાસી વિદ્યાર્થીને દૂરના પ્રદેશમાં શિક્ષણ લેવા જવું ન પડે તે માટે જે તે ગામમાં ઉચ્ચતર માધ્યમિક શાળાની સવલત ઊભી કરવી જોઇએ.

:૬: આશ્રમશાળા અને છાત્રાલયના પ્રવેશ માટેના નિયમોમાં છૂટછાટ મુકાવી જોઇએ તેમજ તેની સંખ્યા વધારવી જોઇએ.

:૭: આશ્રમશાળાની વ્યવસ્થાને વધુ ઘનિષ્ઠ બનાવવી જોઇએ ખાસ કરીને કોટવાળિયા, હળપતિની વસ્તી છે ત્યાં આવા પ્રયત્નો ખાસ થવા જોઇએ જેથી વધુ સંખ્યામાં બાળકો શિક્ષણ લેતા થાય.

:૮: આદિવાસી બહેનોને પોતાના રહેઠાણથી શાળાએ જવાની મુશ્કેલી રહેતી હોય તો તે નિવારવા માટે કન્યા છાત્રાલયની સગવડો વધારવી જોઇએ એવું પણ જાણવા મળ્યું છે કે છાત્રાલયમાં રહીને ભણતી બહેનો ઘરે રહીને ભણતી બહેનો કરતાં અભ્યાસમાં વિશેષ સમય આપી શકે છે.

:૯: છાત્રાલય કોલેજ પ્રવેશ અને પી.ટી.સી. પ્રવેશના નિયમોમાં છૂટછાટ મુકવી જોઇએ.

:૧૦: યોગ્યતા ધરાવનાર વ્યકિતને શિક્ષણની જાગૃતિ માટેની કામગીરી સોંપવી જોઇએ અને તેનું ઉચ્ચકક્ષાએ મૂલ્યાંકન થવું જોઇએ.

:૧૧: આદિવાસી વિસ્તારમાં શિક્ષણનો પ્રચાર થવો જોઇએ શિક્ષણના કાયદાઓથી બધાને વાકેફ કરવા જોઇએ. એ માટે યોગ્યતા ધરાવતી વ્યકિતઓને પુરતું મહેનતાણું આપીને કામ સોંપવું જોઇએ આ માટે વાલી સંમેલન અને વિદ્યાર્થી મંડળો ઉભા કરવા જોઇએ.

:૧૨: જે બહેનો અધવચ્ચેથી શિક્ષણ છોડી દે છે તેમને માટે ગામડામાં નાના પાયા પર ગૃહઉદ્યોગો ખોલવા જોઇએ.

:૧૩: રોજગારી માટે સ્થળાંતર કરતા લોકોને પોતાનાં વતનમાં જ રોજગારી મળે તેવા પ્રયત્નો થવા જોઇએ જેથી એમના બાળકો શિક્ષણથી વંચિત ન રહે.

:૧૪: વ્યવસાય કરતી બહેનોને વ્યવસાયના સ્થળે રહેવાની સગવડ મળે તેવા પ્રયત્નો કરવા જોઇએ.

:૧૫: પંચમહાલ જિલ્લામાં ભીલ સેવા મંડળે સક્રિય બનીને શિક્ષણ પ્રચારનું કામ કર્યું છે તે ધોરણો અન્ય વિસ્તારોમાં પણ સ્વૈચ્છિક સંસ્થાઓ સક્રિયતા બતાવી શકે અને શિક્ષણના પ્રચારનું કામ કરી શકે.

----

# જમીન અપહરણ અને દેવા વિષયક પરિસ્થિતિ

## ( દાદરાનગર હવેલી- કેન્દ્રશાસિત પ્રદેશ )

**૧. પ્રાસ્તાવિક :**

દાદરાનગર હવેલીનો વિસ્તાર ગુજરાત અને મહારાષ્ટ્રની વચ્ચે આવેલો છે. ગુજરાત રાજયના વલસાડ જિલ્લાની ધરમપુર અને ઉંમરગામ તાલુકાની સરહદોથી આ પ્રદેશ જોડાયેલ છે, મહારાષ્ટ્રના જવાળ અને તલાસરી વિસ્તારોની સરહદો પર સ્થિત છે. દાદરાનગર હવેલી કેન્દ્રશાસિત પ્રદેશ છે.

આ વિસ્તારમાં વારલી, ઢોરકોળી, કોકણા, દૂબળા અને ધોડિયા આદિવાસી જાતિઓની વસતી મુખ્ય છે. ગુજરાતમાં પણ આ સરહદો પર વસેલા આદિવાસીઓમાં આ જ જાતિઓ વસે છે જે પરસ્પર સામાજિક સંબંધોથી ગુંથાયેલ છે.

**૨. અભ્યાસનો હેતુ :**

" જમીન અપહરણ અને દેવા વિષયક " પરિસ્થિતિ વિષે તપાસ કરવાનું મુખ્ય કારણ નીચે પ્રમાણે છે. આ પ્રસ્તુત સંઘ પ્રદેશની વસ્તીમાં ૮૦ % આદિવાસીઓ છે અને માત્ર ૨૦ % બિન આદિવાસીઓ છે, જેઓ મોટા જમીનદારો તેમજ વ્યાપારીઓ છે. આદિવાસીઓનો મોટો વર્ગ પાંચ હેકટરથી ઓછી જમીન ધરાવનારાવાળો છે. તેઓ ખેતમજૂર તરીકેનું પણ કાર્ય કરે છે, બીજું આ સંઘ પ્રદેશમાં સરકારી રોકટોક અને અત્યાર સુધી સેલટેક્ષ વગેરેનું પ્રમાણ ગુજરાત કરતાં ઘણું ઓછું હોવાને કારણે ઘણા ઉદ્યોગપતિઓ અને વ્યાપારીઓએ આ પ્રદેશમાં કારખાનાં સરૂ કર્યા અને અહીં માલ સસ્તો પડતો હોવાથી એક મોટું વ્યાપારી મથક સેલવાસ બની ગયુ છે. અહીં મજૂરો પણ સસ્તા મળે છે. ઉપરાંત અહીં દારુબંધી પણ નથી આવાં અનેક કારણોને લીધે બહારનો વર્ગ અહીં ધંધાર્થે આવે છે. જેની સીધી અસર આ પ્રદેશની જમીન પર પડે છે. વ્યાપારીઓ, ઉદ્યોગપતિઓ કે જમીનદારો પ્રસ્થાપિત કારખાનાની આસપાસની જે ઘણેભાગે આદિવાસીઓની જ હોય છે. અમ તો સરકારી કાનૂન છે કે આદિવાસી પણ કલેકટરની પરવાનગી સિવાય જમીન વેચી શકતો નથી પણ વિસ્તારના વિકાસના લક્ષમાં ઘણાં કારખાનાં ને ઉદ્યોગોને જમીન ખરીદવાની પરવાનગી મળી છે. તે ઉપરાંત મધુબન ડેમ બન્યો તેમાં પણ ખાનવેલ વિસ્તારના આદિવાસીઓમાં સોળ ગામોની જમીનો ઓછાવત્તા પ્રમાણમાં ડૂબમાં ગઇ છે. કાનૂન હોવા છતાં ગેરકાનૂની રીતે જમીનો બીનઆદિવાસીઓ પાસે જાય છે. સેલવાસ આ વિસ્તારનું મુખ્ય મથક હોવાથી તેનો વિકાસ પણ ઝડપથી વધી રહયો છે તેની ચારે બાજુ આવેલ આદિવાસીઓની જમીન કાનૂની છટકબારીઓથી ચાલી જાય છે. દેવાના ભોગ બનનારે પણ

.. ૨

જમીન ગુમાવવી પડે છે. આ સમસ્યા આ પ્રદેશ માટે ઘણીજ વિકટ છે. સંશોધનકાર્ય દ્વારા સમસ્યાના ઉપાયો વિચારાય તો જ આદિવાસીઓનું શોષણ અટકી શકે. આ માટે સંશોધન ઘણું જરૂરી અને અનિવાર્ય બને છે. એક બાજુ વિકાસનાં ચક્રો ગતિમાન થઇ રહયાં છે તે વિકાસ ચક્રોમાં જ આદિવાસી પોતે શોષિત બનીને પીલાઇ ન જાય તે જોવું આવશ્યક બને છે.

### ૩. સંશોધન પ્રવિધિઓ :

દાદરા નગર હવેલીનાં કુલ ૭૨ ગામો છે. આ તમામ ગામોમાં વસતા આદિવાસી ખાતેદારોમાંથી ૧૦ ટકા આદિવાસી ખાતેદારો પસંદ કરવાના હતા. તેથી દરેક ગામના તલાટી પાસેથી જમીન ધરાવતા આદિવાસી ખાતેદારોની એક સૂચી મેળવી આ સૂચીના ૧ થી ૫ ક્રમ નંબરમાં થી દૈવનિદર્શ પદ્ધતિ દ્વારા એક ક્રમ નંબર લઇ સરખા અંતરે ( Equal Internal method ) દર દશકે એક નમૂનો લઇ આખી સૂચીમાં ૧૦મા ભાગના નમૂનાઓની પસંદગી કરી, આમ દરેક ગામના મળી કુલ ૭૨ ગામોના ૧૧૩૪ કુટુંબો પસંદ થયા હતા અને દરેક કુટુંબની રુબરુ મુલાકાત લઇ કુટુંબપત્રક દ્વારા જોઇતી માહિતી એકત્રીત કરી.

આ સંશોધન કાર્ય જ એવા પ્રકારનું હતું કે પુરેપુરી માહિતી માટે માત્ર અનુસૂચી પર આધાર રાખી શકાય તેમ નહોતો કારણકે જમીન અપહરણ કેસોની વિગતો શોષીતો અને શોષણદાર બંને જાહેરમાં મુકતા કોઇ અજાણી વ્યકિતને કહેતાં ખૂબ ગભરાતા હોય છે., જેને પરિણામે ગામમાં અનેક વ્યકિતઓની મુલાકાતો દ્વારા આ વિગતો જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

### ૪. મુખ્ય નિષ્કર્ષો :

અભ્યાસમાં કમાનાર નહી કમાનારના આંકડા ઉપરથી એમ લાગ્યું કે બહાં કુટુંબોમાં પોતાના સભ્યોમાંથી બે તૃત્યાંશ જેટલા એટલે કે ૬૬ % જેટલા સભ્યોને મજૂરી કરવી પડતી હોય છે. અને તેમાં ૧૪ વર્ષથી નાના બાળકોને તેમજ સ્ત્રીઓને પણ મજૂરી કરવી પડતી હોય તેવું જોવા મળ્યું છે. ટૂંકમાં આદિવાસી સમાજમાં સ્ત્રીઓ પણ કમાણીમાં અગત્યનો ભાગ ભજવે છે. અને પોતાના ભરણ-પોષણમાં મદદરૂપ થાય છે. આ લોકો એક કરતાં વધુ વ્યવસાય પણ કરતા જોવા મળ્યા છે. ખાસ કરી સ્ત્રીઓ ઘરકામમાં, ખેતમજૂરીમાં અને પશુપાલનમાં વધુ રસ લેતી હોય તેવું જોવા મળે છે..

પશુપાલનનો ધંધો ગુજરાતની સરહદના પટેલાતો સિવાય ખાડીના પટેલાતોમાં વધુ જોવા મળે છે. એટલે કે દાદરા, સેલવાસ અને નરોલીમાં પશુપાલનનો ધંધો

ખાસ જોવા મળતો નથી. આનું કારણ એ હોઇ શકે કે આ વિસ્તારમાં પુરતું ઘાસ મળી શકતું ન હોય અથવા દૂધનો ભાવ ઓછા મળતા હોય વગેરે. સમગ્ર વિસ્તારમાં દૂબળા લોકો પશુપાલન કરતા નથી તેવું પણ જોવા મળે છે.

દાદરા નગર હવેલીના કુલ ખાતેદારો પૈકી સરેરાશ ખાતેદારદીઠ ૧.૯૧ હેકટર જમીન છે. જયારે અનુસૂચિત જનજાતિના ખાતેદાર દીઠ સરેરાશ ૧.૬૦ હેકટર જમીન છે. આનો અર્થ એ થયો કે આ વિસ્તારમાં આદિવાસી વસ્તી ૮૦ % જેટલી છે. જયારે તેઓની પાસે જમીન અન્ય લોકો કરતાં ઘણી ઓછી છે. સર્વેક્ષણ કરેલ કુટુંબોની જમીન અંગે જોઇએ તો આ વિસ્તારના ઉત્તર દિશાના ગુજરાત રાજય સરહદ પરના પટેલાતોમાં આદિવાસીઓ પાસે સરેરાશ જમીન ઓછી છે. જયારે બાકીના અન્ય વિસ્તારમાં અને ખાસ કરી મહારાષ્ટ્ર રાજયની સરહદ પરના પટેલાતોમાં સરેરાશ ખાતેદાર દીઠ જમીન વધારે જોવા મળે છે. જાતિવાર જોઇએ તો સૌથી વધુ સરેરાશ ખાતેદાર દીઠ જમીન કોકણા અને વારલી જાતિમાં છે. જયારે ઓછામાં ઓછી સરેરાશ ખાતેદાર દીઠ જમીન કથોડી અને દૂબળાં જાતિમાં જોવા મળે છે.

આવક :

આદીવાસી કુટુંબોમાં કુલ આવકમાંથી ૪૦.૩૨ % આવક ખેતીમાંથી થાય છે. અને ૧૯.૯૬ ટકા આવક ખેતમજૂરીમાંથી મળે છે. ટૂંકમાં મોટા ભાગની આવક ખેતી અને ખેતમજૂરીમાંથી આવે છે. અહીં સરેરાશ કુટુંબદીઠ ચોખ્ખી વાર્ષિક આવક ૬૦૭૫ રૂપિયા આવે છે. ૭૫ રૂપિયા પ્રતિ વ્યકિત પ્રતિ માસ પ્રમાણે ગણીએ તો કથોડી, દૂબળા અને વારલી જાતિના કુટુંબો ગરીબી રેખા નીચે જીવે છે. ધોડિયા, કોકણા અને ઢોરકોળી જાતિના કુટુંબોની આર્થિક સ્થિતિ એકંદરે સારી ગણાય.

વપરાસી ખર્ચ : અહીં સરેરાશ કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ ૭૧૭૭ રૂપિયા જોવા મળે છે. આ ઉપરથી એમ કહી શકાય કે આવક કરતાં ખર્ચ વધુ દેખાય છે. અને આ ખર્ચને પહોંચી વળવા દેવું કરવું પડતું હોઇ શકે. જાતિવાર સરેરાશ કુટુંબદીઠ ચોખ્ખી આવક અને સરેરાશ કુટુંબદીઠ ખર્ચ સરખાવીએ તો ધોડિયા, દૂબળા અને કથોડી જાતિના કુટુંબોમાં આવક કરતાં ખર્ચ ઓછું જોવા મળે છે. ટૂંકમાં આ ત્રણેય જાતિઓ કંઇક બચાવે છે. જયારે કોકણા, વારલી અને ઢોરકોળી જાતિના કુટુંબોમાં આવક કરતાં વપરાસી ખર્ચ વધુ કરતા જોવા મળે છે. એટલે કે કંઇક ધુમાવે છે. કુલ વપરાસી ખર્ચમાંથી મોટા ભાગનો ખર્ચ ખાદ્યખોરાકી પાછળ ચાલ્યો જાય છે. અને વધુ પડતો ખર્ચ દારુ, તાડી વગેરે વ્યસનમાં ચાલ્યો જાય છે. એ પણ એક જોવા જેવું છે. કે શૈક્ષણિક ખર્ચ નહિવત્ જોવા મળે છે. એટલે કે આ લોકો શૈક્ષણિક રીતે પછાત હોવાનું કારણ બની શકે.

દેવું : આ અભ્યાસમાં ૪૩.૧૨ % કુટુંબોએ દેવું કરેલ અને દેવાદાર કુટુંબદીઠ

દેવું ૧૬૪૪ રૂપિયા જોવા મળે છે. બાકીના કુટુંબો દેવાદાર નથી તેનું કારણ એ નહી કે તેઓ પૈસે ટકે સુખી છે. પરંતુ તેમને પૈસાની જરૂર હોય તો પણ તેઓ એવી વસ્તુ ધરાવતા નથી કે જેના પર તેઓ ધિરાણ મેળવી શકે. સરેરાશ દેવાદાર કુટુંબદીઠ દેવું સૌથી વધુ ધોડિયા જાતિમાં ૨૪૫૯ રૂપિયા અને સૌથી ઓછુ કાથોડી જાતિમાં ૩૫૦ રૂપિયા તેમજ દુબળા જાતિમા ૩૦૨ રૂપિયા દેવાદાર કુટુંબદીઠ દેવું જોવા મળ્યું છે. આગળ આપણે જોયું કે ધોડિયા જાતિનાં કુટુંબોની આર્થિક સ્થિતિ સારી છે. જયારે કાથોડી અને દૂબળા જાતિના કુટુંબોની આર્થિક સ્થિતિ ઘણી નબળી છે. છતાં અહીં ધોડિયા જાતિમાં દેવાદાર કુટુંબદીઠ દેવું વધારેમાં વધારે અને કાથોડી તેમજ દૂબળા જાતિમાં દેવાદાર કુટુંબદીઠ દેવું ઘણું જ ઓછું જોવા મળે છે. તેનો અર્થ એ થયો કે જેની પરિસ્થિતિ સારી હોય તેમને જ લોકો વધુ ધીરે છે અને જેમની પરિસ્થિતિ ઘણી નબળી હોય તેમને લોકો પૈસા ધિરતા નથી.

વધુમાં વધુ દેવું સરકારશ્રીનું અને બીજા નંબરે બેન્કનું છે તેનો અર્થ એ થયો કે સરકારી લાભ ખૂબ જ મળતા હોવા જોઇએ. આ સિવાય શાહુકાર- વેપારીનું સગાં-સંબંધીઓનું, સરકારી મંડળીઓનું અને ખાનગી રીતે દેવું જોવા મળેલ છે.

<u>દેવાના હેતુઓ</u> : દેવું કરવા પાછળ કેટલાક હેતુઓ જોવા મળ્યા છે. જેમાં મુખ્ય ચાર હેતુઓ છે. (૧) આર્થિક- ઘરખર્ચને પહોંચી વળવા (૨) સામાજિક ખર્ચ માટે (૩) મિલ્કત ખરીદવા માટે અને (૪) ખેત ઉપયોગ માટે. આ અભ્યાસમાં મોટા ભાગનું દેવુ ખેત ઉપયોગ માટે જ જોવા મળ્યું છે. તેનો અર્થ એ થાય કે દેવું અને જમીન સાથે કંઇક સંબંધ છે. અથવા ખેતી માટે જરૂરી સાધન સામગ્રી સિંચાઇના સાધનો, કિટસ વગેરે માટે દેવું કરવું પડતું હોય છે. આદિવાસી સમાજમાં કેટલાક લોકો દેવાને પહોંચી વળવા માટે પશુઓ તેમાં બળદ, ગાય વગેરે ખેત-સાધનમાં ગાડાં અને વૃક્ષો પણ વેચી દીધાં હોય તેવું જોવા મળ્યું છે.

<u>જમીન ફેરબદલી કરવાની અન્ય રીતો અને શરતો :</u>

દાદરા નગર હવેલી વિસ્તારમાં વધુમાં વધુ જમીન ફેરબદલી સેલવાસ પટેલાતમાં જોવા મળે છે. અન્ય પટેલાતમાં આવા કિસ્સા વત્તાઓછા પ્રમાણમાં જોવા મળે છે. કેટલાક કિસ્સામાં ખાનગી રીતે યોગ્ય કિંમતના સ્ટેમ્પ પેપર પર દસ્તાવેજ કરી લેવામાં આવે છે. પણ આવા સોદામાં અન્ય શરતો પણ હોય છે. જેવી કે જમીનની કિંમત ૧૦,૦૦૦ રૂપિયા હોય તેમાંથી ૫૦૦૦ રૂપિયા રોકડા આપવામાં આવે અને ૫૦૦૦ રૂપિયા બાકી રાખવામાં આવે તે જમીન જયારે ખરીદનારને નામે થાય ત્યારે ચૂકવવામાં આવશે તેવી શરત રાખે છે, આમ એવું બનતું હોય છે કે જે તે વ્યકિતને ઓછી રકમ આપી જમીનનો કબજો મેળવી લે છે અને તેની આવક મેળવે

...૫

છે. બાકીના પૈસા નામ ઉપર જમીન થતી પણ નથી અને પૈસા ચૂકવવામાં આવતા પણ નથી.

જમીન ગીરો રાખતા હોય તેનું પ્રમાણ શાહુકારોનું વધારે છે. નજીવી રકમ આપી જમીન ગીરે લઇ લે છે. અમુક સમય સુધીમાં પૈસા ભરપાઇ ન થાય તો જમીન ચાલી જાય છે. આમ જે જમીન ફેરબદલી થાય છે તેમાં ભાગ્યે જ કલેકટરશ્રીની પરવાનગી સાથે થતી હોય. બાકી આંતરિક સમજુતિથી વકીલની સલાહ મુજબ કરાર કરીને જમીન - ખરીદ વેચાણ થતી હોય છે.

દારુ-તાડીની આર્થિક સ્થિતિ પર અસર :

દારુ-તાડી જે કેફી પીણાં છે અને તેનાથી દૈનિક જે કામ હોય તે થતુ નથી પરિણામે આર્થિક, માનસિક અને શૈક્ષણિક રીતે પાછળ પડી જવાય છે. ટૂંકમાં દારુ-તાડીથી આર્થિક સ્થિતિ નબળી ને નબળી જ થતી જાય છે. આના માટે તાડીના જે પીઠા છે તેને બંધ કરી નીરા કેન્દ્રો કરવા જોઇએ. નીરાથી તાડી કરતાં ઘણા ઘણા ફાયદા છે. ગુજરાતમાં દારુ-બંધી છે તેમ દાદરા નગર હવેલી વિસ્તારમાં પણ દારુબંધી મુકવી જોઇએ જેથી લોકો દારુ-તાડી પાછળ જે ખર્ચ કરે છે તે બચશે અને કામ કરવાની કાર્યક્ષમતા વધશે.

સ્થળાંતર થયેલા આદિવાસીઓની સ્થિતિ :

મધુબન ડેમમાં ડુબાણમાં જતાં ગામોમાંથી લોકો બીજે સ્થળાંતર કરી ચાલ્યા ગયા છે. આ લોકો આદિવાસી હોવા છતાં બીજા ગામોમાં પૈસાથી રાખેલી જમીન કાયદેસર પોતાના નામે થઇ શકતી નથી. તેથી તેઓ પૈસા પેટે જમીન ખેડે છે. પણ તેનો હકક નથી. કેટલાક કિસ્સાઓમાં ગામના લોકોના કહેવાથી તે જમીન જે તે વ્યકિત પાસેથી પાછી લઇ લીધેલ છે. અને કહેવામાં આવ્યું છે કે તારા પૈસાનું ઉપજ અત્યાર સુધી લઇ લીધું છે. તેવી જ રીતે કેટલીક જગ્યાએ રજપુત લોકો પૈસા આપી આદિવાસી લોકોની જમીન ખેડતા હતા પણ તે જમીન પોતાના નામ પર નહીં થવાથી અને લોકોના કહેવાથી જમીન પાછી લઇ લીધેલ છે. આમ જમીન અને પૈસા બંને ગુમાવેલ પણ કેટલાક લોકો જોવા મળે છે.

જમીન ફેરબદલી :

સામાન્ય રીતે દાદરા નગર હવેલી વિસ્તારમાં જમીન ફેરબદલી અંદરોઅંદર એટલે કે જે આદિવાસીની જમીન આદિવાસી ખેડૂત પાસે ખેડતા અથવા ભાગે કે ગણોતે જોવા વધુ મળે છે. ટૂંકમાં આદિવાસીની મોટાભાગની જમીન આદિવાસી પાસે વધુ પ્રમાણમાં જોવા મળે છે. એવું પણ બને છે કે કોઇ એક ખાતેદાર હોય અને તેમાં ભાઇ અને બહેન હોય પણ ભાઇની જમીન બહેનને ખેડવા આપી હોય અને બહેને જમીન પચાવી પાડી હોય તેવું બને છે.

પ્રસ્તુત અભ્યાસ ભારત સરકારના ગૃહમંત્રાલયના આદિવાસી વિકાસ વિભાગ દ્વારા કેન્દ્રને સોંપવામાં આવ્યો હતો.

------

**" ગુજરાત રાજય આદિજાતિ વિકાસ નિગમ દ્વારા અપાતા વ્યાજ રાહત ધિરાણનો મૂલ્યાંકન અભ્યાસ "**

૧૯૮૧ની વસ્તી પ્રમાણે ગુજરાતમાં અનુસૂચિત જનજાતિની વસતિ ૪૮,૪૮,૫૮૬ની થઇ છે. જે રાજયની કુલ વસતિના ૧૪.૨૨ ટકા છે. તેઓ આર્થિક તેમજ શૈક્ષણિક ક્ષેત્રે સમાજના બીજા સમુદાયથી ઘણા પાછળ છે. આ સંજોગોમાં તેઓનાં આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટે આયોજિત કાર્યક્રમ હેઠળ સરકારે જુદી જુદી પ્રવૃત્તિઓ હાથ ધરી છે, ગુજરાતના વલસાડ, ધરમપુર, વાંસદા, ચીખલી, પારડી, ઉમરગાવ, નવસારી અને ગણદેવી એમ કુલ ૮ તાલુકા ક્ષેત્રકાર્ય માટે પસંદ કર્યાં હતાં. તેમાંથી ૫૫૭ કુટુંબોની માહિતી પ્રાપ્ત કરી.

આ વિસ્તારોમાં વસતા આદિજાતિનાં સભ્યોને (૧) દુધાળા ઢોર (૨) બળદપાડા (૩) બળદ-ગાડા (૪) સિંચાઇ માટે ઓઇલ એન્જીન અને ઇલેકટ્રીક મોટર (૫) મરઘા ઉછેર કાર્યક્રમ (૬) મત્સ્ય ઉદ્યોગ અને (૭) કુટિર ઉદ્યોગ તથા ઉત્પાદન લક્ષી હેતુઓ માટે ૪ ટકાનાં દરે ધિરાણ આપવામાં આવે છે.

વ્યાજ રાહત યોજના હેઠળ જે વ્યકિતનાં કુટુંબના બધા સાધનોમાંથી વાર્ષિક આવક શહેરી અને અર્ધશહેરી વિસ્તારમાં રૂા. ૩૦૦૦/- સુધીની ગ્રામ્ય વિસ્તારોમાં રૂા. ૨૦૦૦/- સુધીની વાર્ષિક આવક હોય તેવી વ્યકિતઓને વ્યાજ રાહત યોજના હેઠળ ૪ % વ્યાજનાં દરનાં ધિરાણનો લાભ આપવામાં આવે છે.

... ૨

સર્વેક્ષણનાં નમૂનામાં આવરી લીધેલા કુટુંબોની વિસ્તૃત માહિતી નીચેના કોઠામાં દર્શાવવામાં આવી છે.

| ક્રમ | હેતુ | વાંસદા | ધરમપુર | ચીખલી | પારડી | ઉંમરગામ | વલસાડ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દૂધાળાઢોર | ૮૫ | ૪૨ | ૮૩ | ૧૦ | ૨૦ | ૩૦ | ૨૭૦ |
| ૨ | બળદપાડા | ૨૨ | ૧૬૨ | ૪ | - | ૧૭ | - | ૨૦૫ |
| ૩ | બળદ-ગાડા | - | ૧૦ | ૯ | - | ૧૦ | - | ૨૯ |
| ૪ | ઑઇલ એન્જીન | - | - | - | - | ૧૩ | - | ૧૩ |
| ૫ | ઇલેક્ટ્રીક મોટર | - | ૭ | ૫ | - | - | - | ૧૨ |
| ૬ | ગૃહઉદ્યોગ | ૪ | ૧૪ | - | ૧૦ | - | - | ૨૮ |
| | કુલ | ૧૧૧ | ૨૩૫ | ૧૦૧ | ૨૦ | ૬૦ | ૩૦ | ૫૫૭ |

: ૩

આ ૫૫૭ લાભાર્થીઓમાંથી ૨૬૯ જેટલાએ દુધાળા ઢોર અંગેની લોન મેળવી છે. ૯૫ ને બળદપાડા માટે, ૧૪૩ ને બળદ-ગાડા માટે, ૧૨ ને ઇલેક્ટ્રીક મોટર, ૯ ને ઓઇલ એન્જીન અને ૨૯ ને ગૃહઉદ્યોગ માટે લોન મળી છે.

કુલ ૫૫૭ લાભાર્થીઓમાંથી ૫૩૦ ને જ પ્રયોજનાં ઓફીસની જાણ હતી. જયારે બાકીનાંને તેનો ખ્યાલ ન હતો. યોજના અંગેની માહિતી સહકારી મંડળીનાં ચેરમેન અને સેક્રેટરી વ્દારા વધુ પ્રમાણમાં મળે છે. કેટલીક જગ્યાએ ગ્રામ પંચાયતનાં કર્મચારીઓ, ગામ સેવકો, તલાટી કે સરપંચ વગેરે પણ માહિતી આપતા હોય છે. યોજનાનો લાભ ખાસ કરી વસ્તુઓ અને રોકડમાં આપવામાં આવે છે. લોન મહદ્અંશે એક જ હપ્તે મળી જાય છે. કેટલા કિસ્સાઓમાં અરજીનાં પૂરાવા અપુરતા હોય તો લોન મળી શકી હોય તેવું બનેલ છે. કેટલીક વખત સબસીડી મંજૂર થવામાં વધારે સમય જતો હોય છે. ત્યારે લાભાર્થીને તેના પરિણામરૂપે વ્યાજની રકમ વધારે ભરવી પડતી હોય છે. સબસીડી મેળવવાની બાબતમાં પણ વારંવાર ધક્કા ખાધા પછી સહાય અને સાધનો મળે છે.

## જાતિ પ્રમાણે માહિતી

| ક્રમ | જાતિ | વાંસદા | ચીખલી | ધરમપુર | પારડી | ઉમરગામ | વલસાડ | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ધોડિયા | ૪૯ | ૭૫ | ૪૧ | ૨૦ | ૨૫ | ૩૦ | ૨૪૦ | ૪૩.૦૯ |
| ૨ | કોકણા | ૫૭ | ૧ | ૧૨૧ | - | - | - | ૧૭૯ | ૩૨.૧૪ |
| ૩ | વારલી | ૫ | ૧ | ૫૨ | - | ૧૬ | - | ૭૪ | ૧૩.૨૮ |
| ૪ | નાયકા | - | - | ૩ | - | - | - | ૩ | ૦.૫૪ |
| ૫ | હળપતિ | - | ૨૪ | ૨ | - | ૧૮ | - | ૪૪ | ૭.૯૦ |
| ૬ | કોલચા | - | - | ૧૬ | - | - | - | ૧૬ | ૨.૮૭ |
| ૭ | આહિર | - | - | - | - | ૧ | - | ૧ | ૦.૧૮ |
| | કુલ | ૧૧૧ | ૧૦૧ | ૨૩૫ | ૨૦ | ૬૦ | ૩૦ | ૫૫૭ | ૧૦૦.૦૦ |
| | | ૧૯.૯૩ | ૧૮.૧૩ | ૪૩.૧૯ | ૩.૫૯ | ૧૦.૭૭ | ૫.૩૯ | ૧૦૦.૦૦ | |

આમ જોતાં કુલ લાભાર્થીઓમાંથી ૨૪૦ ઘોડિયા જાતિનાં હતાં, અને સૌથી નાયકા જાતિના ત્રણ જ સભાસદો હતા.

સ્થળની દષ્ટિએ જોતાં સૌથી વધુ સભાસદો ધરમપુર અને સૌથી ઓછા પારડીનાં સભાસદો હતાં.

વસવાટની દષ્ટિએ ૫૫૭ સભાસદો વચ્ચે કુલ ૫૬૧ મકાનો હતાં. તેમાં ૫૧૭ મકાનો કાચા હતાં. જ્યારે ૪૪ મકાનો પાકા હતાં. મોટાભાગનાં મકાનો સભાસદોએ પોતાની જ જમીનમાં બાંધેલા હતાં.

શૈક્ષણિક દષ્ટિએ જોતાં કુલ સભ્ય સંખ્યામાંથી ૫૨.૫૩ ટકા પુરુષો અને ૩૧.૫ ટકા સ્ત્રીઓ એટલે કે કુલ ૪૨.૭૯ ટકા શિક્ષિત વર્ગ છે. જ્યારે ૫૭.૨૧ ટકા અશિક્ષિત વર્ગ છે.

સર્વેક્ષણ હેઠળનાં જે ૫૫૭ કુટુંબો છે, તેમાંથી ૫૦૧ કુટુંબો પાસે જમીન છે. જ્યારે બાકીનાં પાસે જમીન નથી. આમાં મોટાભાગના ખેડૂતો સિમાંત અને નાના ખેડૂતો છે. જો કે જેમની પાસે જમીન છે. તેનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. તેથી જીવનનિર્વાહ માટે તેમને મજૂરી કે અન્ય વ્યવસાયનો આશરો લેવો પડે છે.

જમીન પછી બીજા નંબરે પશુપાલનનો સમાવેશ થાય છે. બધુ મળીને કુલ ૨૩૭૮ પશુઓ છે. તેમાં પ્રથમ નંબરે બળદ અને બીજા નંબરે ભેંસ આવે છે. બાકીનામાં બીજા પશુઓ આવી શકે છે. પશુધનની ગણતરી મિલકતમાં થતી હોય છે. છતાં પણ તે આર્થિક રીતે ઉપયોગી પૂરવાર થતા નથી. લોન દ્વારા જે દુધાળા ઢોર અપાયા હતાં. તેમાંથી થોડી ઘણી આવક ઉભી થતી હતી. જે તે મંડળી દ્વારા લાભાર્થીને બળદ અપાયા છે. ત્યાં પણ તેમની આર્થિક સ્થિતિમાં સુધારો જોવા મળતો નથી. પરિણામે પશુધનની મિલકત વધી છે. પણ તેમની આવકમાં ખાસ ફેર પડયો નથી.

અભ્યાસમાં આવરેલાં કુટુંબોનો મુખ્ય ધંધો ખેતી છે. તે ઉપરાંત તેઓ પશુપાલન, નોકરી, મજૂરી, ગૃહઉદ્યોગ વગેરે ધંધામાં રોકાયેલા રહે છે. કુટુંબ દીઠ અને માથાદીઠ આવક કુલ ૩૩૧૦૯૯૦ થાય છે. અને તેમાં કુટુંબદીઠ વાર્ષિક આવક રૂ. ૫૯૪૪.૩૨ જ્યારે માથાદીઠ માસિક આવક રૂ. ૮૬.૯૮ થાય છે.

(અભ્યાસમાં આવરેલ) આ કુટુંબોનો મોટાભાગનો ખર્ચ ખાદ્ય-ખોરાકી, કપડાં અને જોડા પાછળ થાય છે. જ્યારે શિક્ષણ, આરોગ્ય પાછળ નજીવું ખર્ચ થાય છે. કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ રૂ. ૬૨૩૭.૯૫ જ્યારે માથાદીઠ વાર્ષિક ખર્ચ રૂ. ૧૧૫૮.૪૩ છે. અને માથાદીઠ માસિક ખર્ચ રૂ. ૯૬.૫૪ છે.

...૬

બચતમાં ૧૧૯ કુટુંબોએ બચત કરી હતી. કેટલીક બચત ઘરેણાં, વાસણ કે અન્ય ખરીદીમાં કરતાં. જયારે બીજી પોસ્ટ કે બેંકમાં રોકડ નાણામાં કરતાં.

અભ્યાસમાં આવરેલ કુટુંબોમાં ૩૩૭ દેવાદાર હતાં. તેમનું કુલ દેવું રૂા. ૫૮૦,૨૧૫ હતું. કુટુંબ દીઠ સરેરાશ દેવું રૂા. ૧૭૨૧.૭૧ હતું. મુદતની રીતે જોતાં ભાગનું દેવુ મધ્યમ મુદતનું હતુ. તેમાં વ્યાજનાં દરનું પ્રમાણ ૪ % થી માંડી ૧૦ % જેટલું હતું. મોટાભાગનાં કુટુંબોએ ખાધાખોરાકી માટે તેમજ અન્ય કારણોસર દેવુ કર્યું હતું.

વ્યવસાય અને રોજગારીની દષ્ટિએ જોતાં કુલ ૫૫૭ કુટુંબોમાંથી ૧૬૭૦ વ્યકિતઓ કામ કરતી હતી. તેમાં ૯૯૩ પુરુષો અને ૬૭૭ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. મોટાભાગનાં ખેતીમાં રોકાયેલા હોય છે. બીજા નંબરે મજૂરીમાં ત્યારબાદ નોકરી ગૃહઉધોગમાં અને અન્ય વ્યવસાયમાં રોકાયેલા હતાં.

આ અભ્યાસને આધારે કેટલાક સૂચનો નીચે પ્રમાણે કરી શકાય.

(૧) લોન મેળવવાની વિધી જે ગૂંચવડ ભરેલી છે તેને સરળ બનાવવી જોઇએ.

(૨) બેંકો ધ્વારા જે લોન અપાય છે તે ઉદારતાથી અને સરળતાથી અપાય તેવી દષ્ટિ કેળવવી જોઇએ.

(૩) સારી ગુણવત્તાવાળા પશુ ખરીદવા માટે ધિરાણની રકમ વધારવી જોઇએ.

(૪) પશુદાણની સબસીડી દર માસે મળે તેવી વ્યવસ્થા કરવી જોઇએ.

(૫) ઢોર માટે યોગ્ય રહેઠાણની વ્યવસ્થા કરવી જોઇએ. તેમજ તેનો વિમો ઉતરાવવો જોઇએ.

(૬) જયાં પાણીની સગવડ નથી ત્યાં પાણીની સગવડ કરાવવી જોઇએ.

(૭) પશુ સારવાર તેમજ યોગ્ય સંભાળ અંગેની માહિતી માટે વેટરનીટી ડૉકટરની દર અઠવાડીયે મુલાકાત લઇ શકે તેવી ગોઠવણ કરવી જોઇએ.

(૮) કુટીર ઉધોગ માટે જે સહાય મળે છે. તેની રકમ વધારવી જોઇએ. અને સરકારે તેને પ્રોત્સાહન આપવું જોઇએ.

(૯) જયાં સિંચાઇની સગવડ છે ત્યાં ઇલેકટ્રીક મોટર જેવાં સાધનો આપવા જોઇએ. ઇલેકટ્રીક મોટર અને ઓઇલ એન્જીન જેવા સાધનો ચકાસીને આપવા જોઇએ.

(૧૦) ખેતીનાં અન્ય સાધનો માટે પણ લોનની વ્યવસ્થા આપવી જોઇએ.

(૧૧) કોઇપણ સભાસદને પોતાની જરૂરિયાત માટે બીજીવાર દુધાળા ઢોર કે અન્ય સાધનોની જયારે જયારે જરૂર પડે ત્યારે તેને પ્રાપ્ત થવા જોઇએ.

(૧૨) લોનની વહેંચણીમાં જે વધુ માધ્યમો છે તે દૂર થવા જોઇએ.

(૧૩) જે હેતુ માટે લોન અપાઇ હોય તે હેતુ માટે લોન વપરાઇ છે કે નહિ તેની ચકાસણી નિગમ દ્વારા થવી જોઇએ.

(૧૪) લોન કે સબસીડી આપવામાં સ્થાનિક કે રાજકારણ વગવાળા માણસો વચ્ચે ભેદભાવ ન રાખી જેને જરૂર હોય તેને લોન કે સબસીડી મળવા જોઇએ.

(૧૫) જે જે મંડળીના પ્રમુખ, મંત્રી કે બીજા કાર્યકર્તાઓ લાંચરૂશ્વતમાં પકડાયા હોય તેના પર યોગ્ય કાર્યવાહી કરી તેને દંડ કે સજા ફરમાવી જોઇએ કે જેની અસર મંડળીઓ ઉપર પણ પડે.

------

## ગામનું અર્થતંત્ર અને દૂધની વપરાશ

### ૧. અભ્યાસનો પ્રકાર :

આ અભ્યાસ માટે મહેસાણા જિલ્લો પસંદ કરવામાં આવ્યો છે, અને દરેક જિલ્લાના દરેક તાલુકામાંથી એક એક ગામ અને પસંદ થયેલ ગામની દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાંથી ૫૦ સભાસદોને પસંદ કરી આ અભ્યાસ કરવામાં આવ્યો છે. કુલ ૧૧ તાલુકામાંથી ૫૪૦ સભાસદોની પસંદગી કરી અભ્યાસ કરવામાં આવ્યો હતો.

### ૨. પ્રાસ્તાવિક :

ભારતીય અર્થવ્યવસ્થામાં કૃષિવ્યવસાયની સાથે પૂરક વ્યવસાય તરીકે ડેરી વ્યવસાયનું સ્થાન મોખરાનું રહયું છે. ડેરી ઉદ્યોગએ ગ્રામ્ય વિસ્તારમાં રોજગારી વધારવાના અને કુટુંબદીઠ આવકની પૂર્તિ માટે ગ્રામ્ય અર્થોપાર્જનની ખેતીની પ્રક્રિયાની અવેજીમાં જડાઇ ગયેલો આજે કોઇ નકકર વ્યવસાય હોય તો તે ડેરી વ્યવસાય છે. ગ્રામ્ય કક્ષાએ થતું દૂધનું ઉત્પાદન ગામડાની પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ દ્વારા તેમના સભાસદો અને બિનસભાસદો પાસેથી દૂધ એકત્રિત કરી, તેને જિલ્લા સંઘોમાં અને જિલ્લા સંઘોમાંથી મોટા મોટા શહેરોમાં વહેંચાઇ જાય છે. જિલ્લા સંઘોમાં કેટલાક વધારાના દૂધનો ઉપયોગ ઘી, ચીઝ અને પાવડર બનાવવામાં આવતો હોય છે. ત્યારે પ્રશ્ન એ થાય છે કે, ગામડામાં દૂધનું ઉત્પાદન કરતો ખેડૂત મંડળીમાં દૂધ ભરીને વધારાની આવક મેળવે છે ખરો ? સાથો સાથ તે પોતાના ઘરવપરાશ માટે દૂધ રાખે છે કે કેમ ? રોજની વપરાશમાં દૂધ- ઘીનો ઉપયોગ કરે છે ખરો ? જો દૂધની વપરાશ કરતો હોય તો ખરેખર ઘર વપરાશમાં તેનું પ્રમાણ કેટલું ? તેનો અભ્યાસ આજના અર્થતંત્રમાં મહત્વનો બની જાય છે. દૂધની વપરાશની સાથે સાથે દૂધમાંથી બનતી વિવિધ ચીજો જેમાં મુખ્યત્વે ' ઘી ' જાતે બનાવીને ઘર વપરાશમાં ઉપયોગ કરે છે, કે પછી સંઘની વિધ પ્રક્રિયાઓ દ્વારા બનાવાતું ઘી ખરીદીને ઉપયોગ કરે છે. અથવા કરતો હશે, મુખ્ય ઉત્પાદક તરીકે પોતે ઉત્પન્ન કરેલ દૂધનો કેટલો હિસ્સો વાપરે છે તેનો અંદાજ મેળવવો રહયો.

... ૨

આજે ગુજરાતના દરેક જિલ્લામાં જિલ્લા સંઘ વ્દારા ( ડાંગ સિવાય ) ખેડૂતો પાસેથી ગ્રામ્ય કક્ષાની દૂધ મંડળીઓ વ્દારા દૂધ એકત્રિત કરીને સંઘમાં લવાય છે.સંઘ પ્રોસેસ કરીને તેનું વિતરણ કરે છે. આજે દૂધ ઉત્પાદક સહકારી સંઘોના દૂધના ત્રિસ્તરીય માળખામાં ઉત્પાદકને તેના હિતમા દૂધનું વળતર પ્રાપ્ત થાય છે ખરું ? આજે ગુજરાતમાં ઠેર ઠેર ડેરી ઉદ્યોગે હરણફાળ ભરીને શ્વેતક્રાંતિ સર્જી છે. ત્યારે આપણને દૂધ ઉત્પાદક શું બધું જ દૂધ ડેરીમાં આપી દે છે, કે પછી પોતાના ખપ પૂરતું ઘેર રાખે છે ? ડેરી વ્યવસાયના વિકાસ પહેલાં દૂધ ઉત્પાદક છૂટથી દૂધ, ઘી, છાશનો ઉપયોગ કરતો, પરંતું આજે આ વપરાશ પર કોઇ અસર થઇ ખરી ? દૂધની અવેજીમાં દૂધની બનાવટોનો ઉપયોગ કરતો થયો છે ખરો ? ઉપરના દરેક મુદ્દાની જીણવટ ભરી તપાસ મહેસાણા જિલ્લાને કેન્દ્રમા રાખીને કરવામાં આવી હતી.

" ગાયનું અર્થશાસ્ત્ર અને દૂધની વપરાશ " શિર્ષક હેઠળના આ અહેવાલમાં મહેસાણા જિલ્લાને કેન્દ્રમાં રાખી. આખાયે જિલ્લામાંથી દરેક તાલુકાના એક એક ગામની માહિતી સર્વેક્ષણ વ્દારા મેળવી. ગુજરાતમાં શ્વેતક્રાંતિમાં આણંદની ' અમૂલ ડેરી ' પછી મહેસાણાની 'દૂધ સાગર ' ડેરીએ મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ત્યારે કેટલાક તજજ્ઞોને પ્રશ્ન ઉદ્ભવ્યો કે ' દૂધ સાગર ' ડેરી વ્દારા જિલ્લાની ૮૮૯ જેટલી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ વ્દારા દૂધ એકત્રિત કરાય છે, તેમજ સંઘને આગળ લાવવામાં ઉત્પાદકોએ પણ પહેલ કરી છે, પરંતુ દૂધ ઉત્પાદકોની દૂધની વપરાશ પર શું અસર થઇ ? તેને પામવા માટે દૂધની વપરાશ, દૂધની અર્થવ્યવસ્થા તેમજ ગાયનું અર્થશાસ્ત્ર સમજવા આ એક નવોજ કિસ્સો હાથ ધરી આ અભ્યાસ કરવામાં આવ્યો હતો.

આજે મહેસાણા જિલ્લામા દૂધ સાગર ડેરીની પ્રગતિ જોતાં ડેરી સાથે જિલ્લાની ૮૮૯ જેટલી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ કાર્યરત છે. આ મંડળીઓ વ્દારા વાર્ષિક ૧૭,૩૯,૫૨,૦૦૦ લીટર જેટલું દૂધ એકત્રિત કરાય છે. ત્યારે ગામડામાં દૂધ ઉત્પાદકની દૂધની વપરાશ અને તેની વિપરીત અસરો પણ ગામ લોકોના આરોગ્ય પર દ્રષ્ટિપાત થાય તે સ્વાભાવિક છે. ત્યારે આ અભ્યાસને સમર્થન જરૂર મળશે તેમ હું માનું છું.

### ૩. અભ્યાસના હેતુઓ :

૧. દરેક ગામના પસંદ થયેલા કુટુંબોના અભ્યાસ પરથી દૂધ ઉત્પાદન કરનાર સભાસદ કુટુંબોની પાસે કેટલાં દૂધાળાં ઢોર છે, કેટલું દૂધનું વાર્ષિક ઉત્પાદન થાય છે તે તપાસીને દૂધ ઉત્પાદક દૂધનો કેટલો હિસ્સો વાપરે છે અને કેટલું દૂધ મંડળીને વેચાણ કરે છે તે જાણવાનું.

૨. દૂધ ઉત્પાદક જે દૂધ મંડળીને વેચાણ કરે છે તેની પાછળ કયાં કારણો જવાબદાર છે તે શોધવું.

૩. દૂધાળાં જાનવર રાખનાર દરેક સભાસદની દૂધની વપરાશ કેટલી છે તે તપાસવું.

૪. દૂધ ઉત્પાદન અને દૂધના વેચાણથી કેટલી આર્થિક ઉન્નતિ થઇ છે તે જાણવું.

૫. આજે રાજયના મોટાભાગના જિલ્લાઓમાં ભેંસો ઉપરાંત ગાયો પણ આપવામાં આવે છે તો બંનેમાં કયું જાનવર પોષણક્ષમ છે તે તપાસવું.

૬. છેલ્લે ભેંસોને બદલે ગાયો આવવાથી તેમની અર્થ વ્યવસ્થામાં કાર્યક્ષમતા કેટલી વધી છે ? આને વિગતે તપાસવું.

૪. <u>અભ્યાસની પ્રવિધિ :</u>

૧. આ અભ્યાસ માટે તપાસેલ મંડળીના સભાસદોની મુલાકાત વ્દારા, પ્રશ્નાવલીની મદદથી દૂધ ઉત્પાદકોની આર્થિક, સામાજિક અને દૂધ વપરાશ અંગેની સઘળી માહિતી ઊંડાણપૂર્વક મેળવવામાં આવી હતી. આ માહિતી એકત્રિત કરવા " દૂધસાગર ડેરી " ની નમૂનાની મંડળીઓના સભાસદોને મંડળીમાં જોડાયા પછી તેમની આર્થિક સધ્ધરતા કેટલી વધી તેની તપાસ નિયત પ્રશ્નાવલી તૈયાર કરીને દૂધસાગર ડેરીના સુપરવાઇઝરો વ્દારા કરાવી, અભ્યાસને લગતી ઉપયોગી બાબતોની માહિતી મેળવી હતી.

૨. આ અભ્યાસને વધુ સમર્થન મળે તે હેતુથી દૂધ ઉત્પાદક સહકારી સંઘના મેનેજરશ્રી તેમજ સંબંધિત અધિકારીઓ અને ઉત્તરદાતાઓની પ્રત્યક્ષ કાર્ય વ્દારા મુલાકાત ગોઠવીને ડેરીને લગતી તમામ પ્રકારની માહિતી એકત્રિત કરી હતી.

૩. દૂધ ઉત્પાદકો અને મંડળી સાથે સંકળાયેલ વ્યક્તિઓના સંપર્કથી, દૂધ મંડળી ગામમાં આવવાથી આર્થિક અને સામાજિક બંને રીતે શું પરિવર્તન આવ્યું તે જાણવા માટે નિરીક્ષણ પ્રવિધિનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

૫. મુખ્ય નિષ્કર્ષો :

દૂધની વપરાશ અંગેના આ અભ્યાસમાં આગળ દર્શાવ્યા મુજબના ગામોના ૫૪૦ સભાસદોને આવરી લઇ, પ્રત્યક્ષ મુલાકાત દ્વારા દૂધની વપરાશ અને દૂધ ઉત્પાદન અંગેની સમગ્ર માહિતી મેળવવામાં આવી હતી. નમૂનાના આ અભ્યાસમાં જુદી જુદી ૧૨ જાતિઓનો સમાવેશ થયો હતો. જેમાં પટેલ, ઠાકોર-ઠાકરડા, રબારી, પ્રજાપતિ, બારોટ, વણકર, બ્રાહ્મણ, ચૌધરી, મુસ્લીમ , નાઇ, તેમજ બાવા અને સુથાર કુટુંબો હતા.

:૧: તપાસેલ કુલ કુટુંબોમાંથી ૪૯.૪ ટકા કુટુંબ વડાઓએ પ્રાથમિક કક્ષાનું, ૧૩.૫ ટકા કુટુંબના વડાઓએ માધ્યમિક કક્ષા અને ૫.૪ ટકા કુટુંબના વડાઓએ ઉચ્ચસ્તરનું શિક્ષણ પામેલા હતા. જ્યારે ૩૧.૭ ટકા કુટુંબના વડાઓ અભણ હતા. કુટુંબના વડાઓમાં સ્ત્રીઓનું સ્થાન હતું જેમાંથી ૦.૭ ટકા સ્ત્રીઓએ પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું.

:૨: ' દૂધ વપરાશ ' અંગેના આ અભ્યાસમાં તપાસેલા નમૂનાના કુટુંબોની કુલ સભ્ય સંખ્યા ૩૦૭૭ હતી. જેમાં ૫૩.૩ ટકા એટલે કે ૧૬૩૯ પુરુષો અને ૪૬.૭ ટકા એટલે કે ૧૪૩૮ સ્ત્રીઓ હતી.

:૩: તપાસેલ નમૂનાના દરેક કુટુંબોને દરેકને પોતાનું એક એક મકાન હતું.જેમાં મોટાભાગના ઘરોમાં (૪૯.૬ ટકા ) પશુ બાંધવાની છાપરી સાથે હતી. જ્યારે ૫૦.૪ ટકા ઘરોમાં પશુ બાંધવાની છાપરી અલગ બનાવી હતી. નમૂનાના કુટુંબોમાંથી માત્ર ૩૯.૬ ટકા કુટુંબોએ જ પશુઓના ઘાસચારા માટેની ગમાણ અલગ બનાવી હતી.

:૪: નમૂનાના કુટુંબોનો મુખ્ય વ્યવસાય ખેતીનો હતો. કુલ કુટુંબોમાંથી ૭૩.૩ ટકા કુટુંબો ખેતી, ૧૪.૩ ટકા કુટુંબો પશુપાલન, ૩.૩ ટકા કુટુંબો નોકરી, ૮.૭ ટકા કુટુંબો મજૂરી અને ૦.૪ ટકા કુટુંબો કડિયાકામ અને સુથારીકામનો વ્યવસાય કરતા હતા. અહીં મુખ્ય વ્યવસાય તરીકે જે સાધનમાંથી વધુ આવક પ્રાપ્ય હતી તેને કેન્દ્રમાં રાખી ગણ્યો છે. મોટાભાગના કુટુંબો મુખ્ય વ્યવસાયની સાથે પશુપાલન, મજૂરી અને નોકરી પણ કરતા હતા ટૂંકમાં નમૂનાના દરેક કુટુંબોએ મુખ્ય વ્યવસાયની સાથે ગૌણ વ્યવસાય તરીકે પશુપાલન, ખેતી, મજૂરી અને નોકરી વિગેરે વ્યવસાય પર નિર્ભર હતા.

...૫

:૫: તપાસેલ કુટુંબોની કુલ સભ્ય સંખ્યામાંથી ૪૭.૭ ટકા પુરુષો અને ૨૫.૭ ટકા સ્ત્રીઓ ઉપરોકત દર્શાવેલ વ્યવસાયોમાં એક યા બીજા પ્રકારે સંકળાયેલા હતા. એટલે કે કમાનાર હતા. જ્યારે બિન કમાનાર સભ્યોનું ભારણ કમાનાર સભ્યો પર વધુ હતું.

:૬: નમૂનાના કુલ કુટુંબો પાસે ૨૮૦૪.૩૭ એકર જેટલી જમીન હતી. કુટુંબદીઠ જમીનનું પ્રમાણ જોઇએ તો કુટુંબદીઠ ૫.૨ એકર જેટલું થાય છે. જો કે તપાસના વિસ્તારોમાં જમીનનું કદ એક સરખું ન હતું.

:૭: તપાસના ગામોની જમીન પ્રમાણે સિંચાઇની સુવિધા અપૂરતી હતી. આ વિસ્તારમાં સિંચાઇના સાધન તરીકે કાચા પાકા કૂવા અને બોરએ મુખ્ય ગણાય. પરંતુ પાણીનું સ્તર ઘણું ઊંડું હોવાથી અનેક ઘણા ખર્ચને કારણે માત્ર સ્થિતિપાત્ર ખેડૂતો પાસે જ આ સુવિધા ઉપલબ્ધ હતી.

:૮: આગળ જોયું તે મુજબ નમૂનાના કુટુંબોનો મુખ્ય વ્યવસાય ખેતીનો હતો. ખેતી સિવાય પશુપાલન, નોકરી, વેપાર ધંધો અને મજૂરીમાંથી પૂરક આવક પ્રાપ્ત કરતા હતા. સરેરાશ કુટુંબદીઠ ચોખ્ખી આવક ૯૧૬૭ રૂપિયાની થતી હતી. ખેતીની કુલ કુટુંબદીઠ વાર્ષિક ચોખ્ખી આવક ૫૬૨૦ રૂા. જેટલી હતી.

:૯: તપાસેલ નમૂનાના કુટુંબો પાસે દૂધાળાં ઢોરની સંખ્યા ૧૧૪૫ની હતી. દરેક કુટુંબ પાસે દૂધાળાં ઢોરની સંખ્યા સરેરાશ ૨ ની હતી. દરેક કુટુંબો પાસેનાં દૂધાળાં ઢોરોમાં બે થી ત્રણ વેતરના પશુધનની સંખ્યા વધારે હતી.

:૧૦: તપાસેલ નમૂનાના કુટુંબો દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં સભાસદ થયા હતા જેઓ મંડળીની શરૂઆતમાં લગભગ દોઢ-બે દાયકા પહેલાં મંડળીને બધા કુટુંબો મળીને સરેરાશ ૧૫૩૦.૧ લીટર દૂધનું વેચાણ કરતા હતા. એટલે કે કુટુંબદીઠ સરેરાશ ૩ લીટર જેટલું દૂધ મંડળીને વેચતા. તપાસના સમયે બધા કુટુંબો મળીને ૩૧૮૫.૦ લીટર જેટલું દૂધ વેચતા હતા. એટલે કે કુટુંબદીઠ સરેરાશ ૬ લીટર જેટલું મંડળીને વેચતા થયા હતા. અહીં સ્પષ્ટ રીતે જોઇ શકાય છે કે શરૂઆતમાં અને આજે દૂધનું વેચાણ બમણું થઇ ગયું છે. ( શરૂઆતમાં ૩૨.૪૫ ટકા જેટલું હતું તે વધીને ૬૭.૫૫ ટકા જેટલું થયું છે ) દૂધનું વેચાણ બમણું થયું તેની પાછળ કેટલાક પરિબળોએ ભાગ ભજવ્યો છે તેમજ લોકોનો ઉત્સાહ પણ વધેલો જોઇ શકાય છે.

દૂધનું ઉત્પાદન અને વેચાણ વધવા પાછળના કેટલાક પરિબળો :

(૧) દૂધનું વેચાણ કરનાર કુટુંબો પાસે આજે દૂધાળાં જાનવરની સંખ્યા વધવા પામી છે.

(૨) દૂધ ઉત્પાદકોએ ઓછું દૂધ આપતા પશુઓની જગ્યાએ સારા દૂધાળાં જાનવરો રાખતા થયા છે.

(૩) પહેલાં જે દૂધ બહારના ખાનગી વેપારીઓ પાસે જતું તે પ્રમાણ નહિવત્ રહયું છે. મંડળીમાં દૂધનું વેચાણ કરતા થયા છે.

(૪) દૂધ ઉત્પાદકોએ પશુઓની ઓલાદ સુધારણાના કાર્યક્રમોને આવકારી તેનો અમલ કરતા થયા છે.

(૫) જાનવરોને પહેલાં અપાતા ઘરગથ્થું ચારાની જગ્યાએ હવે સમતોલ પશુ આહાર દાણખાણનો ઉપયોગ કરતા થયા છે.

(૬) દૂધ ઉત્પાદન વધવા પાછળ ડેરી દ્વારા અપાતા મહિલા શિક્ષણના કાર્યક્રમોની અસર પણ સારી અસરકારક રહી છે.

(૭) કેટલાક વિસ્તારોમાં ખેડૂતોને અપાતા આધુનિક ઘાસચારાની પધ્ધતિનો પ્રચાર અને લીલા ઘાસચારાની સુવિધા પ્રાપ્ય બનતાં દૂધનું ઉત્પાદન વધ્યું હશે. આમાં નિદર્શન ફાર્મોનો પણ એટલો જ મહત્ત્વનો ફાળો ગણાવી શકાય.

(૮) ડેરી દ્વારા વધતી જતી દાકતરી સારવારની અને આરોગ્ય વિષયક સુવિધાઓની સગવડ, તેમજ શંકર ગાયોનું પ્રમાણ વધતાં દૂધનું ઉત્પાદન વધ્યું છે. તેમ કહી શકાય. તેમજ સાથે સાથે લોકોનો વધતો જતો ઉત્સાહ અને મહત્ત્વનું પ્રદાન પણ આ માટે અગત્યનું ગણાવી શકાય.

:૧૧: <u>દૂધની વપરાશ :</u>

દૂધની વપરાશએ કુટુંબની આર્થિક પરિસ્થિતિ પર અવલંબે છે. જમીન વિહોણા અને અન્ય વર્ગો માટે ભાવ વધારો પણ વપરાશને અસર પહોંચાડે છે. દૂધની વપરાશ અંગે બીજા મુદ્દાઓ પર નહિ જતાં નમૂનાના કુટુંબોને ધ્યાનમાં લઇ દૂધની વપરાશ વિશે જોઇએ.

દૂધની વપરાશ કરનાર દરેક કુટુંબ કે જેમની પાસે આર્થિક ઉપાર્જનનું બીજું સાધન છે. તેઓની વપરાશ ખરેખર વધવા પામી છે. જેમાં નોકરિયાત વર્ગ, તેમાંય સારી આવક મેળવનાર વર્ગની વ્યકિતગત દૂધની

વપરાશ અને મધ્યમવર્ગની દૂધની વપરાશ તેમજ દૂધ ઉત્પાદક અને અન્ય વર્ગમાં દૂધની વપરાશમાં ઘણો તફાવત જોવા મળે છે. તેના માટે તો એક અલગ તપાસની જરૂર છે. અહીં માત્ર દૂધ ઉત્પાદન કરનાર કુટુંબોને ધ્યાનમાં લઇ દૂધની વપરાશને તપાસવામાં આવી છે તેનો અહીં પૂરો પ્રકાશ પાડવામાં આવ્યો છે. દૂધની વપરાશ ઉપલોગતાની વધે યા ઘટે તેના માટે ખરેખર ડેરીને તો જવાબદાર ન જ ગણાવી શકાય. પરંતુ ડેરીને લીધે આડ અસરોની પૂર્તિ માટે ધ્યાન દોરી શકાય. આમાં પણ બીજા કેટલાંક કારણો ભાગ ભજવતાં હોય છે.

સર્વેક્ષણ કરેલા નમૂનાના કુટુંબો દૂધનો દૈનિક ઉપયોગ કરનાર કુલ કુટુંબોમાંથી ૫૦૬ કુટુંબો દૂધનો નિયમિત ઉપયોગ કરતા. ૪૭૦ કુટુંબોએ ઓછા-વત્તા પ્રમાણમાં દૂધનો વપરાશ એક સરખો જાળવી રાખ્યો હતો. જેમાં બાળકો માટે અને મોટાઓ માટે દૂધનો વપરાશ કરનાર કુટુંબોની સંખ્યા એક સરખી હતી. નિયમિત રીતે દૂધનો ઉપયોગ કરનારાઓમાંથી ૪૫૦ કુટુંબો ચ્હા બનાવવા માટે પણ દૂધ અલગ રાખી મૂકતા. કુલ કુટુંબોમાંથી દૂધની વાનગી બનાવનાર, દહીં-છાશ બનાવનાર અને દૂધનું છૂટક વેચાણ કરનાર કુટુંબોની સંખ્યા નહિવત્ હતી.

નમૂનાના કુટુંબોની દૂધની સરેરાશ દૈનિક વપરાશની વિગતો જોઇએ તો કુટુંબદીઠ ૨.૨ લીટર દૂધ રોજનું દૂધ ઉત્પાદક વાપરતો( સવાર-સાંજ) નમૂનાના કુટુંબોની કુલ સભ્ય સંખ્યાને ધ્યાનમાં લઇ માથાદીઠ દૂધની વપરાશ જોઇએ તો વાર્ષિક માથાદીઠ દૂધની વપરાશ ૧૩૮.૪ લીટર, માસિક માથાદીઠ દૂધની વપરાશ ૧૧.૫ લીટર અને દૈનિક માથાદીઠ દૂધની વપરાશ ૦.૪ લીટર એટલે કે ૪૦૦ મી.લી.ની વપરાશ ગણાય. દૂધ ઉત્પાદકની દ્રષ્ટિએ રોજની આ વપરાશ ઓછી ન કહેવાય. કારણકે દૂધ ઉત્પાદક એકલા વપરાશને જ ધ્યાનમાં ન લેતાં આર્થિક બાબતોને પણ ધ્યાનમાં રાખી દૂધના વપરાશને મર્યાદિત બનાવી દેતો હોય છે. જે અત્રે ધ્યાનમાં રાખવું જરૂરી છે.

દૂધ ઉત્પાદકને દૂધનું ઉત્પાદન મેળવવા કેટલોક ખર્ચ પણ કાઢવો પડતો હોય છે. જેથી દૂધની વપરાશ દરેક કુટુંબની આર્થિક પરિસ્થિતિ પર વધુ અવલંબે છે. નમૂનાના આ અભ્યાસ વખતે દરેક કુટુંબોની રોજીંદા જીવનમાં દૂધ-ઘીના વપરાશને પણ તપાસવામાં આવ્યું હતું. સાથે પશુપાલનના વ્યવસાયની આવક અને ખર્ચ પણ અલગ તારવવામાં આવ્યું હતું. જેની વિગતો આ પ્રમાણે છે.

## :૧૨: પશુપાલનની આવક / ખર્ચ

એ જ રીતે પશુપાલનના વ્યવસાયમાંથી દરેક કુટુંબને કુટુંબદીઠ કુલ ૪૨૯૦ રૂ. જેટલી આવક મળતી જેમાં તેમને પશુખાણ અને ઘાસચારો મળી કુલ ૨૦૯૯

રૂપિયા જેટલો કુટુંબદીઠ ખર્ચ બાદ કરતાં પશુપાલનના વ્યવસાયમાંથી ૨૧૯૮ રૂા. જેટલી સરેરાશ કુટુંબ દીઠ વાર્ષિક ચોખ્ખી આવક મળતી.

તપાસેલ કુટુંબો ખેતી, પશુપાલન ઉપરાંત કેટલાક કુટુંબો નોકરી, વેપાર ધંધો કરતા હતા. અને કેટલાક કુટુંબો મજૂરી કરીને પણ જીવનનિર્વાહ કરતા હતા. અહીં માત્ર પશુપાલનના વ્યવસાયને લક્ષમાં લેતાં નમૂનાના કુલ કુટુંબોને કુલ આવકના ૨૬.૬ ટકા આવક એટલા પશુપાલનના વ્યવસાયમાંથી પ્રાપ્ત થતી હતી એટલે કે કુટુંબદીઠ પશુપાલનની આવક ઉપર દર્શાવ્યા પ્રમાણે ૪૨૯૦ રૂા.ની પ્રાપ્ત થતી હતી.

અહીં એ પણ યાદ રાખવું જરૂરી છે કે રાજ્યમાં પશુપાલનની આવક સરેરાશ કુલ આવકના ૨૦ ટકા જેટલી ગણી છે. તે પ્રમાણે આ આવક ઓછી ન કહેવાય.

:૧૩: પ્રસ્તુત તપાસમાં જુદી જુદી ૧૨ જાતિઓનો સમાવેશ થયો હતો. તે દરેક જાતિઓમાં દૂધની વપરાશમાં નહિવત્ તફાવત જોવા મળ્યો હતો. બલ્કે દૂધ અને દૂધની પેદાશોનો ઉપયોગ મોટાભાગના સભાસદ કુટુંબો કરતા હતા.

ઉપરોક્ત દૂધની વપરાશને લગતા આંકડાઓ જોતાં દૂધનો વપરાશ ઘટ્યો છે. તે વાતને સમર્થન મળતું નથી. બલ્કે દૂધની વપરાશ વધી છે. વ્યક્તિ દીઠ ખોરાકમાં દૂધની જરૂરિયાત જે ૪૦૦ ગ્રામની છે તેની સમકક્ષ જ આ વપરાશ જોઇ શકાય છે.

પ્રસ્તુત અભ્યાસ મહેસાણા દૂધ સાગર ડેરી દ્વારા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને સોંપવામાં આવ્યો હતો.

------

# A Survey Report on Basic Amenities in Scheduled Caste- Settlements (Falia) of Gujarat State

1. **Name of the Study:**

   A Survey Report on Basic Amenities in Scheduled Caste - Settlements (FALIA) of Gujarat State.

2. **Nature of the Study:**

   A village to village survey of basic amenities in the Scheduled Caste falias in the State.

3. **Origin:**

   According to 1981 census the population of Scheduled Castes in Gujarat is 24-38 lakhs which comes to 7.15 percent of the total population of the State. Gujarat ranks fourteenth among all States in India in respect of the size of Scheduled Caste population. The Scheduled Caste wherever they live face many and diverse problems which are socio-economic, political and educational in nature. Since independence, efforts have been made by the Govt. for their development but these measures have not yielded much desired results. Experience of recent years shows a different situation where the exploitation of the Scheduled Caste has increased considerably. In order to improve their socio-economic conditions, the idea of special component plan emerged with the realisation that the development of Scheduled Castes cannot be achieved only by formulating schemes under the welfare of Backward Class Sector, but it requires a multi-sectoral development approach. This idea was first mooted by late Prime Minister Smt. Indira Gandhi in April 1975, one of the objectives of special component plan for the Seventh

Plan period is to provide basic minimum needs to the Scheduled Castes population in the villages where they invariably live in separate localities. Most of these habitations lack basic amenities like drinking water, street-lighting, drainage, link roads, primary health care and educational centres etc. In the Seventh Plan systematic efforts to provide these facilities in Scheduled Castes falias are to be made.

4. Objective:

The main objective of the study is to assess the existing basic amenities available in SC falias and to find out the actual minimum requirement for the SC falias in all the villages in the State.

5. Work-Plan and Methodology:

In order to know the basic amenities and needs of SC falias, it was decided that a village survey of all the districts of the State be carried out. During the survey every care was taken to cover all the SC falias in the State. Keeping in view the nature of data required it was decided to use survey, interview and observation technique. The population living in rural areas is largely illiterate so we prepared a simple schedule. This schedule was prepared in consultation with the Social Welfare Department and pretested through a pilot study in some village of Gandhinagar district. This schedule was prepared to collect details covering the village infra-structure and its location which includes basic information regarding the position of the villages as well as SC falias in terms of various means of communication

and other basic amenities available in the village and falias. The field work was entrusted to the Bhangi and Baxi pracharaks of all the districts. The intensive training for collecting the data was given to the pracharaks of each district. Almost all surveys of this type will have to face certain problems during field work and in data collection, so in order to check and cross-check the filled in schedules it was decided to verify 10 per cent of them filled in by each pracharak. The work was entrusted to us in the last week of July 1984. The total time spent on project was thirteen months. The final report was submitted to the Government in the month of August 1985. This is one of the largest surveys in India of the Scheduled Castes throwing light not only on their socio-economic conditions and disabilities but is also giving an idea about the basic amenities available to them today and their needs vis-a-vis their amenities.

6. Main Findings:

There are 18,523 villages in the State, out of which 429 are uninhabited and 25 are transferred to urban areas. Out of total number of 18,069 villages, 12,704 villages have SC population. The present study has covered altogether 25,534 falias and 330,386 rural SC households. The main findings of the study are as under:

(a) Scheduled Castes housing is in a terrible state. Many of them live in dilapidated dwellings. At many places houses had collapsed and roofs were blown away. The population per house is very large, at

times more than 9 persons per house. During our study we found that there are no bathrooms, kitchen and latrines in the SC houses.

(b) We have seen that the co-operative movement is very weak in the SC villages of Gujarat. The membership of SC people is very limited. As we saw earlier, the housing conditions among the SC is very pitiable. Some of the villages have organised Housing Co-operatives which have done good work. Weavers' Societies are doing good work.

(c) TThere were very few Balwadis in SC falias. Balwadis must be started in all SC villages. We wish that the Balwadi should become a centre of the socio-economic and educational development of the children and others. Girls' education is rather backward among the SC. More attention should be paid to this section of the population. During our study it is found that some very backward groups among SC like Hali, Nadia, Bhangi and Turi have not been able to take much high school education. The performance of some SC students in professional courses is not satisfactory and they do not come upto the expected standard there.

(d) We have seen that the position regarding availability of drinking water is not very bad as far as the SC are concerned. However, there are certain deficiencies and imbalances in the supply of drinking water to this community. In a few SC falias the drinking water wells need immediate repairs.

(e) No SC falias in Gujarat has any facility for public convenience (latrines). The people have to use the road-side or the fields which belong to others. Consequently they add to the filthy environment of the SC falias and also bring trouble to themselves. Women also undergo great hardship when they have to sit by the road-side.

(f) As many as 92 per cent of the SC falias report that they are near the main road. In some districts the approach roads from the main village to the SC falias is reported to be kachha. Urgent attention should be paid to these districts.

(g) Electricity is a very important infra-structural facility for any settlement. Our survey shows that about 16 per cent of the villages do not have electricity and about 27 per cent of SC falias do not have the electricity.

(h) We also examined the health facilities that were available to the SC people in their villages. Out of the 12,220 villages we have surveyed only 3,655 villages had some medical dispensary. In 13,825 (54.55 per cent) SC falias no doctor is reported to be visiting them. We feel that a detailed health survey of all the SC falias and families should be undertaken.

(i) We have seen that as far as Gujarat is concerned the crude, exterior form of untouchability are not visible in many areas. Though we must add that in a few places SC are served tea or coffee in cups to

be specially used by them only. The Harijans in Gujarat by and large suffer from a hidden kind of untouchability in the form prejudices and dislikes against them and form a sense of superiority in the non-SC over them. What is necessary is to deal with this latent, disguised form of untouchability. It will take a long time to remove the prejudices from the minds of non-SC people. A long term educational programme should be chalked out not only for school children but also for adults.

7. Sponsoring organisation:

This study was sponsored by Government of Gujarat, Social Welfare Department, Gandhinagar.

અસ્પૃશ્યતા નિવારણ : અસ્પૃશ્યતાની સમસ્યાના ઉકેલ માટે સૂઝાવો :

૧૯-૨૦ જાન્યુઆરી ૧૯૮૬ આયોજિત પરિસંવાદ અહેવાલ

તા.૧૯-૨૦ જાન્યુઆરી, ૧૯૮૬ના રોજ ગૂજરાત વિદ્યાપીઠના આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર તથા સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજયના સંયુકત ઉપક્રમે કેન્દ્રના સભાખંડમાં ' અસ્પૃશ્યતા નિવારણ ' પરિસંવાદ યોજાયો હતો. પરિસંવાદનો ઉદ્ઘાટન સમારંભ તા. ૧૯-૧-૮૬ને રવિવારે સવારે ૯-૦૦ વાગે ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયકશ્રી રામલાલભાઇ પરીખના પ્રમુખ સ્થાને થયો હતો. સમારંભની શુભ શરૂઆત મંગલમય પ્રાર્થના અને પૂ. ગાંધીજીને અતિપ્રિય એવા ' વૈષ્ણવજન તો તેને કહીએ ' તે ભજનથી શ્રી કાંતિલાલ મકવાણાએ ગાઇને કરી હતી.

પ્રાર્થના બાદ ગૂજરાત વિદ્યાપીઠના કુલસચિવશ્રી વિનોદભાઇ ત્રિપાઠીએ હાજર રહેલા વિવિધ ક્ષેત્રના નિષ્ણાત મહાનુભાવો જેવા કે સમાજશાસ્ત્રીઓ, સંશોધનકારો, ઇતિહાસકારો, અર્થશાસ્ત્રીઓ સામાજિક કાર્યકરો વગેરેને આવકારી સૌનું ભાવભીનું સ્વાગત કરી તેઓએ પ્રમુખશ્રી રામલાલભાઇ પરીખને સુતરની આંટી પહેરાવી સ્વાગત કર્યું હતું. સ્વાગત પ્રવચન કરતાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે ' અસ્પૃશ્યતા એ સમાજને લાગેલો રોગ છે. જો તે રોગને મીટાવવા શરૂઆતથી જ યુધ્ધના ધોરણે કામ કર્યું હોત તો આજની આ પરિસ્થિતિ ઊભી થઇ ન હોત. આ સંજોગોમાં સામાજિક અસમતુલા નિવારવા આપણે સૌએ ઝડપથી વિચારવું પડશે.'

ત્યારબાદ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના નિયામકશ્રી ડૉ. ઠાકોરભાઇ નાયકે ' અસ્પૃશ્યતા નિવારણ ' વિષયવસ્તુને સ્પષ્ટ કરી પરિસંવાદની પ્રશ્ચાદ ભૂમિકા સમજાવતાં જણાવ્યું હતું કે, ' ગુજરાત રાજયની સમાજ કલ્યાણ ખાતા દ્વારા અસ્પૃશ્યતા નિવારણના અનેક કાર્યક્રમોમાંનો એક તે અસ્પૃશ્યતા નિવારણ અંગે પરિસંવાદનું આયોજન કરવું. પરિસંવાદનાં તારણો નિષ્કર્ષો, સૂઝાવો તારવી તેનો ઉપયોગ નીતિનિર્ધારણ વખતે કરી તે પ્રમાણે કામ કરવું. આ બધાં તારણો જિલ્લા સ્તરના પરિસંવાદોમાં પણ ચર્ચાવાનો સરકારશ્રીનો ખ્યાલ હોય છે.

ત્યારબાદ ઉદ્ઘાટન સમારંભના પ્રમુખ-અને ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયકશ્રી રામલાલભાઇ પરીખે મંગલદીપ પ્રગટાવી પરિસંવાદનું ઉદ્ઘાટન કરી, ઉદ્ઘાટન પ્રવચન કર્યું હતું. જેનું મથાળું તેઓશ્રીએ ' અનુસૂચિત જાતિઓની એક તાસીર ' આપ્યું હતું.

' અસ્પૃશ્યતા ' ભારતીય સમાજ વ્યવસ્થાનું એક અત્યંત હીન દૂષણ છે. આ કપરી સમસ્યા બહુમની છે. એકલ-દોકલ ઉપાયોથી તેને નિર્મૂળ કરવાનું સહેલું નથી. આર્થિક અને સામાજિક વ્યવસ્થામાં જેના ઊંડા મૂળ હોય તેવી સમસ્યાઓનો પૂરો ઉકેલ

... ૨

આર્થિક અને સામાજિક વ્યવસ્થામાં ઉપરછલ્લા ફેરફારોથી નહીં પણ મૂળભૂત પરિવર્તનો કર્યા વિના થઇ શકશે નહીં. ' અસ્પૃશ્યતા નિવારણ ' માટે સ્વરાજ પ્રાપ્તિ પહેલાં અને પછી ઘણું કાર્ય થયું છે. તેને કારણે અસ્પૃશ્યતાનું ધાર્મિક કે બૌદ્ધિક સમર્થન છડેચોક હવે થઇ શકતું જ નથી તથા શહેરી સમાજમાં આ અસ્પૃશ્યતાનું દૂષણ ઓસરતું જાય છે. પણ ભારતનાં સાડા પાંચ લાખ ગામડાંઓમાં ફેલાયેલા આપણા ગ્રામસમાજમાં હજુ સુધી તેનાં મૂળિયાં ઘણાં ઊંડાં છે. ૧૯૨૯માં મહાત્મા ગાંધીએ કહેલું કે ' અસ્પૃશ્યતા હજાર મુખવાળો એક નાગ છે. દરેક મુખ વાટે એ એનો ઝેરી દાંત બતાવે છે, એની વ્યાખ્યા થઇ શકે નહીં.' અસ્પૃશ્યતાની સમસ્યાનું બહુમુખી સ્વરૂપ આ શબ્દોમાં અસરકારક રીતે વ્યક્ત થયું છે. આ માત્ર જાતિ ભેદનો સવાલ નથી. આર્થિક અને સામાજિક અસમાનતાનું આ ભીષણ સ્વરૂપ છે. તેથી આ સમસ્યાને તેના બહારથી દેખાતા એકાદ પાસામાં નહીં પણ ભારતીય સમાજની નવરચનાના સમગ્ર પરિપ્રેક્ષ્યમાં તપાસવી જોઇએ. તેથી આ સમસ્યાના કાનૂની, આર્થિક, શૈક્ષણિક અને સામાજિક પાસાંઓનું એકી સાથે અવલોકન કરવું જરૂરી છે.

આ પરિસંવાદમાં ૪૦ પેપરો રજૂ થયા હતા. તેમાં ૬૬ જેટલા સમાજ વૈજ્ઞાનિકો, ઇતિહાસકારો, સાહિત્યકારો, સામાજિક કાર્યકરો, અર્થશાસ્ત્રીઓ, સંશોધકો, ધારાશાસ્ત્રીઓ તથા સરકારી અધિકારીઓએ ભાગ લીધો હતો. સંબંધિત વિભાગના અધિકારીઓએ અન્યત્ર વ્યસ્ત હોવાને લીધે હાજર ન રહી શકવા બદલ ખેદ વ્યક્ત કર્યો હતો. બંને દિવસની ચર્ચાને અંતે તારવાયેલા નિષ્કર્ષોનો નિચોડ આ મુજબ છે.

<u>આર્થિક વ્યવસાયિક</u> :

અનુસૂચિત જાતિને સદીઓથી વળગેલ ' અસ્પૃશ્યતા 'ના કલંકને દૂર કરવામાં જો કોઇ અસરકારક ઉપકરણ હોય તો તે એ છે કે તેમને આર્થિક રીતે પગભર કરી સંગઠિત કરવા ઘણાં આર્થિક રીતે સધ્ધર અનુસૂચિત જાતિનાં કુટુંબો સાથે સવર્ણ સમાજના વ્યવહારમાં પરિવર્તન આવ્યું છે તે એ વાતની સાક્ષી પૂરે છે કે જો અનુસૂચિત જાતિના લોકો એક વખત આર્થિક રીતે સધ્ધર થશે તો પછી અસ્પૃશ્યતાના ભૂતને ભગાડવામાં વાર નહીં લાગે.

અનુસૂચિત જાતિનો આર્થિક રીતે ઉત્કર્ષ કરવા માટે થાગડ થીગડ કે છૂટક છૂટક પ્રયત્નો કરવા સફળ નહીં નિવડે. તે માટે તો સર્વાંગી વિકાસને આવરી લેતી યોજના બનાવવી પડશે. હાલના અનુસૂચિત જાતિના અર્થતંત્રને તપાસીએ તો તેઓ પાસે નવા ધંધા આવતા નથી જ્યારે બીજી તરફ જૂના ધંધાઓ ઘરાશાયી થતા જાય છે. તે માટે જ અનુસૂચિત જાતિને આર્થિક રીતે સધ્ધર કરવા નીચે મુજબના આર્થિક કાર્યક્રમો હાથ ધરવા જોઇએ.

... 3

(૧) અનુસૂચિત જાતિના શિક્ષિત યુવાનોને તેમજ આગવી સૂઝ ધરાવતા અશિક્ષિત પરંતુ ખંતીલા યુવાનો પોતાની આવડત અને તેમનામાં રહેલી સાહસિકતાને બહાર લાવવા ઉદ્યોગ સાહસિકતા અંગેની તાલીમ આપવી જોઇએ. તથા તેઓને ઉદ્યોગ શરૂ કરવા માટે જરૂરી તમામ સાધનો તથા આર્થિક રાહત દરના વ્યાજે આપવી જોઇએ.

(૨) ચમારકામ, સફાઇકામ, મલીન વ્યવસાય અને વણાટકામને પશ્ચિમી ટેકનોલોજી લાગુ પાડી તે કામ વૈજ્ઞાનિક પદ્ધતિથી કરી તેનું આધુનિકરણ કરવું જોઇએ.

(૩) અસ્પૃશ્યોમાં પણ અતિ પછાત એવી ભંગી કોમ જે સફાઇકામમાં રોકાયેલી હોય છે તેઓના સર્વાંગી વિકાસ માટે એક પંચ નીમવું જોઇએ તથા તેઓનો પગાર કલાર્ક કે શિક્ષક કરતાં ઓછો ન રહે તે બાબતને વહેલામાં વહેલી તકે અમલમાં લાવવી જોઇએ. એટલે કે તેમનું પગાર ધોરણ સુધારવું જોઇએ.

(૪) મેલા વ્યવસાયોના અને પરંપરાગત વ્યવસાયોના વિકલ્પે શહેરો અને ગામડાંમાં આધુનિક ટેકનોલોજી આધારિત વ્યવસાયો અનુસૂચિત જાતિના લોકોને પૂરા પાડવા જોઇએ.

(૫) નવા વ્યવસાયોમાં અને પરંપરાગત વ્યવસાયોમાં ઉત્પાદિત થતા માલના વેચાણ માટે અને કાચો માલ મેળવવા વ્યવસાયિક સહકારી સેવા મંડળીની સ્થાપના કરવી જોઇએ. જેથી અસ્પૃશ્યતાના કારણે તેમને આર્થિક રીતે નુકશાન ભોગવવું ના પડે અને શોષણનો ભોગ ન બને.

(૬) સરકારી ઉપરાંત સહકારી, અર્ધસરકારી નિગમોની જાહેર અને સરકારી લોન કે મદદ મેળવીને ઊભા કરાયેલા ઉદ્યોગોમાં અનુસૂચિત જાતિ માટે વસ્તીના ધોરણે નોકરીમાં સ્વાયત્ત અનામત જગાઓ રાખવી જોઇએ.

(૭) અનુસૂચિત જાતિના લોકો મોટા ભાગે ખેતમજૂરી કે છૂટક મજૂરી કરી જીવન ગુજારે છે. આમ તેઓ મોટા ખેડૂતો પર નિર્ભર હોઇ મૂંગા મોઢે 'અસ્પૃશ્યતા' જેવા અનેક દૂષણોનો ભોગ બની શોષાય છે. તેઓને આર્થિક રીતે સ્વતંત્ર બનાવવા ફાજલ જમીનની વહેંચણી કરવી જોઇએ. તે જમીન ઉત્પાદન આપી શકે તેવી હોવી જોઇએ. માત્ર યોજનાનો લક્ષાંક સિદ્ધ કરવા અને ઉત્પાદકીય જેવી કે ખારાશવાળી, ખાડાટેકરાવાળી અસમતળ નહીં પરંતુ તે જમીનને નવસાધ્ય કરી ત્યારબાદ જ ફાળવવી જોઇએ.

અને જમીન ફાળવ્યા પછી ઉત્પાદન મેળવવા માટે જરૂરી કૃષિકામ સાધન સામગ્રી પૂરી પાડવી જોઇએ.

(૮) ગામડાઓમાં અનુસૂચિત જાતિના લોકોને લઘુત્તમ વેતનધારા પ્રમાણે વેતન મળે તે માટે ગોઠવાયેલા સરકારી તંત્રને સાબદું કરવું જોઇએ.

(૯) ગ્રામવિકાસની કેટલીક યોજનાઓ ચાલે છે પરંતુ તેનો લાભ અનુસૂચિત જાતિના લોકો સુધી પહોંચતો નથી. હા, ચોપડે નોંધાય છે. પરંતુ તેને ગામડાના ગરીબ અનુસૂચિત જાતિના કુટુંબ સુધી પહોંચાડી તેને ગરીબી રેખાથી અદ્ધર લાવવા હશે તો સઘન પ્રયત્નો કરવા પડશે.

...૪

એટલું જ નહીં પરંતુ કાર્યક્રમોનું સજ્જડ અને સતત અમલીકરણ કરાવવું પડશે.

(૧૦) અનુસૂચિત જાતિના સર્વાંગી વિકાસ માટેની ખાસ અંગભૂત યોજનાનું અલગ વ્યવસ્થા અમલીકરણ તંત્ર ન હોવાથી હાલના સ્ટાફ ઉપર જ તેનું કાર્યભારણ આવતાં આ યોજનાના અમલીકરણ પ્રત્યે ઉપેક્ષા સેવાય છે. તેથી અનુસૂચિત જાતિઓ માટેની આ યોજનાનું અસરકારક અમલીકરણ શકય બને તે માટે બનાવેલી ગ્રામ વિકાસ એજન્સી માફક ' ખાસ અંગભૂત એજન્સી ' જેવી અલગ વહીવટી પાંખ ઊભી કરવી જોઇએ.

(૧૧) ખાસ અંગભૂત યોજનાનાં નાણાં અનુસૂચિત જાતિના આર્થિક, સામાજિક વિકાસમાં સીધી રીતે અસર કરતા હોય ત્યાં જ ખર્ચાવાં જોઇએ. ચર્ચામાં એ બાબત પણ આવી કે ખાસ અંગભૂત યોજનાનાં નાણાં આડેધડ વર્ષના અંતે લક્ષ્યાંક સિદ્ધ કરવા પૂરતા રેફરલ હોસ્પીટલ અને રોડ બાંધકામ પાછળ વપરાય છે. તથા વર્ષના છેલ્લા દિવસોમાં નાણાં વપરાવાથી જેમને ખરેખર સહાયની જરૂર છે તેઓને તેનો લાભ મળતો નથી. આ માટે વર્ષની શરૂઆતથી જ આયોજનબદ્ધ અમલીકરણ થવું જોઇએ. એ માટે શકય હોય તો ત્રિમાસિક પ્રગતિ અહેવાલ મેળવવા જોઇએ.

(૧૨) જુદી જુદી યોજનાઓ દ્વારા અનુસૂચિત જાતિના વિકાસ માટે થતા નાણાંકીય ખર્ચાઓમાં તે માટેનું વ્યવસ્થા તંત્ર ઊભું કરવા પાછળ મોટો ભાગ ખર્ચાઇ જાય છે.ત્યારે ખરેખર જે નાણાં અનુસૂચિત જાતિના વિકાસ પાછળ સીધી રીતે ખર્ચાયાં હોય તે જ ખર્ચના આંકડાને બહાર પાડવા જોઇએ.

એટલે કે કુલ ખર્ચ નહીં પણ ચોખ્ખો ખર્ચ બહાર પાડવો જોઇએ. તેની પાછળનું કારણ એ છે કે ખરેખર તે નાણાંનો ઉપયોગ અનુસૂચિત જાતિના વિકાસમાં થતો નથી અને બૃહદ જનસમુદાયમાં એવી ભ્રમણા ઊભી થાય છે કે આ સરકાર અનુસૂચિત જાતિ પાછળ ધુમ ખર્ચ કરે છે. જેનાથી અનુસૂચિત જાતિ પ્રત્યે બૃહદ સમાજનું ઇર્ષ્યાળુ માનસ અને નકારાત્મક વલણો પેદાય થાય છે. અને એવું પણ સમજવા લાગે છે કે અસ્પૃશ્યતા નિવારણનું કામ એ સરકારનું છે. આ બધું જોતાં સરકારે આંકડા બહાર પાડતી વખતે ચોખ્ખા ખર્ચના આંકડા બહાર પડે તે જોવું જોઇએ.

(૧૩) મ્યુ. કોર્પોરેશનના કમિશ્નર તથા નગરપતિ તેમજ મ્યુનિ. ના તેમજ નગરપાલિકાના ચીફ ઓફીસરને બોલાવી પરિસંવાદ યોજી સફાઇ કામદારોની સમસ્યાઓનો ઉકેલ લાવવા સઘન પ્રયત્ન કરવા જોઇએ તથા મેલુ ઉપાડવાની પ્રથા બંધ કરવા માટે તેની સમયમર્યાદા બાંધી યુદ્ધના ધોરણે કામ હાથ ધરવું જોઇએ. જેટલું મોડું આ કામ કરવામાં થશે તેટલું મોડું અસ્પૃશ્યતા નિવારણમાં થશે.

...૫

(૧૯) અનુસૂચિત જાતિની કેટલીક જાતિઓમાં બહેનો આગવી હસ્તકલા અને કારીગરી ધરાવે છે. જેમ કે કચ્છમાં ભરતકામ, દક્ષિણ ગુજરાતમાં વાંસકામ, ઉત્તર ગુજરાતમાં સીવણ, ભરત ગુંથણ કામ કરે છે. તેમજ ડાંગસિયા જાતિ ઉન વણાટકામ કરે છે. સેનવા તથા ભંગી વાંસકામ, કાભડા દોરડાં બનાવવા, ઇંઢોણી, સૂપડાં, છાબડી, ટોપલા, સાવરણી બનાવવી વગેરે.

આ બહેનોને પૂરક રોજી મળી શકે અને હસ્ત કલાકારીગરી વિકસાવી શકે તે માટે તેઓને જરૂરી તમામ સાધન સામગ્રી અને તાલીમ અને નાણાંકીય સવલતો પૂરી પાડી પ્રોત્સાહિત કરવી જોઇએ.

(૨૦) અનુસૂચિત જાતિના વિકાસના કાર્યક્રમોનો લાભ લેવા તેઓને ધિરાણ સંસ્થાઓ પાસે જવું પડે છે તેમા કયાંક સહકારી બેન્કો કે મંડળીઓ તો તેમને પૂરતો સહકાર આપતી નથી સાથે સાથે રાષ્ટ્રીયકૃત બેન્કો પણ અનુસૂચિત જાતિના લોકોના ધિરાણ પ્રત્યે ઉદાસીનતા સેવે છે. ત્યારે સરકારે અનુસૂચિત જાતિના વિકાસ માટેની યોજનાઓનો અસરકારક પરિણામલક્ષી અમલ કરાવવો હોય તો અનુસૂચિત જાતિ અને જનજાતિ માટેની અલગ વ્યવસ્થા વર્તમાન બેન્કોમાં ઉભી કરવી જોઇએ જે ફકત અનુસૂચિત જાતિના વિકાસનાં કામો કરે જેવા કે

૧. અનુસૂચિત જાતિના નાના અને સિમાંત ખેડૂતોને વ્યવસાયલક્ષી લોન પૂરી પાડવી.
૨. નવા ઉદ્યોગ સાહસિકોને વ્યાજબી દરની વર્કીંગ કેપીટલ અને લોન પૂરી પાડવી
૩. અનુસૂચિત જાતિ / જનજાતિના લોકોની બચત વધારવાના પ્રયત્નો કરવા.
૪. અનુસૂચિત જાતિ / જનજાતિના લોકોને રહેઠાણ માટે આર્થિક સહાય કરવી.
૫. અલગ બેન્કીંગ સેલ થાય તો અનુસૂચિત જાતિ / જનજાતિના લોકોને પડતી હાડમારીઓ ઓછી થશે.
૬. આ સેલ તેઓ પોતાનુ છે તેમ માનતા થશે અને તેથી લોનના ભરણામાં અગવડતા કે રૂકાવટ નહીં આવે.
૭. આ બેન્કમાં કર્મચારી અનુસૂચિત જાતિના અને જનજાતિના તથા બીજા પણ રહેવાથી અનુસૂચિત જાતિના લોકોને પોતાપણાની ભાવના ઉભી થશે. જો કે આવું અલગ સેલ વ્યવહારિક છે કે નહીં તે તપાસવું જોઇએ એવો બીજો અભિપ્રાય આવ્યો હતો.

(૧૪) કેટલીક જગ્યાએ સફાઇ કામદારો પાસે ઠેકા પધ્ધતિએ કામ કરાવી તેમનું શોષણ કરવામાં આવે છે. તે પ્રથા સદંતર નાબૂદ થવી જોઇએ તથા પોલીસ લાઇનો, ગ્રામપંચાયતો, બાંધકામ ખાતામાં વાહન વ્યવહાર ખાતામાં મ્યુ. અને ખાનગી દવાખાનાઓમાં પાર્ટ ટાઇમનું કામ કરતા સફાઇ કામદારોને પૂરા સમયના કરી પૂરતું અને નિયમિત વેતન આપવું જોઇએ.

(૧૫) કેટલાંક ગામો કે જયાં અનુસૂચિત જાતિના લોકો પ્રત્યે અન્ય સમાજના લોકોની સૂગ ઓછી થઇ છે. અસ્પૃશ્યતાના વ્યવહારમાં પરિવર્તન આવ્યું છે તેનાં કારણોમાં તે ગામના અનુસૂચિત જાતિના લોકોએ મરેલા ઢોરના નિકાલમાં નવીનીકરણ અપનાવ્યું છે અથવા તો તે કામ છોડી દીધું છે.

મરેલા ઢોરના નિકાલ સાધનોના નવીનીકરણ માટે સૌથી છેલ્લામાં છેલ્લી ઢબનાં યાન્ત્રિક સાધનોનો ઉપયોગ કરી ' ફલેઈંગ સેન્ટરો ' ઊભાં કરવાં જોઇએ. ફલેઈંગ સેન્ટરોમાં અનુસૂચિત જાતિના યુવાનોને તાલીમ આપી રોકવા જોઇએ. તે માટે સહકારી મંડળી બનાવવાનું બંધન નહીં રાખવું જોઇએ. કારણ કે ખાદી ગ્રામોદ્યોગ બોર્ડને આ કારણને લઇ ઝાઝી સફળતા મળતી નથી. પરંતુ જે તે ગામની પશુધનની સંખ્યાને ધ્યાનમાં રાખી ફલેઈંગ સેન્ટરો બનાવવાં જોઇએ. તે માટે ગ્રામ પંચાયતે ફરજિયાત ગામથી તથા અનુસૂચિત જાતિના મહોલ્લાથી દૂર જમીન ફાળવી આપે તથા ફલેઈંગ સેન્ટરો બનાવવાની જવાબદારી તાલુકા તથા ગ્રામ પંચાયતના સામાજિક ન્યાય સમિતિના ચેરમેનને સોંપવી જોઇએ. જો આમ થશે તો તેના કાચા માલમાંથી હાડકા ઉદ્યોગ તથા ચર્મ ઉદ્યોગને વિકાસની તક સાંપડશે. તે અનુસૂચિત જાતિના લોકોને ઉદ્યોગ સાહસિક બનવાની પ્રેરણા આપશે.

(૧૬) છેલ્લાં પાંચેક વર્ષથી અમદાવાદ શહેરમાં કાપડની મીલો માંદી મીલોના બહાને બંધ થતી જાય છે. આ મીલોમાં ઘણા કામદારો અનુસૂચિત જાતિના છે. ભીષણ મોંઘવારીમાં બેકારીના ખપ્પરમાં હોમાઇ ગયા છે. આમ શહેરી અનુસૂચિત જાતિના અર્થતંત્રને જોરદાર થપાટ લાગી છે ત્યારે સરકારે બંધ મીલોને શરૂ કરવાની તૈયારી બતાવી છે ત્યારે શકય એટલી વહેલી તકે બંધ મીલો શરૂ કરી શહેરોમાં, ઝૂંપડપટ્ટીમાં વસતા અનુસૂચિત જાતિના મીલ કામદારોને અસહય કંગાળ હાલતમાંથી જીવતા ઉગારી લેવા જોઇએ.

(૧૭) અનુસૂચિત જાતિના આર્થિક વિકાસની યોજનાઓનો લાભ તે સમાજના છેલ્લામાં છેલ્લા માણસ સુધી પહોંચે તે માટે અને તેમાં આવતી મુશ્કેલીઓ નિવારવા વારંવાર મૂલ્યાંકન અને માર્ગદર્શન માટેના એકમની રચના કરી તેને નિરંતર કરવું જોઇએ.

(૧૮) ખાનગી વ્યવસાયોમાં ' લાયસન્સ ' આપતી અનુસૂચિત જાતિના લોકોને સમાન ધોરણે નોકરીઓમાં સ્થાન આપશે તેવી બાંહેધરી લેવી જોઇએ.

**શૈક્ષણિક :**

(૧) અનુસૂચિત જાતિનો શિક્ષિત યુવાનો માટે વિશિષ્ટ તાલીમ પૂરી પાડવી જોઇએ જેથી શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદ વ્યવસાયો મેળવવામાં મુશ્કેલી ન રહે.

(૨) હાલ ઘડાઇ રહેલ નવી શિક્ષણ નીતિમાં પ્રાથમિક કક્ષાથી જ અસ્પૃશ્યતા નિવારણ વિષે બાળ માનસ કેળવાય તે રીતે ' બાળ માનસશાસ્ત્ર ' આધારિત નવી શૈક્ષણિક સંરચના નવા અભ્યાસક્રમ ' દ્વારા તૈયાર કરવી જોઇએ.

(૩) અનુસૂચિત જાતિમાં સ્ત્રી શિક્ષણ ખૂબ જ ઓછું છે. તેથી અનુસૂચિત જાતિનું સ્ત્રી શિક્ષણ વધે તે માટે તેમને વધારેમાં વધારે પ્રોત્સાહન આપવું જોઇએ. દા.ત. છોકરાને રૂા. ૩૦ શિષ્યવૃત્તિ અપાતી હોય તો.છોકરીને રૂા. ૬૦ શિષ્યવૃત્તિ આપવી જોઇએ.

(૪) અનુસૂચિત જાતિનાં બાળકોમાં ખાસ કરીને છોકરીઓમાં ખૂબ જ ઓછું શિક્ષણ છે અને પાંચમાં ધોરણ સુધીમાં ઘણાં જ બાળકો શાળા છોડી જાય છે. એટલે કે તેમનામાં અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ વિશેષ છે. તેથી તેઓ વધુ પ્રમાણમાં શાળાએ જતા થાય અને સતત ચાલુ રહે તે માટે ગામડાઓમાં શહેરી સ્લમ વિસ્તારો જ્યાં અનુસૂચિત જાતિની વસ્તી વધુ હોય ત્યાં તેઓ માટે તેમના ફળિયામાં અલગ બાલવાડીઓ ગામે ગામ શરૂ કરવી જોઇએ.

(૫) માધ્યમિક શિક્ષણમાં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિનાં બાળકોની સ્થગિતતા અને અપવ્યયનું પ્રમાણ વિશેષ જોવા મળે છે જેનું મુખ્ય કારણ તેઓ અમુક વિષયો જેવા કે ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીમાં કાચા હોય છે. તે માટે તેઓને આવા વિષયોની સઘન અને સતત તાલીમ આપવા ખાસ કોચીંગ વર્ગો શરૂ કરવા જોઇએ.

(૬) પરિસંવાદમાં ચર્ચાની એરણ પર પ્રૌઢ શિક્ષણ પણ આવ્યું હતું. એવું તારતમ્ય નીકળ્યું કે અનુસૂચિત જાતિમાં સાક્ષરતાનું પ્રમાણ ઘણું ઓછું હોવાથી તેઓ મોટા પાયા પર શોષણનો ભોગ બને છે. તેમાંથી બચાવવા માટે રાજ્ય સરકાર દ્વારા પ્રૌઢ શિક્ષણ દ્વારા પ્રયત્નો થાય છે તેના ભાગરૂપે અનુસૂચિત જાતિઓના મહોલ્લાઓમાં પુરુષો અને સ્ત્રીઓ માટે અલગ વર્ગો ચલાવવા જોઇએ. અને જે વર્ગમાં હાજર રહે તેમને માસિક રૂા. ૫૦ ખાસ શિષ્યવૃત્તિ આપવી જોઇએ.

(૭) અનુસૂચિત જાતિમાની કેટલીક જાતિઓ જેવી કે ભંગી, સેનવા, નાડિયા, તુરી, તીરગર, હાડી જે ખૂબ જ પ્રાથમિક અવસ્થામાં છે તેઓનું શિક્ષણ વધે તે માટે ખાસ સુવિધા તેમજ વિશેષ શિષ્યવૃત્તિ આપવી જોઇએ.

(૮) વસ્તીના ધોરણે શિક્ષણ સંસ્થાઓમાં દરેક સ્તરે અનામત જગ્યાઓ ભરાવી જોઇએ. તેનું કડકપણે નિયમન થવું જોઇએ.

... ૮

(૯) પરિસંવાદમાં એ બાબત પણ ચર્ચાઈ હતી કે કયાંક શૈક્ષણિક સંસ્થાઓમાં સીધી યા આડકતરી રીતે અસ્પૃશ્યતા પળાય છે. આવું ધ્યાનમાં આવે તેમની સામે કડક હાથે પગલા લેવાં જોઇએ.

(૧૦) પ્રવર્તમાન ભાવ વધારો તેમજ શિક્ષણ સંલગ્ન સાધનોની કિંમત જોતા શિષ્યવૃત્તિની રકમ પ્રાથમિકથી માંડી ઉચ્ચ શિક્ષણ સુધી વધારવી જોઇએ. એટલું જ નહીં પરંતુ શિષ્યવૃત્તિ મેળવવા માટે રાખેલ આવકનું ધોરણ સુધારવું જોઇએ.

(૧૧) અનુસૂચિત જાતિમાં સ્ત્રી શિક્ષણનું પ્રમાણ ઓછું છે. સ્ત્રી શિક્ષણનું પ્રમાણ વધારવું હશે તો તાલુકા કક્ષાએ કુમાર અને કન્યા છાત્રાલયો ઉભાં થાય તે માટે પ્રોત્સાહન આપવું પડશે. આવા છાત્રાલયો ઉભાં કરવા માટે એક નિયમ નડે છે એ છે કે પહેલા વર્ષે જે તે ટ્રસ્ટ છાત્રાલય શરૂ કરવા માગતું હોય તેણે સમગ્ર નાણાંકીય જવાબદારી ઉઠાવવી પડે છે. તેથી અનુસૂચિત જાતિનાં છાત્રાલયો માટે પ્રથમ વર્ષથી જ ટ્રસ્ટોને નાણાકીય સહાય અથવા લાંબા ગાળાની ઓછા વ્યાજની લોન આપવી જોઇએ.

(૧૨) શિક્ષણ પ્રથા અને દફતરોમાંથી જ્ઞાતિ સૂચક સંજ્ઞાઓ / અટકો લખવાની પધ્ધતિ દૂર કરવી જોઇએ.

(૧૩) જાહેર સ્થળો અને ખાસ કરીને મંદિરો, ધર્મસ્થાનકોમાં અસ્પૃશ્યતા નિવારણ માટેના સુવાકયો, સંતો, મહંતોનાં અવતરણોનાં પોસ્ટરો ટીન પ્રિન્ટીંગ કરી લગાવવાં જેથી તેનો બૃહદ જનસમુદાયમાં પ્રચાર શકય બને.

(૧૪) અનુસૂચિત જાતિ સિવાયની જાતિઓનાં બાળકોની ચર્મકામ, સફાઇકામ અને વણાટકામ જેવા વ્યવસાયો તરફની સુગ ઓછી થાય અને તેમનું અસ્પૃશ્યતા નિવારણ તરફનું મનોવલણ ઘડાય તે માટે પ્રાથમિક કક્ષાથી જ ચર્મકામ, સફાઇકામ અને વણાટકામને ઉદ્યોગના વિષય તરીકે અભ્યાસના ભાગરૂપ ગણી ફરજિયાત બનાવવા જોઇએ.

(૧૫) અનુસૂચિત જાતિના લેખકોએ ભૂતકાળમાં અને હાલમાં જે સાહિત્ય રચના કરી છે તેનું મૂલ્યાંકન કરવું જોઇએ. તથા આ સાહિત્ય વિકસે, ઉદાત્ત બને અને પ્રસાર પામે તે માટે ગુજરાત સાહિત્ય અકાદમીએ, ગુજરાત સાહિત્ય પરિષદે વ્યવસ્થા ઉભી કરવી જોઇએ.

(૧૬) શૈક્ષણિક સંરચનાના મહત્વના અંગ વિદ્યાર્થી અને શિક્ષકો તથા સંચાલકો અસ્પૃશ્યતા નિવારણના કાર્યક્રમને પોતાનો પ્રશ્ન સમજી તે સમાજ પરિવર્તનનો ધ્રુવતારક છે તેમ માની પ્રશ્નના ઉકેલ માટે મંડી પડવું જોઇએ.

સામાજિક :

ચર્ચાના શ્રીગણેશ કરતી વખતે જ પ્રમુખશ્રી તરફથી અંગુલીનિર્દેશ થયો હતો કે

...૯

જયાં સુધી અસ્પૃશ્યતાની સમસ્યાને સામાજિક સંદર્ભમાં નહીં જોવાય ત્યાં સુધી થાગડ થીંગડ પ્રયત્નોથી અસ્પૃશ્યતા દૂર નહીં થાય. અસ્પૃશ્યતાને છૂતાછૂતના જ સંદર્ભમાં નહીં પણ સામાજિક અસમાનતાના બૃહદ પરિપ્રેક્ષમાં સમજી સામાજિક ભેદભાવ નિવારણ માટે સામાજિક આંદોલન જગાડવુ પડશે. અને તે માટે ચાર પાસાંઓ જેમકે (૧) કાનૂની (૨) શૈક્ષણિક (૩) આર્થિક અને (૪) સામાજિક ઉપર સઘન કામ કરવું પડશે તો જ આ જડ ઘાલી ગયેલી બદી દૂર થાય. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ૩૫ લાખ વિદ્યાર્થીઓ છે અને ૨ લાખ પ્રાધ્યાપકો છે છતાં ઉપાય ન થઇ શકે તે નરી કરૂણતા છે.મૂળ સામાજિક ક્રાંતિનો સવાલ છે. કાયદો સાધન છે, સાધ્ય નથી. સામાજિક, શૈક્ષણિક આંદોલનથી જ કાયદાને સફળ બનાવી શકાય.

બે દિવસની ચર્ચામાંથી નીકળેલા કેટલાક સામાજિક સૂચનો, ઉપાયો, તારણો આ પ્રમાણે છે. આમાં કેટલાક પ્રતિસૂચનો પણ થયાં હતાં. નીચે તો માત્ર ચર્ચાનો કેટલોક સારાંશ આપવામાં આવ્યો છે.

(૧) અસ્પૃશ્યતા નિવારણના કામને ' પવિત્ર કામ ' સમાજ માનતો થાય અને તેમાં સહભાગી બને તે માટે સમાજને તૈયાર કરવો પડશે.

(૨) અસ્પૃશ્યતા નિવારણ માટે જાહેર સંસ્થાઓનો ઉપયોગ કરવો જોઇએ એટલું જ નહીં પરંતુ ખાસ સમાજ સંસ્થાઓ ઊભી કરી કામ થાય તો સુયોગ્ય પરિણામ આણી શકાય.

(૩) જ્ઞાતિપ્રથાને તોડવા જૂના માળખા ઉપર નવા રંગરોગાન નહીં પરંતુ તેને ભાંગી તોડી નાંખે તેવા ક્રાંતિકારી ફેરફારો કરવા પડશે તે માટે અટકો દૂર કરવી પડશે, જાહેર સંસ્થા, ધર્મશાળા, દવાખાના, પુસ્તકાલયો જ્ઞાતિના ધોરણે ન થઇ શકે તે જાહેર જીવન વ્યવહારમાં બંધ કરવાં જોઇએ.

(૪) બુદ્ધિજીવી જગત આ પ્રશ્નને પોતાનો માને. એમ ન માને કે આ સરકારી કામ છે. બુદ્ધિજીવી સમાજ વૈજ્ઞાનિકોએ આ પ્રશ્નના ઉકેલ માટે સામાજિક આયોજન કરી આપવું જોઇએ. જે આપણા દેશમાં થતું નથી. માત્ર ' આર્થિક આયોજન' થી ઘર ઘાલી ગયેલ આ દૂષણ દૂર નહીં થાય.

(૫) નાના નાના પ્રતીકાત્મક પ્રયોગો દ્વારા અનુસૂચિત જાતિ તથા બૃહદ સમાજ વચ્ચેનું અંતર ઘટાડવું જોઇએ. તેથી આંતરક્રિયા વધશે અને તો જ જ્ઞાતિપ્રથામાં ઉચનીચના ભેદભાવો નાબૂદ થશે.

(૬) સમગ્ર સમાજે સારાં મૂલ્યોને સ્વીકારી આ પ્રશ્નના ઉકેલ માટે એક મંચ પર એકઠું થવું જોઇએ.

...૧૦

(૭) સામાજિક ગતિશિલતા તથા સમાનતા માટે આંતરજ્ઞાતિય લગ્નોને વધુમાં વધુ પ્રોત્સાહન આપવું જોઇએ તેથી જ સામાજિક મૂલ્ય પરિવર્તન આવશે. આમાં લગ્ન કરનાર બંને જણાએ એક બીજાની આર્થિક, સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક શારીરિક વિગતોથી વાકેફ થયા પછી જ લગ્ન કરવા સુખદ રહેશે. લગ્ન બે વ્યકિતઓ વચ્ચે હોય છે પણ ગુજરાતમાં તો બંનેનાં કુટુંબોને પણ આમાં ઘણું કરવાનું હોય છે. એટલે કુટુંબનું શિક્ષણ બહુ જરૂરી છે. જેથી આમ લગ્નબંધનથી જોડાયેલી વ્યકિતઓને કુટુંબો અપનાવી લે અને એમને કોઇ ઉચાટ ન રહે.

(૮) સમાજકાર્યના સિદ્ધાંત અનુસાર માણસને માણસ તરીકે જોવા માનવ સામાજિકરણ થવું જોઇએ.

ધાર્મિક :

આપણો દેશ એ બિનસાંપ્રદાયિકતાને વરેલો દેશ છે. તેમ છતાં વર્ષોથી હિંદુ ધર્મનું હિંદુસ્તાનમાં વર્ચસ્વ છે. એ પણ હકીકત છે કે હિંદુ ધર્મની ધાર્મિકતાને નામે હિંદુ ધર્મનું જ એક અંગ અનુસૂચિત જાતિ પ્રત્યે ' અસ્પૃશ્યતા રૂપી ' અછજતો વ્યવહાર કરી તેમને અણમાનીતા રાખી મંદિર પ્રવેશ જેવી બાબતોથી પણ અલિપ્ત રાખ્યા છે ત્યારે તેની વિપરીત અસરો અનુસૂચિત જાતિ તથા હિંદુ ધર્મની એકતા ઉપર પડી છે. ધર્મ પરિવર્તનને પ્રોત્સાહન મળ્યું છે. આ સંજોગોમાં મહાત્મા ગાંધી કહેતા તેમ સૌએ પ્રાયશ્ચિત કરવું જોઇએ.

ચર્ચા દરમિયાન કેટલાંક ધર્મ સંબંધી સૂચનો પણ થયાં હતાં :

(૧) હિંદુ ધર્મના ચાર શંકરાચાર્યોએ એક સંયુકત નિવેદન બહાર પાડવું જોઇએ કે તેઓ અસ્પૃશ્યતામાં માનતા નથી અને અનુસૂચિત જાતિઓ પણ હિંદુઓનું અંગ હોવાથી તેમને પણ તેમની યોગ્યતા મુજબ મંદિરના પૂજારી તરીકે લેવામાં આવશે અને મંદિરના વહીવટમાં પણ અનુસૂચિત જાતિના પ્રતિનિધિ તરીકે સ્થાન પામશે.

(૨) સરકાર દ્વારા સાધુ સંતોનાં નિયમિત સંમેલનો બોલાવી અસ્પૃશ્યતા નિવારણ અંગેનો લોકમત કેળવવા પ્રયત્ન ચાલુ રાખવો એટલું જ નહીં પણ તેને અસરકારક બનાવવો જોઇએ.

(૩) અનુસૂચિત જાતિના લોકોને ધાર્મિક શાસ્ત્રોનો અભ્યાસ તથા તાલીમ માટેની વ્યવસ્થા કરવી જોઇએ.

(૪) અનુસૂચિત જાતિના લોકોને ધાર્મિક ટ્રસ્ટોમાં ફરજિયાત ટ્રસ્ટી તરીકે લેવાવા જોઇએ.

કાનૂની :

અસ્પૃશ્યતા નિવારણ માટે ૧૯૫૫નો નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ અમલમાં છે. તેના અમલીકરણ માટે પણ પરિસંવાદની બેઠકોમાં ચર્ચા થઇ હતી. તેમાં કેટલાંક તારણો નીકળ્યાં છે.

(૧) અનુસૂચિત જાતિના કેસો માટે કામ કરતું ' હરિજન સેલ ' માં જવાબદાર પોલીસ અધિકારી અનુસૂચિત જાતિના જ હોવા જોઇએ.

(૨) હરિજન સેલને પૂરતો સ્ટાફ આપવો જોઇએ. તે ઉપરાંત વાહન વ્યવહારની સગવડ (ખાસ જીપ ) આપવી જોઇએ. જેથી તાત્કાલિક જે તે સ્થળે પહોંચી શકે અને સત્ય બાબતો એકત્ર કરી શકે.

(૩) ' હરિજન સેલ 'ના અધિકારીને સાથે જરૂરી સ્ટાફ હોય તો તે જરૂરી પૂરાવા તથા નોંધ લઇ શકે. જેથી મોટા ભાગના કેસોમાં સાબીતી વિના ગુન્હેગારો છૂટી જાય છે તેમ ન બને.

(૪) ' હરિજન સેલ ' ના અધિકારીને કેટલીક ખાસ સત્તાઓ આપવી જોઇએ.

(૫) અનુસૂચિત જાતિ માટેના કેસોના ફરિયાદી અને સાક્ષીને દરેક મુદતે ફરજિયાત પોલીસ રક્ષણ આપવું જોઇએ.

(૬) ' લીગલ એડઝ કમીટી' માં હરિજન વકીલોને વધુ પ્રમાણમાં આવરવા જોઇએ.

(૭) ' લીગલ એડઝ કમીટી 'નો લાભ લેવા માટે આવકનું ધોરણ સુધારવું.

વહીવટી :

આપણા દેશમાં ચારે બાજું ૨૧મી સદીમાં પ્રવેશ કરવાનાં બ્યુગલો વાગી રહયાં છે પરંતુ આપણે સૌ એ હકિકતથી પરિચિત છીએ કે અસ્પૃશ્યતા એ ૨૦મી સદીનું ઝેરી દુષણ અને રાષ્ટ્રની પ્રકાંડ સમસ્યા છે. જે વિશ્વમાં કયાંય નથી. તેને શું આપણે સાથે લઇને ૨૧મી સદીમાં જઇશું ? માત્ર સાયંસ અને ટેકનોલોજીથી ૨૧મી સદીનો પ્રવેશ પરિણામલક્ષી નહીં બને. તે માટે તો સામાજિક વિષમતા / અસમતુલા દૂર કરવી જોઇએ. તે માટેનાં કેટલાંક વહીવટી સૂચનો ચર્ચામાં આવેલાં.

(૧) આજ સુધીના આપણા અનુભવોથી માલૂમ પડયું છે કે હાલની અસ્પૃશ્યતા નિવારણ માટેની વહીવટી વ્યવસ્થાને ઝાઝી સફળતા મળી નથી. જો અસ્પૃશ્યતા નિવારણ માટે અસરકારક કામ કરવું હોય તો અલગ અસ્પૃશ્યતા નિવારણ બોર્ડની રચના કરવી જોઇએ. જે સ્વતંત્ર રીતે ફકત અસ્પૃશ્યતા નિવારણનું જ કામ કરે.

...૧૨

(૨) સરકાર અનુસૂચિત જાતિના સર્વાંગી ઉત્કર્ષ માટે વિવિધ યોજનાઓ બનાવે છે પરંતુ આજ દિન સુધીનો અનુભવ ' ઢીલું અમલીકરણ ' નો રહયો છે. પરિસંવાદનું જૂથ સૂચવે છે કે અનુસૂચિત જાતિઓ માટેની ખાસ અંગભૂત યોજનાના અમલીકરણ માટે અલગ વહીવટી પાંખ ઊભી કરવી જોઇએ.

(૩) ૩૬૫ દિવસો પૈકી માત્ર ૭ દિવસ જ અસ્પૃશ્યતા નિવારણ સપ્તાહ ઉજવાય છે. તેને બદલે અસ્પૃશ્યતા નિવારણ અંગેના કાર્યક્રમો સતત ચાલુ રહે તેવી જોગવાઇઓ કરવી જોઇએ.

(૪) અસ્પૃશ્યતા નિવારણના કાર્યક્રમો અસ્પૃશ્યોના નિવાસોની સાથો સાથ બિન અસ્પૃશ્યોના આવાસોમાં અને ગામનાં મોટાં દેવ મંદિરો, ધાર્મિક સ્થાનોમાં ઉજવવા જોઇએ.

(૫) અસ્પૃશ્યતા નિવારણના કામને પ્રાધાન્યતા આપી વહીવટી અધિકારીઓએ જાતે જ મક્કમ નિર્ધાર કરી કટીબધ્ધ થવું જોઇએ. આ માટે તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા વિકાસ અધિકારી અને સમાજ કલ્યાણ નિયામકશ્રી સાથે મળી સંયુકત રીતે અસ્પૃશ્યતા નિવારણ માટેનું ક્રમબધ્ધ આયોજન કરી દરેક અધિકારીને તાલુકામાંથી વર્ષે ૧૦ ગામોમાંથી સંપૂર્ણ અસ્પૃશ્યતા દૂર કરવા ઘનિષ્ઠ ઉપાય થાય તે માટેનો લક્ષ્યાંક સોંપવો જોઇએ.

(૬) અસ્પૃશ્યતા નિવારણ માટેના અસરકારક કાર્યક્રમો ઘડી કાઢવા સમાજ વૈજ્ઞાનિકોનો એક પરિસંવાદ યોજવો જોઇએ.

(૭) અસ્પૃશ્યતા નિવારણ માટેના કાર્યક્રમમાં ફાળવાયેલાં નાણાં અનુસૂચિત જાતિના પ્રત્યક્ષ રીતે સંકળાયેલી બાબતોમાં જ ખર્ચાવાં જોઇએ.

ઉપરાંત અનુસૂચિત જાતિ માટેનાં ફાળવાયેલાં નાણાં ૧૦૦ % ખર્ચાવાં જોઇએ.

(૮) જે હોટલમાં અસ્પૃશ્યતા રખાતી હોય તે હોટલનું લાયસન્સ તાત્કાલિક રદ કરવું જોઇએ.

(૯) અસ્પૃશ્યતા સામે પગલાં ન લેનાર ગ્રામપંચાયતને સસપેન્ડ કરવી જોઇએ.

(૧૦) જે ગામમાં અસ્પૃશ્યતા રખાતી હોય ત્યાં સરકારી સહાય બંધ કરી તે ગામો ઉપર ' અસ્પૃશ્યતા વેરો ' નાંખવો જોઇએ.

(૧૧) અસ્પૃશ્યતા પળાતી હોય તેવા ગામોના તલાટી, સરપંચ, પોલીસ પટેલ અને સામાજિક ન્યાય સમિતિના સભ્યોને જવાબદાર ગણી પગલાં લેવાં જોઇએ. તથા આવા જવાબદાર નાગરિકોને અસ્પૃશ્યતા નિવારણ માટેની તાલીમ આપી ઉપાયો સૂચવી કાર્યરત કરવા જોઇએ.

...13

(૧૨) અસ્પૃશ્યતા નિવારણ ઘટકો દરેક જિલ્લામાં શરૂ કરવા જોઇએ અને તેની કામગીરીની આલોચના થવી જોઇએ.

પ્રકીર્ણ :

:૧: અનુસૂચિત જાતિઓને ' વિકર સેકશન ' નહીં પરંતુ એક્ષપ્લોઇડ સેકશન ' તરીકે ' દલિતો ' તરીકે ઓળખવા જોઇએ.

:૨: મોટા ભાગે આપણા દેશમાં ' ફન્ડામેન્ટલ રીસર્ચ ' ને મહત્ત્વ અપાય છે પરંતુ ' એપ્લાઇડ રીસર્ચ ' એ સમાજશાસ્ત્ર સાથે સંકળાયેલ છે. પરંતુ તે અવગણાય છે. આવા ' માયક્રો લેવલ ' ના અભ્યાસોથી જ ઊંડાણની આંતરક્રિયાને મૂળભૂત સ્વરૂપમાં સમજી શકાય છે. તેથી અનુસૂચિત જાતિને લગતા નાના નાના અભ્યાસો થવા જોઇએ.

:૩: ચર્ચા દરમિયાન જૂથ-૧ એવા નિષ્કર્ષ પર આવ્યું હતું કે સ્વતંત્રતા બાદ સમગ્ર દેશમાં ગાંધી ચિંધ્યા માર્ગે અસ્પૃશ્યતા નિવારણમાં કામ કરનાર લોકસેવકોનું જૂથ ઊભું થઇ શક્યું નથી. અથવા જે છે તેને પ્રોત્સાહિત કરવામાં આવતા નથી. માટે અસ્પૃશ્યતા નિવારણમાં કામ કરનાર લોકસેવકોને પ્રોત્સાહિત કરવા તથા આવા લોકસેવકોને પ્રોત્સાહિત કરવા તથા આવા લોકસેવકો તૈયાર કરવાનું કામ કરતી સ્વાયત્ત સંસ્થાઓને આવી કામગીરી સોંપવી જોઇએ.

:૪: અસ્પૃશ્યતાને પોષતા લેખ તથા સામયિકો, વર્તમાનપત્રોમાં છપાતાં લખાણો ઉપર કડક હાથે અનુસૂચિત જાતિના હકક રક્ષણ અધિનિયમ ૧૯૫૫, મુજબ પગલાં લેવાં જોઇએ.

:૫: રેડિયો તથા ટી.વી. ઉપર અસ્પૃશ્યતા નિવારણ માટેની ખાસ સીરીયલ શરૂ કરવી જોઇએ. જે માટે અનુસૂચિત જાતિના કલાકારોને પ્રોત્સાહન આપવું જોઇએ.

:૬: ગૂજરાત વિદ્યાપીઠમાં આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર આદિવાસીઓના સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક તેમજ તેમના વિકાસલક્ષી સંશોધન કરી તેમના ઉત્કર્ષ માટે સૂચનો કરે છે. તેવી જ રીતે અનુસૂચિત જાતિઓના સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને વિકાસલક્ષી સંશોધન કરી તેમના ઉત્કર્ષ અંગેનાં સૂચનો તથા ખાસ અંગભૂત યોજના મૂલ્યાંકન માટે આદિવાસી કેન્દ્રમાં જે હરિજન એકમ શરૂ કર્યું છે તેને વિસ્તારી ' અનુસૂચિત જાતિ સંશોધન અને તાલીમ કેન્દ્ર ' શરૂ કરવું જોઇએ. જે અનુસૂચિત જાતિને લગતા લઘુ શોધો, અનુસૂચિત જાતિ માટેના આર્થિક કાર્યક્રમોના સચોટ અમલીકરણ માટેનાં સૂચનો, તેમાં રોકાયેલા અધિકારી / કર્મચારીગણને તાલીમ આપવા જેવી કામગીરી સોંપી આ એકમને કાયમી બનાવવું જોઇએ.

(૭) અનુસૂચિત જાતિના લોકો ઉપર જયાં જયાં હત્યાકાંડ થાય તેનું તાત્કાલિક સંશોધન હાથ ધરી જે હકીકત બહાર આવે તેને ધ્યાનમાં રાખી એટલે કે જે કારણે તેમ બનવા પામ્યું હોય તેને ધ્યાનમાં રાખી સમગ્ર રાજયમાં જયાં જયાં આવી પરિસ્થિતિ લાગતી હોય તથા શકયતા દેખાતી હોય ત્યાં આગોતરા પગલાં હાથ ધરવાં જોઇએ.

(૮) અનુસૂચિત જાતિઓ માટે અનામત જગ્યાઓ નહીં હોય તો તેઓને આગળ આવવાની તક મળશે નહીં. એ લોકોને પોતાના પગ ઉપર ઊભા રહી શકે તે માટે તેમને મળતા તમામ બંધારણીય લાભો ચાલુ રહેવા જોઇએ તેમ જૂથ માને છે અને આ વાત સવર્ણ સમાજના લોકોને ગળે ઉતારવી પડશે.

ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયકશ્રી રામલાલભાઇ પરીખે સમાપન સમારંભનું પ્રમુખ સ્થાન શોભાવ્યું હતું, સમાપન સમારંભ વખતે ભૂતપૂર્વ સંસદસભ્ય શ્રી ખેમચંદભાઇ ચાવડા, શ્રી અરવિંદભાઇ શાહ તથા શ્રીમતી હેમિક્ષા રાવે પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં તથા પ્રમુખશ્રીએ સમાપન સંબોધન કરતાં જણાવ્યું હતું કે સૌ સમાજ વૈજ્ઞાનિકો અને સંશોધકોએ આ પ્રશ્ન તેમનો છે તેમ માની લેવું જોઇએ. તથા અસ્પૃશ્યતાના પ્રશ્નની સાચી માહિતી માટે માઇક્રોલેવલના અભ્યાસો થવા જોઇએ. આપણે આ પ્રશ્નને ગરીબી અને સામાજિક સમાનતા સાથે જોડી દેવા સામાજિક આયોજન કરવું જોઇએ. ઉપરાંત વિસ્તરણકાર્ય વધારવું જોઇએ. તેમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો બહોળો ઉપયોગ કરવો જોઇએ. તેઓએ ગાંધીગ્રામ અને બોચાસણમાં અસ્પૃશ્યતાનો પ્રશ્ન નથી કારણ ત્યાં પૂ. ગાંધીજી દ્વારા વિસ્તરણ કાર્ય થયું હતું. તેઓએ કોઇ નવી યુનિવર્સિટી નીકળે તો તેને ' અસ્પૃશ્યતા નિવારણ યુનિવર્સિટી ' નામ આપવાનું સૂચન કર્યું હતું. તેમણે વાસ્તવિકતા પર પ્રહાર કરતાં કહ્યું હતું કે આ સમાજ સત્ય અને અસત્યને સાથે રાખીને ચાલે છે તેમાં નક્કર પરિણામ લાવવું છે તે કઠીન પરંતુ શકય જરૂર છે તે માટે જૂની સમાજ રચનાને તોડવી પડશે. તેમણે બે દિવસ થયેલી હેતુપૂર્વકની ચર્ચાનાં તારણોની ખુશી વ્યકત કરી સૌના સુંદર સાથ સહકાર બદલ આભારની લાગણી વ્યકત કરી હતી.

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના નિયામકશ્રી ઠાકોરભાઇ નાયકે આભારવિધિ કરતાં જણાવ્યું હતું કે સમસ્યાને સમયના બૃહદ આયામમાં જોવી જોઇએ. પરિસંવાદની ચર્ચા પરથી લાગે છે કે વિચારો અને મૈત્રી દ્વારા એક નવી દર્શનશકિત મળી છે. નવાં સમાજ વિજ્ઞાનો ઊભાં થાય તેમાં આવાં ચિહ્નો પર આધારિત થીયરી રચાવી જોઇએ. ઘોર અપમાન પામેલો અને નિરાશ થયેલો સમાજ પોતાની સમસ્યા હલ કરવા હિંસાની વાત કરે તેને વ્યવહારૂ તથા કાયમી ન ગણી શકાય એમાં સૌ સમાજ વૈજ્ઞાનિકોએ સમજવું જોઇએ. હિંસા તો પ્રતિહિંસા જન્માવે છે. આ સમસ્યાનો

ઉકેલ શાંતિ અને અહિંસાના માર્ગે જ આવી શકે. સહભાગીઓએ પોતપોતાના વિચારો અને લાગણીથી અમને અભિભૂત કર્યા છે તેમ જણાવી કહ્યું હતું કે ગૂજરાત વિદ્યાપીઠે અસ્પૃશ્યતા નિવારણનું કામ સદૈવ ઉપાડેલું જ છે અને આવા કાર્યોને લઇને જ ગૂજરાત વિદ્યાપીઠની પ્રતિભા ઝળહળતી રહેશે. કુલનાયકશ્રી કામોમાં ખૂબજ વ્યસ્ત હોવા છતાં તેમણે ઉદ્ઘાટન અને સમાપન સમારંભમાં હાજરી આપી પ્રોત્સાહિત કરી સૌને સચોટ અંગૂલીનિર્દેશ કર્યો તે માટે તેઓશ્રીનો તથા કુલસચિવશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. સમાજ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્યે ગૂજરાત વિદ્યાપીઠને આવું માનવ કલ્યાણનું કામ સોંપ્યું તે માટે અને નાણાંકીય સહાય કરી તે બદલ સમાજ કલ્યાણ ખાતાનો પણ આભાર માન્યો હતો. પરિસંવાદમાં પોતાના વિચારો વ્યક્ત કરતા લેખો મોકલાવી તેમજ બે દિવસ હાજર રહી જીવંત ચર્ચા કરવા માટે ઉપસ્થિત રહેલ સૌ તજજ્ઞ આમંત્રિત મહાનુભાવોનો પણ આભાર માન્યો હતો. પરિસંવાદના આયોજનમાં આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના સૌ સહકાર્યકરો તેમજ વિદ્યાપીઠના અન્ય કાર્યકરો કે જે આ પરિસંવાદમાં સીધી યા આડકતરી રીતે સહાયભૂત થયા હતા તે સૌનો પણ ઋણ સ્વીકાર થયો. આમ બે દિવસના અસ્પૃશ્યતા નિવારણ પરિસંવાદની પૂર્ણાહૂતિ થઇ હતી.

--------